


# સેતુ:
## સંસારથી મુક્તિનો...

આત્માને પવિત્ર, પૂજ્ય અને પૂર્ણ
બનાવતો જૈન તપમાર્ગ

પ્રેરક

પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્

**વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.**



પ.પૂ. સકલસંઘહિતચિંતક તપ-ત્યાગ-તિતિક્ષામૂર્તિ

આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.


વિશ્વનું સૌ પ્રથમ તપનું પારણું
પ્રભુ ઋષભને ઇક્ષુરસ વહોરાવતા શ્રેયાંસકુમાર


૧૪,૦૦૦ સાધુઓમાં સૌથી શ્રેષ્ઠ સાધુ
તરીકે પ્રભુવીર દ્વારા વખણાયેલ
મહાતપસ્વી ધન્ના અણગાર

શ્રી ભુવનભાનુ-પદાર્થ-પરિચય-શ્રેણિ-૧૧

।। જયઉ સવ્વણ્ણુસાસણં-શ્રી વર્ધમાનસ્વામિને નમઃ ।।

।। શ્રી પ્રેમ-ભુવનભાનુ-પદ્મ-જયઘોષ-હેમચંદ્રગુરૂભ્યો નમઃ ।।

# સેતુ: સંસારથી મુક્તિનો...

(આત્માને પવિત્ર, પૂજ્ય અને પૂર્ણ
બનાવતો જૈન તપમાર્ગ)

-: પ્રેરક :-

પ.પૂ. સકલસંઘહિતચિંતક વર્ધમાન તપોનિધિ
આચાર્યદેવેશ શ્રીમદ્ **વિજયભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજા

-: લેખક :-

પ.પૂ. યુવા ઉપધાન તપ પ્રેરક પંન્યાસજી
શ્રી **સંયમબોધિવિજયજી** મ.સા.ના શિષ્ય
પ.પૂ. મુનિવર શ્રી **કૃપાબોધિવિજયજી** મ.સા.

-: સંયોજક :-

પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્
**વિજયહેમચંદ્રસૂરીશ્વરજી** મ.સા.ના
શિષ્યરત્ન પ.પૂ. પંન્યાસજી
શ્રી **સંયમબોધિવિજયજી** મ.સા.

-: પ્રકાશક :-

**જૈનમ્ પરિવાર**

વીર સં. ૨૫૪૦ • વિ. સં. ૨૦૭૦ • ઇ.સ. ૨૦૧૪

NAME

# સેતુ : સંસારથી મુક્તિનો...

*Sethu : Sansarthi Mukhtino...*

*Author's Name* **પ.પૂ. મુનિરાજશ્રી કૃપાબોધિવિજયજી મ.સા.**

***P.P. Munirajshree Krupabodhivijayji M.S.***

સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન...©

પ્રથમ આવૃત્તિ • ૩૦૦૦ નકલ

**મૂલ્ય રૂા. ૭૦.૦૦**

**-: સંશોધક :-**

પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજયઅજિતશેખરસૂરિજી મ.સા.**

પ.પૂ. પંન્યાસજી **શ્રી મહાબોધિવિજયજી મ.સા.**

**-: પ્રાપ્તિ સ્થાન :-**

- **જૈનમ્ પરિવાર, અમદાવાદ. મો. ૮૯૮૦૧૨૧૭૧૨**
- **દિવ્યદર્શન, ૩૯, કલિકુંડ સોસાયટી, ધોળકા, જિ. અમદાવાદ.**
- **મયંકભાઇ પી. શાહ, મો. ૯૮૨૧૦ ૯૪૬૬૫**
- **દેવાંગ અરવિંદભાઇ શાહ, મો. ૯૩૨૨૨૭૭૩૧૭**
- **અમિતભાઇ કે. શાહ, વડોદરા મો. ૯૮૯૮૫૮૬૨૨૪**
- **હસિત દિપકભાઇ બંગડીવાલા, સુરત મો. ૯૪૨૭૧ ૫૮૪૦૦**

**સ્વસંપત્તિના સદ્વ્યય દ્વારા જેમણે**
**શાસનને સમૃદ્ધ અને પોતાના પરલોકને સદ્ધર બનાવ્યા**

પૂ. સાધ્વીજી શ્રી ગુપ્તિત્રયા-નમ્રાશયાશ્રીજી મ.ની પ્રેરણાથી

**સ્વ. રાજેશભાઇ રસિકલાલ શાહ પરિવાર**

તથા

**શ્રીમતી દિવાળીબેન કાનજીભાઇ કલ્યાણજીભાઇ**
**ત્રેવાડિયા પરિવાર-વેણાસરવાળા**

**શ્રી ભુવનભાનુ-પદાર્થ-પરિચય-શ્રેણિના**
**પ્રમુખ જ્ઞાનદ્રવ્ય દાતા**

- શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિ પૂજક તપગચ્છ જૈન સંઘ-ઘાટકોપર (ઇ.)
- શ્રી રાંદેર રોડ શ્વેતાંબર મૂર્તિ પૂજક જૈન સંઘ સુરત

श्री भुवनभानु-पदार्थ-परिचय श्रेणि९
तत्त्वज्ञानश्रेणि के प्रस्तुत प्रकाशन में
श्री आंबावाडी जैन संघ
माणेकबाग, अहमदाबाद
अपने ज्ञाननिधिसे सुंदर लाभ लिया है ।
मूल्य चुकाये बिना जैन गृहस्थ इस की मालकियत न करे ।

# પૂજ્યપાદ
# ગચ્છાધિપતિશ્રીનો
# અનુજ્ઞાપત્ર

શ્રી તીર્થંકર પરમાત્મા સર્વોત્કૃષ્ટ પુણ્યશાળી અને શક્તિશાળી હોય છે કારણ કે તેઓ
હોય છે - તેઓ સર્વજ્ઞ થયા પૂર્વે શાસન-મોક્ષમાર્ગ સ્થાપવા અત્યંત ભાવના ભાવતા આવા જે હોય
તેને જિન કહેવાય તેઓ જે ધર્મ કહે તેને જૈનધર્મ કહેવાય - તે ધર્મને સ્વીકારનાર
આરાધનાર માનનારને જૈન કહેવાય આવા ઉત્કૃષ્ટ પુણ્ય અને શક્તિશાળી હોનાર પરમાત્મા
જૈનધર્મ જ હોય કારણનો આ ફરક છે એ તત્ત્વ સર્વજ્ઞ થયા બાદ જ શાસન સ્થાપે
એમનું શાસન જે સ્વીકારે છે તેમાં પ્રથમ સ્વીકારનારા સંયમ ગ્રહણ કરનાર તેમના મુખ્ય
શિષ્યો અનુયાયીઓ બનનાર અમુક સંખ્યામાં બીજા હોય છે તેમને ગણધર કહેવાય
પછી કાળાન્તરે તો સર્વજ્ઞ થાય પરંતુ એમને પ્રભુના આશીર્વાદથી એટલે પ્રભાવથી
એટલું જ્ઞાન શક્તિ લબ્ધિ પુણ્ય વગેરે પ્રગટ થાય છે કે ભલભલા એમને પણ
સર્વજ્ઞ માનવા પ્રેરાય છે આવા જે મહાપુરુષો સર્વજ્ઞ બન્યા નથી અને બાર-અંગ
સર્વજ્ઞ ન હોવા છતા બારઅંગરૂપ આગમને રચે એમને શ્રી તીર્થંકર ભગવાન અને
શ્રી ગણધર ભગવાન કહેવાય છે શ્રી તીર્થંકર ભગવાન એક કાળે
ભરતક્ષેત્રમાં એક જ હોય પરંતુ એ જ ભગવાનના આજ્ઞા પ્રભાવ પુણ્યશાળી
ગણધર શિષ્ય અનેક અનેક હોય - બધા ગુરુભાઈઓ અને પ્રાયઃ સમાન
શ્રુતજ્ઞાન પરમાત્મા સમ જેવા ભાસતા હોય છે શ્રી પરમાત્માના હાથે એમના
શિષ્ય થાય આ ગણધર ભગવંતો પરમ ઉત્કૃષ્ટ થતા નથી પરમાત્મા કૈવલ્ય
જ્ઞાન પામીને આ શાસન પ્રરૂપે છે અને એ ગણધર શિષ્યોને શાસન વહન કરવા
સંભાળવા સ્થાપે છે સ્થાપના પૂર્વે પરમાત્મા એ ત્રિપદીઓને સંક્ષેપમાં
એમના પ્રશ્નોના ઉત્તર રૂપે સંક્ષેપમાં ત્રિપદીનું જ્ઞાન આપે છે અને એ ગણધરો પોતાને
મળેલ જ્ઞાનબળથી પ્રભુના પ્રભાવ અને પુણ્યથી શાસન માટેના સર્વ પ્રકારના
માર્ગો ઉપાયો વિધાનો તત્ત્વો વગેરે સૂત્રાર્થ રૂપે રચે છે નિરૂપણ કરે છે તેમાં
પ્રભુએ બતાવ આપે તે સંક્ષિપ્ત રૂપે છે અને ગણધરદેવ સૂત્રરૂપે બાર
અંગ રચે છે અને એનો અર્થ વિસ્તારે છે        આ થયા બાદ તરત જ ભગવાન

એ રચનાને પ્રામાણિક તરીકે પોતાના જ્ઞાનમાં સ્વીકૃત કરેલ હોવાથી ગણધર રચના એટલે પ્રામાણિકતાની અનુજ્ઞા અને ભગવંત પઠન પાઠનની અનુજ્ઞા અને શ્રી સંઘની શાસનના સંચાલનની અનુજ્ઞા આપે છે આ અનુજ્ઞાને તીર્થસ્થાપના કહેવાય. આ સ્થાપના પ્રભુના કેવળજ્ઞાન પછી તરત પ્રથમ દેશનામાં જ થાય છે પ્રભુ મહાવીરસ્વામીની પ્રથમ દેશના ઔપચારિક અચ્છેરારૂપ હતી, એ પણ એક અપવાદ ગણનાથી ગણાય છે બાકી દરેક પ્રભુ પ્રથમ દેશનામાં જ શાસન સ્થાપના ગણધર સ્થાપના કરે છે અને સંઘ શાસન સંચાલન ગણધરોને સોંપે છે - પછી પ્રભુ જ્યારે ગણધરને દીક્ષા આપવા કરે પરંતુ એ જ્યારે તૈયાર કરવાની જવાબદારી ગણધર ભગવંત શિષ્યોને સોંપવાની હોય છે આ શિષ્યો જ્યારે રીતે શાસન સંભાળવા અથવા સક્ષમ તૈયાર કરવાના હોય છે જેમ આપણે વડીલો બેઠા રાખતા હોય તેમ

જેમ મહાવિદેહમાં નાના મોટાની મર્યાદાને પાળનારા ગુણોત્તમ હોય છે જેમ જ પરમાત્મા જન્મ પછી તરત અપૂર્વ મોટા થાય છે તેમ જ્યારે ગણધર દીક્ષા પછી તત્કાળ પછી તરત જ અપૂર્વ મોટા થાય છે - પ્રભુ તીર્થંકર દેવનાર શાસન સ્થાપતું નથી તેમ ગણધર ભગવંત વગર શાસન ચાલ ન શકત નથી. આવા ગણધરો બીજજ્ઞાન ઉપજાવતા સર્વજ્ઞ પ્રભુના ઉપદેશમાં અને ત્રિપદી જ્ઞાન અને આચાર સંપન્ન હોય છે આમાં દ્વાદશાંગી અર્થ રચનાના રૂપ થઈ ને રચના આવે છે આવશ્યક ને અનેક રીતે પ્રકાશિત જ થાય છે એવા સૂત્ર સદા જેમ ઉત્તમ તત્ત્વ સંપન્ન છે સાધુના ગ્રહણના પ્રકારનો સૂત્ર પણ દીવાને કરે છે શાસન જ્યારે બને છે તેમ પ્રભુ શાસન પ્રમાણ આગાધિત સર્વોત્તમ રહે આવે છે રહે છે રહેશે આ પ્રભાવ છે પ્રભુનો અને સર્વજ્ઞ ભાષિત તત્ત્વજ્ઞાનનો અને જ્ઞાન દ્વારા પ્રગટ કરેલ લોકોત્તર ધર્મ આચારના જતન પદ્ધતિનો.

પ્રભુ જેમ ઉગ્ર તપસ્વી છે ઉગ્ર આચાર સંપન્ન મહાસંયમી છે ઉગ્ર વૈરાગ્ય
ના ઉપર સર્વ રાગદ્વેષ મોહ અજ્ઞાનના ત્રુટ્યા છે તેમ પ્રભુ શાસનના મુખ્ય
આચાર્યો એ માર્ગે અનુસરવા ઉદ્યમ કરનાર સદા રહે છે જેમકે આજે
જૈન સાધુની સાધુતા વિશે જગતની અનુમોદના છે જગતભરમાં એને
સ્વીકાર્યું છે પ્રભુ માર્ગની આરાધના જ્ઞાન, આચાર અને શ્રદ્ધા
શાસનના ઉપર આધાર છે આરાધકોએ આ ત્રણેમાં પ્રવર્તન કરવાનો હોય છે
શ્રદ્ધા સમ્યગ્ જ્ઞાન છે જેમાં પણ સ્વરૂપ જાણવાનું છે. પ્રભુ
શાસન, આગમો અને પ્રભુ ભક્તિ ... છે ... પણ એક અનુસરે છે
આ શાસનના ઉપકાર ... ઉપાશ્રય ...
... ઉપદેશ ... જ્ઞાન
પણ ... છે માટે પ્રભુ શાસનના સર્વનો જ્ઞાનની ...

સદુપયોગ

પ્રભુ શાસનમાંથી શાસ્ત્રો માંથી ... મહાત્માઓએ
સાધુભગવંતો એ અનેક વિષયોની વિવેચનયુક્ત સંક્ષિપ્ત રૂપરેખા રૂપે
પુસ્તક પુસ્તિકાઓ તૈયાર કરી પ્રગટ કરાયા છે તે કરનાર કરાવનારને ધન્યવાદ છે
પ્રભુશાસનની એક વિશિષ્ટ સેવા બજાવી છે તે અનુમોદના પૂર્વક
આમાં સહયોગ આપનારને ધન્યવાદ. અનુમોદના પૂર્વક ...
... આ પુસ્તક પુસ્તિકાઓમાં જે કાંઈ ... 
... તે ... પૂર્વક ...

લિ. ...

૨૦૬૯ ફા. વ. ...

કોબા - અમદાવાદ.

## નાણં પયાસગં

# પ્રકાશકીય



અનંતજ્ઞાનગુણસંપન્ન તીર્થંકર ભગવંતો મોહના અંધકારમાં અથડાતા જીવોને સુખની ઓળખ અને સાચા સુખનો માર્ગ મળે તે માટે જ્ઞાનના પ્રકાશનું છૂટે હાથે દાન કરવા કેવલજ્ઞાની બન્યા પછી રોજ બે દેશના=છ કલાક જિનવાણી પ્રકાશે છે.

શાસનની સ્થાપના બાદ તુર્ત જ ગણધર ભગવંતોએ વ્યક્ત કરેલી તત્ત્વ-જિજ્ઞાસાના પ્રત્યુત્તરમાં પ્રભુએ સમગ્ર સંસાર સ્વરૂપને ઓળખવાની ચાવી રૂપ ત્રિપદી પ્રકાશી. **'ઉપ્પન્ને ઇ વા, વિગમે ઇ વા, ધુવે ઇ વા'**, અને એ ત્રિપદીના નાના દ્વારમાં છુપાયેલો મહાતત્ત્વખજાનો ગણધર ભગવંતોએ પોતાની વિશિષ્ટ પ્રજ્ઞાથી દ્વાદશાઙ્ગીરૂપે પ્રગટ કર્યો...

જિનશાસનના સારસર્વસ્વસમો એ દ્વાદશાંગીનો પ્રવાહ કાળબળે વિલુપ્ત થતો રોકવા પૂર્વાચાર્યોએ લેખન-વિવેચનસર્જન અને પ્રકરણ-ભાષ્ય આદિ ઉદ્ધરણરૂપે સતત પુરૂષાર્થ કરી ટકાવ્યો...પરંતુ કાળનું વિષમ આક્રમણ નિતનવા રૂપો ધારણ કરે છે. સંસ્કૃત-પ્રાકૃત ગિરાનો પ્રવાહ રુંધાયો અને પુણ્યપુરૂષોએ લોકબોલીમાં પ્રભુવાણીની ધારા વહાવી...

પ.પૂ. સકલસંઘહિતચિંતક યુવાજનોદ્ધારક આચાર્યદેવેશ **શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા**એ કોઇ પુણ્યવંતી ધન્યપળે જિનશાસનના તત્ત્વજ્ઞાનને વિષયવાર વિભાજિત કરી સરળ ભાષામાં પ્રકાશિત કરવાનો વિચાર વહેતો મૂક્યો...વર્ષો બાદ પ.પૂ. પરમાત્મભક્તિનિમગ્ન **આચાર્યદેવ શ્રીમદ્ વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.**ના શિષ્ય પ.પૂ. પંન્યાસજી શ્રી **સંયમબોધિવિજયજી મ.સા.**એ ગુરૂભક્તિથી એ વિચારને સાકાર કરવા કમર કસી, જબરદસ્ત જહેમત ઉઠાવી. અનેક મહાત્માઓને વિનંતી કરતા તે મહાત્માઓએ પણ શ્રુતભક્તિ, ગુરૂભક્તિ અને સંઘભક્તિના આ અવસરને વધાવી લીધો, જેની અમે ખૂબ ખૂબ અનુમોદના કરીએ છીએ.

પ.પૂ. શાસ્ત્ર-શાસનમર્મજ્ઞ **આચાર્યદેવ શ્રીમદ્ વિજયઅજિતશેખરસૂરીશ્વરજી મ.સા.** તથા પ.પૂ. બહુશ્રુત પ્રવચનપટુ પંન્યાસજી શ્રી **મહાબોધિવિજયજી મ.સા.** એ આવેલ તમામ લખાણને પોતાની શાસ્ત્ર-પરિકર્મિત મતિથી સંશોધિત કરી આપ્યું છે તે બદલ પૂજ્યશ્રીઓના અત્યંત ઋણી છીએ.

નિશ્ચિત કરેલા ૪૦ થી અધિક વિષયોમાંથી પ્રથમ ચરણ રૂપે ૧૧ પુસ્તકોનો સેટ પ્રકાશિત કરી રહ્યા છીએ, તેમાં **સેતુઃ સંસારથી મુક્તિનો... (આત્માને પવિત્ર, પૂજ્ય અને પૂર્ણ બનાવતો જૈન તપમાર્ગ)** પુસ્તક **પ.પૂ. મુનિરાજ શ્રી કૃપાબોધિવિજયજી મહારાજ સાહેબશ્રી**એ આગવી શૈલીમાં અને તમામ તત્ત્વોનો સમાવેશ કરીને લખી આપેલ છે. પૂજ્યશ્રીની શ્રુતભક્તિની અંતરથી અનુમોદના...અતિવ્યસ્ત હોવા છતાં અમારી વિનંતિનો સ્વીકાર કરી માર્મિક પ્રસ્તાવના લખી આપનાર **પ.પૂ.શાસન પ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્ વિજયરત્નસુંદરસૂરીશ્વરજી મ.સા.**ના ચરણોમાં ભાવભરી વંદના...પ્રિન્ટીંગનું કાર્ય દિલ દઇને કરી આપનાર શુભાય આર્ટ્સવાળા **દિનેશભાઇ મુડકર્ણી**ને પણ હજારો સલામ. પ્રાન્તે, શાસનની, સંઘની, શ્રુતની સર્વતોમુખી સેવા સાતત્યપૂર્વક, સમર્પણપૂર્વક અને સફળતાપૂર્વક કરી શકીએ એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના.. **જૈનમ્ પરિવાર**

## ભવોદધિતારક પ.પૂ. ગુરૂદેવશ્રીનો

# આશિર્વાદ પત્ર



નમો નમઃ શ્રીગુરુપ્રેમસૂરયે।

શુભસંગાથી ગચ્છના સર્જક સ્વ. સિદ્ધાંતમહોદધિ આચાર્ય દેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા.

શલ્યમોક્ષ તેમને વિચાર સર્જન કર્યું. સંવત ૧૯૭૪માં પિંડવાડા ચાતુર્માસ પ્રસંગે દેવ-ગુરુ સાથે ચાર ઠાણા હતા. આજે સ્વર્ગસ્થ અને હયાત થઈને લગભગ હજારથી વધુ મુનિઓનું સમાગમ છે. અનેક જ્ઞાની, ગીતાર્થ, તપસ્વી, પ્રવચનકારો, કવિઓ, બહુશ્રુતો- સંયમીઓના વિશાળ સમુદાયના તેઓ સર્જક બન્યા.

તેઓશ્રીના પટ્ટધર, જીવન ભર સુધી ગુરુ ભગવંતની ઇચ્છાઓની પૂર્તી કરવાનું કાર્ય જ જેમણે કર્યું તે સ્વ. પૂજ્યપાદ ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા.

શ્રેષ્ઠ સંયમ, ઉગ્ર તપ સાથે વિશિષ્ટ જ્ઞાન-પ્રાપ્તિ એ તેમની વિશેષતા હતી. પ્રભુ શાસન અને સંઘની સેવામાં આખુ જીવન સમર્પિત કર્યું. પ્રબળ પુરુષાર્થ કર્યો. જીવનની છેલ્લી સંધ્યા સુધી અપ્રમત્ત સાધના સાથે તેઓએ અત્યંત સમાધિ સાથે પરલોક પ્રયાણ કર્યું. બુદ્ધિ બૃહસ્પતિ જેવી હતી. તેથી પ્રભુશાસન અને સંઘના અભ્યુદય માટે અનેક પ્રકારની યોજનાઓ તેમના મનમાં રમતી. જેવી કે

(૧) પ્રભુ શાસન અને સંઘના અભ્યુદય માટે સંયમી, જ્ઞાની તપસ્વી સાધુઓના વિશાળ સમુદાયનું સર્જન કરવું.

(૨) પ્રભુ શાસનના વિશાળ સાહિત્યની રક્ષા કરવી. ઉત્સૂત્ર ઉન્માર્ગનો પ્રતિકાર કરી પ્રભુ શાસનની રક્ષા કરવી.

(૩) સાધુ- સાધ્વીઓ નિર્મળ સંયમનું કરે તે માટે વિશાળ વેલતમાં વાચનાઓ આપવી.

(૪) શ્રાવક શ્રાવિકાઓને પણ તત્ત્વ. પરમાત્મભાગ તરફ ધર્મપ્રવૃત્તિઓમાં જોડવા।

(૫) જમાનાના વાયુમંડળમાં ગુમરાહ બનેલી નવી પેઢીને અનુશાસ-
નના સિદ્ધાંતોમાં વ્યવસ્થિત કરવી.
(૬) જૈનેતરો પણ અનુશાસનને સમજી શકે તેવા પ્રબંધો
કરવા. ભાવિ પેઢી સુધી જોવાની તેમની પાસે દૃષ્ટિ હતી.

જીવનની અંતિમ ક્ષણ સુધી અપ્રમત્ત પણે સંયમ તપનું
પાલન કરવાની સાથે અનુશાસન એમને સાધનાભ્યુ-
દય માટે તેઓ ઝઝૂમ્યા.

વિશાળ એવા એમના શિષ્યાદિ પરિવાર પણ
ગુરુના કાર્યને આગળ ધપાવી રહ્યા છે. બસો સાધુઓ
મુકી ગયેલા ગુરુદેવનો ગચ્છ આજે [illegible]
મુનિગણની સંખ્યા તરફ આગળ વધી રહ્યો છે. વાચનાઓ
પ્રવચનો, શિબિરો, વગેરે પ્રવૃત્તિઓ પણ સ્વ ગુરુદેવની ઇચ્છા
મુજબ સુંદર ચાલી રહી છે

અનુશાસનના પ્રત્યેક અંગોને પ્રગટ કરતી તેમની
યોજનાની પૂર્તિ માટે શાહપુર ખાતે આનંદ મંદિરની
સ્થાપના પણ થઈ ગઈ છે. (જો કે એમાં [illegible] થયા
છે પણ પૂજ્યશ્રીની યોજના રૂપ [illegible])

વિવિધ વિષયો પર નાની નાની પુસ્તિકાઓ બહાર પાડવામાં
તૈયાર થાય અને લોકો [illegible]
[illegible]
[illegible] પૂર્ણ કરવાનો પ્રારંભ મારા શિષ્ય પંન્યાસ
ગુરુદેવની ઇચ્છા પૂર્ણ કરવાનો [illegible]
સંયમબોધિવિજયજી [illegible]
[illegible] વિષય છે. પં. સંયમબોધિવિજયજી પણ [illegible]
[illegible] છે. સંયમ તપમાં પણ સારા [illegible]
પ્રભાવના પણ સુંદર કરે છે. આ કાર્યમાં તેઓ સુંદર
સફળતાને પ્રાપ્ત કરે એટલું જ નહિ પણ કેવળ [illegible]
આરાધના સાથે શાસન રક્ષા - અભ્યુદયની ગુરુદેવની
[illegible] પણ પૂર્ણ કરવા પ્રયત્નશીલ બને
અને સફળતાને વરે એજ શુભેચ્છા - શુભાશિષ.

હેમચંદ્રસૂરિ

ધનતેરસ, સં ૨૦૫૬
સુરેન્દ્રનગર

# સર્જન 'માર્કેટ'નું

બહારગામ બે વરસ રહીને આવેલા ત્રણ યુવકો પોત પોતાના ઘર પાસે આવી તો ગયા...સહુએ પોત પોતાના ઘરનો દરવાજો ખોલી પણ દીધો પણ એક યુવક ઘરની બહાર જ ઊભો રહી ગયો. કારણ ?

ઘરમાં કચરો ખૂબ હતો અને અધૂરામાં પૂરૂં એ ઘરની બારીઓ ખુલ્લી હતી કે જેમાંથી કચરો સતત ઘરની અંદર આવી રહ્યો હતો.

બીજો યુવક પણ ઘરની બહાર જ ઉભો રહી ગયો. કારણ ? એના ઘરની બારીઓ તો બંધ જ હતી પણ ઘરમાં કચરો ખૂબ હતો.

ત્રીજા યુવકે ઘરમાં પ્રસન્નતા સાથે પ્રવેશ કરી લીધો. કારણ ? એના ઘરની બારીઓ તો બંધ હતી જ, પણ ઘર પણ કચરામુક્ત હતું.

■ ■ ■

જયવંતુ જિનશાસન ! એની નવતત્ત્વની સમજણની
જગતને મળેલ વિશિષ્ટ દેન ! એ નવતત્ત્વમાંના બે તત્ત્વો,

૧. સંવર અને ૨. નિર્જરા. આત્મઘરમાં સતત આવી રહેલ કર્મોના કચરાને અટકાવી દેવા બારીઓ બંધ કરી દેવી એનું નામ **સંવર તત્ત્વ** અને આત્મઘરમાં પડેલા કર્મોના જૂના કચરાને સાફ કરતા જવું એનું નામ **નિર્જરા તત્ત્વ.**

આ નિર્જરા તત્ત્વમાં સમાવેશ થાય છે, અનશન વગેરે છ બાહ્ય તપનો અને પ્રાયશ્ચિત્ત વગેરે છ આભ્યન્તર તપનો.

આ તપ જીવનમાં આવશ્યક જ નથી, અનિવાર્ય પણ છે.
પેટમાં જામી ગયેલા મળને જો કાઢવા જ પડે,
ઘરમાં પડી રહેલ કચરાને જો સાફ કરવો જ પડે,
જમીનમાં બિયારણ નાખતા પહેલા
જમીનને જો ખેડવી જ પડે તો આત્માને સર્વ કર્મના ક્ષયવાળા
મુક્તિપદના ભાજન બનાવવા માટે
તપના માર્ગે કર્મનિર્જરા કરતા જ રહેવું પડે.
અલબત્ત, તપના બે પરિણામ છે. એક બાજુ
શરીરની સાતે ય ધાતુને એ તપાવતો

રહે છે તો બીજી બાજુ સત્તામાં
રહેલા કર્મોને ય એ તપાવતો રહે છે.
પ્રશ્ન એ થાય કે તપનું સ્વરૂપ શું ?
તપ શરીરને બંધાયેલો છે કે મનને ?
બાહ્ય તપ જ કરતા રહીએ તો ય કર્મનિર્જરા થાય કે
આભ્યન્તર તપ પણ કરવો જ પડે ?
બાહ્યતપ કરીએ જ નહીં અને
આભ્યન્તર તપ જ કરતા રહીએ તો ય
કર્મનિર્જરા થાય ? 'તપ' અંગે મનમાં ઉઠતા
આવા જાત જાતના પ્રશ્નોનું સરળ છતાં સચોટ,
માર્મિક છતાં તાત્ત્વિક સમાધાનો
આપતું સુંદર નજરાણું એટલે જ
**'સેતુઃ સંસારથી મુક્તિનો...'** નામનું આ પુસ્તક.

■ ■ ■

**મુનિરાજ શ્રી કૃપાબોધિવિજયજી છે**
આ નજરાણાં સમ પુસ્તકના લેખક.
શાસ્ત્રીય પંક્તિઓ, શાસ્ત્રીય ઉદાહરણો,
માર્મિક ટુચકાઓના સહારે આ પુસ્તકને એમણે જે હદે
અસરકારક બનાવ્યું છે એ બદલ એમને સાચે જ અંતરના
ખૂબ ખૂબ અભિનંદન છે. અત્યારના વર્તમાન યુગમાં કોઇ પણ
એક ચીજ ખરીદવા લોકોને જેમ અલગ અલગ જગાએ ન જવું
પડે એ માટે 'માર્કેટ' ખુલી ચૂકી છે તેમ
'તપ'ના સ્વરૂપ અંગે, ઉદેશ્ય અંગે
કે પરિણામ અંગે સમાધાનો મેળવવા
જિજ્ઞાસુને અલગ અલગ શાસ્ત્રો જોવા ન
પડે એ માટે મુનિ શ્રી કૃપાબોધિવિજયજીએ
**'સેતુઃ સંસારથી મુક્તિનો...'** પુસ્તક સર્જીને એને
'માર્કેટ'નું ગૌરવ આપ્યું છે.
જે બદલ એમને લાખ લાખ ધન્યવાદ છે.

■ ■ ■

ઇચ્છું છું કે જિજ્ઞાસુઓ આ માર્કેટમાં પ્રવેશ કરીને
સ્વજીવનને તપ ધર્મથી સુશોભિત કરતા જ રહે.

**દ..રત્નસુંદરસૂરિ**

શાસનપતિશ્રી મહાવીરસ્વામિને નમઃ

શ્રી ધર્મનાથસ્વામિને નમઃ નમો નમઃ શ્રી ગુરુ પ્રેમ-ભુવનભાનુસૂરીશેભ્યઃ

ऐं नमः

# જૈન તપોવિધાન

**यः तपोविधिराम्नातो जिनैर्गीतार्थसाधुभिः ।**
**तं तथा कुर्वतां सन्तु मनोवांछितसिद्धयः ।।**

**પૂ. આ. વર્ધમાનસૂરિ મ. સા. (આચાર દિનકર)**

અનંતકલ્યાણકર જિનશાસને વિશ્વને **(a) અનેકાંતવાદસ્યાદ્વાદ (b) પાપથી અટકાવનાર વિરતિધર્મની સર્વોત્કૃષ્ટ ભેટ આપી છે.** આ બે ભેટ સર્વોત્કૃષ્ટ છે, કારણ ઉપરોક્ત બે પરિબળો આપણા વ્યવહાર અને વિચારોને નવી ઉત્તમ દિશા આપી નવા કર્મબંધથી અટકાવવાનું અને જુના કર્મોથી મુક્તિ અપાવવાનું અતિદુષ્કર, અતિઆવશ્યક, અતિઉત્તમ કાર્ય કરે છે, **જિનશાસનનો મુખ્ય ઉદ્દેશ જ નવા કર્મબંધથી અટકવું અને જૂના કર્મોનો નાશ કરવો તે છે,** કાદવથી ખરડાઇને મેલું બનેલું પણ કપડું જો Loundry માં જઇ શુદ્ધ બની શકે, તો બાલીશતા, અજ્ઞાનતા કે અજાણતા થયેલા કર્મબંધથી મેલો થયેલો આત્મા શું ઉજળો ન બની શકે ? ફાટેલું કપડું દરજીને ત્યાં જઇ અખંડ બની શકે, તો ભવભ્રમણથી ભેદાયેલો આત્મા શું પૂર્ણ ન બની શકે ? શું બાંધેલા કર્મોના ફળ અવશ્ય ભોગવવા જ પડે કે ભોગવ્યા વિના સાધના દ્વારા તેનો નાશ થઇ શકે ? આ જ બધા પ્રશ્નોના ઉત્તર **"આચાર દિનકર"** નામના ગ્રંથના માધ્યમે પૂ. વર્ધમાનસૂરિ મ. સા. ઉપરોક્ત શ્લોકમાં આપે છે, વીતરાગ-સર્વજ્ઞ જિનેશ્વર ભગવંતો તથા તેમના માર્ગે ચાલતા ગીતાર્થ ગુરુભગવંતો દ્વારા બતાવાયેલી વિધિપૂર્વક કરાતું તપધર્મનું સેવન પાપમાંથી મુક્તિ, પુણ્યની પુષ્ટિ તથા ગુણોની સમૃદ્ધિ કરી તમને-મનવાંછિત ફળની સિદ્ધિ આપનાર છે, Loundry માંથી પરત આવતા કપડાની ચમક હજી ઘટે છે, દરજીને ત્યાંથી સીવાઇને આવતા કાપડામાં હજી સીવણકામ દ્વારા પૂર્વનો કપડાનો ભેદ સ્પષ્ટ

દેખાય છે, પણ તપ દ્વારા થતો દોષોનો નાશ એવો વિશિષ્ટ પ્રકારે થાય છે, જેથી ન તો આત્માની ચમક ઘટે છે, ન તો દોષો દ્વારા કરાયેલો ગુણોનો ભેદ ઉપસે છે. ઉલટુ આત્માનું અત્યંત નિર્મલ, સહજસ્વરૂપ પ્રગટ કરવાનું કાર્ય જિનોક્તતપ કરે છે, માટે જ આવા તપધર્મને સમજવો અને આચરવો અતિ-જરૂરી બને છે.

## તપનું સ્વરૂપ

શાસ્ત્રમાં તપને અલગ-અલગ ઉપમાઓ આપી છે, શાસ્ત્રમાં તપને (A) અગ્નિની (B) વજ્રની (C) ઉત્કૃષ્ટ મંગલની (ધજાની) (D) સેતુ (બ્રીજ) વગેરેની ઉપમાઓ આપી છે, અથવા ઉપરોક્ત ઉપમાઓથી તપના સ્વરૂપને પ્રગટ કરવામાં આવ્યું છે.

**A) અગ્નિ જેવો - कर्मणां तापनात् तपः**

અગ્નિના બે મુખ્ય કામ, બાળવું અને તેજસ્વી બનાવવું... તેમ તપના પણ બે કાર્ય છે - કર્મને બાળવા અને આત્માને તેજસ્વી બનાવવો. જેવી રીતે ખાણના સોનાને અગ્નિમાં નાંખી તપાવતા ધૂળ દૂર થઇ શુદ્ધ સોનું પ્રગટ થાય છે, તેમ તપની આગમાં કર્મ શેકાઇ દૂર થાય છે અને સોના જેવો નિર્મળ આત્મા પ્રગટ થાય છે...

**B) વજ્ર જેવો - निकाचितकर्मभूधर विभेदने अतितीव्रवज्रमिव तपः।।** અગ્નિનું કામ જેમ ભસ્મસાત્ કરવાનું છે, તેમ વજ્રનું કામ સામા તત્ત્વને ભેદવાનું છે, સામા તત્ત્વના ચૂરેચૂરા કરવાનું છે, વજ્ર ૧) લક્ષ્યસ્થાનમાં બાધક પરિબળોને ભેદે છે. ૨) બાધક પરિબળોથી ઢંકાયેલા લક્ષ્યસ્થાનને પ્રગટ કરે છે, તેમ તપ પણ શિવલક્ષ્મીરૂપી લક્ષ્યસ્થાન સુધી પહોંચવામાં વિઘ્ન-ભૂત ઘાતી-અઘાતી કર્મરૂપી પર્વતોને ભેદી, કર્મોના ભુક્કા બોલાવી તેને જમી-નદોસ્ત કરવાનું ભગીરથ કાર્ય કરી મોક્ષસુંદરીનો સમાગમ આત્માને કરાવી દે છે... નાની પણ સુરંગ મોટા-મોટા પર્વતોનો નાશ કરી શકે છે, નાની પણ મિસાઇલ મોટા-મોટા દેશોનો નાશ કરી શકે છે, તેમ નાનો પણ તપ infinite-ગણાતા કર્મોનો કાચી સેકંડમાં નાશ કરી શકે છે...

માટે જ શાંત-સુધારસગ્રંથમાં તપને વજ્રસમાન અમોઘ શસ્ત્ર માન્યું છે.

**C) ઉત્કૃષ્ટ મંગલરૂપ ધજા જેવો - धम्मो मंगलमुक्किट्ठं अहिंसा संजमो तवो ।**

**દશવૈકાલિકમાં પૂ. શય્યંભવસૂરિ મ.સા.** જણાવેછે કે તપ જેમ અમોઘ શસ્ત્ર છે, તેમ તપ સર્વોત્કૃષ્ટ અમોઘ મંગલ પણ છે, પ્રારંભમાં તપનું મંગલ કરી કરાતું કોઇ પણ કાર્ય પ્રાયઃ નિષ્ફળ જતું નથી... દહીં, ગોળ વગેરે દ્વારા કરાયેલું મંગલ Fail (નિષ્ફળ) જાય, પણ તપ દ્વારા કરાયેલુ મંગલ ક્યારેય Fail (નિષ્ફળ) જતું નથી. શાસ્ત્રમાં મંગલની અલગ અલગ વ્યાખ્યા આપી છે, (૧) माम् गालयति भवात् इति मंगलं– જે મને સંસારમાંથી ગાળી નાખે તે મંગલ, બાહ્ય-અભ્યંતર તપ દ્વારા જીવ સંસારમાંથી ગળી જાય છે, મુક્ત થઇ જાય છે, માટે તપ શ્રેષ્ઠ મંગલ છે, (૨) मङ्ग्यते-साध्यते-यतो अनेन हितम् इति मंगलं–=જેના વડે આત્માનું / પોતાનું હિત મેળવાય છે, સિદ્ધ કરાય છે તે મંગલ, વિનય-વૈયાવચ્ચાદિ-અનેક તપ દ્વારા જીવને હિત / benifit... થાય છે, માટે તપ પરમ મંગલ છે. (३) मङ्गं धर्मं लाति इति मंगलं, આમ જે धर्मोपादानहेतुः બને તે મંગલ, તપ તો ધર્મ સ્વરૂપી પણ છે, અને આગળ આગળના ધર્મને પ્રાપ્ત કરાવવાનું સાધન પણ છે, માટે તપને ઉત્કૃષ્ટ મંગલ તરીકે બતાવ્યો છે. આમ, તપથી શરૂ થતી પ્રવૃતિ-કર્મસત્તા સામેના યુદ્ધમાં નિશ્ચિત વિજય સૂચવતી ધજા છે... જેમ વિજયધ્વજ દુશ્મનના પરાજયનું અને સ્વના ગૌરવનું-સ્વની સ્વતંત્રતાનું સૂચક છે, તેમ તપ એ કર્મસત્તાની હાર અને આત્મસત્તાની સ્વતંત્રતા, આત્મસત્તાના વિજયનું સૂચક છે. માટે તેને શ્રેષ્ઠ મંગલ કહ્યો છે.

**D) બ્રીજ જેવો - "તે તપ નમીએ ભાવ ધરીને, ભવસાયરમાં સેતુ..."** શાસ્ત્રમાં તપને બ્રીજની ઉપમા આપી છે, બ્રીજના મુખ્યતયા ૩ કાર્ય છે, ૧) બ્રીજ ઉપર રહેલી વ્યક્તિને નીચેથી વહેતા પૂરની ભયંકરતા દેખાડી પાણીનો (પૂરનો) ભય પેદા કરાવી તેનું Attraction (આકર્ષણ) તોડવું. ૨) વિનાશક પૂરની ભયાનકતા માત્ર દેખાડે પણ અનુભવવા ન દે, મતલબ, વિનાશક પૂર પુલ પરની વ્યક્તિનો વાળ પણ વાંકો ન કરી શકે તેવી Safety (સલામતી) અપાવે અને છેવટે, ૩) જ્યાં પૂરનો અંશ પણ નથી તેવા સામાકિનારે લઇ જવા માટે speed (ઝડપ) કરાવવાનું... આમ, તપના પણ ત્રણ કાર્ય છે,

સંસારની, વિષય-કષાયના તોફાનોની-(સ્વાધ્યાય-ધ્યાનાદિ તપ દ્વારા) જાણ-કારી આપી સંસારનો ભય પેદા કરાવી **Attraction** તોડાવે, આલોચનાદિ દ્વારા સંસારની ભયાનકતામાંથી કે ભોગવાતા અનંત દુઃખોમાંથી મુક્તિ અપાવી **safe** બનાવી દે અને છેવટે અનશન-કાયક્લેશ-કાયોત્સર્ગ-વિનયાદિ દ્વારા **speed** પકડાવી સંસારમાંથી મુક્તિ ભણી ઉડ્ડયન કરાવી દે... મોટા મોટા વૃક્ષોને પણ પોતાના ધસમસતા પ્રવાહમાં તાણી જઇ દૂર દૂર પહોંચાડવામાં સમર્થ પૂરના ગમે તેવા તોફાનમાં પણ બ્રીજ પર રહેલો સામાન્ય ગજાનો માણસ પણ-એક કિનારેથી બીજે કિનારે સહીસલામત પહોંચી જાય છે, તેમ સંસારસમુદ્રના ઘોડાપૂરથી બચાવી સંસારમાંથી મોક્ષ નગરમાં પહોંચાડવાનું કામ તપ નામનો બ્રીજ કરે છે.

આ ઉપરાંત તપને બુલેટપ્રુફ આર્મર ગાડી જેવો પણ ગણી શકાય.

**E) બુલેટપ્રુફ આર્મર car** - શાસ્ત્રમાં તપને સંવર અને નિર્જરા સ્વરૂપી બતાવ્યો છે,

સંવર = દુશ્મનને દૂર રાખવા...

નિર્જરા = દુશ્મનનો નાશ કરવો...

આતંકવાદ વિરોધીદળને અપાયેલી બુલેટપ્રુફ આર્મર ગાડી બહારના આતંકવાદી હુમલાથી બચાવવાનું કામ કરે અને અંદર બેઠા-બેઠા ગોળી છોડી બહારના આતંકવાદીને સાફ કરવાનું કામ કરે છે... તેમ તપ રાગ-દ્વેષ-મોહ રૂપી આતંકવાદી દ્વારા કરતા હુમલાને પોતાના અભેદ્ય કવચ દ્વારા નિષ્ફળ કરે છે અને પોતાની વિશિષ્ટ તાકાતથી રાગાદિનો ખાતમો બોલાવે છે...



# જૈન તપની મૌલિકતા

દવા જેમ જેમ પેટમાં જાય તેમ તેમ ઘણા દિવસથી ઘર કરી ચૂકેલ જીવાણુઓ દૂર થાય અને શરીર પુષ્ટ બને... પણ શરત એક જ directed by physician (ડોક્ટરની સલાહ મુજબ હોવું જોઇએ.) તેમ તપરૂપી ઔષધ આત્મા સાથે આત્મસાત થાય તો રાગ-દ્વેષ-મોહ દૂર થાય અને આત્મા ગુણોથી પુષ્ટ બને તેજસ્વી બને, પણ condition એકજ, **જિનાજ્ઞાના પાલનપૂર્વકનો હોવો જોઇએ.** અન્ય ધર્મમાં દેખાડેલા બાળતપ-અજ્ઞાનતપ દ્વારા આવી કર્મનિર્જરા શક્ય નથી, માટે જિનાજ્ઞા મુજબના તપને અથવા જૈન તપની વિશિષ્ટતાને-મૌલિકતાને સમજ્યા વગર તપનું જ્ઞાન અધૂરુ-અપૂર્ણ રહે છે...

**પ્રશ્ન** - ભૂખ્યા રહેવું-શરીરને કષ્ટ આપવું એટલે તપ, આવું તો ચાહે હિન્દુ હોય કે જૈન હોય, ચાહે શૈવ હોય કે વૈષ્ણવ હોય બધા જ માને છે, વળી તપ કર્મનાશક છે-પુણ્યબંધક છે, તપનો મહિમા વિશિષ્ટ છે વગેરે તમામ વાતો તો લોકમાનસમાં પણ પ્રખ્યાત છે, આમ તપ ઉપાદેય છે, તે બરાબર, પણ **જૈનધર્મમાં નિર્દિષ્ટ કરાયેલો જ તપ ઉપાદેય છે**, આવું શા માટે ? શું જૈનધર્મ તપને કોઇ અલગ સંદર્ભમાં માને છે ?...

**ઉત્તર** - ૪ મિત્રો ભેગા થયા, નવા નવા ધંધામાં જોડાયેલા, તેથી બડાઇ હાંકવાની શરૂ કરી...

પ્રથમ ૩ જણ ક્રમશઃ બોલ્યા કે મારી પાસે ૧૦૦૦ Rs., ૧૦,૦૦૦ Rs., ૧ Lakh Rs. છે માટે અમે ધનવાન છીએ, ૪ થાને નોકરી મળી ન હતી પણ પોતાની આબરુ પણ ધનવાન તરીકેની બતાવવા બોલ્યો અરે ! धनं यस्य अस्ति इति धनवान्, મારી પાસે પણ ૧૦ Rs. છે, માટે હું પણ ધનવાન થયો ને ?

માત્ર ખાવું નહીં-કાયાને ત્રાસ આપી દેવો આને જો તપ કહેવાય અને આવું કરનારને તપસ્વી માનશો તો ૧૦ Rs.વાળાને પણ ધનવાન માનવાની જેમ ભિખારીને કે ખાવાનું ફેંકી દેતા ગાંડાને પણ તપસ્વી માનવો પડશે ! લોકો ધનની પ્રચુરતા દેખાય તેનેજ ધનવાન માને છે, તેમ પુષ્કળ તપ કરનાર, તપમાં જ રચ્યાપચ્યા રહેનારને લોકો તપસ્વી માને છે. સામાન્ય

માણસોની વચ્ચે રહેલો ધનવાન તેના પહેરવેશ, તેની મેનર્સ અને તેના એટીટ્યુડથી અલગ તરી જ આવે છે, તેમ સાચો તપસ્વી પણ અન્ય સામાન્ય જીવ કરતા અલગ તરી આવવો જોઇએ... વ્યક્તિની Personality જ તેની ઓળખ આપી દે છે, વાસ્તવમાં સાચા તપસ્વીના મુખ ઉપર તો તેજ હોય છે, તેની પ્રતિભા કંઇક વિશિષ્ટ જ હોય છે, આંખમાં ચમક અને વૈરાગ્ય હોય છે, અને ગમે તેવા ઉત્તમ ભોજ્ય પદાર્થોને જોઇને પણ તે સંતોષીવૃત્તિમાં સ્થિર રહી શકે છે... વર્તમાનમાં તો અન્ય ધર્મમાં રહેલા તપસ્વી કે જિનશાસનમાં જન્મી માત્ર બાહ્ય તપને જ, માત્ર ક્રિયા કે આચાર માર્ગને જ સેવનારાના જીવનમાં તો તપની વૃદ્ધિથી ક્રોધની વૃદ્ધિ દેખાય છે, નહીં કે ઉપશાંતપણાની, પોતે કરેલા ત્યાગનો આનંદ નહીં પણ બીજા દ્વારા પોતાની થતી ઉપેક્ષાની ફરિયાદ દેખાય છે... ખરેખર આવો મલિન અથવા અધૂરો-અપૂર્ણ તપ આત્માને સંસારથી કેમ તારશે ? અને જે તપ સંસારથી બચાવે નહીં, કર્મોને બાળે નહીં, તે તપ તો માત્ર કષ્ટક્રિયા જ થઇને ?

આ ઉપરાંત ભૂખ્યા રહેવાથી કર્મ ખપે અને મોક્ષ મળે છે, એવું માની ઘણા જીવો ભૂખ્યા રહે છે. કષ્ટો સહન કરે છે, અરે ! ઘણાને તો ગરીબાઇને લીધે ખાવાનું મળતું જ નથી માટે ભૂખ્યા રહે છે, તો ઘણાને શારીરિક પ્રતિકૂળતાને લીધે ખાવાનું પચતું નથી માટે ભૂખ્યા રહે છે, તો ઘણાતો ડાયટીંગને લીધે ભૂખ્યા રહે છે, તો શું ભૂખ્યા રહેવામાત્રથી આ બધાના કર્મ ખપી જશે ? શું આ બધા તપસ્વી કહેવાશે ? લોકવાયકા તો એવી છે કે સાપ માત્ર હવા પર જીવે છે, મતલબ ભૂખ્યો રહે છે, તો શું તે પણ તપસ્વી કહેવાશે ? વળી **પાપના ઉદયમાં અને પુણ્યની ક્ષીણતામાં કષ્ટો તો ઢગલાબંધ સહન કરવાના થાય છે,** પરમાધામી દ્વારા અપાતા મારણાંતિક કષ્ટો નારકી દ્વારા ક્યાં ઓછા સહેવાય છે ? ગાય-ભેંસ-કુતરા-બિલાડા-ઘેટા-બકરા વગેરે ઉપરના કષ્ટો દેખીને તો ક્યારેક આપણું હૈયું પણ ધ્રૂજી જાય છે તો શું કષ્ટમાત્ર સહન કરવાથી આ તમામને સહનશીલ / તપસ્વી માનવામાં આવશે ? માત્ર આ કષ્ટક્રિયા અને ભૂખ્યા રહેવાના દુઃખને જ તપ તરીકે સ્વીકારશું તો-તો કેટલો બધો અનર્થ સર્જાઇ જશે ? મુક્તિ કેટલી સુલભ બની જશે, તપના પ્રભાવે પ્રગટતી લબ્ધિઓ-સિદ્ધિઓ તો તિર્યંચોને અને નારકીઓને પણ મળી જશે...

અરે ! હોસ્પીટલમાં મરણપથારીએ પડેલાને ય પ્રગટી જશે, પણ આપણી વાસ્તવિક દુનિયામાં આવું ક્યારેય બનતું દેખાતું નથી, માટેજ માત્ર ભૂખ્યા રહેવું-શરીરને ત્રાસ આપવો એટલે તપ એટલે કર્મનિર્જરા આવી તપ અંગેની આપણી સમજણ ફેરવિચારણા માંગે છે... સુભાષિતમાં કહ્યું છે.

**''અમૃત પીધું પણ અમર ન થયા, પીવાની રીત ન જાણી,**
**કાંતો અમૃત પીધું નહીં, ક્યાં પીધું તે પાણી...''**

તેમ દેવોને પણ વંદનીય, લબ્ધિ અને સિદ્ધિઓનો ભંડાર, પારસમણિતુલ્ય તપધર્મ આરાધ્યો અને દુઃખ દૂર ન થાય ? સુખ ન મળે ? આ કેવી રીતે શક્ય બને ? પણ ખરેખર તેવું જ હોય તો સમજવું પડે કે **તપ કરવાની પદ્ધતિ ખોટી છે અથવા તપના સ્થાને ફોગટ કષ્ટક્રિયા જ કરી છે**, તપ કરવાની પદ્ધતિ-શરત વગેરે પછીના chapter માં જોઇશું પણ હાલ તો વાસ્તવિક તપ કોને કહેવાય તેની સમજણ મેળવી લઇએ...

અનાદિકાળથી સંસારમાં ભટકતો જીવ મન-વચન-કાયાથી નવા-નવા કર્મબંધ કરે છે, અને તેની પાછળનું ચાલક બળ છે **અજ્ઞાન-આસક્તિ અને અહંકાર...** એમાં પણ મુખ્યતયા આસક્તિથી કર્મ બાંધે છે-અજ્ઞાન ને અહંકાર તેને પુષ્ટ કરવાનું કાર્ય કરે છે મોહની ચાલમાં ફસાઇ જીવ સાંસારિક પદાર્થોમાં સુખ-દુઃખ માની રાગ-દ્વેષ કરે છે અને તેનાથી સંસારનું સર્જન... દુઃખોની પરંપરાનું સર્જન... દોષોના સંસ્કારોનું ઉપાર્જન... અજ્ઞાનમાંથી આસક્તિ ઉત્પન્ન થાય છે અને અહંકાર તેને support આપી પુષ્ટ કરે છે... આમ **અજ્ઞાન Generator, આસક્તિ main offender અને અહંકાર supporter** આ ત્રણ ચેક-post પરથી કર્મસત્તા-મોહસત્તા હુમલો કરે છે અથવા મન-વચન-કાયા આ ત્રણ ચેક-post પરથી કર્મસત્તા-મોહસત્તા હુમલા કરે છે, તો આત્માનું રક્ષણ કરવા યુદ્ધ પણ આ ત્રણ મોરચે લડવું જ પડે ને ? આગળ વધીને કહીએ તો મૈન (મુખ્ય) ચેક પોસ્ટ પર રહેલા મુખ્ય દુશ્મનને હરાવી દો, તો દુશ્મનને વશ થવું જ પડે, આપણો દેશ છોડી ભાગવું જ પડે... તેમ કર્મબંધનો મુખ્ય રસ્તો મુખ્ય દુશ્મન અથવા મૈન ચેકપોસ્ટ આસક્તિ પર ઘા મારો તો દુશ્મનનો પરાજય નિશ્ચિત થાય-થાય અને થાય જ. માટેજ આ જ સંદર્ભમાં **જિનશાસન કહે છે ''ઇચ્છાનિરોધે સંવરી''** આમ તપ-ઇચ્છાનિરોધ સ્વરૂપ છે. **ઇચ્છા**

**= આસક્તિ... તમારા મનમાં ઉઠેલી આસક્તિ પર control કરવો આ જ તપ.** અન્યધર્મીઓ માત્ર કાયક્લેશને તપ માને છે પણ આસક્તિ ઉભી રહે પછી ગમે તેટલું કાયાને કષ્ટ આપો, કર્મ તૂટતા નથી, દુશ્મન ભાગતા નથી, કારણકે રાજા જીવતો છે-સક્રિય છે... સર્વજ્ઞકથિત શાસનની આ જ બલિહારી છે... તે માત્ર કાયક્લેશને તપ તરીકે નહીં માને પણ **આસક્તિના નિયંત્રણપૂર્વકના કાયક્લેશને જ તપ તરીકે માનશે...** આમ, તપ = નિરોધ = અટકાવવું = control સ્વરૂપ છે, અનાદિકાળથી આત્મભૂમિમાં ઘૂસી ગયેલી સુખશીલતાની-મમત્ત્વભાવની વૃત્તિઓ ઉપર control કરવાનું કાર્ય તપ કરે છે...

**પ્રશ્ન :** વૃત્તિ પર controlની આટલી બધી મહત્તા ?...

**ઉત્તર :** વૃદ્ધવયમાં ખાવાના દ્રવ્યની સુગંધ આવી અને મોંમાં પાણી આવવું; યુવાનવયમાં કોઇ પ્રેમ કરે તો સામે રાગ થવો, વગેરે તો સહજ રીએક્શન છે, છતાં પણ તેની પર control કરવો જ પડે છે ને ? નાના બાળકને રમવાની જ વૃત્તિ હોય છે, છતાં પણ તે જ ઉમરમાં Grasping (યાદશક્તિ અને નવું શીખવાની શક્તિ) વધારે હોય છે, માટે મા-બાપ પરાણે પણ બાળકને ભણાવશે... જુવાનવયમાં જો જે-તે વ્યક્તિ પર રાગ કરી બેસે તો પરિવારનો વિનાશ થાય છે, મોટી ઉમરમાં જે-તે ખવાઇ જાય તો શરીરની હાલત કફોડી થાય છે... બસ આ જ તો વાત છે, લગભગ સહજ ઉઠતી વૃત્તિઓ પર control ન કરો તો જીવન રફેદફે થયા વિના રહેતું નથી. બાળવય વિદ્યાગ્ર-હણ કરવા માટે છે પણ તે વયમાં સહજવૃત્તિ રમતની જ હોય છે, જુવાન વય પરાક્રમનો વિકાસ કરવા માટે છે, પણ આંતરિક વૃત્તિઓ વાસનાપોષણની જ હોય છે, વૃદ્ધવય સમાધિ અને અલિપ્તતા મેળવવા માટે છે, પણ સહજવૃત્તિ તો મમત્ત્વ અને આસક્તિ પોષક જ દેખાય છે, તેમ મનુષ્યભવ પણ કર્મનાશ કરવા માટે મળ્યો છે, આત્માના મલિન અધ્યવસાયોનો નાશ કરી મુક્તિસુ-ખને-મેળવવા માટે જ છે તો તે વખતે અંદરમાં ઉઠતી વિરોધી વૃત્તિઓ પર control કરવો તે અતિજરૂરી છે. શાસ્ત્રના પાને આવતી પ્રસિદ્ધ ઘટના, સમુદ્ર-માર્ગેથી વહાણ પસાર થઇ રહ્યું છે, પોતાના વતને પહોંચવાની ઉતાવળ હોવાથી short cut માંથી જવું છે, પણ એક તકલીફ છે કે વચ્ચે એક ટેકરી આવે છે. ત્યાં એક દેવી રહે છે. સરસ સંગીતથી લોકોને આકર્ષિત કરે છે, અને

લોકો ત્યાં આવે પછી મારી નાખે છે... મુખ્ય માણસે રસ્તો કાઢ્યો, બધાના કાનમાં મીણ નાંખી દીધું અને પોતાને સંગીત સાંભળવાની ઇચ્છા તીવ્ર હતી પણ મોતનો ભય પણ હતો, માટે જાત પર કાબુ રાખવા પોતાની જાતને દોરડાથી બંધાવી દીધી. ટેકરી પાસેથી પસાર થયા, મુખ્ય માણસે સંગીત સાંભળ્યું-ત્યાં જવાની તીવ્ર ઇચ્છા થઇ, દોરડા છોડવા બૂમાબૂમ કરી પણ પહેલેથીજ control કરાયેલો માટે બચી ગયા- હેમખેમ નગરમાં પહોંચી ગયા...

આમ; સહજ ગણાતા પણ મોહના રીએક્શનથી બહુ મોટી હોનારત સર્જાઇ શકે છે, માટે (તેના પર કાબુ) આવશ્યક છે. **દુશ્મનનો નાશ, પછીનું પગલું છે, પણ દુશ્મન પર control કરવો પ્રથમ કર્તવ્ય છે,** ગમે તેવા ઉદ્દંડ વિદ્યાર્થી પર teacherનો, તોફાની બાળક પર માનો, નામચીન ચોર પર પોલીસનો control હોય તો Student, Children, Robber વગેરે ભયને લીધે પણ તોફાન કે ચોરી નથી કરતા તેમ વિકરાળ ગણાતા દોષો ઉપર પણ control કરી દોષોને પ્રથમ શાંત કરવા, પછી સાફ કરવા...

આજ ભગીરથ કાર્ય કરે છે જિનોક્ત તપ, કારણકે તેનું-સ્વરૂપ જ ઇચ્છાનિરોધ = control સ્વરૂપી છે. દોષોનો નાશ ભલે ન થાય પણ દોષો તમને નુકસાન તો ન જ કરી શકે તેવી નપુંસક અવસ્થામાં રૂપાંતરિત કરવા તેનું જ નામ - control=નિરોધ.

તોફાની વિદ્યાર્થી પર શિક્ષકની સતત નજર હોય તો તોફાન-બંધ કરવા જ પડે અને તોફાન કરવું જ હોય તો student ને-અન્ય class માં જવું પડે. આતંકવાદીઓ પર પોલીસની સતત વોચ હોય તો જનહિત વિરુદ્ધ પ્રવૃત્તિઓ બંધ કરવી જ પડે અથવા આતંકવાદ મચાવવા અન્ય દેશમાં જવું પડે. તેમ દુર્ગણો પર તપનું સતત વોચ હોવાથી જીવને તે હેરાન કરી શકતા નથી અને છેવટે જીવને છોડી અન્યત્ર ચાલ્યા જાય છે...

**को विस्मयोऽत्र ? यदि नाम गुणैरशेषै-**
**स्त्वं संश्रितो निरवकाशतया मुनीश !**
**दोषैरुपात्तविविधाश्रय-जात-गर्वैः,**
**स्वप्नान्तरेऽपि न कदाचिदपीक्षितोऽसि ॥**

સઘળાય ગુણો દ્વારા જરા પણ જગ્યા ન બચે એ રીતે આશ્રય કરાયેલો તું વિવિધ આશ્રયો પામી ગર્વિષ્ઠ થયેલા દોષો વડે સ્વપ્નાંતરમાં સપનામાં

પણ જોવાયો નથી એમાં કઇ વિસ્મયની વાત છે ?

(એક તો તું દોષોના દુશ્મન ગુણોને આશ્રય આપી બેઠો છે, એમાં પણ એ બધા એટલા બધા ભરાઇ બેઠા છે, કે દોષોને ઘુસવાની એકાદ જગ્યા પણ બાકી રાખી નથી, પછી દોષો આશ્રયમાટે તમારી સામું જુએ પણ શા માટે ? ને એને ક્યાં ઓછા સ્થાનો મળ્યા છે. ભલભલાના હૃદયમાં એ સ્થાન પામ્યા છે. હરિ,હર, બ્રહ્મા પણ આશ્રયસ્થાનો છે, એવા અભિમાનથી ભરાયેલા દોષો તો વિચારે છે-એક તારી પાસે સ્થાન નહીં મળે, તો મારું શું લુંટાઇ જવાનું છે ?)

આમ, **તપ એટલે અંતરમાં ઉઠતી વૃત્તિઓ પર આત્માએ ગોઠવેલો સખ્ત ચોકીપહેરો**...જીવને હેરાન કરનારી વૃત્તિઓ તો ઘણી છે, પણ મુખ્યતયા તેને ૧૨ ભેદમાં સમાવી શકાય, આમ, ૧૨ પ્રકારની મલિનવૃત્તિઓ અને ૧૨ પ્રકારનો સખ્ત ચોકીપહેરો...

૧) **અનશન** - ખાવાની ઇચ્છાનો નિરોધ.

૨) **ઉણોદરી** - વધુ ખાવાની ઇચ્છાનો નિરોધ.

૩) **વૃત્તિસંક્ષેપ** - વધુ દ્રવ્યો ખાવાની ઇચ્છાનો નિરોધ.

૪) **રસત્યાગ** - સ્વાદિષ્ટ તથા વિગઇવાળું ખાવાની ઇચ્છાનો નિરોધ.

૫) **કાયક્લેશ** - સુખશીલતાની ઇચ્છાનો નિરોધ.

૬) **સંલીનતા** - હરવા-ફરવાની ઇચ્છાનો નિરોધ.

૭) **પ્રાયશ્ચિત** - દોષને છુપાવવાની ઇચ્છાનો નિરોધ.

૮) **વિનય** - અક્કડ થઇને રહેવાની ઇચ્છાનો નિરોધ.

૯) **વૈયાવચ્ચ** - સ્વાર્થીપણાની ઇચ્છાનો નિરોધ.

૧૦) **સ્વાધ્યાય** - નિંદા-કુથલીની ઇચ્છાનો નિરોધ.

૧૧) **કાયોત્સર્ગ** - મન-વચન-કાયાની ચપળતાની ઇચ્છાનો નિરોધ.

૧૨) **શુભધ્યાન** - મનની સ્વચ્છંદ વિચરણની ઇચ્છાનો નિરોધ.

આ અંગે વિશેષ માહિતી ''જૈન તપના ભેદ'' માં આપેલી છે, મુખ્ય વાત એ છે કે ચાહે જિનાજ્ઞાનિરપેક્ષ અન્ય ધર્મનો તપ હોય કે જિનધર્મમાં બતાવેલ બાહ્યતપ હોય, તે મુક્તિ અપાવી શકતો નથી, **પણ જિનાજ્ઞાસાપેક્ષ અને અભ્યંતર તપને સાપેક્ષ રાખી કરાતો બાહ્યતપ જ મુક્તિ અપાવી શકે છે.**

અનુકૂળતાનો ત્યાગ એમ નહીં પણ **અનુકૂળતાની અપેક્ષાનો ત્યાગ...** પ્રતિકૂળતાનો સ્વીકાર એટલું જ નહીં પણ **પ્રતિકૂળતાનો સમતાપૂર્વક સામે-ચાલીને સ્વીકાર... બસ આ છે ઇચ્છાનિરોધ...**

આમ, જિનદેશિત તપ એટલે આત્મભૂમિ પર વહેતા સંજ્ઞાના પ્રવાહને અટકાવતી દિવાલ...

◆ જિનદેશિત તપ એટલે કષાયોની આગને ઠારતો હિમાલય.

◆ જિનદેશિત તપ એટલે પાપપ્રવૃત્તિ સાથે પાપવૃત્તિને પણ તિલાંજલિ.

◆ જિનદેશીત તપ એટલે ક્ષમા-વીતરાગતા આદિ આત્મસ્વભાવ તરફ પ્રયાણ...

આમ, અજ્ઞાનકષ્ટ સહન કરવાથી તપસ્વી નથી બનાતું, પણ મારે મારા કર્મોને ખપાવવા છે, અજ્ઞાન-આસક્તિને લીધે પૂર્વના ભવોમાં પાપો કર્યા છે, અન્યને ત્રાસ આપ્યો છે. તો હવે ષડ્જીવનિકાય સાથે મૈત્રી જમાવવા, હૈયામાં સર્વજીવો પ્રત્યેના વાત્સલ્યભાવને જીવંત રાખવા-આસક્તિનો નાશ કરવા, શરીરને કષ્ટ આપવું છે, શરીરનો પૂરેપૂરો કસ કાઢીને સાધના કરવી છે. આ ભાવના છે સાચી **તપભાવના.**

શાસ્ત્રમાં સહન કરનાર વ્યક્તિના ૩ ભેદ પાડ્યા છે.

૧) સંક્લેશથી સહન કરે ૨) સ્વભાવથી સહન કરે.

૩) સમજણથી સહન કરે...

**૧) સંક્લેશથી સહન કરે** - શાસ્ત્રના પાને ટંકાયેલી કમઠની કથા... પૂર્વના ૧૦ ભવોથી પ્રભુપ્રાર્શ્વના જીવ સાથે ચાલી આવતી એકપક્ષીય દ્વેષની પરંપરા... તેનાથી પુણ્યનો-જ્ઞાનનો-ગુણોનો ક્રમશઃ નાશ થતો ગયો છે અને અંતિમ ભવમાં કમઠ નામે વ્યક્તિ તરીકે ઉત્પન્ન થયો છે, તીવ્ર પાયોદયે જન્મતાજ મા-બાપ મૃત્યુ પામ્યા-એકલો અટુલો રખડી-રખડી ભીખ માંગી મોટો થાય છે, કોઇ ઉત્તમ વસ્ત્ર-અલંકારો પહેરેલા શ્રીમંતોને જોતા વિચારે છે કે મેં પૂર્વભવમાં તપ નથી ક્ર્યો માટે ગરીબ છું... આમ દુઃખગર્ભિત-વૈરાગ્યથી વાસિત થઇ સંન્યાસ ગ્રહણ કરી અજ્ઞાનકષ્ટ સહન કરવાપૂર્વક ઘોર તપ સાધના કરે છે, પંચાગ્નિ તપ કરે છે, ચારે બાજુ આગ પેટાવી વચ્ચે બેસી ઘોર ઉષ્ણપરિષહ સહન કરે છે... પણ મૂળમાં માત્રને માત્ર સુખ પ્રાપ્ત કર-

વાની જ લાલસા, એકાંતે સુખનો રાગ...**જિનશાસનમાં પ્રતિકૂળતાના દ્વેષને જેમ સંક્લેશ માન્યો છે તેમ અનુકૂળતાના રાગને પણ સંક્લેશ કહયો છે...** માટેજ દેખીતો ઉગ્રતપ હોવા છતા પણ દીલમાં જીવો પ્રત્યે-પ્રેમનું ઝરણું પણ પ્રગટયું ન'તુ અને તેથીજ પાર્શ્વકુમારે સળગતા લાકડામાંથી સાપને કઢાવ્યો ત્યારે પશ્ચાત્તાપની જગ્યાએ-અહં પર ઘા વાગ્યો છે, લોકોમાં અવમૂલ્યાંકન થવાથી પાર્શ્વકુમાર માટેનો તિરસ્કાર-દ્વેષનો અગ્નિ અંગે-અંગમાં વ્યાપી ગયો છે, પાર્શ્વકુમાર રાજકુમાર છે, પોતે નિઃસહાય છે, માટે સામો કષાય પણ શું કરી શકે ? માટે પ્રવૃત્તિમાં પ્રતિકાર નથી, પણ વૃત્તિમાં તો સંક્લેશ રૂપી પ્રતિકાર છે જ... માટે જ મૃત્યુ પામી દેવ બને છે, પણ શાસ્ત્રમાં તેને સદ્ગતિ નહીં, દુર્ગતિ તરીકે ગણાવી છે... દેવગતિ પુણ્યથી મળે, પણ ઘણા જીવો એવા હોય છે, જેનું સાત્ત્વિક પુણ્ય ન હોય અને ઢગલે ઢગલા કુસંસ્કારો જેના આત્મામાં પડેલા હોય, તેને પુણ્યના ઉદયથી મળેલી પણ દેવગતિ તેના માટે **देवदुग्गई** શબ્દથી શાસ્ત્રમાં વર્ણવી છે... **આતુર-પ્રત્યાખ્યાન પયન્નામાં** જણાવ્યું છે કે

**कंदप्पदेवकिब्बिसिआभिओगा आसुरी य संमोहा ।**
**ता देवदुग्गईओ मरणंमि विराहिए हुंति ।।**

કમઠની વૃત્તિમાં સંક્લેશ પડેલો હતો, માટે દેવગતિમાં થોડીક શક્તિ-પુણ્ય મળતાં તરત જ પ્રભુ પાર્શ્વ ઉપર ઉપસર્ગ કરવા આવી ગયો. ગામડામાં ગરીબીમાં જીવતા બે મિત્રોમાંનો એક શહેરમાં જઇ શ્રીમંત બની પોતાના બીજા મિત્રને ભૂલી જાય તો કહેવાય કે ધન મળ્યું પણ પચ્યું નહીં... બસ કમઠને પણ અજ્ઞાનકષ્ટથી ઘોરતપથી દેવગતિ મળી ગઇ, પણ ફળી નહીં, પુણ્ય ઉદયમાં આવી ગયું પણ ફળ્યું નહીં, કારણ એક સંક્લેશને જ જીવંત રાખીને સહન કરવાને કારણે તેને સદ્ગતિને સજાવતી પાત્રતાનું બીજ બાળી નાંખેલુ... આમ, ગમે તેવો ઉગ્ર અને ઘોર તપ હોય પણ સંક્લેશપૂર્વક સહન કરનારની જિનશાસનમા કાંણી કોડીની પણ કિંમત નથી...**પ્રવૃત્તિના પાપને પાપ તરીકે સૌ કોઇ માને છે, પણ વૃત્તિના પાપોને પાપ તરીકે માની વૃત્તિને સુધારવાના આશયથી કરાતો તપ શુદ્ધધર્મ છે.**

૨) **સ્વભાવથી સહન કરે** - ઘણાનો સ્વભાવ જ એવો હોય છે કે તે સામેવાળાના ખરાબ વર્તનને પોતાના ઉદારસ્વભાવથી કે સામેવાળી વ્યક્તિ

ઉપરના રાગને લીધે સહન કરી લેછે. જેવી રીતે ૧) પૃથ્વી– બધાનું બધુંજ પૃથ્વી સ્વભાવથી સહન કરી લે છે. ૨) માતા-બાળકના દુર્વર્તનને પણ માતા સ્નેહરાગને કારણે સહન કરી લે છે, આમાં, ક્યાંય આત્મકલ્યાણની ઝંખના હોતી જ નથી. આમ, રાગ પુષ્ટ થવાને લીધે હસતું મોં રાખી સહન કરી લેનાર પણ વાસ્તવિકમાં તપસ્વી નથી, સહનશીલ તરીકે પોતાની ઇન્દ્રિયોનું પોતાની કુવૃત્તિઓનું દમન કરનારો નથી.

**૩) સમજણથી સહન કરવું** - અજ્ઞાન અને આસક્તિના ઉદયમાં પાપ થઇ જાય તેમાં કાંઇ નવાઇ નથી, પણ તે પાપોના ઉદયમાં સમજણપૂર્વક તેના વિપાકોને સહન કરવા અથવા આસક્તિના ત્યાગપૂર્વક સાધના દ્વારા તેને ખપાવી દેવા તે સૌથી વધુ પરાક્રમી કાર્ય અને આશ્ચર્યજનક કાર્ય છે... યાદ આવે અર્જુનમાળી... યક્ષના પ્રભાવથી ચિક્કાર હિંસા કરી હતી, તે હિંસાને કારણે ઘોર-કર્મો ઉપાર્જિત કર્યા-પ્રભુ વીરના અને સુદર્શનશેઠના પ્રભાવે સન્માર્ગે સ્થિર થયા-સાધનાના પંથે આવ્યા-લોકો દ્વારા ત્રાસ, પરેશાની, ઉપસર્ગો અને પથ્થરમારાનો વરસાદ વરસ્યો... પણ જ્ઞાનનો દીપક પ્રગટી ગયો હતો. સ્વસ્થતાપૂર્વક સહન કર્યું અને હજારો પંચેન્દ્રિય જીવોની હત્યા કરનારા તેજ ભવ માં માત્ર ૬ મહિનાના સમજણપૂર્વકના તપને આરાધી કેવલી બની ગયા. આ છે પ્રભાવ તપનો...

યાદ આવે ચંડકોશીયો... આવેશમાં આવી પ્રભુ વીરને પણ ડંખ મારી બેઠો, ત્યારબાદ પ્રભુની કૃપાથી ઉપશમભાવનો ઉજાસ થયો અને બીલમાં મોં છુપાવી દીધું, મારી આંખો કોઇની પર પડે તો તેના મોતમાં-દુઃખમાં હું નિમિત્ત બનું ને ? ૧૫ દિવસ લગાતાર અનશન + સંલીનતા + કાયક્લેશ નામનો તપ કર્યો, કીડીઓનો હુમલો થયો, કીડીઓએ શરીર ફોલી ખાધું, પણ કાયક્લેશ એટલી સમતાથી / સમજણથી સહન કર્યો કે ૮ મા દેવલોકમાં (૧૮ સાગરોપમ આયુષ્યવાળા) સ્થાન મળી ગયું. સાપના ભવમાં ડંખ મારી લોકોને મોતભેગા કરવા તે આશ્ચર્યકારી ઘટના નથી, પણ સાપના ભવમાં આ રીતે સહન કરવું તે જબરદસ્ત આશ્ચર્યકારી બાબત કહેવાય... **તિર્યંચના ભવમાં પોતાની દ્વેષની ગ્રંથિઓ તોડી નાખવી તે આશ્ચર્યકારી ઘટના છે...**

તિર્યંચને પણ સદ્‌ગતિ અને સન્મતિનું દાન કરી શકે, આ પ્રભાવ છે સમજણપૂર્વક કરાતા તપધર્મનો...

આમ, **(જેમ) ઇચ્છાનિરોધ એ જૈન તપની મૌલિકતા છે તેમ અનશન નામના તપના પેટાભેદમાં આવતા અદ્ધા પચ્ચક્‌ખાણો, ભરપેટ ભોજન છતાં આસક્તિનું નામનિશાન નહી-આવું આયંબિલ વગેરે પણ જૈનધર્મ સિવાય ક્યાંય જોવા નહીં મળે...** અન્ય ધર્મોમાં બહુ-બહુ તો અમુક દ્રવ્યોનો ત્યાગ-અમુક ટંકનો ત્યાગ અથવા સંપૂર્ણ ભોજનનો ત્યાગ જોવા મળશે... પણ શરીરને ટેકો આપીને પણ આસક્તિનો ખાતમો બોલાવતો આયંબિલનો તપ, નાની બાળવયમાં અને વૃદ્ધવયે પણ જેને સરળતાથી આચરી શકાય તેવા અદ્ધાપચ્ચક્‌ખાણો સર્વજ્ઞકથિત શાસનમાં જ જોવા મળે છે... અન્યધર્મીઓ અમુક નિયત ટંકે ભોજન કરે પણ ભોજનનો સમયગાળો ચોક્કસ નહીં... જ્યારે આપણે ત્યાં મર્યાદિત સમયમાં એકાસણા બિયાસણા પૂર્ણ કરવાના હોઇ જીભની આસક્તિને પુષ્ટ થવાના ચાન્સ ઘટી જાય છે... આ અંગે વિશેષ માહિતી ''તપના ભેદ'' માં આપેલ છે.

# તપની આવશ્યકતા અને બાહ્ય-અભ્યંતર તપ ઉભયની પરસ્પર સાપેક્ષતા.

બૌદ્ધો એમ માને છે કે મોક્ષ સુખરૂપ છે-તપ કષ્ટરૂપ છે તો દુઃખરૂપ તપ સુખરૂપ મોક્ષનું કારણ કેમ બને ?

તેઓ માને છે કે શરીરને-મનને આનંદિત રાખવાથી આત્માને પણ આનંદ મળે છે-કારણમાં આનંદ હોય તો કાર્યમાં આનંદ આવે... અને દેહ-મન મોક્ષ મેળવવાના સાધન / કારણ છે માટે તેઓ કહે છે.

**मणुन्नं भोयणं भुच्चा, मणुन्नं सयणासणं ।**
**मणुन्नंमि अगारम्मि मणुन्नं झायए मुणी ।।**

મનપસંદ ભોજન આરોગી-મનગમતી અનુકૂળ શય્યામાં-મકાનમાં રહેલો મુનિ મનોજ્ઞ (મોક્ષસુખને લાવનારા) ધ્યાનને કરે છે... સાવ છીછરી દ્રષ્ટિમાં રાચતા બૌદ્ધોને જોઇને જ પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજય મ.સા. જ્ઞાનસાર ગ્રંથમાં જણાવે છે કે,

**इत्थं च दुःखरूपत्वात्, तपो व्यर्थमिति इच्छताम् ।**
**बौद्धानाम् निहता बुद्धिर्बौद्धानन्दाऽपरिक्षयात् ।।**

મોક્ષ સુખસ્વરૂપી છે, પણ **તે સુખ દોષોના નાશથી પ્રગટ થાય છે, નહીં કે શરીર-ઇન્દ્રિયાદિને અનુકૂળ વર્તવાથી...** જીવે પણ સુખ મેળવવા મહે-નત સુખને પ્રગટાવવા અંગે નથી કરવાની, પણ મહેનત દોષોનો નાશ કરવા અંગે કરવાની છે, કાંટાથી કાંટો નીકળે, તેમ દોષ દુઃખસ્વરૂપી હોવાથી સાધનાનું કષ્ટ મળવાથી દોષ દુર થાય છે.

ઢંકાયેલા સૂર્યનો પ્રકાશ મેળવવા બીજો પ્રકાશ જરૂરી નથી પણ પવ-નનો ઝપાટો જ કાફી છે. તેમ આત્માના સુખના સૂર્યને પ્રગટ કરવા શારીરિ-કાદિ અન્ય સુખાદિ નહીં પણ સાધનાનો ઝપાટો જ જરૂરી છે... વળી ધનવાનને ધન કમાવવા માટે સહન કરવા પડતા કષ્ટો કષ્ટ તરીકે નહીં પણ સુખ તરીકે લાગે છે, ૯ મહિના બાળકને ગર્ભમાં ધારણ કરવાની તથા પ્રસૂતિના સમયની તીવ્ર વેદના પણ સ્ત્રી માટે આનંદનું જ કારણ બને છે, પગમાં પેસી ગયેલો કાંટો કાઢવા માટે સહન કરવો પડતો સોયનો ઘા દુઃખમુક્તિ તથા સ્વાસ્થ્યપ્રા-

પ્તિના સુખનું જ કારણ બને છે, તેમ તપમાં સહન કરવા પડતા કષ્ટો કર્મનિ-ર્જરા દ્વારા મુક્તિનું કારણ બનવાથી દેખીતી પીડા આપવા છતાં અભ્યંતર આનંદ અને સ્વસ્થતાના જ જનક છે માટે કષ્ટદાયક તપ પણ મુક્તિનું કારણ બની શકે છે...

શાંતિપ્રિય ચુનીલાલ વેકેશન ગાળવા હીલસ્ટેશને દર વર્ષે જાય, કારણ સતત વ્યસ્તજીવનની ધમાલથી કંટાળેલા ચુનીલાલને Public અને ઘોંઘાટ ઓછો ગમે... પ્રકૃતિ અને પોતે... જો આવી શાંતિ મળે તો ચુનીલાલ રાજી... પણ દિવસે-દિવસે ચુનીલાલની પરિસ્થિતિ કફોડી થવા માંડી, કારણ vacation માં હીલસ્ટેશન પર તો Public નો રાફડો ફાટવા માંડ્યો હતો. માટે ચુનીલાલે નવોજ રસ્તો શોધ્યો. આંદામાન-નિકોબારના ટાપુ પર vacation ગાળવા પોતે ત્યાં પહોંચી ગયો. સ્પેશ્યલ પ્લેનમાંથી ઊતર્યા બાદ વિજય મેળવ્યો હોય તેવી અદામાં ચુનીલાલ હોટલ પર પહોંચ્યો. બાજુમાં જ જંગલી આદિવાસી-ઓની ચિક્કાર વસતી, ચુનીલાલ હોટલ પર પહોંચ્યો, ત્યારે પીપુડાનું ધીમું ધીમું music ચાલતું હતું, ચુનીલાલને ગમ્યું નહીં, પણ ધીમું હતું થોડીવારમાં બંધ થઇ જશે તેમ માની મનને વાળી લીધુ. Room લીધી સામાન ઉતાર્યો-ફ્રેશ થયો-બ્રેકફાસ્ટ-આજુબાજુ પર્યટન-લંચ-આરામ, ડીનર... બધુ પત્યું, સુવાનો ટાઇમ થયો, પણ પીપુડાનો અવાજ બંધ ન થયો. મગજ ખૂબ તપ્યું, પોતાનું-vacation ઘોંઘાટમય બની ગયાની વેદના પારાવાર હતી, પણ લાચાર હતો, ચુનીલાલને પાછા જતા રહેવાની ઇચ્છા ય થઇ ગઇ, પણ પ્લેન ૧૦ દિવસ પૂર્વે આવતું જ ન'તુંઃ જમ-તેમ આંટા મારીને રાત પસાર કરી. સવારે લાલ-ચોળ થઇ રીસેપ્શનીસ્ટને કોલરેથી પકડી-ધમકાવી નાખ્યો અને પૂછ્યું-આટલા સતત અવાજ વચ્ચે જીવાય કેવી રીતે ? આ music ક્યારે બંધ થશે ? સામેથી જવાબ આવ્યો-સર !! અમે તો ભગવાનને પ્રાર્થના કરીએ છીએ કે આ અવાજ કાયમ ચાલે... (દાઝ્યા પર ડામ આપે તેવો જવાબ સાંભળી) ચુનીલાલ ગરમ થઇને બોલ્યો-કારણ ? –સર, આ જંગલના આદિવાસીઓનો નિયમ છે કે ૧૫ દિવસ સળંગ પીપુડીનો અવાજ વગાડે પછી ૧૫ દિવસ ઢોલ-નગારાનો... એટલે ? પીપુડીનો અવાજ બંધ થયો તો સમજજો કે ઢોલનગારાનો અવાજ ચાલુ થઇ ગયો... બોલો Mr. chunilal, તમે પીપુડીના અવાજને પસંદ કરશો કે

ઢોલનગારાનો અવાજ ? આમ કહી હસતા-હસતા રીસેપ્શનીસ્ટ ચાલ્યો ગયો... વાત પણ સાચી જ છે ને ? ઢોલનગારાના અવાજથી ત્રાસેલા આત્માને પીપુડાનો અવાજ તો મીઠો જ લાગે ને ? બસ તેમ નરક-તિર્યંચગતિના દુ:ખોથી ગભરાયેલા-ત્રાસેલા જીવને સાધનાનું કષ્ટ-તપ દ્વારા થતું શરીરનાં દમનનું કષ્ટ તો મીઠું જ લાગે ને ? અનંતકાળ સુધી સંસારમાં રહીને જે કષ્ટો ભોગવવાના છે, તે સામાન્યકષ્ટ દ્વારા ભોગવાય તો, આવો સોદો કોને ન ગમે ? લાખનું દેવું લેણદાર માત્ર ૧૦૦ Rs. લઇ માફ કરી દે, તો ૧૦૦ Rs. જાય તેની વેદના કે લાખ બચી ગયા તેનો આનંદ ? આવા તપના આચરણમાં શા માટે પ્રમાદ કરવો ? અથવા તો આવા તપની મહત્તા શા માટે ઓછી અંકાય ? કષ્ટમય તપને મોક્ષનું કારણ કેમ ન મનાય ?

**वरं मे अप्पा दंतो संजमेण तवेण य ।**
**माऽहं परेहिं दम्मंतो बंधणेहिं वहेहिं य ।।**
**अप्पा चेव दमेयव्वो अप्पा खलु दुदम्मो,**
**अप्पा दंतो सुही होई, अस्सिं लोए परत्थ य ।।**

૧) બીજા દ્વારા મારવાથી કે બંધન (જેલમાં પૂરવા વિ.) દ્વારા નિયં-ત્રિત કરાઉં, તેના કરતાં તો સંયમ અને તપ દ્વારા મારા આત્માનું નિયંત્રણ થાય તે શ્રેષ્ઠ છે, તે સારું છે.

૨) આત્મા ખરેખર બહુ જ કષ્ટથી નિયંત્રિત કરી શકાય છે, પરંતુ આત્માનું જ દમન કરવું જોઇએ, કેમ કે નિયંત્રિત થયેલો આત્મા જ આલોક અને પરલોકમાં સુખી થાય છે.

કર્મસત્તાનો-મોહસત્તાનો લોખંડી માર ખાવા કરતા સંયમ અને તપની લાકડીના માર જાતે ખાઇ લઇ શૂળીની સજા સોયથી પતાવવી વધુ ઉચિત છે, વધુ ફાયદાકારી છે-વધુ આવશ્યક પણ છે અને મોટા શાણપણનું સૂચક છે.

જો આ ભવમાં સંયમ અને તપ દ્વારા પોતાનું દમન ન કર્યું, તો અનંતા પરભવોમાં વધ-બંધન-તાડન વગેરે દ્વારા ઘોરાતિ ઘોર કષ્ટ સહન કરવાનું booking થઇ ગયું સમજો... શાસ્ત્રના પાને આવતું **શશિપ્રભ** રાજાનું ઉદાહરણ - ભાઇ રાજા **સુરપ્રભ** દ્વારા સમજાવાયેલો છતાં દેહની આસક્તિમાં મસ્ત થઇ ચિક્કાર પાપોનું સેવન કરી નરકમાં ઉત્પન્ન થાય છે. સાધના કરીને

દેવ બનેલો-સુરપ્રભ રાજા (મોટાભાઈ) તેને મળવા માટે ત્યાં નીચે નરકમાં આવે છે. ત્યારે નરકની વેદનાથી ત્રાસેલો શશિપ્રભ રાજાનો જીવ કહે છે કે હે ભાઈ ! પૂર્વના ભવમાં શરીરના લાલનપાલનથી આનંદ માનતો હું શરીરની આસક્તિને પુષ્ટ કરવા કરેલા ચિક્કાર પાપોને કારણે નરકમાં પડયો છું-તું મને અહીંથી છોડાવી ન શકે તો કાંઇ નહીં, પણ મારા પૂર્વભવના તે શરીરને તું કષ્ટ આપ, ચાબુકે માર અને તલવારથી કાપ, જેથી કર્મો ઘટે અને મને કંઇક શાંતિ મળે... ત્યારે તે સુરપ્રભ દેવના મોંમાંથી અદ્ભુત શબ્દો નીકળે છે...

**को तेण जीवरहिएण, संपयं जाइएण हुज्ज गुणो ।**
**जइऽसि पुरा जायंतो, तो नरए नेव निवडंतो ।।**

**ઉપદેશમાલા ૨૫૭**

પૂર્વભવના જીવરહિત બનેલા તે શરીરને હવે વર્તમાનમાં કષ્ટ આપવાથી શો ફાયદો ? જો પૂર્વમાં જીવતા જ શરીરને તપ-ત્યાગ-પરિષહોના કષ્ટ આપ્યા હોત, તો તું નરકમાં પડ્યો જ ન હોત... આમ, અજ્ઞાન અવસ્થામાં બાંધેલા કર્મોને નાની સજામાં ખપાવી આપવાનું અતિમહત્ત્વનું કામ કાયક્લેશાદિ તપો કરે છે... માટે **શાંતસુધારસમાં** જણાવ્યું છે કે -

**याति घनाऽपि घनाघनपटली खरपवनेन विरामम् ।**
**भजति तथा तपसा दुरिताली क्षणभंगुरपरिणामम् ।।**

ગાઢ પણ વાદળોનો સમૂહ પ્રચંડ પવનથી વિખેરાઇ જાય છે, તેમ તપથી પાપકર્મોની પરંપરા પણ ક્ષણભંગુર પરિણામને પ્રાપ્ત કરે છે.

૧) જીવને અનાદિકાળથી સંસારમાં રખડાવતા ઘણા પરિબળોમાં મુખ્ય પરિબળ જીભની લાલસા અને શરીરની આસક્તિ છે. શાસ્ત્રમાં પણ બતાવ્યું છે, ઇન્દ્રિયોમાં જોખમી રસનેન્દ્રિય, કર્મોમાં જોખમી મોહનીય (આસક્તિ) **''अक्खाण रसणी-कम्माण मोहणी''** જો રસનાની લાલસા અને મોહની વાસના પર control ન આવે તો જીવનો મોક્ષ ક્યારેય થાય જ નહીં,

૨) સંસારના સર્જનનું એકમાત્ર કારણ **एगविहे असंजमे**, અસંયમનો મતલબ ખરાબ પ્રવૃત્તિ નહીં, પણ જીવનમાં વ્યાપેલી ખરાબ વૃત્તિઓ... આને જ લીધે જીવ સંસારમાં રખડે છે.

૩) સંસારના સર્જનમાં-પોષણમાં મહત્ત્વનો ભાગ ભજવતા **૩ પ્રકારના ગારવ - ઋદ્ધિ-રસ-શાતાગારવની** વાત શાસ્ત્રમાં આવે છે, જેનાથી જીવ

ભારે (ગારવ = ગુરુતા = ભારેપણું) બની સંસારમાં ડૂબી જાય છે, તે ગારવ. આમાંના શાતા-રસગારવ = ૬૬% ભાગ જે શરીરની આસક્તિ સાથે સંકળાયેલા છે, તે જો એક સાથે ઉદયમાં આવે તો જીવની કેવી દુર્દશા થાય ?

૪) ૪ સંજ્ઞામાંથી અપેક્ષાએ સૌથી વધુ જોખમી **આહારસંજ્ઞા છે.** બાકીની સંજ્ઞાઓ તેને પુષ્ટ કરે છે... મોટાભાગના જીવોને સંસારમાં રખડાવતી સંજ્ઞા આહારસંજ્ઞા છે.

ઉપરોક્ત બધા પર **તપધર્મ જ control કરી શકે છે.** ઉપરોક્ત કર્મબંધના કારણો દ્વારા આત્માને થતું નુકસાન ધોઇ નાખવાનું કામ તપ કરે છે... મુક્તિ માટે આવશ્યક પાંચ સમિતિમાંથી એષણાસમિતિનું પાલન પણ તપનો અનુરાગ જ કરાવી શકે છે, આમ, અનાદિકાળથી ચાલતા સંસારના વિષચક્રનો નાશ કરવા તપ અમૃતસમાન છે, ભવરૂપી દાવાનલ માટે તપ પુષ્કરાવર્તના મેઘ સમાન છે.

તપ આવશ્યક છે, તપ મુક્તિનું અવંધ્યબીજ છે, આત્મરૂપી ભૂમિમાં વવાયેલા ગુણરૂપી બીજ માટે પાણી સમાન છે. આ બધી વાત બરાબર... પણ આ બધું કાર્ય માત્ર અભ્યંતર તપ દ્વારા જ સિદ્ધ થાય છે, તો પછી બાહ્યતપ-કાયક્લેશાદિને પણ તપ તરીકે કેવી રીતે ગણ્યા ? અથવા તો બાહ્યતપ શરીરને કષ્ટ આપ્યા સિવાય બીજી શું સમર્થતા ધરાવે છે, જેનાથી મુક્તિસુખની પ્રાપ્તિ થાય ?...

વળી શાસ્ત્રના પાને ટંકાયેલા **મરુદેવા** માતા, **ભરત** ચક્રવર્તી, **વલ્કલચીરી** વગેરેને કોઇ બાહ્યતપ વગર જ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઇ ગઇ, **કારણ માત્ર-માત્રને માત્ર અભ્યંતરતપ-ઉત્કૃષ્ટવૈરાગ્ય-આસક્તિનો જડમૂળથી ત્યાગ...** સામી બાજુ **ગજસુકુમાલજી-ખંધકમુનિ-મેતારજમુનિ** વગેરે ઘણા આત્માઓ બાહ્યતપથી મુક્તિમાં પહોંચ્યા તેવું દેખાય છે, **મારણાંતિક કષ્ટોને, તીવ્ર અશાતાના ઉદયને, unbelivable (કલ્પના કરી ન શકીએ તેવા) કાયકષ્ટને સહન કરી** મુક્તિસુખ પ્રાપ્ત કર્યું. તો સાચું શું સમજવું ? **મુક્તિનું-અવંધ્યબીજ બાહ્યતપ કે અભ્યંતરતપ ? કષ્ટનો ભોગવટો કે આસક્તિનો ત્યાગ ? શરીરનું દમન કે મનનું દમન ?**

આ પ્રશ્નોનો જવાબ આપતા **પૂ. ઉપાધ્યાય યશોવિજય મ.સા. જ્ઞાન-સાર** અષ્ટકમાં ફરમાવે છે કે-

**ज्ञानमेव बुधाः प्राहुः कर्मणां तापनात् तपः ।**
**तदाभ्यन्तरमेवेष्टं बाह्यं तदुपबृंहकम् ॥**

કર્મને તપાવતું હોવાથી જ્ઞાનને જ વિદ્વાનોએ તપ કહયો છે.
અભ્યંતર તપ જ કર્મનિર્જરામાં મુખ્ય છે. બાહ્યતપ તેનો પોષક બને છે.
કાયા પરનું મમત્ત્વ તોડવું - અભ્યંતર તપ,
કાયાનું દમન કરવું - બાહ્યતપ,

**મમત્વના ત્યાગપૂર્વકનું દમન જ મુક્તિનું અવંધ્યબીજ છે,** નહીં કે એકલું દમન... આસક્તિ-મમત્વ-મારાપણાના ત્યાગ સ્વરૂપી અભ્યંતરતપ કારણ છે, કાયા પ્રત્યેની ઉદાસીનતા-કાયાને અપાતું કષ્ટ સ્વરૂપી બાહ્યતપ તેનાથી ઉત્પન્ન થતું કાર્ય છે. અભ્યંતરતપ મૂળ છે-બાહ્યતપ તેનાથી પ્રગટતું ફળ છે. બાહ્યતપને ગમાડ્યા વગર મોક્ષમાં જવું અશક્યપ્રાયઃ છે કારણ, અનાદિકાળથી સંસારમાં રખડતા જીવમાં ઘણી ઘણી મિથ્યાગ્રંથિઓ ઘુસેલી છે, તેના કારણે અનંતજ્ઞાન-અનંતસુખ-અનંતશક્તિ જેનામાં-ધરબાયેલી છે તેવો આત્મા સાવ તુચ્છ ગણાતા પુદ્ગલોના વર્ણ-ગંધ-રસ-સ્પર્શમાં આસક્ત બને છે અને અનંતકાળ સુધી સંસારમાં રખડે છે... મોહથી ભાન ભુલેલા જીવને સંસારમાં ચારે બાજુ માર પડતા યથાપ્રવૃત્તકરણથી પણ કદાચ શુભભાવો જાગે તો સંપત્તિ, સામગ્રી, સંબંધોને પોતાનાથી ભિન્ન માને છે, પણ દેહને-શરીરને તો પોતાનાથી સંપૂર્ણપણે અભિન્ન માને છે, એટલેકે પોતાના સ્વરૂપે જ માને છે, હું એટલે શરીર, શરીર એટલે હું. આમ અનાદિકાળથી જીવ છે-સંસાર છે, કર્મ અને જીવનો સંયોગ છે, ત્યારથી માંડી જીવ ઉપરોક્ત દેહાધ્યાસમાં ફસાયેલો છે, જીવના તમામ પાપોના મૂળમાં પોતાનો દેહાધ્યાસ છે. દેહને મળતા સુખથી જીવ પોતાની જાતને સુખી અને દેહને મળતા દુઃખથી પોતાની જાતને દુઃખી માને છે, દેહને અનુકૂળતા આપતી ચીજને દેખી ગાંડો-ઘેલો બની જાય છે અને પ્રતિકૂળ સામગ્રીને દેખી ભયથી બેબાકળો-બિચારો-બાપડો બની જાય છે, આ રીતના મોહથી ગાંડો બનેલો જીવ હિંસા-જૂઠ-ચોરી-મૈથુનાદિ ૧૮ પાપો રાચીમાચીને કરે છે, અન્યજીવોને પોતાના દુશ્મન માને છે, પોતાના

દેહાધ્યાસની પુષ્ટિ માટે અન્યને કષ્ટ આપે છે, ત્રાસ આપે છે, માનસિક ત્રાસ પણ આપે છે તો ક્યારેક તેનો જાન પણ લઇ લે છે... ભારેકર્મીના જીવનમાં તો દેહાધ્યાસની પુષ્ટિના નિમિત્તે ધર્મનું નામ-નિશાન નથી. પણ સામાન્ય જીવોના જીવનને તપાસીશું તો પણ ખબર પડશે કે ધર્મ નથી થતો તેનું મુખ્ય કારણ દેહાધ્યાસ (શરીરની સુખકારિતા) અને ક્યારેક થોડો ધર્મ થાય છે તે પણ ઘણું કરીને દેહાધ્યાસને કેન્દ્રમાં રાખીને...

૧) રોજ એકાસણુ-આયંબિલ વગેરે પચ્ચક્ખાણ તો જીવ નહીં કરે પણ પોરિસિ પચ્ચક્ખાણ પણ નથી કરતો કારણ શરીરને ફાવતું નથી પણ રોજ નવકારશી કરે છે, કારણકે શરીરને વિશેષ કષ્ટ આપ્યા વગર જ ૧૦૦ વર્ષના નારકીનાં દુઃખો ખપી જાય છે...

૨) રોજ ચઉવિહાર નહીં કરે કારણકે રાતના ભૂખ-તરસ લાગે છે, તેથી શરીરને ગમતું નથી પણ માંદગીમાં રાતના નહીં ખાય. કારણ ૧) Doctor ના પાડે છે અને ૨) રાતના ખોરાક પચતો નથી, નહિ કે રાત્રિભોજનને પાપ માને છે...

૩) ઘરમાં, દુકાનમાં, કે Hill-Station પર A.C. વગર ગમતું નથી કારણકે ગરમીથી શરીરમાં બેચેની વધે છે, તો સંવત્સરી-પ્રતિક્રમણ સારી રીતે થયાનો આનંદ પણ તેથી જ માને છે કે મસ્ત પવનનો સ્પર્શ કરાવતી બારી પાસે સ્થાન મળેલું...

૪) ઢગલાબંધ તીર્થો ઝઘડામાં છે, તો ઢગલાબંધ પ્રાચીન પ્રભાવક પ્રતિમાઓ જિનાલયમાં એકલી અટૂલી અપૂજ પડેલી છે. પણ ત્યાંની જુનવાણી ધર્મશાળા અને ભોજનશાળા ફાવતી ન હોવાથી પ્રાચીન તીર્થો પણ આકર્ષણનું કારણ નથી બનતા, તો સામે હાઇવે ટચ-લકઝુરિયસ સર્વીસ આપતી ધર્મશાળાઓ અને હોટલ જેવું ખાણુ પીરસતી ભોજનશાળાઓ જ્યાં છે, ત્યાં ઘણા લોકો જાય છે. તીર્થો નાના પડે છે... આમ, મહત્તા પ્રભુભક્તિની નહીં પણ પોતાની અનુકૂળતાની ક્યારેક થઇ જાય છે.

૫) ઘેર સાધુ પધારે ત્યારે ઉલટભેર ભક્તિથી વહોરાવવાના ભાવ છે, પણ ખુલ્લા પગે વિનંતિ કરવા જવું, લાવવા, મૂકી જવા વિગેરે વિવેક નથી તેનું એક કારણ કે તેમાં કાયકષ્ટ છે. જયણાપૂર્વક-શુદ્ધતાને જાળવી શુભભાવોપૂર્વક પોતાના હાથે રસોઇ બનાવીને સાધુ-સાધર્મિકની ભક્તિ કરવા

શારીરિક કષ્ટ ઉઠાવવાની તૈયારી ઘટવા માંડી, સુપાત્રદાનના ભાવો વધ્યા, ધર્મના ભાવો વધ્યા, પણ કાયાને સાચવીને કરવાનું હોય તો જ આવું પણ ક્યારેક બને છે...

૬) પરમાત્માના શાસનના સૂત્રો ગોખવામાં-પુનરાવર્તન કરવામાં કંટાળો આવે છે. [રાતના પાઠશાળા હોય તો મન કહે છે દીવસભરના કામથી શરીર થાક્યું છે માટે ગાથા કરવામાં મજા નહીં આવે, સવારના પાઠશાળા હોય તો મન કહે છે-સવારે વ્હેલા ઉઠાતું જ નથી માટે નહીં ફાવે અને] સામે પક્ષે કોઇને પ્રતિબોધ કરવો, ધર્મની પ્રેરણા કરવી, ઉપદેશ આપવો કોઇ ધાર્મિક *Programme* નું સંચાલન કરવું વગેરેમાંતો જીભની સફળતા માને છે, સવારે કે રાતે ગમે ત્યારે આવો મોકો મળે તો છોડતા નથી. કારણકે પોતાની વિશિ-ષ્ટતા દેખાડવાની તક મળે છે, પોતાની પ્રતિભાથી લોકોને આવર્જિ શકાય છે.

૭) ધર્મ અંગે જાણવાની જિજ્ઞાસા વધી છે, How-Why ના પ્રશ્નો ઉઠે છે, પણ સામે પક્ષે ક્રિયાનો કંટાળો આવવાથી, ગુરુ પાસે જઇ વિધિપૂર્વક વંદનાદિ કરી જ્ઞાન ભણવું બોરીંગ (કંટાળાજનક) લાગે છે. પણ સુતા સુતા યા મોંમાં ખાવાનું રાખી મસ્તીથી net પર કે Jain વેબસાઇટ પરથી જ્ઞાન મળી જતા પોતાની જાતને ધન્ય માને છે.

આમ, ધર્મપ્રવૃત્તિઓ વધી, પણ **સાવધ ન રહેનાર જીવને તો તે દેહા-ધ્યાસની પુષ્ટિનું અથવા સંસારિક ભાવોની પુષ્ટિનું સાધન બને છે**, માટે જ શરીરને વિવેકપૂર્વક કષ્ટ આપ્યા વગર દેહાધ્યાસ તુટશે નહીં, દેહ સાથે-અભે-દપણાનો ભાવ / મારાપણાનો ભાવ તુટશે નહીં અને તેના વગર કર્મો ખપશે નહીં, માટે **અભ્યંતર તપના લક્ષપૂર્વકનો બાહ્યતપ પણ એટલોજ આવશ્યક છે.** તાવના દર્દીને તાવની હાજરીમાં વપરાવાતો પુષ્ટિકારક શીરો વ્યાધિની વૃદ્ધિ કરનારો બને છે, પણ તાવના દર્દીને તાવની હાજરીમાં લાંઘણ કે કડવા ઉકાળા જ વ્યાધિ- નાશનું કારણ બને છે...

તેવીજ રીતે દેહાધ્યાસથી પીડાતી વ્યક્તિ કષ્ટદાયક બાહ્યતપ છોડી ધ્યાનાદિ અભ્યંતર તપ તરફ આકર્ષાય છે જેથી શરીરને કશી પીડા વિના ઊંચી ભૂમિકાનો-ધર્મ સાધ્યાનો મિથ્યાસંતોષ લઇ શકાય ! વળી તેઓ વચનથી પણ વીતરાગતા-અનાસક્તતા વગેરેની વાતાનો સાથિયા પૂરે છે... પણ આ બધાથી

એટલા માટે કલ્યાણ નથી થતું કારણકે આ બધા છેવટે તો એના દેહાધ્યાસના પોષક જ બને છે. જ્યારે શરીરને પ્રતિકૂળ એવા-બાહ્યતપરૂપી લાંઘણો-સાધનાઓ દેહાધ્યાસરૂપી તાવના નાશનું કારણ બની આત્મદર્દીની નિરોગીતાને ઉત્પન્ન કરવાનું અતિમહત્ત્વનું-પાયાનું કાર્ય કરે છે... **શાસ્ત્રમાં તો સામગ્રીના ત્યાગ વગર તેમાં ઉત્પન્ન થતી આકર્ષણની વૃત્તિનો ત્યાગ લગભગ અસંભવિત બતાવ્યો છે, અને પ્રતિકૂળતાને સહન કર્યા વગર પ્રતિકૂળતામાં દુઃખ તરીકેની માન્યતાનો નાશ કોઇપણ કાળે થવો અસંભવ છે...**ભરત ચક્રવર્તી-વલ્કલચીરીએ ભલેને તે ભવમાં બાહ્ય કષ્ટ ન'તા સહ્યા, પણ પૂર્વભવમાં બાહ્ય કષ્ટો સહીને અભ્યંતર તપ કરવાની પાત્રતા પેદા કરેલી, જો અભ્યંતર તપ સર્વોત્કૃષ્ટ છે, તો તે આચરવા જરૂરી પાત્રતા પણ ઉત્તમ અને અઘરી જ રહેવાની. માટે **બાહ્યતપ તે પાત્રતાને પુષ્ટ કરવા માટે કરવાનો છે.**

સાધનાના વાસ્તવિક પગથિયા ક્રમશઃ આ રીતે છે.

૧) આસક્તિને તોડવાના લક્ષપૂર્વક મનથી યા કમનથી પણ અનુકૂળ સામગ્રીનો / સંબંધનો ત્યાગ.

૨) સહનશીલતાને વિકસાવવાના લક્ષપૂર્વક મનથી યા કમનથી પણ પ્રતિકૂળ સામગ્રીનો / સંબંધનો સ્વીકાર.

આના ફળસ્વરૂપે જીવનું સત્ત્વ ઉંચકાશે-અને તેથી

૩) પ્રતિકૂળતાની હાજરી કે ગેરહાજરી હોય, અનુકૂળતાનો સ્વીકાર હોય કે ત્યાગ હોય, પણ તમામ અવસ્થામાં દેહાધ્યાસની ગેરહાજરી, વૈરાગ્ય-સહિષ્ણુતાસભર અંતઃકરણ થશે, જેના પ્રભાવે સતત કર્મનિર્જરા થશે.

ઉદા. ભરતચક્રવર્તી-ખંધકમુનિ-પૃથ્વીચંદ્ર-ગુણસાગર, ગજસુકુમાલાદિ.

આમ સૌ પ્રથમ દેહાધ્યાસ તોડવાના લક્ષ્યપૂર્વક બાહ્યતપનું સેવન, તેનાથી અભ્યંતરતપ કરવાની પાત્રતાનું પ્રગટીકરણ, ત્યારબાદ અભ્યંતરતપપૂર્વકના બાહ્યતપનું સેવન જે વધુ ઉપરના અભ્યંતરતપનું કારણ બનશે.

**આમ, બાહ્યતપ અભ્યંતરતપનું કારણ પણ છે-કાર્ય પણ છે. તેથી અભ્યંતર તપને ઉત્પન્ન કરવાનું અને પુષ્ટ કરવાનું કારણ બાહ્યતપ છે.**

બાહ્યતપ આત્મઘરમાંથી દોષોને દૂર કરતી સાવરણી છે તો અભ્યંતરતપ આત્મઘરમાં ગુણરૂપી રંગોળી પૂરી તેને સજાવનાર છે, આમ એક દોષ-

નાશક છે, તો એક ગુણપોષક છે. એક નીરોગી બનાવે છે, તો એક Resistance Power આપનાર છે, માટે જ જિનશાસનમાં ઉભયતપનું પ્રાધાન્ય બતાવાયું છે, અને આથી જ લોકોમાં બાહ્યતપની પણ મહત્તા જળવાય તે માટે દીક્ષા બાદ ખુદ તીર્થંકરો છટ્ઠ-અટ્ઠમ-૧૫-૩૦-૪૫ ઉપ.-૬ મહિના, ૧૩ મહિનાના ઉપવાસ વગેરે બાહ્યતપ પોતાના જીવનમાં આચરે છે. આમ જન્મથી અવધિજ્ઞાન-દીક્ષા લેતા મનઃપર્યવજ્ઞાન જેમને મળ્યું છે, તેવા તમામ તીર્થંકરો દીક્ષા બાદ વિશિષ્ટ-વૈરાગ્યવાન, વિશિષ્ટ શુદ્ધિવાન અને નિશ્ચિત મુક્તિએ જનારા હોવા છતાં પણ ૬ એ પ્રકારના બાહ્યતપને આચરે છે. **ધ્યાન-કાઉસગ્ગ વગેરે અભ્યંતરતપની ટોચ પોતાની પાસે હોવા છતાં તેઓના જીવનમાં દેખાતું બાહ્યતપનું આચરણ બાહ્યતપમાં મુક્તિગમનના પ્રધાન સાધન તરીકેની મહોરછાપ લગાવે છે.** ૧) **અનશનઃ-** ઉપવાસ-છટ્ઠ-અટ્ઠમાદિ અનશનના તપો તો તીર્થંકરના જીવનમાં છે, પણ બાકીનો પણ બાહ્યતપ વૈભવ તે પૂજ્યોના જીવનમાં વણાયેલો દેખાય છે.

૨) **ઉણોદરી** - ગૃહસ્થ વહોરાવે તેટલું જ વાપરવું, દરેક ગૃહસ્થને ખ્યાલ તો ન જ આવે કે હજી વધુ લાભ મળી શકશે કે નહીં ? માટે ઉણોદરી હોવા છતાં ક્યારેય ફરીથી ગોચરી વ્હોરી નથી.

૩-૪) **વૃત્તિસંક્ષેપ અને રસત્યાગ** - પ્રભુ વીરના જીવનની પ્રસિદ્ધ ઘટના, રાજકુંવરી હોય-માથે મુંડન હોય-હાથમાં બેડી હોય-આંખમાં આંસુ હોય, સુપડામાં બાકુળા હોય, અટ્ઠમનો તપ કર્યો હોય તોજ મારે ભિક્ષા લેવી, આવો અભિગ્રહ ૧,૨,૩ દિવસે નહીં પણ ૫ મહિના ૨૫ દિવસે પૂર્ણ થયો... આ ઉપરાંત જ્યાં ભિક્ષા વ્હોરવા જાય ત્યાંથી ક્યારેક ખીર તો ક્યારેક રોટલો... **જે મળ્યું-જેવું મળ્યું-જેટલું મળ્યું કે ન મળ્યું બધો જ સહર્ષ સ્વીકાર...** ગોચરી વાપરે છે, છતાં **કોઇ દ્રવ્યની અપેક્ષા નથી, કોઇ પ્રમાણની અપેક્ષા ય નથી,** મતલબ કોન્ટીટી-ક્વોલીટીની અપેક્ષારહિતની ભિક્ષા.

૫) **કાયક્લેશ** - ધર્મધ્યાન-શુક્લધ્યાનમાં રાચતા તીર્થંકરો પણ પોતાના સાધનાકાળમાં દેવતા દ્વારા-મનુષ્ય દ્વારા-તિર્યંચો દ્વારા જે જે ઉપસર્ગો આવ્યા, તે બધાને સમ્યગ્ રીતે સહન કરે છે. પ્રભુ વીર ઉપર થયેલા સંગમના અને ગોવાળીયાના અતિભયંકર ઉપસર્ગોના વર્ણન સાંભળીને જો આપણું પણ કાળજુ

ધ્રુજી જાય છે, તો સહન કરનાર તે પરમાત્માની પોતાના દેહ પ્રત્યેની ઉદાસીનતા, અનાસક્તિ કેટલી ઉત્કૃષ્ટ હશે તે સમજી શકાય છે. **આત્મકલ્યાણના ક્ષેત્રમાં દેહદમનનું કોઇ મૂલ્ય નથી કે આવશ્યકતા નથી એમ કહેનારા માટે પરમાત્માનો સાધનાકાળ લપડાક સમાન બને છે,** આ ઉપરાંત ઉપસર્ગો રહિત કાળમાં પણ ભૂખ-તરસ-ઠંડી-ગરમી-ચર્યા વગેરે ૨૨ પરીષહો પણ તીર્થંકરો અવિરત સહન કરે છે.

**खुहा पिवासा सी उण्हं दंसा चेलारइत्थिओ ।**
**चरिआ निसीहिया सिज्जा, अक्कोस वह जायणा ।।**
**अलाभ रोग तणफासा, मल सक्कार परिसहा ।**
**पन्ना अन्नाण सम्मत्तं, इअ बावीस परिसहा ।।**

**૬) સંલીનતા** - પરમાત્માએ ઉપસર્ગો-પરિષહોથી પીડાયેલી કાયાને ક્ષણવાર માટે પણ આરામ નથી આપ્યો. થોડા કલાક એકધાર્યું કામ કર્યા પછીય આપણને Fresh થવા બીજા પ્રવૃત્તિ જોઇએ છે, પણ પ્રભુએ દીક્ષા લીધી ત્યારથી ઇન્દ્રિયોને વશમાં માં રાખી છે, શરીરને પ્રમાદથી મુક્ત રાખ્યું છે, અને કહેવાય છે કે **''સાડા બાર વર્ષ જિન ઉત્તમ વીરજી ભૂમિ ન ઠાયા''** કેવી અદ્‌ભુત સાધના ! પ્રભુ વીર ૧૨ વર્ષમાં ક્યારેય પલાઠી વાળીને બેઠા'ય નથી; ક્યાં તો કાયોત્સર્ગમાં ઉભા હોય અથવા અલગ-અલગ આસનોમાં હોય, ક્યાંય શરીરને-ઇન્દ્રિયોને પોષવાની વાત જ નહીં. (આમ, ક્યાંય ઇન્દ્રિયો અને શરીરને બિનજરૂરી કાર્યમાં જવા દીધી નથી) અને તેથીજ માનવું પડે કે સ્વાધ્યાય-ધ્યાનાદિ-અભ્યંતર તપ જ માત્ર મુક્તિનું કારણ છે તેવું નથી. પણ બાહ્યતપ પણ તેટલો જ મુક્તિ મેળવવા સહાયક છે.

બાહ્યતપથી પુષ્ટ થતો અભ્યંતરતપ જ મુક્તિનું અવંધ્યબીજ બને છે, આમ છતાં પણ **લોકોત્તર શાસનમાં વ્યક્તિભેદે-સંયોગોના ભેદે-પાત્રતાના ભેદે ક્યાંક માત્ર બાહ્ય, ક્યાંક માત્ર અભ્યંતર તો ક્યાંક ઉભયતપ કરવાનું સૂચન કર્યું છે,** તેથી ક્યારે ક્યો તપ કરવો ? કેવી રીતે કરવો-તેની પદ્ધતિ-શરતો જાણવી અતિજરૂરી બને છે.

## તપ કરવાની પાત્રતા / CONDITION OR METHOD

ભગાભાઇ મા-બાપના ખૂબ લાડકા, દિવસે-દિવસે શરીરથી-ઉંમરથી મોટા થતા ગયા પણ બુદ્ધિથી ભગાભાઇ નાના જ રહ્યા. મા-બાપને ખૂબ Tension કે આ ભગાનું આપણી ગેરહાજરીમાં ભવિષ્ય શું ? મા-બાપને લાગ્યું કે જો ભગાને રાજસેવાની તક મળી જાય તો જિંદગી બની જાય. તેથી ભગાજીને રાજસેવાની નોકરી માટે તૈયાર કર્યા. નોકરીમાં ક્યાંય ભાંગરો ન વટાઇ જાય તે માટે ભગાને માએ શીખામણ આપી. કોઇની સાથે બહુ વાત-ચીત કરવી નહીં, બધાનો જોત્કાર કરવો (કેમ છો ?- મજામાં છો ને ? આટલું પૂછવું)... ભગાભાઇ તો તાનમાં આવી ઘરેથી રાજસેવા માટે જવા નીકળ્યા-રસ્તામાં બધાને જોત્કાર કરતા કરતા આગળ વધતા જંગલ આવ્યું. જાળ બીછાવીને બેઠેલો શિકારી નજરમાં આવ્યો. માંડ-માંડ ૩-૪ પક્ષી જાળમાં આવવા જાય છે, ત્યાં તો ભગાલાલે મોટેથી બૂમ પાડી-કેમ છો ! મજામાં છો ને ? બૂમ સાંભળતા પક્ષીઓ ઊડી ગયા અને મજાની વાત જવા દો, પણ લાલચોળ થયેલા શિકારીએ ભગાને બરાબરની ચોપડાવી દીધી. ભગો તો રડવા માંડ્યો-"હું શું કરું ? મને માં એ કીધું હતું કે બધાનો જોત્કાર કરવો... ! મેં તો માનું કીધું જ કર્યું છે, તો મને કેમ લડો છો ?" શિકારી સમજી ગયો કે આ અડધો ગેપ છે માટે શિકારીએ કહ્યું-'આવું હોય, તો આપણે એકદમ લપાતા છુપાતા પગે જવું. બીલકુલ અવાજ નહીં કરવો-સામેવાળાને પોતાનું કામ કરવા દેવું.' ભગાએ તો માની લીધું-આગળ જતાજ એક ગામ આવ્યું-પાદરે રહેલું નાનુ સરોવર-ધોબીઓ કપડા ધોવા બેઠેલા હતા, ભગાએ બધાને જોયા, તરત જ શિકારીનું વચન યાદ આવ્યું-મનોમન નક્કી કર્યું કે મારે કોઇને હેરાન નથી કરવા, માટે સરોવરની જગ્યાએથી એકદમ લપાતા-છુપાતા ચાલવાનું શરુ કર્યું... જોગાનુજોગ ઘટના એવી બની કે ૪-૫ દિવસથી રોજ ધોબીઓના કપડા ચોરાતા હતા અને એવામાં ભગાભાઇ ચોરપગલે નીકળ્યા. લોકોને લાગ્યું-આ જ ચોર હશે, માટે પુછ્યા વગર લોકોએ ખૂબ માર્યો-પાછા ભગા-ભાઇ રડવા બેઠા-'મારો શું વાંક ? બધા કહે છે તેમ કરું છું તોય કેમ માર ખાઉં છું ?' માંડીને વાત કરી. બધાને દયા આવી અને સમજાવ્યો-જો કોઇ મળે

તો એમ કહેવું, આવું રોજ થજો-તમારું કામ સફળ થજો...વગેરે... ભગાભાઇ તહત્તિ કહી આગળ વધ્યા, અને સામે જ ઠાઠડી આવી-ભગાભાઇએ બૂમ પાડી-આવું રોજ થજો-તમારું કામ સફળ થજો !! એકબાજુ મરી ગયેલા જુવાન છોકરાની ઠાઠડી અને બીજીબાજુ કાનમાં સીસુ રેડતા આ શબ્દો !! પરિવાનજનોએ ભેગા થઇ ભગાને ખૂબ માર્યો. પાછું રુદન-આપવીતી-પાછી નવી સલાહ-જો આવી ઘટના બને, તો બોલવું, આવું ક્યારેય ન થજો... ભગાભાઇ આગળ ચાલ્યા. સામે જાન લઇ મુરતીયો આવતો હતો અને ભગા-ભાઇ પ્રકાશ્યા-આવું ક્યારેય ન થજો !! જાનૈયાનું રીએક્શન શું હશે તે કહેવાની જરૂર નથી. કથા આમ હાસ્યાસ્પદ છે, પણ આપણા માટે બોધદાયક છે... **સ્થળ, સમય, સંયોગ, વ્યક્તિને નહીં ઓળખી શકવાને કારણે આજ્ઞાંકિત પણ ભગાલાલ બધે માર ખાતા હતા,** તેવી જ રીતે આપણને પણ ઘણીવાર પ્રશ્ન ઉઠે છે, ભગવાને કહ્યું તેવું જ કરીયે છીએ, ઘણો ધર્મ કરીએ છીએ છતાં પણ આપણે કેમ દુ:ખી ? તો પણ સફળતા કેમ નથી મળતી ? વગેરે... પણ હકીકત એ છે કે આજ્ઞાની માત્ર નંબરપ્લેટ છે,-Driver તરીકે અજ્ઞાન-આસક્તિ છે માટે જ ભગાની જેમ આપણો ઉદ્ધાર થતો નથી.

આમ પાત્રતા ભેદે-વ્યક્તિના ભેદે માર્ગનો ભેદ / આજ્ઞા નો ભેદ રહેવાનો જ... સંયોગ બદલાતા પૂર્વે જે કર્તવ્ય રૂપે હતું તે અકર્તવ્ય બની જાય, જે અકર્તવ્ય હતું, તે કર્તવ્ય પણ બની શકે છે. Problem અલગ અલગ હોય તો Solution અલગ અલગ જ હોય. રોગ અલગ અલગ હોય તો દવા પણ અલગ અલગ જ હોય. તેમ આત્માના દોષો અલગ અલગ હોય, તો તેને control માં રાખતી પરમાત્માની આજ્ઞા પણ અલગ અલગ જ હોય.

જેવી રીતે crocin બધા જ તાવમાં કામચલાઉ કામ લાગી જાય, પણ તાવને જડમૂળથી જો દૂર કરવો હોય, તો તે તાવનો પ્રકાર જાણી તે મુજબની દવા લેવાથી જ તાવ દૂર થાય. તાવને દૂર કરવાની process સામાન્યતઃ આ રીતે છે.

૧) Dr. પાસે જઇ ચેકઅપ કરાવવું.

૨) Dr. દ્વારા (સૂચિત) Reports કરાવવા.

૩) Dr. ને રીપોર્ટ દેખાડી રોગનું નિદાન અને ઉપચારનું માર્ગદર્શન મેળવવું.

૪) માર્ગદર્શન મુજબની દવા-દ્વારા રોગનો નાશ કરવો.
તેવીજ રીતે ભાવરોગના ઉપચાર માટે સામાન્યતઃ પરમાત્માભક્તિ, વડીલોની વૈયાવચ્ચાદિ કામ લાગે, પણ ભાવરોગોને જડમૂળથી દુર કરવા હોય, તો સામાન્યથી પદ્ધતિ આવી છે.
૧) ગુરુ પાસે જઇ જીવનની કિતાબ ખુલ્લી મુકવી.
૨) ગુરું દ્વારા સૂચિત કરાયેલો આત્મનિરીક્ષણ નામનો ટેસ્ટ કરવો.
૩) ગુરુને તે Reports જણાવી વાસ્તવિક ભાવરોગનું નિદાન તથા ઉપચાર જાણવો.
૪) ગુરુના માર્ગદર્શન મુજબની આરાધના વ્યવસ્થિત કરવા પૂર્વક ભાવરોગનો નાશ કરવો.

મૂળ વાત કરીએ તો એક જ હોસ્પીટલમાં રહેલા પેશન્ટોની દવા અલગ અલગ સંભવિત છે, કારણ રોગ અલગ-અલગ છે, તેમ જિનશાસનની Hospital માં રહેલા પેશન્ટોના ભાવરોગને દૂર કરનારી દવા પણ અલગ અલગ સંભવિત છે, કારણ રોગ અલગ-અલગ છે... કપડું સાંધવા માટે તલવાર લઇને આવનારો બાલિશ ગણાય છે... તલવાર અને સોય બન્ને શસ્ત્ર હોવા છતાં દરેકના પોતાના અલગ-અલગ કાર્યક્ષેત્ર છે, તે-તે કાર્યક્ષેત્રમાં જો તેનો ઉપયોગ કરાય તો Perfect Result અને Speedy Result મળે છે... **તેવી જ રીતે જિનશાસનમાં પણ બતાવેલા ૧૨ તપ અત્યંત જરૂરી છે, પરસ્પર સંબંધિત છે... છતાં પણ દરેકનું અલગ-અલગ મહત્ત્વ છે. અલગ-અલગ કાર્યક્ષેત્ર છે, માટે યોગ્ય કાળે યોગ્ય તપ આચરવાથી વિશેષ ફાયદો થાય છે.**

સામાન્યતઃ શરીરની આસક્તિ-જીભની આસક્તિ / ઇન્દ્રિયોની આસક્તિ તોડવા અણસણ, કાયક્લેશ, રસત્યાગાદિ બાહ્યતપ વિશેષ ઉપકારી છે, અને વિચારોની પક્કડ અને મનની મલિનતાને ધોવા માટે વિનય-વૈયાવચ્ચાદિ અભ્યંતર તપ ઉપકારી છે... આમ તો ગીતાર્થ ગુરુને માથે રાખી તેમના દ્વારા સૂચિત તપ કરવાથી વિશેષ કલ્યાણ થાય છે.

પ્રસિદ્ધ ઘટના છે, મોટી Factory માં મશીનરી બગડી ગઇ. મોટા-મોટા એન્જીન્યર જોવા આવે છે, Visiting Fee લે છે પણ મશીન ચાલુ થતું નથી. એન્જીન્યરને બોલાવવાના ખર્ચા માથે પડે છે. ત્યારે ગામડાનો ગમાર માણસ આવી નિરિક્ષણ કરી શેઠને કહે છે, ચાલુ કરી દઉં પણ ૧૦૦૦૦ Rs.

થશે. શેઠ હા પાડી દે છે... તરત જ હથોડી લાવી બારીકાઇથી નિરીક્ષણ કરી એક સ્પોટને પસંદ કરી ત્યાં પ્રહાર કર્યો અને મશીન ધણ-ધણ કરતું ચાલવા માંડ્યું... બધા ખુશ થયા, શેઠે બહુમાન કર્યું અને સવાલ પૂછ્યો, ૧ પ્રહારના ૧૦,૦૦૦ Rs. ?... અને ગામડીયણે કહયું કે પ્રહારનો તો ૧ જ Re. હતો પણ ૯૯૯૯ Rs. તો ક્યાં પ્રહાર કરવો તેના યોગ્ય નિર્ણયના હતા... ગામડીયાએ મશીનરીનું proper point પકડ્યું, જે બાકી બધા સાથે connected હોય અને જે બાકી બધાને ચાર્જ કરતું હોય. જેવી રીતે હાથ-પગ-આંખ બધુ સારું પણ heart ખરાબ તો ? ખેલ ખતમ... અને જો heart સાબુત તો શરીર નામનું મશીન ચાલતુ રહે... ધર્મક્ષેત્રે પણ આજ વાત છે... શાસ્ત્રની અંદર આવતા વચનોના મુખ્ય ૩ ભેદ પડે.

**A) ધર્મનો / આરાધનાનો રસ પેદા કરનાર વચન -**

૧) પરમાત્માની આજ્ઞાપૂર્વકની ૧ નવકારશી કરો તો ૧૦૦ વર્ષના નારકીના દુઃખ દૂર થાય.

૨) જિનાલયે જવાની ઇચ્છામાત્રથી ૧ ઉપવાસ અને ક્રમશઃ આગળ વધી પરમાત્માની પૂજા કરતા ૧૦૦૦ વર્ષના ઉપવાસનો લાભ મળે છે.

૩) पूजादितः शतगुणा पुण्यात्र (शत्रुंजये) प्रतिमाकृतिः ।
प्रतिष्ठा सहस्त्रगुणा रक्षानन्तगुणा पुनः ।। (શત્રુંજય મહાત્મ્ય)

શંત્રુંજય પર પરમાત્માની પૂજામાં જે પુણ્ય બંધાય છે તેનાથી ૧૦૦ ગણું પુણ્ય પ્રતિમા ભરાવવામાં બંધાય છે, ૧૦૦૦ ગણું પુણ્ય પ્રતિષ્ઠા કરાવવામાં બંધાય છે અને અનંતગણું પુણ્ય નિર્મિત જિનાલય-જિનબિંબની સુરક્ષા કરવામાં બંધાય છે... વગેરે...

**B) પાપનો / વિરાધનાનો ભય પેદા કરનારા વચનો.**

૧) फरुसवयणेण दिणतवं, अहिक्खिवंतो अ हणइ मासतवं ।
वरिसतवो सवमाणो हणइ हणंतो अ सामण्णं ।। ઉપદેશમાલા ૧૩૪

સાધુ અન્યસાધુ પ્રત્યેના કર્કશવચન બોલવાથી એક દિવસના તપને, સામેનાની જાતિ આદિ અંગે હીલના કરવાથી એક મહિનાનો તપ, શ્રાપ આપતા વર્ષનો તપ અને અન્યને મારતા પોતાના સમસ્ત ચારિત્રપર્યાયને હણે છે.

૨) ક્રોધે ક્રોડપૂર્વતણું સંયમફળ જાય.

૩) રાત્રિભોજન કરનારા જીવો જે નરકમાં ગયેલા છે, તેમના મોંમાં પરમાધામીઓ ઝેરી કીડી નાંખી મોંને સીવી દે છે... વગેરે.

**C) આજ્ઞા વચનો**

१) आज्ञा तु निर्मलं चित्तं कर्तव्यं स्फटिकोपमम् ।

પરમાત્માની મુખ્ય આજ્ઞા છે કે ચિત્ત સ્ફટિક જેવું નિર્મળ કરવું જોઇએ.

२) तह तह पयट्टियव्वं जह जह राग-दोसा लहु विलिज्जंति ॥

તેવી તેવી રીતે પ્રવર્તવું જેથી રાગ-દ્વેષ વધુને વધુ નબળા પડતા જાય.

३) तदेव हि तपः कुर्यात्, दुर्ध्यानं यत्र नो भवेत् ।
येन योगा न हीयन्ते, क्षीयन्ते नेन्द्रियाणि च ॥

તેવોજ તપ કરવો જેમાં દુર્ધ્યાન ન થાય
આવશ્યક કાર્યો સીદાય નહિ અને ઇન્દ્રિયોની શક્તિ ક્ષીણ ન થાય.

४) यत्र ब्रह्म बिनार्चा च कषायाणां तथा हतिः ।
सानुबंधा जिनाज्ञा च, तत्तपः शुद्धमिष्यते ॥

જ્યાં બ્રહ્મચર્યનું પાલન છે, પરમાત્માની પૂજા છે, કષાયોનો હ્રાસ (ઘટાડો) છે. જિનાજ્ઞાની સાપેક્ષતા છે તેજ તપ શુદ્ધ કહેવાય છે.

પરમાત્માના ધર્મનો રસ / પાપનો તિરસ્કાર પેદા કરનારા વચનો હાથ-પગ તુલ્ય છે. આજ્ઞાવચનો heart તુલ્ય છે, **આજ્ઞાવચનો કર્તવ્ય-અકર્તવ્યનું ભાન કરાવવા દ્વારા વિવેક આપે છે.** અથવા તો રસ્તામાં ભૂલા પડેલા માટે માઇલસ્ટોન સમાન છે... અને ઉપરોક્ત ૨ પ્રકારના વચનો પ્રમાદી બનેલા જીવને speed આપનારા છે, મતલબ સારા માર્ગે લઇ જવા-એક્સીલેટર જેવા અને ખરાબ માર્ગેથી બચાવવા બ્રેક સમાન છે. પણ એક્સીલેટર-બ્રેક તેને જ કામ લાગે, જેનુ mind સ્ટેબલ છે, જેની પાસે મારે ક્યાં જવું તેનું સ્પષ્ટ vision છે, ટુંકમાં ઉપરોક્ત ૨ પ્રકારના વચનો ૧ Re. તુલ્ય છે, આદેશકારી વચનો ૯૯૯૯ Rs. તુલ્ય છે.

આમ, તો જિનશાસનમાં ગુરુની આજ્ઞા મુજબ જ તપાદિ સાધના કરવાની કહી છે. પણ ક્વચિત ગુરુની ગેરહાજરીમાં નિર્ણય કરવો હોય તો કેવી રીતે કરાય ? અથવા તો પરમાત્માની આપણને મુખ્ય આજ્ઞા શું છે ? તે જાણવું હોય તો ઉપરના આજ્ઞાવચનોના ઉંડાણમાં જવું અતિ આવશ્યક છે.

આત્માની અંદર કર્મોનું આવવું તે જ સંસારનું કારણ, અને કર્મનું આત્માથી દૂર થવું તે જ મોક્ષનું કારણ છે. આ કર્મો બંધાય છે, રાગ-દ્વેષને કારણે... તેથી પરમાત્માની મુખ્ય આજ્ઞા છે કે જીવે તે-તે સંયોગોને આશ્રયીને તેવી-તેવી રીતે વર્તવું જેથી રાગ-દ્વેષ નબળા-નબળા પડતા જાય. તેથી જ જીવને તપ વગેરે સાધના કરવાની conditionમાં પરમાત્માએ કહ્યું કે ૧) જે કરતા તમારા રાગ-દ્વેષરૂપી દુર્ધ્યાન ન વધે તેવો તપ કરવો જોઇએ, બાહ્યતપ કર્મોની સાથે-સાથે શરીરને પણ તપાવે છે, મોટેભાગે શરીર તપે, તેથી શરીરની અંદર રહેલો કચરો વગેરે બળી શરીર પુષ્ટ થાય છે, ખડતલ બને છે. પણ... વધારે પડતું કષ્ટ આપવાથી શરીરની સાથે ઇન્દ્રિય-મન અને છેવટે આત્મા પણ તપી જાય છે. મતલબ જીવ રાગ-દ્વેષનો ભાગી બની જાય છે, ગરમ પાણીની ઇચ્છાવાળાએ,-

(a) ઠંડા પાણીને ગરમ પણ કરવું કર્તવ્ય છે.

(b) પાણી વરાળ ન બની જાય તે જોવું પણ કર્તવ્ય છે.

સાધના પંથે ડગ માંડનારા જીવના પણ મુખ્ય ૨ કર્તવ્ય છે.

a) સાધના દ્વારા શરીરને તપાવવું.

b) શરીર અકાળે રોગિષ્ટ-મારણાંતિક વેદનાગ્રસ્ત ન બની જાય તેનું ધ્યાન રાખવું.

શરીરની અનુકૂળતાનું પુષ્ટિકરણ જેમ સંસારવૃદ્ધિમાં નિમિત્ત બને છે, તેમ શરીર દ્વારા કરાતી સાધના સંસારનાશમાં નિમિત્ત બને છે. માટે શરીરની આસક્તિ તોડવી જરૂરી છે પણ શરીર સાથે ક્રૂરતાપૂર્વકનો વ્યવહાર તો ઇષ્ટ નથી જ, **શરીરની અનુકૂળતાની ઉપેક્ષા કરીએ તે ઉચિત છે, પણ શરીરની આવશ્યકતાની ઉપેક્ષા ન જ ચલાવાય માટે જ જિનશાસનમાં યથાશક્તિ સાધનાનું વિધાન છે**, શક્તિને ગોપવ્યા વગર તપાદિ સાધના કરવાની છે, પણ ઇન્દ્રિયો અકાળે નકામી બની જાય, અવયવો ઢીલા પડી જાય તો તો નુકસાનનો ધંધો થાય... જીવનું મુખ્ય કર્તવ્ય મુક્તિ મેળવવાનું છે, અને તે માટે રાગ-દ્વેષ ઘટાડવા તે મુખ્ય કર્તવ્ય છે, અનાદિકાળથી દેહ-ઇન્દ્રિયો સાથે જીવને મમત્વપણાની બુદ્ધિ હોવાથી તીવ્ર આસક્તિ છે, માટે વિવેકપૂર્વક કષ્ટ આપવાથી આસક્તિ પણ ઘટશે, શરીર સાધનામાં સાનુકૂળ પણ બનશે... દુશ્મનને

દોસ્ત બનાવી જ્યારે જંગ જીતવાનો હોય, ત્યારે માત્ર બળ નહીં પણ કળથી કામ કરવું પડે... એમ શરીરને કહ્યાગરું બનાવી સાધનામાં જોડવું હોય તો પૂર્વે તેની અનુકૂળતાની ભલે નહીં, પણ આવશ્યકતાની પૂર્તિ કરી લેવી જોઇએ... આવું જિનશાસન કહે છે... અને શરીર એટલું બધું વફાદાર છે કે જેમ-જેમ સાધના વધારતા જાવ, તેમ તેમ શરીર પોતાની આવશ્યકતા ઘટાડતું જાય છે જો વચ્ચે મનરૂપી દલાલ આસક્તિ, ભય આદિનું ઝેર ન નાખે તો.

આમ, ફલિત એ થાય છે કે શરીર-ઇન્દ્રિયો વગેરેને અતિનુકસાન ન થાય તેવા કષ્ટ આપવાપૂર્વક બાહ્યતપાદિ સાધના કરવાની છે. તેનાથી આસક્તિ તુટે છે, અભ્યંતર તપ કરવાનું સરળ પડે છે અને આવો અભ્યંતર તપ કર્મનિ-ર્જરાનું કારણ બને છે.

પ્રશ્ન - શરીરને સાચવીને તપ કરવાનો, તો નબળા શરીરવાળાએ બાહ્યતપ નહીં કરવાનો ?

ઉત્તર - ના, એવું નથી, બાહ્યતપ ન કરવો તેવી વાત નથી પણ ભૂમિકાની અપેક્ષાએ જીવોના મુખ્ય ૩ ભેદ છે.

૧) **શરીર સાથે અનુકૂળ વર્તો તો પણ મનનું રીએક્શન પ્રતિકૂળ** - મંગુ આચાર્ય / કંડરિક વગેરે...

૨) **શરીર સાથે અનુકૂળ વર્તો તો મનનું રીએક્શન અનુકૂળ અને શરીર સાથે પ્રતિકૂળ વર્તો તો મનનું પણ રીએક્શન પ્રતિકૂળ.**-મરૂભૂતિ, અગ્નિશર્મા વગેરે.

૩) **શરીર સાથે પ્રતિકૂળ વર્તો તો પણ મનનું રીએક્શન અનુકૂળ** - ગજસુકુ-માલ. **(નોંધ - અત્રે શરીર સાથેનો અનુકૂળ શબ્દ આવશ્યકતાને આશ્રયીને છે.)**

શરીરને અનુકૂળ બન્યા પછી પણ મન પ્રતિકૂળ રહે, તેનો તો આત્મા મેલોદાટ જ રહે છે, એવાના જીવનમાં કરાયેલી આરાધના કદાચ અકામનિર્જરા કરી શકે, વિશેષ કાંઇ નહીં... પણ ૨ નંબરના જીવો વિકાસના પગલે ડગ માંડી ચુકેલા છે, તો ત્યાં સંયોગોને આશ્રયીને યોગ્ય વર્તન કરતા જીવનો વધુ વિકાસ થાય છે. ૩ નંબરના જીવો સાધકની ભૂમિકામાં આવી ગયા છે. સુખ-દુઃખ, સંસાર કે મોક્ષ, કોઇપણ સ્થળ-સંયોગ તેમના માટે વિકાસનું જ કારણ બનવાનું છે... દુનિયાનો નિયમ છે-**માંદાને સાજો કરી સત્ત્વની વૃદ્ધિ કરી શકાય પણ માયકાંગલો ક્યારેય સત્ત્વશીલ ન બની શકે.**

નંબર ૧) ના જીવો માયકાંગલા છે. ૨ નંબરના જીવો માંદા છે અને ૩ નંબરના જીવો સ્વતઃ સત્ત્વશીલ છે... પ્રસ્તુતમાં ૧ અને ૩ નંબરના જીવોની વાત નથી, ૨ નંબરના જીવોની વાત છે. યાદ આવે મરૂભૂતિ - પાર્શ્વનાથ ભગવાનનો પ્રથમભવ-પોતાના દુરાચારી ભાઇ કમઠને રાજાએ સજા કરી છે, ત્યારે મારા નિમિત્તે ભાઇને દુઃખ થયું. લાવ તેને મિચ્છામિ દુક્કડમ્ આપી દઉં, આવા શુભભાવોથી મરૂભૂતિ કમઠ પાસે જાય છે અને આવેશયુક્ત કમઠ સામે પથ્થર મારે છે, ખેલ ખતમ થઇ ગયો... 'હું માફી માંગવા આવ્યો અને છતાં મારો તિરસ્કાર' અને સમકિત વમી મરૂભૂતિ હાથીના ભવમાં ફેંકાઇ ગયો... તો શું કમઠની માફી માંગવા સ્વરૂપી પ્રાયશ્ચિત્ત નામના તપને લીધે મરૂભૂતિ હાથી બન્યા એવું કહેવું ઉચિત ગણાશે ? ના... સામેવાળાની ઉપેક્ષા હોય કે સામેવાળા દ્વારા તમે તિરસ્કૃત થાવ છતાં ક્ષમાનો ભાવ ઊભો રહે તે સાચો પ્રાયશ્ચિત્ત નામનો તપ હતો... પત્ની અને ભાઇના દુરાચારને સહન કરી શકનારા મરૂભૂતિ શરીરના સ્તરના તિરસ્કારને સહન ન કરી શક્યા... અને સારુ પગલું પણ દુર્ગતિનું કારણ બની ગયુ...

નબળી હોજરીવાળાને અથવા માંદગીમાંથી ઊભા થનારને કેસર-બદામથી યુક્ત દૂધ પણ ડાયરીયાનું કારણ બને છે, પણ પહેલા ફ્રૂટજ્યુસ પછી દાળ-ભાત પછી રોટલી-શાક અને પછી અપાતો દૂધપાક તે પુષ્ટિનું કારણ બને છે. બસ તે જ રીતે ૨ નંબરના જીવો માટે સાધનાનું direct top step પતનનું કારણ બને છે, પણ ક્રમશઃ અપાતા step વિકાસનું કારણ બને છે. જો **આવી પડતી પ્રતિકૂળતા-વેદના તમારી આસક્તિને-મિથ્યાત્વને વધારતી હોય તો તમે માંદા જીવો છો અને આવી પડતી પ્રતિકૂળતા આસક્તિને તોડતી હોય, તો તમે સત્ત્વશીલ જીવ છો.**

કોઇ પણ સંયોગોમાં સમાધિ-પ્રસન્નતા હાથવગી બને પછી જ મારણાંતિક બાહ્યતપ પણ સ્વીકરણીય બને છે. માટે જ તેવા જીવોને આશ્રયીને શાસ્ત્રમાં **ગૃધ્રપૃષ્ઠ મરણ અને વૈહાયસમરણ ની અનુજ્ઞા અપાયેલી છે, एते गृधपृष्टवैहायसाख्ये मरणे अत्यन्तमात्मपीडाकारिणी इति तथाऽपि दर्शनमालिन्यपरिहारादिके कारणप्रकारे सति उदायिनृपानुमृत-तथाविधगीतार्था- चार्यवदनुज्ञाते इत्यदोषः ।** આ ગૃધ્રપૃષ્ઠ અને વૈહાયસ

નામના બે મરણ અત્યંત આત્મપીડાકારી હોવા છતાં પણ શાસનઅપભ્રાજનાનું નિવારણ વગેરે જેવા પ્રશસ્ત કારણે ઉદાયિરાજાની પાછળ મૃત્યુ પામેલા ગીતાર્થ આચાર્યની જેમ અનુજ્ઞા અપાયેલી છે.

**શાસ્ત્રમાં ઉત્સર્ગ-અપવાદનું જે સંમીલન બતાવ્યું છે, તે પણ ૨ નંબરના જીવોને આશ્રયીને**, કારણ ૧ નંબરના જીવો માટે ઉત્સર્ગ-અપવાદ ઉત્થાનનું કારણ બનશે નહીં. ૩ નંબરના જીવ ઉત્સર્ગમાર્ગને વફાદાર રહી શકે છે જ્યારે ૨ નંબરના જીવોને ક્યારેક ઉત્સર્ગમાર્ગ તો ક્યારેક અપવાદમાર્ગની જરૂર આત્મકલ્યાણ માટે પડે છે.

તેથીજ શાસ્ત્રમાં બતાવ્યું કે

૧) સ્થાન-મૌન-ધ્યાનથી દેહને વોસિરાવ્યા પછી પણ આગંતુક ૪ આગારને લીધે ચાલુ કાઉસગ્ગમાં સ્થાન ફેરવે તો પણ પ્રતિજ્ઞા ભાંગતી નથી...

૨) અત્યંત વિશેષ કાર્ય અથવા સમાધિનો મોટો પ્રશ્ન થાય તો લીધેલું એકાસણ આદિ પચ્ચક્ખાણ બદલે તો પણ મહત્તરાગારેણં-સવ્વસમાહિવત્તિયાગારેણં દ્વારા તેનું પચ્ચક્ખાણ ભાંગતું નથી.

૩) આગળ વધીને અણસણ સ્વીકારવાની process માં તો ક્રમશઃ શરીરને કષ્ટ આપી કહ્યાગરું બનાવવાની વિધિ બતાવી છે અને મરણ સમયે મોં સુકાઇને બંધ થાય, તો નવકારાદિનું ઉચ્ચારણ અટકી જાય... આવું ન બને માટે આયંબિલના પચ્ચક્ખાણમાં મોંમાં તેલનો ઘુંટડો ભરી મોંને ઓઇલી બનાવવાની પ્રોસેસ કહી છે... જેની વિશેષ ચર્ચા તપના ભેદમાં છે.

આમ (a) મોહના મારણપૂર્વક અશાતાનો ઉદય ભોગવતા આવડે ત્યારે જ શક્તિની ઉપરવટ જઇને બાહ્યતપ કરવાની અનુજ્ઞા છે, એટલેકે અણસણાદિ તપ દ્વારા શરીરનો ત્યાગ કરવાની અનુજ્ઞા આપી છે. (b) અથવા તો ઉંમરને લીધે ઇન્દ્રિયો-શરીર શિથિલ બની ગયું છે, તો જ અણસણાદિ તપ દ્વારા શરીરનો ત્યાગ કરવો ઉચિત છે.

કુરગડુની જેમ તીવ્ર અંતરાયને (નબળા શરીરને) લીધે બાહ્યતપ શક્ય ન હોય અને મનની અસહિષ્ણુતાને લીધે શરીરને સીધું કષ્ટ આપવું શક્ય ન પણ હોય, તો પણ ઉણોદરી-રસત્યાગ વગેરે તપ દ્વારા શરીર-મનને ઘડવાનું-શાસ્ત્રમાં બતાવ્યું છે, આમ ફલિત એમ જ થાય છે કે, **શરીરની આસક્તિની**

**પુષ્ટિ ક્યાંય સ્વીકૃત નથી કરાઇ, પણ ઇચ્છાનિરોધના લક્ષ્યપૂર્વકની શરીરની આવશ્યકતાનું પોષણ શાસ્ત્રમાં વિહિત કરાયેલું છે.**

માટે તપ કરવા માટે જે બેરોમીટર બતાવ્યું છે, તે આ છે.

(a) તપ કરતાં દુર્ધ્યાન (સંકલેશ) વધવું ન જોઇએ.

(b) મન-વચન-કાયાની શક્તિ અથવા ઇન્દ્રિયોની સક્ષમતા (धर्मसाधनस्वाध्यायाऽहिंसादितत्कार्यप्रवृत्तिः न क्षीयते) ક્ષીણ ન થાય તેવો જ તપ કરવો જોઇએ અથવા તો જ્યાં

(a) બ્રહ્મચર્યનું પાલન.

(b) પરમાત્મા-ગુરુની ઉપાસના.

(c) કષાયોનો ઘટાડો.

(d) જિનાજ્ઞાની સાપેક્ષતા [સતત પ્રભુની આજ્ઞાનું અનુસંધાન = આજ્ઞા મુજબ મારે વર્તવું છે એવો તીવ્ર સંકલ્પ] હોય તે જ તપ વાસ્તવિકતામાં શુદ્ધ કહેવાય છે.



# તપનો પ્રભાવ-મહિમા

પંચસૂત્રમાં સંસારને दुक्खरुवे-दुक्खफले-दुक्खाणुबंधे દુ:ખ સ્વરૂપી-દુ:ખ જેનું ફળ છે તેવો અને દુ:ખની પરંપરા ચલાવનારો છે તેમ કહ્યું છે મતલબ ભૂત, વર્તમાન અને ભવિષ્યમાં દુ:ખ સિવાય, અજંપો-અશાંતિ સિવાય-સંસારમાં બીજું કાંઇ ન મળે... આવા સંસારમાં સબડતા જીવોને સુખ જોઇતું હોય તો બે જ વિકલ્પો છે.

૧) સંપૂર્ણ કર્મ ખપાવી અખૂટ અને અનુપમ આત્મિક સુખ મેળવવું.

૨) દુ:ખના ઉદયને કામચલાઉ રોકી / દૂર કરી ભેળસેળીયું-ભૌતિક સુખ મેળવવું.

તે ભૌતિક સુખના પાછા ૨ વિકલ્પો છે,

**(a) પુણ્યાનુબંધી પુણ્ય** - ભૌતિક સુખના ફળમાં આત્મિકસુખ મળવાનું હોય તે, એટલે કે પુણ્યનો ઉદય આત્મિક સુખ માટે જરૂરી સાધના તરફ દોરી જનારો બને.

**(b) પાપાનુબંધી પુણ્ય** - ભૌતિક સુખના ફળમાં દુ:ખસ્વરૂપી સંસાર જ પાછો લમણે ઝીંકાય. (એટલે કે પુણ્યનો ઉદય સંસારના દુ:ખમાં રખડાવનાર સાધનો અને વિચારધારા તરફ જ તમને ખેંચી જાય...)

મૂળ વાત એટલી જ છે કે ચાહે શુદ્ધ આત્મિકસુખ હોય, વિકાસોન્મુખ પુણ્યાનુબંધી પુણ્યજન્ય પ્રશસ્ત સુખ હોય કે અધોમુખી ગતિ કરાવનારું-પાપાનુબંધી પુણ્યજન્ય અપ્રશસ્ત સુખ હોય, બધાનું કારણ તપ બને છે, નિરાંશસભાવે કરેલો તપ મોક્ષસુખનું કારણ બને છે. પ્રશસ્ત આશંસાપૂર્વક કરેલો તપ પુણ્યાનુબંધી પુણ્યનું કારણ અને અપ્રશસ્ત આશંસાપૂર્વક કરેલો તપ પાપાનુબંધી પુણ્યનું કારણ બને છે. આના પરથી ફલિત એટલું જ થાય છે કે **સંસારમાં રખડતા-રખડતા ભવ્ય કે અભવ્ય જીવોને સુખના લેશનો પણ જે અનુભવ થાય છે, તેનું મુખ્ય કારણ માત્રને માત્ર તપ ધર્મ છે,** માટે જ શાંત-સુધારસમાં જણાવ્યું છે કે.

**यस्मात् प्रादुर्भवेयुः प्रकटितविभवाः लब्धयः सिद्धयश्च ।**
**वन्दे स्वर्गापवर्गार्पणपटु सततं तत्तपो विश्ववंद्यम् ॥**

જેનાથી પોતાના વૈભવને પ્રકટ કરતી લબ્ધિઓ અને સિદ્ધિઓ પ્રકટ થાય છે. (પ્રાપ્ત થાય છે) તથા સ્વર્ગ અને મોક્ષને પ્રાપ્ત કરાવવામાં પણ સમર્થ વિશ્વવંદ્ય તપને સતત વંદન કરું છું.

આમ, તપનો પ્રભાવ કે મહિમા બે ભિન્ન-ભિન્ન ભૂમિકાના છે. **૧) ગુણોના પ્રકટીકરણ અને તેનાથી વધતી શુદ્ધિ, તથા ૨) પુણ્યનું પ્રકટીકરણ અને તેનાથી મળતી સાનુકૂળતા. બન્નેના મૂળમાં તપધર્મ રહેલો છે,**

પ્રશ્ન - પુણ્યના ઉદયમાં સુખ છે તે તો બરાબર, પણ એકલા ગુણોની હાજરીમાં સુખ શેં રીતે અનુભવાય ?

ઉત્તર - જીવને પાપના ઉદયે દુઃખ ભોગવવું પડે છે, પણ તે પાપ દોષોને લીધે આવે છે. અને ગુણો આત્માના દોષોને જડમૂળથી દૂર કરે છે. માટે ગુણોથી ઉત્પન્ન થતું સુખ શાશ્વત-શુદ્ધ હોય છે અને વળી શાસ્ત્રમાં સંપૂર્ણ ગુણો જેના પ્રગટ થાય છે, તેના સુખની માત્રા અલગ-અલગ ઉદાહરણથી બતાવી છે.

૧) જઘન્યથી કરોડ દેવતા જેની સેવામાં છે, બાર પર્ષદા જેના ગુણ-ગાન અવિરત કરે રાખે છે, ચાલે ત્યારે સુવર્ણકમળ હાજર, બેસવું હોય ત્યારે સિંહાસન હાજર, દેશના આપવી હોય ત્યારે જેના માટે સમવસરણ તૈયાર થતું હોય તેવા અરિહંતો પણ સિદ્ધના સુખને જાણી શકે, પણ જણાવી ન શકે, મતલબ **અરિહંતોને ગુણ અને પુણ્યના ઉભયઉદયથી જન્ય જે સુખ હોય છે, તેના કરતા સિદ્ધના જીવનું માત્ર ને માત્ર ગુણજન્ય સુખ અનંતગણુ વધી જાય છે.**

૨) તમામ જીવોનું ત્રણે કાળનું ભૌતિક સુખ એક બાજુ અને એક બાજુ માત્ર સિદ્ધના એક જીવના એક આત્મપ્રદેશનું સુખ હોય તો તે ચડિયાતું થાય છે, તેટલું જ નહીં, પણ તમામ જીવોના ભૌતિક સુખના વર્ગના વર્ગના વર્ગના વર્ગના વર્ગ... આવું અનંતવાર પણ કરો તો પણ સિદ્ધના જીવના એક-એક પ્રદેશના સુખને તુલ્ય તે બનતું નથી, કારણ કે ગમે તેટલા શૂન્ય ભેગા થઇ એકડો બનાવી શકાતો નથી.

૩) સિદ્ધના એક જીવના એક પ્રદેશમાં રહેલા સુખના Parts કરી ૧ આકાશપ્રદેશ પર ગોઠવીએ તો સમગ્ર આકાશ પૂર્ણ થાય પણ સિદ્ધનું સુખ

પૂર્ણ ન થાય... આમ, **પુણ્યના ઉદયે થતું સુખ ટેમ્પરરી છે, ગુણના ઉદયે થતું સુખ પરમેનન્ટ છે, વળી પુણ્યના ઉદયથી મળતા સુખ કરતા ગુણના ઉદયમાં મળતું સુખ વધુ શુદ્ધ છે.**

આમ, સર્વોત્કૃષ્ટ આત્મિક સુખ સુધી પહોંચાડવાની તાકાત પણ તપમાં રહેલી છે, તેવીજ રીતે આ લોકમાં, **આ ભવમાં આપણને જે પુણ્યશાળીના પુણ્યનો વિસ્ફોટ જણાય છે, તેના મૂળમાં પણ ક્યાંક ને ક્યાંક તપ ધર્મ રહેલો છે.**

**A) જૈન રામાયણ**માં આવતી સત્યઘટના, **સીતા**ના અપહરણ બાદ **રામ-રાવણનું** ભયાનક યુદ્ધ થયું. બન્ને પક્ષ અત્યંત બળવાન હોવા છતાં પણ પાપકર્મના ઉદયે રાવણના કુળનો ક્ષય ધીમે-ધીમે થવા માંડ્યો. ત્યારે આવે-શમાં આવીને રાવણે **ધરણેન્દ્રે** પ્રસન્ન થઇને આપેલી **અમોઘવિજયા** નામની વિદ્યા લક્ષ્મણ પર છોડી. તેના લીધે સૌમિત્રિ (સુમિત્રાનો પુત્ર **લક્ષ્મણ**) બેભાન થઇને પડી ગયો... જાણકારો પાસેથી ખબર પડી કે રાતની અંદર જો યોગ્ય ઉપચાર ન થયો તો સૂર્યોદય થતાં જ લક્ષ્મણ પૃથ્વીતલ પરથી વિદાય થઇ જશે... માટે લક્ષ્મણ પર ફરી કોઇ વિદ્યાનો પ્રયોગ ન કરે માટે વિદ્યાથી સાત કિલ્લા-દરેકને ૪ દ્વાર બનાવી **ભામંડલ, વિભિષણ, હનુમાન, અંગદ** વગેરે ૨૮ મહારથીઓ ૨૮ spot પર ચોકીપહેરો કરી રહયા હતા... (અને **સુગ્રીવ**-રામ આદિ અંદર બેસી લક્ષ્મણને સાજો કરવાના ઉપાયો કરી રહ્યા હતા), તે વખતે **પ્રતિચન્દ્ર** નામનો કોઇ વિદ્યાધર ભામંડલ પાસે આવી કહે છે, મને રામ પાસે લઇ જાવ, તો હું લક્ષ્મણને જીવાડવાનો રસ્તો બતાવીશ-તરતજ રામ પાસે પ્રતિચંદ્રને લઇ જવાયો અને તેણે પોતાની કથા કહી, ઘણા સમય પૂર્વે હું મારી પત્ની સાથે ક્રીડા માટે નીકળેલો **સહસ્રવિજય** નામના દુશ્મન-વિદ્યાધર વડે ઘેરાયો. ભીષણ યુદ્ધમાં તે મને જીતી ન શક્યો, ત્યારે **ચંડરવા** નામની શક્તિ (વિદ્યા) તેણે છોડી અને હું તે વિદ્યાના પ્રભાવે મૃતપ્રાયઃ થઇ નીચે ઉદ્યાનમાં પડ્યો, જ્યાં તમારા ભાઇ **ભરતે** મને જોયો અને તરતજ સુગંધી પાણી વડે સીંચતા જાણે દિવ્યજળ ન હોય તેમ તે પાણીના સ્પર્શમાત્રથી હું સાજો થઇ ગયો-ચંડરવા વિદ્યા ડરીને મને છોડીને ચાલી ગઇ, જ્યારે પગમાં પડી પાણીનો પ્રભાવ મેં પૂછ્યો ત્યારે રાજા ભરત બોલ્યા કે વર્ષો પૂર્વે એક

# બાહ્ય તપ



# અભ્યંતર તપ


















# તપમાં રાખવા યોગ્ય સાવધાની





તપના પ્રભાવથી
પ્રાપ્ત થનાર
નવ નિધાન
1. नैसर्प निधि
2. पांडुक निधि
3. पिंगल निधि
4. सर्वरत्न निधि
5. महापद्म निधि
चक्रवर्ती
सम्राट्
6. काल निधि
7. महाकाल निधि
8. माणव निधि
9. शंख निधि

સાર્થવાહ અત્રે આવેલા. તેનો પાડો અતિનિર્બળ થઇ અહીં પડેલો અને લોકો તેના પર પગ મુકીને જતા હતા. અકામનિર્જરાના યોગથી મરી તે દેવ થયો, અને મારી નગરીના લોકોને અલગ-અલગ વ્યાધિના ભાગી બનાવ્યા, પણ મારી જ (આજ્ઞા)માં રહેલ મારા મામા **દ્રોણધન**ના રાજ્યમાં રોગચાળો ન ફેલાયો-કારણ પુછતા ખબર પડી કે મારા મામીને અસાધ્યવ્યાધિ હતો, તે વખતે મામી ગર્ભવતી બન્યા અને ગર્ભના પ્રભાવે તેમનો રોગ નાશ પામ્યો. ત્યારબાદ તે બાળકીનો જન્મ થતાં નામ પાડયું **વિશલ્યા.** તેનું સ્નાનજળ પૃથ્વી પર છાંટતા મામાનું રાજય પણ દેવતાના ઉપદ્રવથી મુક્ત થયું, તેથી મારા વડે પણ વિશલ્યાનું સ્નાનજળ મારી પૃથ્વી પર છંટાતા મારી પૃથ્વી પણ દેવતાના ઉપદ્રવથી મુક્ત બની, જ્ઞાની ગુરુભગવંતે જણાવ્યું કે **વિશલ્યાએ પૂર્વભવમાં ઉત્કૃષ્ટ તપ કર્યો છે. તેના પૂર્વભવના તપના પ્રભાવથી તેનો અથવા તેના સ્નાનના જળનો સ્પર્શ પણ જેને થશે, તે રોગમુક્ત બનશે. મંત્ર-તંત્ર-વિદ્યાના પ્રયોગો તેનો વાળ પણ વાંકો નહીં કરી શકે...** અને ભવિષ્યમાં લક્ષ્મણ તેનો પતિ બનવાનો છે. આ રીતની આખી વાત કહી પ્રતિચંદ્રે કહયુ કે તાત્કાલિક ભરતની સહાયથી વિશલ્યાને અહીં લવાય, તો લક્ષ્મણ જીવી જાય. ત્યારબાદ તરત જ રામની આજ્ઞાથી હનુમાન-ભામંડલાદિ ભરત પાસે જઇ રાજા દ્રોણધ-નની રજા મેળવી વિશલ્યાને ૧૦૦૦ સ્ત્રીઓ સાથે લંકામાં લાવે છે, વિશલ્યાના હાથના સ્પર્શમાત્રથી લક્ષ્મણના શરીરમાંથી અમોઘવિજયા વિદ્યા નીકળી જાય છે, નીકળેલી તે વિદ્યાને હનુમાન પકડે છે, ત્યારે તે વિદ્યા કહે છે.

**साऽप्यूचे देवतारूपा न मे दोषोऽस्ति कश्चन ।**
**प्रदत्ता धरणेनाऽस्मै प्रज्ञप्तिभगिनी ह्यहम् ।। २९४ ।।**
**विशल्याप्राग्भवतपस्तेजः सोढुमनीश्वरी ।**
**एषा यास्यामि मां मुञ्च प्रैष्यभावादनागसम् ।।२९५।।**
**ત્રિષષ્ટિ શલાકાપુરૂષ ચરિત્ર (૭મું પર્વ ૭ મો સર્ગ)**

'મારો કાંઇ દોષ નથી, ધરણેન્દ્રે પ્રજ્ઞપ્તિવિદ્યાની બહેન એવી મને આ રાવણને પ્રસન્ન થઇને આપી છે. તેના આદેશથી લક્ષ્મણના પ્રાણ હરવા આવેલી. પરંતુ વિશલ્યાના તપના તેજને સહન કરવામાં અસમર્થ હું જાઉં છું. હું તો આદેશને અનુસરનારી ચાકર છું, તેથી મારો કોઇ વાંક ન હોવાથી મને છોડી દે.'

વિશલ્યાના પૂર્વના ભવના તપનો પણ કેવો ગજબનો પ્રભાવ કે જેનાથી (a) માતાનો અસાધ્ય વ્યાધિ દૂર થયો. (b) પિતા અને ભરતના રાજ્ય પર થયેલો દેવતાનો ઉપદ્રવ નાશ પામ્યો. (c) પ્રતિચંદ્ર વિદ્યાધર પરની દુષ્ટવિદ્યાની અસર નાશ પામી. (d) ધરણેન્દ્ર દ્વારા મળેલી અમોઘવિજયા નામની વિદ્યાનો પ્રભાવ નાશ પામ્યો અને લક્ષ્મણ જીવી ગયો.

આ અંગે વિશેષ ચિંતન કરતા જ આની ગંભીરતા સમજાશે **કે એક વ્યક્તિનો તપ વિદ્યાઓની, દેવતાઓની, રાજાઓની તાકાતને પણ ટક્કર મારી જાય...** જે કામ રામ-હનુમાન, સુગ્રીવ આદિ ન કરી શક્યા તે કામ માત્રને માત્ર એક પૂર્વભવની અપેક્ષાએ તપસ્વી સ્ત્રીના શરીરના સ્પર્શમાત્રથી સિદ્ધ થઇ ગયું...

B) તો યાદ આવે **નાગકેતુ...** પૂર્વના ભવમાં અઠ્ઠમના ધ્યાને મરી-નવા ભવમાં જન્મીને ટુંક સમયમાં અઠ્ઠમ કર્યો અને દેવતા જ્યારે નગરીનો નાશ કરવા શિલા વિકુર્વે છે, ત્યારે તપના અને શીલના પ્રભાવે માત્રને માત્ર ૧ આંગળી ઊંચકી દેવતાને હરાવી દે છે... એક અઠ્ઠમનો પ્રભાવ કેવો અદ્ભુત !!

C) ચક્રવર્તીપણું મેળવવા નીકળેલા દરેક વ્યક્તિએ દેવતાને જીતવા હોય તો પહેલા **પૌષધયુક્ત ચોવિહાર અઠ્ઠમ કરે** અને તેના પ્રભાવથી દેવતાને પોતાને વશ કરે-પોતાની આજ્ઞામાં રાખે...

d) ચક્રવર્તીનો સેનાપતિ જ્યારે વૈતાઢ્યની ગુફા ખોલવાની હોય ત્યારે **અઠ્ઠમ કરી પછી અધિષ્ઠાયકદેવનું સ્મરણ કરી** ગદાથી ગુફાના દ્વારને ફટકારે અને શાશ્વતી ગુફા ખુલી જાય છે.

e) વિદ્યાધરને વિદ્યા સિદ્ધ કરવી હોય, સાધુને યોગોદ્વહન દ્વારા આગમ-વાંચન કરવું હોય કે શ્રાવકને ઉપધાન દ્વારા સૂત્ર બોલવાના અધિકાર પ્રાપ્ત કરવા હોય, દરેકમાં તપ આવશ્યક છે.

F) વિશુદ્ધ રીતે તપ કરતા વિશિષ્ટ લબ્ધિઓ-સિદ્ધિઓ પ્રગટ થાય છે, જેનું વર્ણન વાંચીએ ત્યારે ખ્યાલ આવે કે સામાન્ય દેખાતા તપનો પ્રભાવ કેવો વિશિષ્ટ છે.

**તપના પ્રભાવથી પ્રગટ થતી આઠ મહાસિદ્ધિ -**

**૧) અણિમા શક્તિ** - સોયના છિદ્ર જેટલી જગ્યામાંથી પસાર થઇ જવાય તેવું શરીર બનાવવાની શક્તિ.

૨) **મહિમા શક્તિ** - પોતાનું રૂપ મેરૂપર્વતથી પણ મોટું બનાવવાની શક્તિ.

૩) **લઘિમા શક્તિ** - પવનની લઘુતાને પણ વટાવી જાય તેવું સાવ હલકું શરીર બનાવવાની શક્તિ.

૪) **ગરિમા શક્તિ** - ઇન્દ્ર વગેરે પણ સહન ન કરી શકે તેવું ભારે શરીર કરવાની શક્તિ.

૫) **પ્રાપ્તિ શક્તિ** - જમીન પર રહીને આંગળીના અગ્રભાગથી મેરૂ-પર્વતની આજુબાજુ ફરતા સૂર્ય-ચંદ્ર-ગ્રહાદિને અડકી શકે.

૬) **પ્રાકામ્ય શક્તિ** - જમીન પર જેવી રીતે ચાલી શકાય તેવી જ રીતે પાણી ઉપર ચાલે અને પાણીમાં જેવી રીતે તરી શકાય તેવી જ રીતે જમીનમાં ડુબકી મારી પાછા ઉપર આવવું વગેરે કરી શકે.

૭) **ઇશિત્વ શક્તિ** - ઇન્દ્ર અથવા ચક્રવર્તી વગેરે જેવી પોતાની સમૃદ્ધિ વિકુર્વવાની શક્તિ.

૮) **વશિત્વ શક્તિ** - ક્રૂર જીવો પણ જેના દર્શનમાત્રથી શાંત થઇ જાય તેવી શક્તિ.

**તપના પ્રભાવથી પ્રગટ થતી વિશિષ્ટ લબ્ધિઓ**

૧) **આમર્ષોષધિ** - અમૃતસ્નાનથી માણસ જેમ નીરોગી બને છે, તેવી જ રીતે આ લબ્ધિસંપન્ન વ્યક્તિના શરીરના સ્પર્શમાત્રથી રોગો નાશ પામે છે.

૨) **વિપ્રોષધિ** - શરીરના મળ-મૂત્ર પણ ઔષધીનું કામ કરે.

૩) **ખેલૌષધિ** - નાક વગેરે માંથી નીકળતા શ્લેષ્મના સ્પર્શમાત્રથી કોઢયુક્ત શરીર સુવર્ણરૂપમાં રૂપાંતરિત બને છે.

૪) **જલ્લોષધિ** - શરીરમાંથી નીકળતો પરસેવો કે મેલને લઇને નીકળતા પાણીમાં સર્વરોગોને દૂર કરવાની તાકાત હોય.

૫) **સર્વૌષધિ** - નખ-વાળ-દાંત વગેરે પણ સર્વરોગનો નાશ કરવા સમર્થ બને; આ ઉપરાંત આવી લબ્ધિવાળાનાં શરીરને-પરસેવાને સ્પર્શ કરીને આવતો વાયુ પણ ઔષધિનું કામ કરે... આવા વ્યક્તિના મુખમાંથી નીકળતા શબ્દો પણ મંત્રાક્ષરોની જેમ સર્વવ્યાધિના વિનાશક બને છે, આ ઉપરાંત વિષયુક્ત-ભોજન આવા લબ્ધિવાળાના પાત્રામાં કે મુખમાં આવી પણ જાય તો તે અમૃતમાં રૂપાંતરિત થઇ જાય છે.

૬) **સંભિન્નશ્રોતો લબ્ધિ** - એકજ ઇન્દ્રિયથી બાકીની બધી ઇન્દ્રિયોનું કાર્ય થાય, મતલબ એકજ ઇન્દ્રિયથી પાંચે-ઇન્દ્રિયોના વિષયો અનુભવી શકાય...

૭) **ચારણ લબ્ધિ** - આકાશમાં ગમન કરવાની (ઉડવાની) શક્તિ.

૮) **આશીવિષ લબ્ધિ** - અનુગ્રહ-શ્રાપ આપી બીજાના સુખ-દુઃખની ઉદીરણા કે ઉદય કરવાની શક્તિ.

૯) **દ્રષ્ટિવિષ લબ્ધિ** - ચંડકૌશિકની જેમ આંખથી ઝેર-આગ વરસાવવાની શક્તિ.

૧૦) **તેજોલેશ્યા લબ્ધિ** - સામા તત્ત્વને બાળવાની તાકાત.

૧૧) **શીતલેશ્યા લબ્ધિ** - સામા તત્ત્વને ઠારવાની / શીતલ બનાવવાની તાકાત.

૧૨) **વૈક્રિય લબ્ધિ** - નાના મોટા એકી સાથે અલગ અલગ રૂપ-બનાવવાની તાકાત તથા પોતાના ભિન્ન-ભિન્ન રૂપોથી લોકને પણ પૂરી શકવાની તાકાત.

૧૩) **આહારક લબ્ધિ** - પોતાની શંકાનું નિરાકરણ કરવા વિહરમાન તીર્થંકર પાસે વિશિષ્ટ શરીર બનાવી જવાની તાકાત.

૧૪) **કોષ્ઠ બુદ્ધિ** - જેવી રીતે કોઠારમાં રહેલું ધાન્ય વર્ષો પછી એવું ને એવું પરત મળે છે, તેમ આ લબ્ધિના સ્વામીને પરાવર્તન વગર પણ એક વખત ભણેલું જ્ઞાન સતત ઉપસ્થિત રહે છે.

૧૫) **બીજબુદ્ધિ** - એક બીજ અન્ય સેંકડો દાણાને ઉત્પન્ન કરે, તેમ આ લબ્ધિવાળાને એક અર્થ જાણવા મળે તો તેના ઉપરથી બીજા સેંકડો અર્થો પોતે નીર્ણિત કરી શકે.

૧૬) **પદાનુસારી લબ્ધિ** - ૧ પદને ભણો તો બાકીના પદો સહજ રીતે આવડી જાય.

૧૭) **મનોબળી** - પૂર્વમાંથી ઉદ્ધૃત કરેલા પૂર્વના Subchapter Parts "વસ્તુ"ને માત્રને માત્ર અંતર્મુહૂર્તમાં ધારણ કરી લેવાની શક્તિ.

૧૮) **વચનબળી** - અંતર્મુહૂર્તમાં જ સર્વશ્રુતનું પરાવર્તન કરી શકવાની શક્તિ.

૧૯) **કાયબળી** - લાંબા સમય સુધી કાયા સ્થિર રાખી પ્રતિમા વહન કરે તો પણ શરીરને થાક-પરિશ્રમાદિ લાગતા નથી.

૨૦) **ખીરાશ્રવી લબ્ધિ** - ખીર જેવી મીઠી વાણી પ્રાપ્ત થાય.

૨૧) **સર્પિરાશ્રવી** - (ઇક્ષુ વાપરતી ગાયના ઘીને મંદાગ્નિથી પકાવતા જેવું કુણું અને મીઠું બનેછે તેવી) કોમળવાણી પ્રાપ્ત થાય.

૨૨) **મધ્વાશ્રવી** - મધ જેવી મીઠી વાણી પ્રાપ્ત થાય.

૨૩) **અમૃતાશ્રવી** - અમૃત જેવી મીઠી વાણી પ્રાપ્ત થાય.

૨૪) **અક્ષીણમહાનસ લબ્ધિ** - પોતાની પાસે રહેલા અલ્પ આહાર વડે ઘણા બધાને જમાડી શકે.

૨૫) **પુલાક લબ્ધિ** - કોઇ વિશિષ્ટ સંયોગમાં ચક્રવર્તીના સૈન્યનો નાશ કરવાની શક્તિ.

આવી સેંકડો-હજારો લબ્ધિઓ હોય છે, જેને તપસ્વી કર્મનિર્જરાના બળે આત્મસાત્ કરે છે. આવા અનંતબળસંપન્ન તપધર્મને ક્રોડો વંદન...

## તપના પ્રભાવથી પ્રગટ થતા નવનિધાન

**उद्दिश्य च निधीन् पृथ्वीपतिश्चक्रेऽष्टमं तपः ।**
**प्राक्तपोऽर्जितलब्धीनाम् आगमे मार्गदर्शकम् ॥**

**ત્રિષષ્ઠિશલાકા પુરૂષ ચરિત્ર [પ્રથમ પર્વ ૪થો સર્ગ શ્લોક ૫૬૮]**

(પૂર્વના ભવોમાં આચરેલા તપના પ્રભાવથી ભાગ્યનાં કિનારે આવીને રહેલી લબ્ધિઓને ખેંચી લાવનારો અઠ્ઠમનો તપ નવનિધિને ઉદ્દેશીને ચક્રવર્તી કરે છે.)

જ્યારે ચક્રવર્તી ગંગાના કિનારે નવ નિધિને ઉદ્દેશી અઠ્ઠમનો તપ કરે, ત્યારે અઠ્ઠમના અંતે સામે ચાલીને આ નિધિઓ પ્રગટ થાય છે, આ નવનિધિઓ એટલે અક્ષયભંડાર. નીચે દર્શાવેલી વસ્તુઓ તેમાંથી ગમે તેટલી કાઢો તો પણ ખૂટે જ નહીં, તેનું નામ નિધિ... શાસ્ત્રમાં નવનિધિની પેટીઓનું માપ ૧૨ યોજન (૧૫૬ K.M.) લાંબી, ૯ યોજન (૧૧૭ K.M.) પહોળી, ૮ યોજન (૧૦૪ K.M.) ઊંચી બતાવ્યું છે... આવી વિશાળ, સોના-ચાંદી-હીરા-માણેક થી નિર્મિત થયેલી અને વૈડુર્યમણિમાંથી બનેલા દરવાજાવાળી આ નિધિઓ હોય છે, દરેક નિધિના પોત-પોતાના નામને તુલ્ય નાગકુમાર નિકાયના-અધિષ્ઠાયક દેવ હોય છે. જે દેવ અન્ય ૧૦૦૦ દેવો સહિત આ નિધિઓનું સાંનિધ્ય કરે છે. સામાન્ય પણ માણસ, જેને આ નિધિની પ્રાપ્તિ થાય તે સામાજિક, આર્થિક, રાજકીયાદિ તમામ ક્ષેત્રની વ્યવસ્થાનો જાણકાર અને વિશિષ્ટ સમૃદ્ધિવાળો બની શકે છે. વળી તે નિધાનો તે-તે અધિષ્ઠાયકના આવાસો જ છે તેમ શાસ્ત્રમાં બતાવ્યું છે.

पलिओवमड्डिइया निहिसरिनामा य तत्थ खलु देवा ।
जेसिं ते आवासा अक्केज्जा आहिवच्चाय ।।

તે-તે નિધિના અધિષ્ઠાયકો-સેવકતુલ્ય બની ચક્રવર્તીનું સાનિધ્ય કરે છે અને ચક્રવર્તીના આદેશ મુજબ પોતા-પોતાના નિધાનમાંથી જરૂરી સામગ્રી ચક્રવર્તીને મેળવી આપે છે.

**૧) નૈસર્પિક નિધિ** - ગામ-નગર-દેશ વગેરેનુ બંધારણ-રચના વગેરે કેવી રીતે કરવી તેની માહિતી મળે, અને સૂચિત કરાયેલા અધિષ્ઠાયક દેવો તમામ કાર્ય કરી પણ આપે.

**૨) પાંડુક નિધિ** - નાણા-મેય દ્રવ્યાદિ, ગણિતનું જ્ઞાન તથા વ્યવહાર અને અલગ-અલગ ધાન્યની પ્રાપ્તિ આમાંથી થાય.

**૩) પિંગલનિધિ** - પુરુષ-સ્ત્રી, હાથી-ઘોડા વગેરેના દાગીના જેમાંથી મળે તે.

**૪) સર્વરત્નનિધિ** - ચક્રવર્તીના ૧૪ રત્નો, અન્ય પણ ઉત્તમરત્નો અંગેની માહિતિ, તેનો સમાગમ વગેરે નિધિના (તેના અધિષ્ઠાયકોના) માધ્યમે થાય તે.

શાસ્ત્રમાં બતાવ્યું છે કે ચક્રવર્તીના ૧૪ રત્નોના ૧૪૦૦૦ અધિષ્ઠાયક દેવો હોય છે. મતલબ ૧ રત્નના ૧૦૦૦ અધિષ્ઠાયક દેવો. આવા દેવાધિષ્ઠિત રત્નો પણ આ નિધિમાંથી / નિધિના પ્રભાવે મલી શકે છે.

**૫) મહાપદ્મ નિધિ** - શ્વેત તથા રંગીન તમામ પ્રકારના વસ્ત્રો જેમાંથી મળે તે.

**૬) કાલ નિધિ** - વર્તમાન-ભૂતકાળ-ભવિષ્યકાળનું જ્ઞાન મળે અને અન્ય કૃષિ આદિ કળાઓની જાણકારી-વિધિ મળે.

**૭) મહાકાલ નિધિ** - લોખંડ-સીસુ આદિ ધાતુઓ તથા સ્ફટિક મણિ વગેરેની પ્રાપ્તિ આમાંથી થાય.

**૮) માણવક નિધિ** - યોદ્ધાઓ માટે યુદ્ધકળા, શસ્ત્રો, દંડાદિ નીતિઓની જાણકારી મળે, અને તે-તે સામગ્રી આ નિધિમાંથી મળે.

**૯) શંખ નિધિ** - સંગીત, નૃત્ય, વાજિંત્ર, કાવ્ય આદિની જાણકારી તથા તે-તે સાધનો પણ આમાંથી મળે.

G) યાદ આવે **ચમરેન્દ્ર**, પૂર્વના ભવમાં **પૂરણ** શ્રેષ્ઠી તરીકે જન્મી તાપસ દીક્ષા ગ્રહણ કરી, ૪ ખાનાવાળા પાત્રમાં ભિક્ષા લાવી સ્થળચર-ખેચર-

જળચરને ૩ ભાગ આપી ૪ થો ભાગ પોતાના માટે વાપરે... વર્ષો સુધી ઘોર તપશ્ચર્યા કરી... પરિણામે મૃત્યુ પામી ભવનપતિ-નિકાયના ઇન્દ્ર ચમરેન્દ્ર તરીકે ઉત્પન્ન થયા.

H) તો યાદ આવે **ઇશાનેન્દ્રનો** પૂર્વભવ, **તામલિ** તાપસ... તામલિ શ્રેષ્ઠીમાંથી પ્રાણામા નામની તાપસ દીક્ષા ગ્રહણ કરી, પ્રાણામા એટલે ચાહે સામે ઇન્દ્ર મળે કે કાગડો મળે, સૌને પ્રણામ કરવા તે... આવી દીક્ષા ગ્રહણ કર્યા બાદ છઠ્ઠનો તપ અને આતાપના સહન કરવાની, પારણે ૨૧ વાર ધોયેલા ભાત વાપરવાના... આવો ઘોર અજ્ઞાન તપ ૬૦,૦૦૦ વર્ષ સુધી ર્ક્યો. માર્ગાનુસારી મતિવાળા તે તાપસે જીવનના અંતે મહિનાનું અણસણ ર્ક્યું, તેમાં થયેલા સાધુના દર્શનથી સમકિતની પ્રાપ્તિ થઇ... અને અંતે સમાધિપૂર્વક કાળ કરી બીજા ઇશાનદેવલોકના માલિક ઇશાનેન્દ્ર બન્યો. **૬૦,૦૦૦ વર્ષનો અજ્ઞાન તપ પણ સમકિત અને વૈમાનિક દેવલોકના સુખને આપનારો થયો...** ઇશાનેન્દ્ર ૨૮ લાખ વિમાનનો અધિપતિ, મોટાભાગના વિમાનો અસંખ્ય યોજનના.

શાસ્ત્રમાં તો ત્યાં સુધીની વાત આવે છે કે તામલીના મરણ બાદ અસુરકુમાર દેવો દ્વારા તેના ડેડબોડીને (શબને) હેરાન કરાતા તે દેવોને પાઠ ભણાવવા ઉત્પન્ન થયેલા નવા ઇશાનેન્દ્રે પોતાના જન્મસ્થળ બીજા વૈમાનિક દેવલોકમાં રહીને જ રત્નપ્રભા પૃથ્વીની અંદર રહેલા અસુરદેવોના ભવન તરફ માત્ર ક્રોધયુક્ત દ્રષ્ટિ નાખી અને તે ભવનોમાં રહેલા દેવો અગ્નિમાં શેકાવા માંડ્યા... આવી વિશિષ્ટ શક્તિના **મૂળમાં હતો બાહ્ય-અભ્યંતર તપ.**

ચાહે **શાલિભદ્ર-અભયકુમાર-ધન્યકુમાર હોય,** દરેકના પૂર્વના ભવમાં સાધુને ગોચરી વહોરાવવા દ્વારા વૈયાવચ્ચ નામનો તપ જીવનમાં આદર્યો અને જે પુણ્યાનુબંધી પુણ્યનો વિસ્ફોટ થયો તે આપણને સૌને ખબર જ છે... યાદ કરો **ચંડકૌશિકને,** ૧૫ દિવસનો અણસણ-કાયક્લેશ - સંલીનતાનો તપ એક બાજુ, તો એક બાજુ આખા જીવન દરમ્યાન કરેલી ઘોર કત્લેઆમ... છતાંય **તપ જીત્યો,** તપના પ્રભાવે ૮ મો દેવલોક ચંડકોશીયાને મળી ગયો.

યાદ આવે **ગોશાળો...** મિથ્યાપ્રરૂપક... પોતાના ગુરુ તીર્થંકર પર તેજોલેશ્યા છોડનારો... પણ એણે **છેવટે પ્રાયશ્ચિત્ત નામનો તપ આદર્યો.** ૧૨ માં દેવલોકમાં પહોંચી ગયો.

આમ ક્યાંક અણસણનો તપ, ક્યાંક કાયક્લેશ નામનો તપ તો ક્યાંક વિનય-વૈયાવચ્ચાદિ તપો જીવનમાં વણાય તો તે **તપને આરાધનાર આત્માના જીવનમાં સુખનો, પુણ્યનો, ગુણોનો વિકાસ થયા વગર રહે નહીં. ચાહે પુણ્યનો ઉદય, તથા સુખની પ્રાપ્તિ ટેમ્પરરી (કામચલાઉ) હોય પણ એક વખત તો તમને-સંસારના દુઃખમાંથી મુક્તિ અપાવીને જ રહે**, આનું નામ જ તપ, આવો Problem Shooter તપ આપણા જીવનમાં પણ સમ્યગ્ રીતે આવીને રહે તેવો પ્રયત્ન કરવો જોઇએ.

## તપના ભેદ

કર્મબંધનના કારણોમાં અવિરતિને ખૂબ મોટું પાપ બતાવ્યું છે. હિંસા-જૂઠ-ચોરી-અબ્રહ્મનું સેવન-પરિગ્રહ આ પાંચ અવ્રત તથા છઠ્ઠું રાત્રિભોજન, પાંચ ઇન્દ્રિયો અને મન પરનો અકાબુ (ઇન્દ્રિયોના વિષયોમાં રાગ-દ્વેષ) આ ૧૨ અવિરતિના પ્રકાર છે. જેને કારણે સતત કર્મોનું આત્મા સાથે જોડાણ થાય છે અને તેના પ્રભાવે જીવ સંસારમાં પરિભ્રમણ કરે છે, બાહ્ય-અભ્યંતર તપ ઇન્દ્રિયોના વિષયોના ભોગવટાને જ અટકાવે છે, માટે અંદરનો રાગ-દ્વેષ ઘટતો જાય છે. પરિણામે આશ્રવમાં ઘટાડાની સામે નિર્જરામાં વધારો, પરિણામે જીવનું મુક્તિગમન ઝડપી થાય છે, માટે જ તપના પ્રત્યેક ભેદની વિશેષ સમજ જરૂરી છે, મુખ્યતયા તપના બે ભેદ છે.

**૧) બાહ્ય તપ** - શરીરને કષ્ટ આપવા દ્વારા દેહાધ્યાસ તૂટે અને આત્મા તપે જેથી આત્મા પરના કર્મો દુર થાય.

**૨) અભ્યંતર તપ** - અભ્યંતર ગુણોનો ઉઘાડ કરવા દ્વારા કર્મોને સંપૂર્ણપણે આત્મા પરથી દૂર કરે.

આ બન્નેના પાછા ૬-૬ ભેદ પડે છે, તે નીચે મુજબ છે.

**૧) બાહ્યતપ** - (A) અણસણ (B) ઊણોદરી (C) વૃત્તિસંક્ષેપ (d) રસત્યાગ (e) કાયક્લેશ (f) સંલીનતા.

**૨) અભ્યંતર તપ** - (A) પ્રાયશ્ચિત્ત (B) વિનય (C) વૈયાવચ્ચ (d) સ્વાધ્યાય (e) ધ્યાન (f) કાયોત્સર્ગ.

આમ, કુલ ૧૨ તપમાંનો સૌ પ્રથમ તપ અને આપણને સૌથી પરિચિત તપ અણસણનો છે, હાલ વર્તમાનમાં મોટા ભાગના જીવો અણસણને જ

તપ તરીકે માને છે, પણ તેના પણ ઉત્તરભેદો ઘણા છે, તો હવે અણસણ નામના તપને વિશેષ રીતે સમજવાનો પ્રયત્ન આપણે કરીએ.

**૧) અણસણ - न अशनं = अनशनं = अणसणं,** = અશન એટલે ખાવું, જેમાં ખાવાનો ત્યાગ કરાય તેને કહેવાય અણસણ, માત્ર ખોરાક નહીં પણ असणं (અશન), पाणं (પાણી) खाइमं (ખાદિમ-મુખવાસાદિ) साइमं (સ્વાદિમ - ફ્રૂટ્સાદિ) મતાંતરે खादिमं (ફળ આદિ) स्वादिमं (મુખવાસ આદિ) ચાર પ્રકારના આહારમાંથી કોઇ પણ ૧,૨,૩ કે ૪ આહારનો અમુક કાળ માટે સંપૂર્ણ અથવા થોડો થોડો પણ ત્યાગ કરાય તેને અણસણ નામનો તપ કહે છે... તેના મુખ્ય બે ભેદ છે.

(૧) ઇત્વરકાલિક અણસણ

(૨) યાવત્કાલિક અણસણ

**૧) ઇત્વરકાલિક અણસણ** - પરમાત્માએ સર્વજ્ઞતાના પ્રકાશમાં જીવોની પાત્રતાનું વૈવિધ્ય જોયું, તેમજ દોષો અને તેના-વિપાકોનું પણ વૈવિધ્ય જોયું. આસક્તિ આદિ દોષો અલગ અલગ પદ્ધતિએ જીવને પોતાની જાળમાં ફસાવે છે, ત્યારે સર્વદા-સર્વતઃ કર્મસત્તાની સામે લડવા લાચાર જીવો ક્વચિત્-ક્વંચિત્ લડવા દ્વારા કર્મસત્તાના જોરને નબળું પાડતા જાય અને પરંપરાએ સર્વદા-સર્વતઃનો જંગ ખેલી મુક્તિસુખને પ્રાપ્ત કરે, તેવા શુભાશયથી પરમાત્માએ પચ્ચક્ખાણ (આસક્તિને કાબુમાં રાખતી વિરતિ) ૧૦ પ્રકારના બતાવ્યા. આમાં, અમુક નિયત સમય માટે અલગ-અલગ પદ્ધતિથી શરીરને કષ્ટ આપવું, ઇન્દ્રિયોને અનુકૂળ વિષયોથી દૂર રાખવી-પ્રતિકૂળ વિષયોથી ટેવાડવી વગેરે વગેરે સાધના કરવાની હોય છે. તે ૧૦ પ્રકારના પચ્ચક્ખાણ નીચે મુજબ છે.

**૧-૨) અનાગત-અતિક્રાંત તપ** - ક્યારેક વ્યવહારમાં કોઇના લગ્ન આદિમાં જવાનું હોય પણ સાંયોગિક પરિસ્થિતિને લીધે જઇ શકો તેમ ન હોય, તો લગ્ન પૂર્વે કે લગ્ન પછી ૪-૫ દિવસમાં મળી આવશો, તેવી જ રીતે સંઘની કોઇ વિશિષ્ટ જવાબદારી, સાંયોગિક-શારીરિક પ્રતિકૂળતાને લીધે તપાદિ સાધના ઉચિત સમયે થઇ શકે તેમ ન હોય, ત્યારે સાપેક્ષતા ટકાવવા તે તપ આગળ કે પાછળ કરી લેવો જોઇએ.

**અનાગત** = યોગ્ય સમયથી પહેલા તપ કરી લેવો.

**અતિક્રાંત** = સમય વીત્યા પછી તપ કરવો.

૩) **કોટિસહિત** - જે તપમાં બે તપના છેડા પરસ્પર એકબીજાને મળે તે... એટલે કે એક તપનો અંત અને બીજા તપની શરુઆત બન્ને ભેગા થયા તે કોટિસહિતનો તપ કહેવાય છે. તેના પણ બે ભેદ છે.

**(a) સમકોટિ** - પૂર્વેના ઉપવાસ સાથે વર્તમાનના ઉપવાસનું જોડાણ, પૂર્વેના આયંબિલ સાથે વર્તમાનના આયંબિલનું જોડાણ. તાત્પર્ય એ છે કે પ્રથમ ઉપવાસની પૂર્ણતાએ બીજો ઉપવાસ કરે. પ્રથમ આયંબિલની પૂર્ણતાએ બીજું આયંબિલ કરે... આમ, **પ્રથમ દિવસનો જે તપ હોય, તે જ તપ બીજા દિવસે ફરી થાય તો સમકોટી.**

**(b) વિષમકોટિ** - પ્રથમ ઉપવાસની પૂર્ણતાએ આયંબિલ-એકાસણા આદિ કરે. પ્રથમ આયંબિલની પૂર્ણતાએ ઉપવાસ-એકાસણા આદિ કરે. તાત્પર્ય છે કે **પ્રથમ દિવસ કરતા બીજા દિવસનો તપ અલગ હોય તે વિષમકોટિ.**

૪) **નિયંત્રિત - 'અમુક દિવસે અમુક તપ કરવો'** એવો નિશ્ચય કર્યા પછી ગમે તેવા પ્રતિકૂળ સંયોગોમાં પણ એ દિવસે એ તપ કરવો જ તે. જિનકલ્પી અને ૧૪ પૂર્વધરોના કાળમાં પ્રથમ સંઘયણી આ પચ્ચક્ખાણ કરતા હતા, હાલમાં તેનો વિચ્છેદ થયો છે. આના પરથી સાબિત થાય છે કે "**જ**"**કાર-પૂર્વકના ઉત્સર્ગના સેવન માટે શારીરિક તથા માનસિક બન્ને શક્તિઓ અતિ-આવશ્યક છે. હાલ બન્ને પાવર ઘટ્યા, માટે આ તપનો વિચ્છેદ થયો છે.**"

૫) **અદ્ધા પચ્ચક્ખાણ** - સમયની, કાળની મર્યાદાવાળુ પચ્ચક્ખાણ-તેના પણ ૧૦ ભેદ છે.

**a) નવકારશી** - સૂર્યોદય પછી બે ઘડી (૪૮ મિનીટ) પૂર્ણ થયે નવકાર ગણી પ્રતિજ્ઞા પાળવી તે...

નારકીનો જીવ નરકમાં જઇ ૧૦૦ વર્ષ સુધી પરમાધામી દ્વારા કરા-યેલી ઘોર વેદના જેવીકે કરવતથી છેદાવું, આગથી શેકાવું, ગરમ ધૂળથી ભુંજાવું... વગેરે ભોગવે, તેનાથી જે કર્મો ખપે, તેટલા કર્મો પ્રતિજ્ઞાપૂર્વક ૪૮ મિનીટ સુધી ૪ આહારનો ત્યાગ કરવાથી ખપે છે... ઉત્તમ સ્વાદ, ઉત્તમ રૂપ, ઉત્કૃષ્ટ ગંધ અને કોમળ સ્પર્શવાળા ભોજન-પાણીના દ્રવ્યો નજર સામે હોય અને પોતાનું શરીર તથા મન આ બધા પદાર્થોના ભોગવટા માટે સજ્જ હોય, પણ સૂર્યોદય પૂર્વે જ નક્કી થઇ જાય કે-હે જીવ ! પરમાત્માએ ૬ મહિનાનો

તપ કરવા કહ્યું-લગાતાર ૬ મહિના સુધી શરીર-મન બન્નેને અનુકૂળ ભોજનાદિ સામગ્રીના ભોગવટાથી દૂર રાખવા કહ્યું છે, પણ તારું એટલું સત્ત્વ નથી, તો ક્રમસેક્રમ ૫-૪-૩-૨-૧-મહિના સુધી, અરે ! તેટલું ય નહીં તો ૧૬-૮-૩-૧-ઉપવાસ સુધી અને છેવટે આયંબિલ-એકાસણુ-પુરિમુડ્ઢ... એ પણ નહીં તો છેવટે નવકારશી સુધી તો તારા શરીરની જરૂરિયાત અને મનની આસક્તિ પર કાબુ મૂક... આવી ઉત્તમ ભાવનાથી ૪૮ મીનિટ સુધી ૪ આહારનો ત્યાગ, તે સાચી નવકારશી... ૪૮ મિનિટ સુધી ઇન્દ્રિયોને અનુકૂળ વિષયો નહીં આપવા માટે ફોરવાતું જીવનું વિશિષ્ટ સત્ત્વ જેટલું શક્તિશાળી છે, તેટલું જ દુર્લભ પણ છે... ૪૮ મિનિટ માટે વિષયોના Attraction પરનો કાબુ ૧૦૦ વર્ષના કર્મ ખપાવે, મતલબ ૧ મિનિટ માટે વિષયોના Attraction પરનો કાબુ લગભગ કંઇક અધિક ૨ વર્ષ નારકીમાં રહીને ભોગવવાના દુ:ખોનો નાશ કરે છે... જીવના પ્રચંડ સત્ત્વની તાકાત કેટલી બધી ઉત્કૃષ્ટ થઇ. અથવા તો જીવનો વીતરાગપણાનો પ્રગટ થતો સ્વભાવ કેટલો બધો શક્તિશાળી થયો...! બીજું કે આ, સામાન્ય બની ગયેલી નવકારશીની પ્રતિજ્ઞા કેટલી બધી દુર્લભ છે ? દેવતા દ્વારા કરાયેલી પરીક્ષામાં પાસ થવાથી જેના સમકિત પર નિર્મળતાની મહોરછાપ થઇ હતી, તીર્થંકર ભગવંતો પ્રત્યેના અતૂટ શ્રદ્ધાભાવ અને ઉછળતા અહોભાવથી જેણે તીર્થંકર નામકર્મ નિકાચિત કરેલું તેવા પણ શ્રીકૃષ્ણ મહારાજા, શ્રેણિક આદિ કર્મનિર્જરા કે આત્મકલ્યાણ માટે નવકારશી જેટલું પચ્ચક્ખાણ કરી ન'તા શકતા... આ જ સાબિત કરે છે **નવકારશી આદિ પ્રતિજ્ઞા કરવા વિશિષ્ટ સત્ત્વ જેમ જરૂરી છે, તેવી જ રીતે કર્મનો વિશિષ્ટ ક્ષયોપશમ અને વિશિષ્ટ પુણ્યોદય પણ જરૂરી છે...** નવકારશીમાં જો આટલું પુણ્ય અને સત્ત્વ જોઇએ તો પોરિસિ... આયંબિલ... ઉપવાસાદિમાં તો અસંખ્યગણુ વધુ પુણ્ય-સત્ત્વ જરૂરી છે, માટે સહજ રીતે મળી ગયેલા આ પચ્ચક્ખાણોની-તપોની મહત્તા અને દુર્લભતા સમજીને તા યથોક્ત આચરણ માટે ઉલ્લસિત બનવું જોઇએ.

**b) પોરિસિ તથા સાઢપોરિસિ** - સૂર્યોદયથી ૧ પ્રહર અથવા ૧.૫ પ્રહર સુધી ખાદ્ય-પેય પદાર્થોના ભોગવટાનો ત્યાગ તે પોરિસિ તથા સાડ્ઢપોરિસિ નામનો તપ થયો.

અત્રે પ્રહર એટલે સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીના સમયનું અંતર મેળવી તેના ૪ ભાગ કરતા જેટલો સમય આવે, તે પ્રહર કહેવાય... ઉદા. સૂર્યોદય - ૬.૩૦ મિનીટ છે અને સૂર્યાસ્ત - ૬.૩૦ નો છે, તો બન્ને વચ્ચેનો સમયગાળો ૧૨ કલાક આવે... આને ૪ વડે ભાગતા પ્રહર નું માપ ૩ કલાક થાય, માટે સૂર્યોદય + પ્રહર = પોરિસી = ૬.૩૦ + ૩.૦૦ = ૯.૩૦ વાગે પોરિસી આવે અને સૂર્યોદય + ૧.૫ પ્રહર = સાઢપોરિસી = ૬.૩૦ + ૪.૩૦ = ૧૧.૦૦ વાગે સાઢપોરિસિ આવે. સૂર્યોદય-સૂર્યાસ્તનો સમય બદલાતા પ્રહરનું માપ નાનું-મોટું થાય અને તે મુજબ પોરિસિ આદિ પચ્ચક્ખાણના સમય પણ બદલાય... વળી શાસ્ત્રમાં **પાણીનો કાળ પણ** જે બતાવ્યો છે તે ઉપરોક્ત પદ્ધતિ મુજબ જ ગણવામાં આવે છે.

**C) પુરિમઢ્ઢ-અવઢ્ઢ** - સૂર્યોદયથી ક્રમશઃ ૨ પ્રહર (મધ્યાહ્ન) સુધી તથા ૩ પ્રહર સુધી આહારત્યાગનું પચ્ચક્ખાણ.

**d) એકાશન** - નિશ્ચલ બેઠકથી (એકવાર બેઠા પછી જેમાં ઊઠવાનું ન આવે તે) એકવાર ભોજન કરવું તે, ભોજન બાદ તિવિહાર કે ચોવિહારના પચ્ચક્ખાણ કરવાના... શાસ્ત્રમાં ઉત્સર્ગમાર્ગે સાધુઓને રોજ ફરજિયાત એકાસણું (एगभत्तं च भोयणं) કરવાનું કહ્યું છે.

**C) એકલઠાણું** - ભોજનના ટંકમાં એકાસણા જેવી જ મર્યાદા, માત્ર એકાસણામાં સામાન્ય પગ-શરીર આદિનું હલન-ચલન થાય તેની છૂટ હતી, પણ આમાં માત્રને માત્ર જમણો હાથ અને મુખ સિવાય એક પણ અંગોપાંગ હલાવાય નહીં-વાપર્યા બાદ ચોવિહાર કરવાનો રહે.

અત્યાર સુધીની આરાધનાને શાસ્ત્રમાં વ્યવહારતપ કહ્યો-રોજિંદા કર્તવ્યસ્વરૂપે કહ્યો, હવેથી શરૂ થતા આયંબિલ આદિને વાસ્તવિકતામાં તપ તરીકે નવાજ્યો છે.

**f) આયંબિલ તથા વિગઇ** - વાપરવાનું એકજ ટંક, પણ તેમાં ય વિગઇઓનો ત્યાગ કરવો... વિગઇ એટલે શરીરને પુષ્ટિ આપનાર ખાદ્ય દ્રવ્યો. વધુ પડતી વિગઇના સેવનથી જીવનું મન મલિન થાય છે અને જીવ દુર્ગતિ તરફ પ્રયાણ કરી દે છે... આવી વિગઇઓ ૧૦ છે, જેમાંથી મધ-માખણ-માંસ અને દારુ આ ચારને મહાવિગઇ કહે છે, તેનું બંધારણ જ અનેક જીવોની હિંસાથી બને છે, વળી જેના ભોગવટામાં જીવનો સ્વભાવ-શરીર વગેરે બધું જ

બગડે છે, માટે આ ૪ નો સદંતર-આજીવન ત્યાગ કરવો જોઇએ અને બાકીની ૬ વિગઇ જેવી કે દૂધ-દહીં-ઘી-ગોળ-તેલ-કડાવિગઇ (તળેલી વસ્તુ), આનો પણ યથાશક્ય ત્યાગ કરવો જોઇએ. આયંબિલ એટલે જેમાં ૬ વિગઇ + લીલોતરીનો સંપૂર્ણ ત્યાગ કરવાપૂર્વક એક જ વાર સાવ લુખ્ખુ-સુકું ભોજન હોય.

આ તપનો મહિમા શાસ્ત્રમાં ઘણો બતાવ્યો છે, કોઇ પણ કાર્ય હોય, મંગલ તરીકે આયંબિલ કરવામાં આવે છે,

**- મનના વિકારો શાંત કરવા છે તો ઉપાય છે આયંબિલ નો તપ.**

**- મલિન દેવતાઓને વશ કરવા છે, તો ઉપાય છે આયંબિલનો તપ.**

**- સારા દેવતાઓને પ્રસન્ન કરવા છે, તો ઉપાય છે આયંબિલનો તપ.**

**- કાર્યની પૂર્ણાહૂતિ નિર્વિઘ્ને થાય તેવું ઇચ્છો છો, ઉપાય છે આયંબિલનો તપ.**

સાંભળવા તો ત્યાં સુધી મળે છે કે કોઇ બાળકને જન્મથી આયંબિલનો તપ કરાવાય તો ગમે તેવો સાપ કરડે, તેને કાંઇ થતું નથી અને તેવો તપસ્વી આત્મા યુગપ્રભાવક આચાર્ય બને છે.

**g) વિગઇ** - ૪ મહાવિગઇનો સદંતર ત્યાગ અને બાકીની ૬ માંથી યથાશક્તિ ત્યાગ કરવાપૂર્વક કરાતું પચ્ચક્ખાણ વિગઇપ્રતિજ્ઞા તરીકે પ્રસિદ્ધ છે... આ ઉપરાંત વિગઇનું રૂપાંતરણ કરી નીવી નામનો તપ પણ ઉપધાનાદિમાં કરાવાઇ રહયો છે.

આજે પણ આજીવન આયંબિલ કરનારા મહાત્માઓ વિદ્યમાન છે, તો ઢગલાબંધ જીવો નવપદજીની ઓળી, વર્ધમાનતપની ઓળીના આલંબને આયંબિલનો તપ જીવનમાં ઉલ્લાસથી આદરી રહયા છે.

**h) ઉપવાસ** - ૪ પ્રકારના કે ૩ પ્રકારના આહારનો સંપૂર્ણપણે ત્યાગ... એટલે કે સુર્યોદયથી બીજા દિવસના સૂર્યોદય સુધી ૪ પ્રકારના આહારનો ત્યાગ તે ચોવિહાર ઉપવાસ અને ૩ પ્રકારના આહારનો ત્યાગ તે તિવિહાર ઉપવાસ...

આ ઉપરાંત ૨ ઉપવાસ, ૩ ઉપવાસ, ૮ ઉપવાસ, ૧૬ ઉપવાસ સુધીના પચ્ચક્ખાણ એક સાથે લઇને પણ તપશ્ચર્યા કરાય છે, ૩૦-૪૫-૬૮-૧૦૮, ૧૮૦ સુધીના ઉપવાસ વગેરેની પણ તપશ્ચર્યા થાય છે, આ ઉપરાંત ઉપવાસ-બિયાસણું-એકાસણું-આયંબિલ વગેરે તપો ભેગા થઇને સિદ્ધિતપ, શ્રેણિતપ, વર્ષીતપ, કષાયજય તપ વગેરે વિશિષ્ટ તપો પણ લોકો ઉલ્લાસથી આચરે છે, જેની detail પરિશિષ્ટ ૨ માં આપેલ છે, ઋષભદેવ ભગવાનના

કાળમાં ૧૨ મહીનાના, ૨૨ તીર્થંકરોના કાળમાં ૮ મહિના અને પ્રભુવીરના શાસનમાં ૬ મહિનાના ઉપવાસ રાજમાર્ગથી ઉત્કૃષ્ટથી કરવાની છુટ શાસ્ત્રમાં આપેલી છે.

**i) ચરિમતપ** - આના બે ભેદ છે, દિવસના છેલ્લા ભાગનું, એટલેકે સૂર્યાસ્ત પૂર્વે ૧ મુહૂર્ત (૪૮ મિનિટ) પહેલા લઇ લેવાનું પચ્ચક્ખાણ... જેમાં તિવિહાર (૩ આહારનો ત્યાગ) અને ચોવિહાર (૪ આહારનો ત્યાગ) નો સમાવેશ થાય... આ બન્ને પ્રતિજ્ઞા દિવસચરિમં (દિવસના છેલ્લા ભાગે લેવાતું હોવાથી) ના નામે ઓળખાય છે, આ ઉપરાંત જીવનને છેવાડે સંલેખના સમયે અથવા સર્વવસ્તુ વોસિરાવવાના સમયે લેવાતું પચ્ચક્ખાણ ભવચરિમંના નામે ઓળખાય છે.

**j) અભિગ્રહ તપ** - દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના અભિગ્રહપૂર્વક કરાતો તપ જે મુખ્યતયા વૃત્તિસંક્ષેપની અંતર્ગત આવે છે.

આ ૧૦ અદ્ધા પચ્ચક્ખાણ છે... તેમાં નવકારશી - ૧૦૦ વર્ષ, પોરિસિ - ૧૦૦૦ વર્ષ, સાઢપોરિસિ - ૧૦,૦૦૦ વર્ષ... એમ આગળ આગળ સમજવું. ઉપવાસથી ૧૦ હજાર કરોડ વર્ષ, છઠ્ઠથી લાખ કરોડ વર્ષ... સુધી નરકમાં ઘોર વેદના ભોગવી ખપાવાતા કર્મનો ક્ષય થાય છે.

**૬-૭) અનાગાર-સાગાર તપ** - એક વખત તપનું પચ્ચક્ખાણ (પ્રતિજ્ઞા) થઇ ગયું, પણ સંયોગોની વિષમતા, કર્મો તથા પ્રમાદની વિચિત્ર-તાને લીધે પ્રતિજ્ઞા લેતી વખતે જ અમુક આગાર (છૂટ) ધારવામાં આવે છે, તો તે છૂટપૂર્વકનું તેમજ છૂટરહિતનું પચ્ચક્ખાણ આમાં સમાવિષ્ટ થાય છે... તે માટે જરૂરી બાવીશ આગાર જાણી લઇએ, મોટેભાગે નવકારશીથી માંડી એકાસણુ-બિયાસણું-આયંબિલ-ઉપવાસાદિમાં આ લાગુ પડે છે... પચ્ચક્ખાણ (પ્રતિજ્ઞા) બદલાય તેમ તેને અનુસારે છૂટ પણ બદલાય છે.

નવકારશીની પ્રતિજ્ઞામાં ૨, પોરિસિ-સાઢપોરિસિમાં ૬, પુરિમુઢ્ઢ-અવડ્ઢ માં ૭, એકાસણા-બિયાસણામાં ૮, આયંબિલ-નિવીમાં ૮ અથવા ૯, ઉપ-વાસ માં ૫, ઉકાળેલા પાણીની પ્રતિજ્ઞામાં ૬ આગાર હોય છે. આ બધાને ભેગા કરતા કુલ આગાર ૨૨ બને છે... જેની વિશેષ માહિતિ પચ્ચક્ખાણ ભાષ્યમાંથી મળે છે, માત્ર દિગ્દર્શન પૂરતું અત્રે જણાવ્યું છે.

# ૨૨ આગારો

**૧) અનાભોગેણં** - જેનું પચ્ચક્ખાણ છે તેવી વસ્તુ ભૂલથી મુખમાં નંખાઇ જાય અને યાદ આવતા તુરંત મુખમાંથી કાઢી નાખે તો પચ્ચક્ખાણનો ભંગ ન થાય.

**૨) સહસાગારેણં** - અચાનક અણચિંત્યું મુખમાં કંઇક પડી જાય (છાશ વલોવતા મુખમાં છાંટો પડી જાય, પચ્ચક્ખાણ હોય અને રસોઇ બનાવતા છાંટો ઊડી મોંમાં જાય...) તો પચ્ચક્ખાણનો ભંગ ન થાય.

**૩) પચ્છન્નકાલેણં** - મેઘ, ધૂળ, પર્વત વગેરેથી સૂર્ય ઢંકાયેલો હોય ત્યારે પોરિસી વગેરે આવી ગઇ એમ માની પોરિસીના સમય પૂર્વે જ વાપરે તો પચ્ચક્ખાણ ન ભાંગે. પોરિસી વગેરેનો સમય નથી થયો એવો ખ્યાલ આવતા અડધું વાપર્યું હોય તો પણ પચ્ચક્ખાણનો સમય થાય ત્યાં સુધી તેમજ બેઠા રહેવું. સમય થયા પછી વાપરવું. સમય નથી થયો એવું જાણ્યા છતાં વાપરે તો પચ્ચક્ખાણ ભાંગે.

**૪) દિસામોહેણં** - ભૂલથી પૂર્વને પશ્ચિમ (એવી જ રીતે પશ્ચિમને પૂર્વ) સમજી પોરિસી વગેરે પચ્ચક્ખાણના સમય પહેલા જ પચ્ચક્ખાણનો સમય થઇ ગયો એમ જાણી ભૂલથી વાપરે તો પચ્ચક્ખાણ ન ભાંગે. સાચી વાતનો ખ્યાલ આવતા અડધું વાપર્યું હોય તો પણ સમય ન થાય ત્યાં સુધી તેમજ બેઠા રહેવું, સમય થયા પછી જ વાપરવું.

**૫) સાહુવયણેણં** - મુનિનું 'ઉગ્ઘાડાપોરિસી' (પાત્રા પડિલેહણનો સમય થઇ ગયો છે) વગેરે વચન સાંભળીને પોરિસી વગેરે પચ્ચક્ખાણનો સમય થઇ ગયો એમ સમજી સમય પૂર્વે જ વાપરે તો પણ પચ્ચક્ખાણ ન ભાંગે, વાપરતા સાચી વાતનો ખ્યાલ આવે અથવા બીજું કોઇ કહે તો પૂર્વવત્ તેમજ બેઠા રહેવું.

આ ત્રણે આગાર પૂર્વના કાળમાં વિશેષે સંભવિત હતા, કારણ કે પૂર્વના કાળમાં સૂર્યનું આકાશમાં સ્થાન અને તેના દ્વારા વ્યક્તિના પડછાયાની લંબાઇ પરથી સમય નક્કી થતો, તે મુજબ પચ્ચક્ખાણ થતું. હવે ઘડીયાળ પરથી નિર્ણય થવાથી ઉપરોક્ત આગારનો વધુ ઉપયોગ થતો નથી.

**૬) સવ્વસમાહિવત્તિયાગારેણં** - અત્યંત દુર્ધ્યાનને લઇ દુર્ગતિમાં

જવાનું ન થાય તે માટે દુર્ધ્યાન અટકાવવા ઔષધાદિ લેવા માટે સમય પહેલા પચ્ચક્ખાણ પારે અથવા તેવી પીડા પામતા સાધુ વગેરે ધર્મી આત્માઓનું ઔષધાદિ કરવા જનાર વૈદ્ય વગેરે પણ જો અપૂર્ણકાળે પોરિસી વગેરે પચ્ચક્ખાણ પારે તો પચ્ચક્ખાણનો ભંગ ન થાય.

**૭) મહત્તરાગારેણં** - પચ્ચક્ખાણથી થતી નિર્જરાની અપેક્ષાએ જેમાં ઘણી મોટી નિર્જરા થતી હોય તેવું સંઘનું અથવા દેરાસરનું અથવા ગ્લાનમુનિ વગેરેનું કોઇ મોટું કાર્ય આવી પડયુ હોય અને તે કાર્ય બીજા કોઇથી અસાધ્ય હોય તો તેવા પ્રસંગે પોરિસી વગેરે પચ્ચક્ખાણનો સમય પૂર્ણ થતા પૂર્વે વાપરીને જાય તો પણ પચ્ચક્ખાણ ન ભાંગે.

**૮) સાગારિયાગારેણં** - સાધુ વાપરતા હોય ત્યારે કોઇ ગૃહસ્થ આવી જાય તો જો તે જતો રહેશે એમ લાગે તો એકાદ ક્ષણ રાહ જોવી, જો તે ત્યાં જ ઊભો રહે કે બેસે તો સાધુ સ્વાધ્યાયવ્યાઘાત વગેરેના ભયથી ઊભા થઇ અન્યત્ર જઇ વાપરે તો પણ એકાશનાદિ પચ્ચક્ખાણ ન ભાંગે, શ્રાવકની અપેક્ષાએ જેની અશુભ નજર લાગે એવા અન્ય ગૃહસ્થ વગેરે આવી જાય (કે સર્પ, અગ્નિ, પુર, ઘર પડવું વગેરે પ્રસંગો આવી પડે) તો એકાશનાદિમાં વચ્ચે ઉઠી અન્યત્ર જઇ વાપરે તો પણ પચ્ચક્ખાણ ન ભાંગે.

**૯) આઉંટણપસારેણં** - એકાશનાદિ પચ્ચક્ખાણમાં હાથ-પગ વગેરે અવયવો લાંબા સમય સુધી સ્થિર ન રાખી શકે તો તેને પસારે કે સંકોચે (લાંબા-ટૂંકા કરે-હલાવે) ત્યારે સહેજ આસન ચલાયમાન થાય તો પણ પચ્ચક્ખાણનો ભંગ ન થાય.

**૧૦) ગુરુઅબ્ભુટ્ઠાણેણં** - ગુરુ કે વડિલ પ્રાઘુર્ણક (વિહાર કરીને આવેલા મહેમાન સાધુ) સાધુ પધારે ત્યારે વિનય સાચવવા ઉભા થતા પણ એકાશનાદિ પચ્ચક્ખાણનો ભંગ ન થાય.

**૧૧) પારિટ્ઠાવણિયાગારેણં** - આ આગાર સાધુઓને જ હોય છે. વિધિગૃહિત અને વિધિભુક્ત આહારમાંથી વધતા જો પરઠવે તો બહુ દોષ સંભવતો હોવાથી ગુરુઆજ્ઞાથી ઉપવાસવાળા અને એકાશનાદિવાળા સાધુ એકાશનાદિ કર્યા બાદ ફરી આહાર વાપરે તો પણ ઉપવાસ કે એકાશનાદિ પચ્ચક્ખાણનો ભંગ ન થાય.

આ આગાર એકાશનથી અટ્ઠમ સુધીના-પચ્ચક્ખાણમાં હોય. તેથી આગળ (૪ ઉપવાસ વગેરે) ના પચ્ચક્ખાણમાં આ આગાર ન હોય.

**૧૨) ચોલપટ્ટાગારેણં** - જિતેન્દ્રિય મહામુનિઓ અમુક પ્રસંગે વસ્ત્રનું પણ અભિગ્રહ પચ્ચક્ખાણ કરે છે. તેવા મુનિ વસ્ત્રરહિત થઇ બેઠા હોય અને તે સમયે જો કોઇ ગૃહસ્થ આવે તો ઉઠીને તુરંત ચોલપટ્ટો પહેરી લે તો તે જિતેન્દ્રિય મુનિને વસ્ત્ર અભિગ્રહ પચ્ચક્ખાણનો ભંગ ન થાય.

**૧૩) લેવાલેવેણં** - અકલ્પનીય દ્રવ્યથી ખરડાયેલી કડછી (ચમચા) કે ભાજનને લૂછવા છતા સર્વથા અલેપ નથી થતું પણ લેપાલેપ રહે છે. એનાથી કે એમાંથી વહોરાવેલ આહાર વાપરતા આયંબિલ તથા નીવિના પચ્ચક્ખાણ-નો ભંગ ન થાય.

**૧૪) ગિહત્થસંસટ્ઠેણં** - શાક, કરંબો વગેરે વઘારવાથી કંઇક લેપ-વાળી થયેલી હથેલી રોટલી વગેરેના લુવામાં ઘસીને ગૃહસ્થે પોતાની માટે બનાવેલી વસ્તુ મુનિને નીવી-આયંબિલમાં કલ્પે. સ્પષ્ટ રસ અનુભવવામાં આવે તો ન કલ્પે. આ આગાર મુનિને જ છે.

**૧૫) ઉક્ખિત્તવિવેગેણં** - રોટલી વગેરે પર પડેલો ગોળ વગેરે પિંડ-વિગઇ ઉપાડી લઇ દૂર કરે, છતાં કંઇક અંશ રહી જાય તો તે રોટલી વગેરે વાપરતા આયંબિલાદિના પચ્ચક્ખાણનો ભંગ ન થાય. ઉપાડ્યા પછી પણ એ વિગઇનું પ્રમાણ વિશેષથી રહે, તો તે કલ્પે નહીં. આ આગાર મુનિને જ હોય છે.

**૧૬) પડુચ્ચમક્ખિએણં** - નીવીમાં ન કલ્પે તેવી ઘી વગેરે વિગઇનો હાથ રોટલી વગેરેની કણેકાદિમાં દઇ બનાવેલી-રોટલી વગેરે વાપરતા નીવીના પચ્ચક્ખાણનો ભંગ ન થાય. સૂક્ષ્મ પણ ધાર રેડીને કણેકાદિ મસળ્યા હોય તો પચ્ચક્ખાણનો ભંગ થાય જ. આ આગાર નીવીમાં જ હોય છે અને મુનિને જ હોય છે.

**૧૭) લેવેણ વા** - તિવિહાર ઉપવાસાદિના પચ્ચક્ખાણમાં શુદ્ધ પાણી ન મળે અને ઓસામણનું પાણી-રાંધેલા અનાજનું ધોવણ અને દાણા વિનાનું નિતર્યું પાણી, ખજૂરનું પાણી, આમલીનું પાણી, દ્રાક્ષનું પાણી વગેરે મળે કે જેમાં-ત્યાગેલા અશનાદિની રજકણો હોય તો તેવું પાણી કારણસર વાપરતા પચ્ચક્ખાણનો ભંગ ન થાય. તે પાણી ભાજનને કંઇક ચીકણું કરે માટે લેપ-કૃત પાણી કહેવાય.

**૧૮) અલેવેણ વા** - શુદ્ધ પાણીના અભાવે કારણસર છાશની આછ વગેરે અલેપકૃત પાણી તિવિહાર ઉપવાસાદિના પચ્ચક્ખાણમાં વાપરે તો પણ

પચ્ચક્ખાણનો ભંગ ન થાય. તે પાણી ભાજનને ચીકણું નથી કરતું, માટે અલેપકૃત પાણી કહેવાય.

**૧૯) અચ્છેણ વા** - ત્રણ ઉકાળાવાળુ નિર્મળ જળ, ફળાદિના ધોવણ, ફળાદિના નિર્મળ અચિત્ત જળ વાપરવાથી તિવિહાર ઉપવાસાદિના પચ્ચક્ખાણનો ભંગ ન થાય. તિવિહાર ઉપવાસાદિમાં મુખ્યતયા (આજના કાળે) ત્રણ ઉકાળા-વાળું નિર્મળ પાણી જ વપરાય છે.

**૨૦) બહુલેવેણ વા** - બહુલજળ એટલે તલનું ધોવલ, તંદુલનું ધોવણ વગેરે. તેવું બહુલજળ વાપરવાથી તિવિહાર ઉપવાસાદિના પચ્ચક્ખાણનો ભંગ ન થાય.

**૨૧) સસિત્થેણ વા** - સિત્થ = દાણો. તે સહિત જળ તે સસિત્થ જળ. રંધાયેલો દાણો રહી ગયો હોય તેવું ઓસામણ વગેરે પાણી, તલનું ધોવણ, ચોખાનું ધોવણ, મદિરાદિ બનાવવા માટે પલાળેલા લોટનું કોહ્યા પહેલાનું પાણી, લોટથી ખરડાયેલા હાથથી ધોયેલા ભાજન વગેરેનું પાણી વગેરે વાપરે તો પણ તિવિહાર ઉપવાસાદિના પચ્ચક્ખાણનો ભંગ ન થાય.

**૨૨) અસિત્થેણ વા** - ઉપર મુજબનું પાણી જો વસ્ત્રાદિથી ગાળેલુ હોય તો તે વાપરતા પણ તિવિહાર ઉપવાસાદિના પચ્ચક્ખાણનો ભંગ ન થાય. આ મુજબ ૨૨ આગારો હોય છે.

**૮) નિરવશેષ તપ** - ચારે પ્રકારના આહારનો ત્યાગ કરવો તે... મોટે ભાગે સંલેખના સમયે જ આ પચ્ચક્ખાણ થાય છે.

**૯) પરિમાણકૃત** - ઘરોનું, ભિક્ષાનું, કોળિયાનું, દત્તિનું પ્રમાણ કરી બાકીનાનો ત્યાગ કરવો આ તપ વૃત્તિસંક્ષેપમાં પણ સમાઇ જાય છે.

**૧૦) સંકેત પચ્ચક્ખાણ** - કેત શબ્દ ચિહ્ન સૂચવે છે. ચિહ્ન સહિતનું એટલે કે સંકેત... ઉપરના અદ્ધા પચ્ચક્ખાણમાં પ્રતિજ્ઞા દરમ્યાન જ કાળ Fix થઇ જતો, મોટેભાગે સૂર્યોદયથી બીજા દિવસના સૂર્યોદય સુધીનું જ પચ્ચક્ખાણ હોય છે. પણ જ્યારે કાળ નિશ્ચિત કરાઇ શકે તેવા સંયોગો નથી અથવા તો શારીરિક પ્રતિકૂળતાને લીધે નવકારશી-ચોવિહાર આદિ પાયાની ભૂમિકા જ થઇ શકે છે, તો તેવા **જીવોને પોતાની આસક્તિને controlમાં રાખવા** માટે પરમાત્માએ સર્વજ્ઞતા-પ્રકાશના બળે ૮ મહત્ત્વના પચ્ચક્ખાણ બતાવ્યા, દેખીતા તે અત્યંત સરળ છે, પણ આસક્તિને તોડવા માટે અત્યંત ઉપયોગી બને તેવા છે.

કોઇ પણ વ્યક્તિને જમવા માટે દિવસમાં ૨ કલાકથી વધારે નહીં જતા હોય, નવકારશી ૨૫ મીનીટ, બપોરનું તથા સાંજનુ (રાતનું) જમવાનું ૧/૨ કલાક, તોય ૨ કલાક પૂરા ન થાય, છતાંય ૨ કલાક ખાવા-પીવામાં જાય તેમ માની લઇએ તો પણ ૨૨ કલાક ભુખ્યા રહેવામાં જાય છે... **છતાં પણ જીવને વિષયોનો ભોગવટો નહીં કરવો તેવી વિરતિ ન હોવાથી ''આ ભોગવી લઉં - આ ખાઇ લઉં'' વગેરે વૃત્તિઓ સતત ઉછાળા મારે છે અને ૨ કલાક જ ભોજન લેતો જીવ સતત ૨૪ કલાક ભોગવટાના સંસ્કારને પુષ્ટ કરી બેસે છે.** જ્યારે આ સંકેત પચ્ચક્ખાણ કરવાથી ૨૨ કલાક માટે ઇન્દ્રિયો પર કાબુ આવે છે, **જ્યાં-ત્યાં, જે-તે, જ્યારે-ત્યારે ખાવાની વૃત્તિ પર control આવે છે**, દિવસમાં ૧૦ વખત ખાવા છતાં પણ નિઃશંક બની કરાતા પુદ્ગલના ભોગવટા પર કાબુ ખાવે છે... પરિણામે રોજના ૨૨ કલાક વિરતિમાં પસાર થતા મહિનામાં ૨૭ ૧/૨ થી ૨૮ ઉપવાસનો લાભ જીવને મળે છે... તે સંકેત પચ્ચક્ખાણ નીચે મુજબ છે.

સંકેત-કેત = અંગુષ્ઠ વગેરે ચિહ્ન. તેના સહિતનું પચ્ચક્ખાણ તે સંકેત પચ્ચક્ખાણ. તે આઠ પ્રકારે છે.

૧) **અંગુષ્ઠસહિત** - મુટ્ઠીમાં અંગુઠો વાળી છુટો ન કરે ત્યાં સુધીનું અથવા એ રીતે કરી પચ્ચકખાણ પારે નહીં, ત્યાં સુધી પચ્ચક્ખાણ.

૨) **મુષ્ઠિસહિત** - મુટ્ઠી વાળી છુટી ન કરે ત્યાં સુધીનું પચ્ચક્ખાણ.

૩) **ગ્રંથિસહિત** - કપડાની કે દોરાની ગાંઠ વાળી છૂટી ન કરે, ત્યાં સુધીનું પચ્ચક્ખાણ.

૪) **ઘરસહિત** - ઘરમાં પ્રવેશ ન કરે ત્યાં સુધીનું પચ્ચક્ખાણ.

૫) **સ્વેદસહિત** - પરસેવાના બિંદુ સુકાય નહીં ત્યાં સુધીનું પચ્ચક્ખાણ.

૬) **ઉચ્છ્વાસસહિત** - અમુક શ્વાસોચ્છ્વાસ ન થાય ત્યાં સુધીનું પચ્ચક્ખાણ.

૭) **સ્તિબુકસહિત** - છીબું (ઢાંકણ) વગેરે વાસણ પર લાગેલા પાણીના બિંદુ સુકાય નહિ ત્યાં સુધીનું પચ્ચક્ખાણ.

૮) **દીપકસહિત** - દીપક ન ઓલવાય ત્યાં સુધીનું પચ્ચક્ખાણ. આ રીતે ઇત્વરકાલિક અણસણ તપના ઘણા બધા ભેદ થાય છે, આહારસંજ્ઞાને તોડવા માટેનો સૌથી પાયાનો અને મહત્ત્વનો તપ આ જ છે, માટે જ

**અન્યધર્મના તપ કરતા જિનશાસનનો તપ વધુ કષ્ટદાયક તથા વધુ ફળદાયક છે તેવું લોકો પણ માને છે.**

ઉપરોક્ત તમામ પચ્ચક્ખાણોને સારી રીતે પાળવા માટે, જીવનમાં તે પચ્ચક્ખાણના સાચા અને સંપૂર્ણ લાભને મેળવવા ૬ પ્રકારની શુદ્ધિને જીવનમાં વણવી અતિઆવશ્યક છે.

**૧) ફાસિયં :–** વિધિપૂર્વક અને ઉચિતકાળે પચ્ચક્ખાણ ગ્રહણ કરવું... **ઉચિતકાળ :** જે પચ્ચક્ખાણ કરવાનું હોય તેના પૂર્વના પચ્ચક્ખાણની મર્યાદા પૂર્ણ થાય તે પૂર્વે.

**ઉદા.** પોરિસિનું પચ્ચક્ખાણ નવકારશીનું પચ્ચક્ખાણની મર્યાદા પૂર્ણ થાય તેની પૂર્વે લઇ લેવું / ધારી લેવું. નવકારશીનું પચ્ચક્ખાણ સૂર્યોદય પૂર્વે જ લઇ લેવું / ધારી લેવું...

**વિધિ :** સ્થાપનાજી સમક્ષ, ગુરૂ સમક્ષ કે પરમાત્મા સમક્ષ યોગ્ય બહુમાન (ગુરૂવંદનાદિ) જાળવી રાગ-દ્વેષ કે નિયાણા રહિત પચ્ચક્ખાણ લેવું... વળી પચ્ચક્ખાણમાં ગુરૂ જ્યાં પચ્ચક્ખાઇ બોલે ત્યાં પચ્ચક્ખામિ બોલવું, વોસિરઇમાં ''વોસિરામિ'' બોલવું...

**૨) પાલિયં :–** કરેલા પચ્ચક્ખાણને વારંવાર યાદ કરવું...''સંકલ્પથી સિદ્ધિ'' સૂત્રને ચરિતાર્થ કરવું.

**૩) સોહિયં :–** ગુરૂ વગેરેને આપ્યા પછી જે શેષ વધ્યું હોય તે વાપરવું, એટલે કે દાન-સાધર્મિકભક્તિ આદિ દ્વારા અન્યની ભક્તિ-સહાય કરી પછી વાપરવું.

**૪) તીરિયં :–** પચ્ચક્ખાણની મર્યાદા પૂર્ણ થયાના થોડા સમય પછી પચ્ચક્ખાણ પાળવું.

***૫) કિટ્ટિયં :–*** *ભોજન સમયે ફરી પચ્ચક્ખાણ યાદ કરવું તે કીર્તિત.*

**૬) આરાહિયં :–** ઉપરોક્ત તમામ વિધિનું પાલન કરવું તે...આ ઉપરાંત અન્ય રીતે પણ ૬ શુદ્ધિ બતાવી છે.

**૧) શ્રદ્ધાશુદ્ધિ :–** શાસ્ત્રમાં જે પચ્ચક્ખાણ જે રીતે જે અવસ્થામાં જે કાળે કરવાનું કહ્યું છે તેવી જ રીતે કરવું યોગ્ય છે. એવી સચોટ શ્રદ્ધાવાળા બનવું તે...

**૨) જ્ઞાનશુદ્ધિ :–** ક્યું પચ્ચક્ખાણ, કઇ અવસ્થામાં, ક્યા કાળે, કઇ

રીતે કરવું યોગ્ય છે અને કઇ રીતે કરવું અયોગ્ય છે એવા પ્રકારના જ્ઞાનવાળા થવું તે જ્ઞાનશુદ્ધિ...

૩) **વિનયશુદ્ધિ :–** ગુરૂને વિધિપૂર્વક વંદન કરીને, યોગ્ય વિનય-બહુમાન સાચવવા દ્વારા પચ્ચક્ખાણ કરવું...

૪) **અનુભાષણ શુદ્ધિ :–** ગુરૂ પચ્ચક્ખાણ ઉચ્ચરાવે ત્યારે પોતે પણ મંદ સ્વરે પચ્ચક્ખાણ બોલતાં જવાનું તે...

૫) **અનુપાલન શુદ્ધિ :–** વિષમ સંયોગોમાં, સંકટમાં પણ પચ્ચક્ખાણ ન ભાંગતા સમ્યગ્ રીતે પાળવું તે અનુપાલન શુદ્ધિ...

૬) **ભાવશુદ્ધિ :–** લૌકિક ફળની ઇચ્છા વિના તથા રાગ-દ્વેષ વિના માત્ર કર્મનિર્જરા માટે પચ્ચક્ખાણ કરવું તે ભાવશુદ્ધિ...

આ ઉપરાંત

૧) **દાયકશુદ્ધિ :–** પચ્ચક્ખાણ આપનાર ગુરૂ ભગવંતને પચ્ચક્ખાણ સંબંધી તમામ જાણકારી હોવી તે.

૨) **ગ્રાહકશુદ્ધિ :–** પચ્ચક્ખાણ લેનાર સાધકને પચ્ચક્ખાણ સંબંધી તમામ જાણકારી રહેવી તે. એવા પણ બે ભેદ પડે છે.

૨) **યાવત્કથિક અણસણ તપ** - જ્યારે આવશ્યક તમામ કાર્યો-સાધનાઓ પૂર્ણ થઇ ગયા હોય, પોતાના શરીરનો સંપૂર્ણ કસ કાઢીને વિશિષ્ટ કર્મનિર્જરા સાધી લીધાનો અહેસાસ થાય અને ગમે ત્યારે મરણ આવે તો સમાધિપૂર્વક દેહત્યાગ કરવા જે સજ્જ બન્યા હોય, તેવા આત્માઓ માટે શાસ્ત્રમાં યાવત્ક-થિક (જ્યાં સુધી જીવે ત્યાં સુધી) અણસણ કરવાની આજ્ઞા ફરમાવાઇ છે.

**શાસ્ત્રમાં અણસણના ૩ ભેદ બતાવ્યા છે,**

**ભક્તપરિજ્ઞા, ઇંગિની, પાદપોપગમન...**

૧) **ભક્તપરિજ્ઞા અણસણ** - ચાર પ્રકારનો અથવા ત્રણ પ્રકારનો આહાર, બાહ્ય-અભ્યંતર ઉપધિ બધું જ વોસિરાવી દે... પણ વિશેષ તકલીફમાં સમાધિ ઉપજે-ટકે એવા આશયથી જાતે અથવા બીજા પાસે શરીરની શુશ્રુષા આદિ કરાવે...

**भक्तपरिज्ञायां हि त्रिविधं चतुर्विधं वाऽऽहारं प्रत्याचष्टे ।**
**शरीरपरिकर्म च स्वतः करोति परतश्च कारयति ।।**

૨) **ઇંગિની અણસણ** - નિયમા ચારે પ્રકારના આહારનો ત્યાગ કરે, અને બીજા દ્વારા શરીરનું કોઇ પરિકર્મ ન કરાવે, માત્ર પોતાની જતે સમાધિને ટકાવવાના આશયથી નિયત (ઇંગિત) પ્રદેશની અંદર ઉદ્વર્તન-અપવર્તન (પડખા ફેરવવાદિ) આદિ ચેષ્ટા કરે...**इङ्गिन्यां तु नियमाच्चतुर्विधाहारविरतिः पुनरिङ्गितदेशाभ्यन्तरे उद्वर्तनादिचेष्टात्मकं परिकर्म यथासमाधि विदधात्यपीति ।**

૩) **પાદપોપગમન અણસણ** - ઉપરોક્ત બન્ને અણસણ કરતા વધુ શુદ્ધિ અને સત્ત્વથી આ અણસણ સ્વીકારાય છે. ઇંગિની અણસણ મુજબ ચાર આહારનો સંપૂર્ણત્યાગ કર્યો હોય, બાહ્ય-અભ્યંતર ઉપધિને પણ સંપૂર્ણપણે વોસિરાવી દીધી હોય અને આ ઉપરાંત કોઇની પાસે કે સ્વયં-શરીર વિશેનું નાનું પરિકર્મ પણ ન કરે... વૃક્ષ જેમ જે સ્થળે જેવી રીતે પડેલું હોય, તે સ્થળે તેવી જ રીતે પડેલું રહે છે, અન્ય દ્વારા તેને ખસેડાય તો ખસે, બાકી નિષ્પ્રકંપ નિશ્ચલ-નિશ્ચેષ્ટ અવસ્થામાં તેમનું તેમ પડ્યું રહે છે, તેમ **અણસણ સ્વીકારતા મહાનુભાગ જે અવસ્થામાં અણસણ સ્વીકારે પછી મરણ સુધી પોતાના નાના અંગનું પણ જે હલન-ચલન ન કરે-કરાવે તે પાદપોપગમન અણસણ કહેવાય.** દેહાધ્યાસ પર કેવો વિશિષ્ટ કાબુ રાખ્યો હોય ત્યારે આ પરાક્રમ સંભવિત બને... કોઇ હિંસક પશુ આવીને ફાડી ખાય ત્યારે પણ કોઇ પ્રતિક્રિયા નહીં, ઉપસર્ગોને સમાધિપૂર્વક સહન કરવાં એ તો ઘણું દુષ્કર અને ઉત્કૃષ્ટ કાર્ય છે. પણ **ઉપસર્ગોના ઉદયમાં માનસિક સમાધિ સાથે શારીરિક નિશ્ચેષ્ટતા ઉભી રાખવી તે તો એનાથી પણ વધુ દુષ્કર છે.** જ્યારે પાદપોપગમન અણસણવાળા જીવો-મારણાંતિક ઉપસર્ગોમાં શારીરિક રીએક્શન પણ ન ઉત્પન્ન થાય તેવી રીતે દેહાધ્યાસને ખતમ કરી નાખે છે.

**यथैव पादपः क्वचित्कथंचित् निपतितः सममसमं वा अविभावयन् निश्चल एवास्ते, तथा अयमपि भगवान् यद्यथा समविषमदेशेष्वङ्गमुपाङ्गं वा प्रथमतः पतितं न तत्ततश्चलयतीति ।।**

આ અણસણોની પદ્ધતિ-ક્રમશઃ Step વગેરે **ભક્તપરિજ્ઞા, સંસ્તારક, આતુરપ્રત્યાખ્યાન, મરણસમાધિ** વગેરે **પયન્ના** ગ્રંથોમાં વિશદ રીતે વર્ણવ્યા છે.

લોકોત્તર શાસનની બલિહારી છે કે તેણે **જીવના શરીરની સામર્થ્યની અને મનની સાત્વિકતાની એમ ઉભયની ચિંતા કરી છે,** ઉપરોક્ત બતાવેલા

ત્રણ પ્રકારના અણસણ તમામ જીવોને કરવાની છુટ નથી. વિશિષ્ટ પાત્રતા, વિશિષ્ટ સહનશીલતા વગેરે ગુણોથી યુક્ત આત્માઓ જ ગુરુકુલવાસની તમામ જવાબદારી વહન થઇ ગયા બાદ... જિનકલ્પ, પરિહારવિશુદ્ધિકલ્પ અથવા યથાલંદક કલ્પ વગેરે વિશિષ્ટ આરાધનાનો સ્વીકાર જીવનમાં કરે છે. પણ આયુષ્યની મર્યાદા જણાય તો ઉપરોક્ત જિનકલ્પની જગ્યાએ અણસણને સ્વીકારી સમાધિપૂર્વક દેહનો ત્યાગ કરે છે, અણસણ સ્વીકારતા પૂર્વે ૧૨ વર્ષની સંલેખના કરે છે.

**निप्फाइआ य सीसा सउणी जह अण्डयं पयत्तेण ।**
**बारससंवच्छरियं सो संलेहं अह करेइ ॥१॥**
**चत्तारि विचित्ताइं विगईनिज्जुहिआइं चत्तारि ।**
**संवच्छरे उ दोन्नि उ एगंतरियं च आयामं ॥२॥**
**नाइविगिट्ठो य तवो छम्मासे परिमियं च आयामं ।**
**अन्ने वि य छम्मासे होइ विगिट्ठं तवोकम्मं ॥३॥**
**वासं कोडिसहिअं आयामं कट्टु आणुपुव्वीए ।**
**गिरिकंदरं तु गंतुं पायवगमणं अह करेइ ॥४॥**

**શરીરનું માંસ-લોહી આદિ સુકવી નાખી શરીરને આત્માથી જુદુ કરવાની તૈયારી એટલેજ સંલેખના...**

૧) પ્રથમ ૪ વર્ષ વિચિત્ર તપો કરે, વિચિત્ર તપનો મતલબ છે ૨,૩,૪,૫,૬ વગેરે ઉપવાસો કરે અને પારણે વિગઇયુક્ત (શરીરને પુષ્ટિ આપનાર) નિર્દોષ ગોચરી વાપરે.

૨) બીજા ૪ વર્ષ પણ ઉપર મુજબ વિચિત્ર તપો ચાલુ જ રાખે, પણ પારણે વિગઇયુક્ત એકાસણાની જગ્યાએ નિર્દોષ નિવિ (વિગઇનું રૂપાંતરિત જેમાં થઇ જાય,) કરે... મતલબ પ્રથમ ૪ વર્ષમાં પારણે પુષ્ટિકારક ઉત્કૃષ્ટ દ્રવ્યો વાપરતા, જ્યારે બીજા ૪ વર્ષમાં પારણે પુષ્ટિકારક મધ્યમ દ્રવ્યો વાપરે.

૩) પછીના ૨ વર્ષ સુધી એકાંતર આયંબિલ કરે, મતલબ ઉપવાસ પારણે આયંબિલ પાછો ઉપવાસ પાછું આયંબિલ... અત્યાર સુધી તપ લાંબો પણ (૪-૫-૬ ઉપવાસ) થઇ શકતો હતો પણ પારણે પુષ્ટિકારક પદાર્થો મળતા હતા. આ ૨ વર્ષમાં તપ પણ નાનો-પારણામાં પણ પુષ્ટિકારક કાંઇ ન જાય.

૪) પછીના ૬ મહિના ઉત્કૃષ્ટ તપ પણ ન કરે. માત્ર ૧,૨ ઉપવાસ જ કરે અને પારણે ઉણોદરીયુક્ત આયંબિલ કરે. મતલબ **અત્યાર સુધી લુખ્ખુ સુક્ખુ પણ પૂરતુ ખાવાનું મળતુ હતું, પણ હવે રસ પરના વિજય સાથે ઉણોદરી પણ કરવામાં આવે છે.**

૫) હવેના ૬ મહિના ઉત્કૃષ્ટ તપ કરે. મતલબ ૩,૪,૫ વગેરે ઉપવાસો કરે પણ પારણે ભર્યુભાણું આયંબિલ કરે એટલે કે ઉણોદરીની જગ્યાએ યથાયોગ્ય વાપરવાપૂર્વક આયંબિલ કરે.

૬) આમ, ૧૧ વર્ષ પૂર્ણ થયા. હવે છેલ્લા વર્ષમાં કોટીસહિતનું આયંબિલ કરે, મતલબ ઉપરાઉપરી સળંગ આયંબિલ કરે, મતાંતરે આયંબિલ-ઉપવાસ કરે... સામાન્યતઃ પુરુષને આશ્રયી ૩૨ કોળીયાપ્રમાણ ખોરાક સપ્રમાણ કહેવાય, તેનાથી ઓછો ખોરાક વાપરે તે ઉણોદરી કહેવાય અને વધુ વાપરે તો વધુ પ્રમાણવાળો ખોરાક કહેવાય. છેલ્લા વર્ષમાં કોટીસહિત આયંબિલમાં પણ **રોજ ક્રમશઃ ૧-૧ કોળીયો ખોરાક ઓછો કરે, આમ જ્યારે આયંબિલમાં માત્ર ૧ કોળીયો-પ્રમાણ જ રહે ત્યારથી ૧-૧ દાણો ખોરાક ઓછો કરે, જ્યાં સુધી માત્ર ૧ જ દાણો ખોરાક બાકી રહે;** ત્યારથી વર્ષના બાકીના દિવસોમાં માત્ર ૧ દાણાનું આયંબિલ કરે.

આ રીતના જ્યારે ૧ વર્ષમાંથી ૮ મહિના પસાર થાય, ૧૨ વર્ષમાં માત્ર ૪ મહિના જ બાકી હોય, **શરીર તપ દ્વારા અને મન વૈરાગ્ય દ્વારા એકદમ ભાવિત થઇ ગયું હોય,** ત્યારથી ૧ દાણાનું આયંબિલ કરી આયંબિલમાં જ મોંમાં તેલનો ઘુંટડો ભરી રાખે, થોડીવાર પછી તે તેલને રાખના પ્યાલામાં કાઢી રાખ સાથે ભેળવી વોસિરાવી દે... બીજા દિવસે ફરી તેલનો ઘુંટડો ભરી રાખના પ્યાલામાં કાઢી રાખ સાથે ભેળવી વોસિરાવી દે... આ રીતે ૪ મહિના કરે, આમ ૧૨ વર્ષની સંલેખના પૂર્ણ થતા પાદપોપગમન આદિમાંથી યથાશક્તિ કોઇ પણ અણસણ સ્વીકારી સમાધિપૂર્વક કાળ કરી મોક્ષમાં ક્યાંતો દેવલોકમાં જાય... પ્રશ્ન થાય કે આયંબિલના પચ્ચક્ખાણમાં તેલનો ઘુંટડો ભરવાની છૂટ શા માટે આપી ? તો શાસ્ત્રકારો જણાવે છે.

**यदि पुनः तैलगण्डूषविधानं न कार्यते तदा रूक्षत्वात्तेन मुखयंत्रमीलनसम्भवे पर्यंतसमये नमस्कारमुच्चारयितुं न शक्नोति ॥**

**(પ્રવચન સારોદ્ધાર)**

પ્રાયઃ ઉપવાસ આદિ કરવાથી મુખ સુકાય છે-થુંક પણ સુકાય છે, મોં સરળતાથી ખુલતું નથી, આવો અનુભવ આપણને સૌને છે, સંલેખના બાદ અણસણ સ્વીકારે તો અનિયત મર્યાદા સુધી મોંમા પાણીનું ટીપું પણ જાય નહીં ત્યારે મોં ખોલવાની પ્રતિકૂળતા પડી શકે છે અને **અંત સમયે મોંમાં પરમાત્માનું નામ નહીં, નમસ્કારનું ઉચ્ચારણ નહીં તે તો કેમ ચાલે ?** તેલનો મોંમાં કોગળો ભરતા મોં ચીકણું બને છે. સુકાઇને ચીપકી જતું નથી, અને અંત સમયે નમસ્કારનું સ્મરણ ઉચ્ચારણ સુલભ બની જાય છે. જો આયુષ્ય અલ્પ હોય તો ૧૨ વર્ષની સંલેખના ૧૨ મહિનામાં અથવા ૬ મહિનામાં ક્રમશઃ પૂર્ણ કરાય છે.

કેવી દુરંદેશિતા ! આ સર્વજ્ઞ પ્રરૂપિત શાસનમાં જ સંભવી શકે છે, **શરીરને કહ્યાગરુ બનાવવાની કેવી અદ્‌ભુત પદ્ધતિ આની અંદર દેખાડવામાં આવી છે ! ક્યાંય શરીરની આસક્તિ પુષ્ટ થઇ ન જાય તો સાધનાનો અતિરેક કરતા ક્યાંક સમાધિ ખોરવાઇ ન જાય, આનું અદ્‌ભુત Balance** રાખી જીવનો શીઘ્રમાં શીઘ્ર મોક્ષ અથવા સદ્‌ગતિ તરફ પ્રયાણ નિશ્ચિત થઇ જાય તેની અદ્‌ભુત પરંપરા અણસણ તપના માધ્યમે જે વીતરાગ પરમાત્માએ બતાવી છે તેને **શતશઃ, સહસ્ત્રશઃ, લક્ષશઃ, કોટિશઃ વંદના.**

# ઉણોદરી

યાવત્કથિક અણસણમાં સંલેખનાની વિધિમાં ક્રમશઃ ૧-૧ કોળીયો અને પાછળથી ૧-૧ દાણો ઓછો કરવાનું જે વિધાન છે, તે આંશિક રીતે ઉણોદરી નામનો તપ કહેવાય, જૈન શાસ્ત્રોમાં અણસણનું જેટલું મહત્ત્વ છે, તેટલુંજ અથવા સવાયું મહત્ત્વ ઉણોદરી નામના તપનું છે, કારણ મનની આસક્તિને પોષક અને શરીરની પુષ્ટિને પોષક દ્રવ્યો સહજતાથી મળતા હોય ત્યારે સંપૂર્ણ છોડી દેવા હજી સરળ છે, પણ **એનો ભોગવટો શરૂ કર્યા પછી શરીરની પુષ્ટિ વધતી દેખાતી હોય, જે ક્ષુધાની પીડા અનુભવાતી હતી તે ઘટતી જતી હોય, શરીરને થતા સુખનો અનુભવ વધતો જતો હોય, સારા વર્ણ-ગંધ-રસાદિથી યુક્ત ભોજન વાપરતા મનને પણ (આસક્તિજન્ય) પ્રસન્નતા અનુભવાતી હોય ત્યારે અનાદિકાળના સંસ્કારો એકજ વાત કરતા હોય, હજી વધુ... હજી વધુ... એક કણીયાનો ય ભોગવટો છોડવો નથી...** અરે ! ભોજનના અતિરેકથી શરીર ના પાડી દે, તો ય મન ભોગવટાનો વિરામ કરવા તૈયાર નથી થતું... તો પછી શરીર-મન બન્ને ભોગવટા માટે તૈયાર હોય, ત્યારે ૧ કોળીયો, અરે ૧ દાણા જેટલા પણ ભોગવટા માટે મનને-શરીરને ના પાડી અણાહારીપણાના સ્વભાવતરફ આત્મા પોતાનું પલ્લુ ઝુકાવી દે તે અદ્ભુત પરાક્રમ અને વિશિષ્ટ આશ્ચર્ય નહીં તો બીજું શું કહેવાય ?

ભિખારી આંગણે આવે અને ખોરાકનું દાન ન આપવું તે અણસણ, ભિખારીને રોટલો આખો દેખાડી અડધો જ આપવો તે ઉણોદરી **અણસણ એટલે આહાર સંજ્ઞા સ્વરૂપી ભિખારીની ઉપેક્ષા અને ઉણોદરી વૃત્તિસંક્ષેપ અને રસત્યાગરૂપી ત્રિક એટલે આહારસંજ્ઞા રૂપી ભિખારીનો અનાદર.** અનાદર થતા દોષોને ઘા વધુ લાગે છે. વર્ષોથી કહ્યાગરો દીકરો પુત્રવધૂનો હાથો બની સામે પડી અનાદર કરે તો તે આઘાતને બાપ ઝીરવી નથી શકતો, તેમ વર્ષોથી દોષોનો- સંસ્કારોનો કહ્યાગરો બનેલો જીવ ઉણોદરી આદિ તપનો હાથો બની દોષોનો અનાદર-તિરસ્કાર કરે, દોષોની ઇચ્છા-આજ્ઞા વિરુદ્ધ જાય તો દોષો પણ તે આઘાતને કેવી રીતે ઝીરવી શકે ? માટે જ અણસણ તપની હાજરીમાં કે ગેરહાજરીમાં ઉણોદરી આદિ તપ તો મોક્ષમાર્ગનો ઇચ્છુક જીવ સતત આરાધતો રહે... શરીર અશક્ત છે, અણસણ-(એકાસણા, ઉપવાસાદિ) તપ કરવા શરીર સહાયક નથી એવું લાગે, ત્યારે તો ઉણોદરી આદિ તપ

આચરવો કર્તવ્ય છે જ, પણ એકાસણુ-ઉપવાસ આદિ અણસણ તપોની હાજરીમાં પણ ઉણોદરી આદિ તપનું સેવન મોક્ષાર્થી માટે અવશ્ય કર્તવ્ય બને છે... મતલબ, એકાસણું પણ કરે ત્યારે ઉણોદરી-વૃત્તિસંક્ષેપ અને રસત્યાગપૂર્વકનું... ઉપવાસ હોય તેમાં પણ ઉણોદરી આદિ ત્રિક વણી લેવી. ૮ ગ્લાસ પાણી ઉપવાસમાં વાપરી શકાય છે, છતાંય ૬ ગ્લાસ કે ૭ ગ્લાસ જ પાણી વાપરી ઉપવાસ નામના **અણસણ તપની સાથે સાથે ઉણોદરી નામનો તપ પણ કરી શકાય છે...** ફીલ્ટર પાણી જ ફાવે, બોરનું પાણી જ જામે, મટકાનું પાણી ઠંડું હોય તોજ ગળે ઉતરે... વગેરે માંગણીઓ છોડી જેવું પાણી મળે તે વાપરી લેવા દ્વારા **રસત્યાગ નામનો તપ** પણ અણસણના તપની સાથે સાથે થઇ શકે છે, જેવી રીતે ગોચરી ગ્રહણ કરવાના વિવિધ અભિગ્રહો હોય છે તેવી જ રીતે પાણીને ગ્રહણ કરવાના પણ વિવિધ-અભિગ્રહો ધારવા વડે **વૃત્તિસંક્ષેપ નામનો તપ પણ** આરાધી શકાય છે.

આમ અણસણ સાથે ઉણોદરી આદિ જેટલા તપો ઉમેરાતા જાય તેમ તે તપ વિશિષ્ટ ફળદાયી બને છે. દેખાય છે કે ૮ ઉપવાસ-અઠ્ઠાઇ-માસક્ષમણ-આયંબિલની ઓળી વગેરે તપો તો ઘણા જીવો કરે છે, છતાંય બધાની કર્મ-નિર્જરામાં ઘણો ફરક છે. એનું **કારણ જેમ મનના અધ્યવસાયોની ભિન્નતા છે, તેમ ઘણી વખત અણસણનું બાકીના ૧-૨-૩-૪-૫ બાહ્ય તપો સાથે અને ક્યારેક અભ્યંતર તપો સાથે થતું જોડાણ પણ છે... અણસણ પછી બીજા જેટલા તપો વધે તેટલા એકડા ઉપર મીંડા વધારવા જેવી વાત છે...**આમ, જૈનધર્મમાં બહારથી ભલે અણસણ નામના તપનો વ્યાપ વધુ દેખાતો હોય, પણ બધા જ સ્થાનોમાં બાકીના બધાય તપો ફેલાયેલા છે, અને જીવની કર્મનિર્જરામાં અણસણ કરતા વધુ સહાયક બને છે.

હવે ઉણોદરી શબ્દનો શબ્દાર્થ સમજી લઇએ, ઉન + ઉદર = ઉનોદર, કંઇક ઓછું પેટ ભરાય તેવું વાપરવું તે ઉનોદરી, ભૂખ કરતા કંઇક ઓછું વાપરવુ તે ઉણોદરી, અથવા શાસ્ત્રમાં પુરુષનો સપ્રમાણ આહાર ૩૨ કોળીયા, બતાવ્યો છે સ્ત્રીનો સપ્રમાણ આહાર ૨૮ કોળીયા બતાવ્યો છે. આનાથી કંઇક ન્યૂન ખોરાક વાપરવો, તે પણ ઉણોદરી તપ કહેવાય છે. અથવા કુકડીના ઇંડા પ્રમાણ (મોંમાં કોળીયો મુકતા મોં વિકૃત ન થાય) ૩૨ કોળીયાથી ઓછો આહાર વાપરવો તે ઉણોદરી તપ કહેવાય છે.

ઉણોદરી તપ પણ બે પ્રકારનો છે.

૧) દ્રવ્ય ઉણોદરી ૨) ભાવ ઉણોદરી.

કષાયોનો ત્યાગ કરવો તે ભાવ ઉણોદરી છે, દ્રવ્ય ઉણોદરી ઉપકરણ-વિષયક અને અન્નપાનવિષયક ઉભયભેદવાળી છે. જિનકલ્પી અથવા જિનક-લ્પીની તુલના કરનારને ઉપકરણ વિષયક દ્રવ્ય ઉણોદરી હોય છે, એટલે કે જિનકલ્પી વગેરેને ખૂબ અલ્પ ઉપકરણો આદિ જ વાપરવાની છુટ છે, સ્થવિર-કલ્પી સાધુઓને ઉપકરણ(ઉપધિ)વિષયક ઉણોદરી સંભવતી નથી, કારણકે ઉપકરણના અભાવે સંયમજીવન જ સીદાતા સંસારની વૃદ્ધિનો સંભવ છે, અથવા તો મર્યાદા કરતા વધુ અથવા જરૂરિયાત કરતા વધુ ઉપકરણોનો ત્યાગ કરવો તે ઉપકરણવિષયક દ્રવ્ય ઉણોદરી થાય, તેવી જ રીતે મર્યાદા કરતા, જરૂરિયાત કરતા વધુ ભોજન-પાણીનો ત્યાગ કરવો તે પણ ભત્તપાણ (ભોજ-નપાણી) વિષયક ઉણોદરી કહેવાય... આ પાંચ પ્રકારે છે.

**अप्पाहार (१) अवड्ढा (२) दुभाग (३) पत्ता (४) तहेव किंचुणा (५)**
**अट्ठ दुवालस सोलस चउवीस तहेक्कतीसा य ।।**

**૧) અલ્પાહાર ઉણોદરી** - ૧ કોળીયાથી માંડી ૮ કોળીયા જેટલો ખોરાક વાપરવો. મતલબ ૨૫ થી માંડી ૩૧ કોળીયા જેટલી ઉણોદરી રાખવી.

**૨) અપાર્ધ ઉણોદરી** - ૯ થી ૧૨ કોળીયા જેટલો ખોરાક વાપરવો.

**૩) દ્વિભાગ ઉણોદરી**-૧૩ થી ૧૬ કોળીયા સુધીનો ખોરાક વાપરવો.

**૪) પ્રાપ્ત ઉણોદરી** - ૧૭ થી ૨૪ કોળીયા સુધીનો ખોરાક વાપરવો.

**૫) કંઇક ન્યૂન ઉણોદરી** - ૨૫ થી ૩૧ કોળીયા સુધીનો ખોરાક વાપરવો. મતલબ ૧ થી માંડી ૮ કોળીયા જેટલી ઉણોદરી રાખવી.

આ ઉપરાંત શરીરને નિરોગી રાખવું હોય તો પેટના ૬ ભાગ કલ્પી ઋતુ મુજબ ખોરાકના પ્રમાણમાં વધ-ઘટ કરવાની હોય છે.

**૧) અતિ શીતકાલમાં** - આહાર-૪ ભાગમાં, પાણી-૧ ભાગ, વાયુ ૧ ભાગ.

**૨) મધ્યમ શીતકાલમાં** - આહાર-૩ ભાગમાં, પાણી-૨ ભાગ, વાયુ ૧ ભાગ.

**૩) મધ્યમ ઉષ્ણકાલમાં** - આહાર-૩ ભાગમાં, પાણી-૨ ભાગ, વાયુ-૧ ભાગ. આ બન્ને કાલને શીતોષ્ણકાળ પણ કહેવાય.

**૪) અતિ તીવ્ર ઉષ્ણકાલમાં**-આહાર-૨ ભાગમાં, પાણી-૩ ભાગ, વાયુ-૧ ભાગ.

મતલબ નિરોગી રહેવું હોય તો પણ ૧ ભાગ જેટલી ઉણોદરી રાખવી અતિ આવશ્યક છે, જેથી વાયુને હલનચલન કરવા માટે ખાલી જગ્યા મળી રહે.

# વૃત્તિસંક્ષેપ

બાહ્યતપમાં ત્રીજા નંબરનો તપ આવે છે વૃત્તિસંક્ષેપ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના ભેદથી વૃત્તિસંક્ષેપના ૪ ભેદ થાય છે, વૃત્તિ એટલે આજીવિકા, તે જેનાથી ચાલે તેવા બધા દ્રવ્યો વગેરેને લગતા અભિગ્રહ ગ્રહણ કરવા તે વૃત્તિસંક્ષેપ.

**(૧) દ્રવ્યવૃત્તિસંક્ષેપ** - આજે કોઇ લેપાયેલા (ચોપડેલા) ખાખરા આપે તો જ વાપરવા અથવા ભાલામાં પરોવીને ખાખરા આપે તો જ વાપરવા વગેરે... દ્રવ્યવિષયક અભિગ્રહ

**(૨) ક્ષેત્રવૃત્તિસંક્ષેપ** - આજના દિવસમાં મારા જ ઘરની વસ્તુ અથવા બાજુના ઘરની વસ્તુ, અમુક Areaની, ગામમાં મળતી વસ્તુ જ વાપરવી ઇત્યાદિ અભિગ્રહ.

**(૩) કાળવૃત્તિસંક્ષેપ** - સવારના સમયે જ અથવા બપોરના બધા જમી લે પછીના સમયે જે વધ્યું હોય તે જ હું વાપરીશ વગેરે.

**(૪) ભાવવૃત્તિસંક્ષેપ** - કોઇક હસતી, રડતી, ગાતી, બેઠેલી-ઊભી રહેલી વ્યક્તિ મને આપે તો જ મારે વાપરવું તેવો અભિગ્રહ.

ઉપરોક્ત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ આદિ ૪ અંગેના સ્વતંત્ર અભિગ્રહ પણ લેવાય અને ૨-૩-૪ વસ્તુ ભેગી કરી એટલેકે દ્રવ્ય-ક્ષેત્ર ઊભયનો, ક્ષેત્ર-ભાવ, દ્રવ્ય-કાળ-ભાવ, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સર્વનો ભેગો અભિગ્રહ પણ લેવાય.

યાદ આવે **પ્રભુ વીર** - રાજકુંવરી હોય, દાસપણામાં રહી હોય, હાથમાં બેડી-માથે મુંડન, એક પગ ઊંબરાની અંદર એક બહાર, આંખમાં આંસુ, અઠ્ઠમનો તપ, સુપડામાં બાકુળા હોય તેવી વ્યક્તિ ભિક્ષાનો કાળ વીતી ગયો હોય ત્યારે મને વ્હોરાવે તો વાપરવું, બાકી નહીં... રોજ ગોચરી વ્હોરવા જવાનું, લોકોના ઘરે જવાનું, વિનંતી સાભળવાની પણ શરતો પૂર્ણ ન થતા પ્રભુનુ નિર્લેપ ભાવે પાછા ફરવુ, આમ કરતા ૫ મહિના ૨૫ દિવસે **ચંદનબાળા** દ્વારા તે ભીષ્મ અભિગ્રહ પૂર્ણ થતા પારણું કર્યું... અપેક્ષાએ પૂર્વોક્ત બંને તપ કરતા આ તપ વધુ કઠિન છે. કારણકે પૂર્વોક્ત બન્ને તપમાં પ્રતિજ્ઞાની

સમય-મર્યાદા નિશ્ચિત છે, અથવા તો પ્રતિજ્ઞાનો અંત ક્યારે થવાનો છે, તે સાધકને ખબર છે. માટે નિશ્ચિત મર્યાદા માટે જ સંજ્ઞા પર કાબુ રાખવાનો હોવાથી સંસ્કારો પણ નિયત સમય માટે શાંત થઇ જાય છે, ઉપવાસ છે-ભૂખ લાગી છે, મનને સમજાવાય છે-લાલચ અપાય છે, કે કાલે મળી જ જવાનું છે તોશા માટે સંક્લેશ કરે છે ? પણ અત્રે કરાતા અભિગ્રહમાં કોઇ સમયમર્યાદા નિશ્ચિત નથી, ઊભા થતા **કુસંસ્કારોના આક્રમણને લાલચની જગ્યાએ માત્રને માત્ર સમજણથી જ દૂર કરી શકાય છે. પ્રતિપળ વૈરાગ્યભાવની જીવંતતા જરૂરી બને છે, માટે પ્રત્યેક સમયે કર્મનિર્જરા થોકબંધ વધતી જાય છે. શુભભાવોની પ્રાપ્તિમાં જરૂરી પુરુષાર્થ કરતા શુભપરિણતિને દીર્ઘકાળ સુધી સતત જીવંત રાખવા માટે જોઇતો પુરુષાર્થ અનંતગણો ચડિયાતો હોય છે.** પ્રભુ રોજ વ્હોરવા જાય છે, ત્યારે મનમાં ભાવો છે. ''મળે તો સંયમવૃદ્ધિ'' થશે... અને ખાલી હાથે પાછા ફરે ત્યારે ''નથી મળ્યું માટે તપોવૃદ્ધિ'' થઇ. **અનાદિકાળથી જીવને એકાંત વિચારણા ગમે છે, અનેકાંતવાદગર્ભિત વિચારણાથી જીવ સતત દૂર રહે છે,** માટે માત્રને માત્ર તપોવૃદ્ધિના ભાવોમાં રમવું હજી સરળ છે, માત્રને માત્ર સંયમવૃદ્ધિના ભાવોમાં રમવું હજી સરળ છે, પણ સંયોગાધીન થઇ મનના વલણને સહજ રીતે (સંક્લેશરહિતપણે) ફેરવી નાખવું, અત્યંત કઠિન છે. આ મોહનીયના વિશિષ્ટ પ્રકારના ક્ષયોપશમથી જ થઇ શકે છે... દેરાસરમાં ગયા, આજે પ્રક્ષાલપૂજાનો લાભ લઇ ઉત્તમ, સુગંધી જળથી પ્રભુનો અભિષેક કરવો છે, તેવા ઉત્તમ ભાવો આપણને જાગ્યા છે, પણ ચડાવો હાથમાં ન આવ્યો. બીજો શ્રાવક લાભ લઇ ગયો. આપણા શુભભાવોને ઠેસ વાગી ગઇ, અને ખેલ ખતમ થઇ ગયો. પૂજાનો રસ ઊડી ગયો, જળપૂજા કરવી છે તે મનોરથ તુટતા તો બાકીની એક પણ પૂજામાં ભાવોની વૃદ્ધિ ન થઇ... જ્યારે પ્રભુ રોજ સંયમપરિણતિની વૃદ્ધિ થાય, તે માટે જરૂરી સમિતિ-ગુપ્તિના પાલન માટે દેહની-આવશ્યકતાની પુષ્ટિ થાય તેવા આશયથી હરરોજ ગોચરી નીકળે છે પણ પ્રભુને ગોચરી ન મળતા સંયમવૃદ્ધિના ભાવોમાં ઠેસ વાગી છે છતાં પણ ''નથી મળ્યું તો તપોવૃદ્ધિ''ના ભાવોમાં સહજતાથી ગોઠવાઇ જતા હતા... **તે માટે પ્રભુએ આલંબન લીધું વૃત્તિસંક્ષેપ નામના તપનું.** પરમાત્મા વીર પહેલાના કાળમાં પણ અને તે પછીના આપણા વર્તમાનકાળમાં પણ ઘણા ઉચ્ચ કક્ષાના આરાધકો આવા વૃત્તિસંક્ષેપ નામના તપને પોતાના જીવનમાં આચરે છે.

તેના થોડા ઉદાહરણ આપણે જોઇ લઇએ.

**એક મુનિરાજે એકવાર એવો અભિગ્રહ લીધો કે.**

૧) ભાઇના હાથમાં કાગળ હોય.

૨) કાનમાં પેન-પેન્સિલ રાખેલી હોય.

૩) ખોળામાં બાળક હોય.

૪) બે બાળકો ખીર માટે માંગણી કરતા હોય.

૫) ઘરમાં ખીર બનાવેલી હોય.

૬) ખીર કાંસાના વાસણમાં હોય.

૭) બહેને કેસરી રંગનાં વસ્ત્રો પહેર્યા હોય.

૮) બહેનના માથા પરના વાળ છૂટા હોય.

૯) ''મહારાજ ! ખીર લો, ખીર લો...'' એમ વિનંતી કરે.

૧૦) રાત્રિભોજન, કંદમૂળ, સચિત્તનો ત્યાગ કરે.

૧૧) આજીવન બ્રહ્મચર્યનો સ્વીકાર કરે, તો મારે પારણુ કરવું. ૩૨ ઉપવાસ થઇ ગયા. છેલ્લે ૩૩ મા દિવસે ખરેખર અભિગ્રહ પૂર્ણ થયો, મહાત્માએ પારણું કર્યું.

(૨) ચેન્નઇના (મદ્રાસના) એક શ્રાવિકાબેન અઠ્ઠમનું-પચ્ચક્ખાણ કરીને પાલિતાણા ગયા.

ત્યાં દાદાના દર્શન કરતી વખતે મનમાં ભાવના થઇ કે ''હું માસક્ષમણ કરું.'' સ્વજનોને પૃચ્છા કરી, બધાએ હા પાડી. પણ એક શરત કરી કે ''તમે માસક્ષમણ ભલે અહીં કરો, પણ પારણું તો ચેન્નઇમાં જ કરવાનું.''

બહેને એ વાત સ્વીકારી.

માસક્ષમણ પૂર્ણ થતા જ તેઓ ચેન્નઇ આવ્યા. એ બહેને પારણા પહેલા સાત પ્રકારના અભિગ્રહો મનમાં ધારણ કર્યા. નિર્ણય કર્યો કે ''આ મારા ૭ અભિગ્રહો પૂર્ણ થશે તો જ હું પારણું કરીશ, બાકી પારણું નહીં કરું.''

એ ૭ અભિગ્રહો આ પ્રમાણે હતા.

૧) પારણા કરાવવાવાળા ૨૭ લોકો એક સાથે મળીને પારણુ કરાવે.

૨) સૌથી પહેલી લુખી રોટલીથી પારણું કરાવે.

૩) વિનંતિ વિના જ કોઇક આચાર્ય ભગવંત ઘરે પધારે.

૪) કોઇ સાધ્વીજી ઘરે ગોચરી વહોરવા આવે.

૫) એક સફેદ કબૂતર આવીને જાતે જ મારા હાથથી દાણો ખાય.

૬) કોઇ આંબિલના તપસ્વી ત્યારે પારણું કરવા પધારે.

૭) નવી ગાડીમાં બેસીને, પૂજાના વસ્ત્ર પહેરીને કોઇ મને પારણું કરાવવા આવે. આ બધું એમણે કોઇને જણાવ્યું નહિ. પારણાના દિવસે એમને ત્યાં સેંકડો માણસો આવ્યા. બધાને એટલી ખબર તો પડી કે ''બહેને કોઇક અભિગ્રહ લીધો છે.'' પણ એ ક્યો છે, એ ખબર નહિ. અમુક અભિગ્રહો પૂરા થતા ન હતા એટલે પારણું અટકી પડેલું. બધા લોકો નિરાશ થઇ ગયા. ધીરે ધીરે ભીડ ઓછી થતી ગઇ. બપોરના બાર વાગ્યા. બધા પરેશાન હતા.

ત્યાં એક તપસ્વીબેન આંબિલ કરવા બેઠા, એમને થયું કે ''લાવ, આ લુખી રોટલીની વિનંતી તો કરું ?'' જોગાનુજોગ પરિવારના ૨૬ વ્યક્તિઓ હાજર અને એ બેને લુખી રોટલીની વિનંતિ કરી. બીજા બધા અભિગ્રહો તો પહેલા જ પૂરા થઇ ગયેલા. આ અભિગ્રહ પણ પૂર્ણ થયો અને બેને માસક્ષમણનું પારણું લુખી રોટલીથી કર્યું.

૩) એક મુનિ ભગવંતે અભિગ્રહ કર્યો કે રડતી છોકરી ચપ્પાથી ભીંડાનું શાક વ્હોરાવે તો જ મારે વાપરવું... માંડલીમાં ગોચરી લાવવાનું કામ પોતાનું. રોજ ગોચરી જાય, શરત પૂર્ણ ન થાય એટલે પોતે શાક ન વાપરે પણ બીજાની ઉત્કૃષ્ટભાવથી ભક્તિ કરે. એક વખત તે મુનિરાજ વ્હોરવા એક ઘરમાં પ્રવેશ્યા-નાની બાળકી અન્યકામમાં મશગુલ હતી, મા એ વ્હોરાવવાના સંસ્કાર પડે તે આશયથી બળજબરીથી રોટલી વ્હોરાવડાવી, એટલે બાળકી રડવા માંડી. પછી શાક વ્હોરાવવું હતું, પણ ચમચો ન મળ્યો તેથી રડતી બાળકીના હાથમાં ચપ્પુ આપી તેનાથી શાક વ્હોરાવ્યું, ૬ મહિને શરત પૂર્ણ થતા મુનિરાજે શાક વાપરવાનું ચાલુ કર્યું... આજે પણ તે મુનિરાજ આચાર્ય બની વિચરે છે, જેને સાધુઓ જ્ઞાનની Mobile લાયબ્રેરી માને છે.

૪) એક આચાર્ય ભગવંતે વર્ધમાનતપની ઓળી પારણા માટે અભિગ્રહ ધારણ કર્યો કે રાખ વ્હોરાવીને કોઇ પારણું કરાવે તો મારે કરવું... અને દિવસો સુધી ઉપવાસ ચાલ્યા, ૧૧ મા દિવસે પોતાના માસીને ત્યાં વ્હોરવા ગયા, ઘણા દિવસથી આચાર્ય મ.સા. કંઇ લેતા નથી એની ચર્ચા માસીના કાન પર પહોંચી ગયેલી, નાનામાં નાની ચીજની વિનંતી કરી પણ બધામાં 'ના'

આવી. છેવટે ઘરડા માસી ચીડાઇને બોલી ગયા, બધામાં ના-ના તો શું રાખ વ્હોરાવું ?... અને આચાર્ય ભગવંતનું પારણું થયું... આજે પણ તે આચાર્યશ્રી વિશિષ્ટ પ્રકારના તપથી જિનશાસનના ગગનમાં શોભી રહયા છે.

**૫) ખેમર્ષી ઋષિએ** આરાધેલા વૃત્તિસંક્ષેપના તપો.

a) એક દિવસ તેમણે એવો અભિગ્રહ ધારણ કર્યો કે **ધારાન**ગરીના રાજા **ભોજ**ના નાનાભાઇ **સિંધુલ** પાસે જે **રાવકૃષ્ણ** રહેતો હતો તે રાવકૃષ્ણ સ્નાન કરેલો હોય, તેના વાળ જ્યારે છૂટા હોય, અને મન ઉદ્વિગ્ન હોય, ત્યારે મને એ એકવીસ પુડલા વહોરાવે ત્યારે મારે પારણું કરવું. ત્રણ મહિના અને આઠ દિવસના ઉપવાસ થયા બાદ તે બધા સંયોગો એકત્રિત થયા અને મહાતપસ્વીએ પારણુ કર્યું.

b) બીજીવાર તેમણે એવો અભિગ્રહ ધારણ કર્યો કે **ભોજરાજાના** નાનાભાઈ **સિંધુલ**નો હાથી મદમાં આવી જાય અને મને જો પાંચ લાડુ વહો-રાવે ત્યારે જ મારે પારણુ કરવું. પાંચ મહિના અને અઢાર દિવસના ઉપવાસ થયા બાદ તેજ પરિસ્થિતિનું સર્જન થતાં પારણુ થઇ ગયું.

c) તેમણે ત્રીજો અભિગ્રહ એવો કર્યો હતો કે જે સાસુ સાથે લડી હોય, વિધવા હોય, એવી કોઇ બ્રાહ્મણી બે ગામ વચ્ચેની સૂકી નદી વચ્ચે ઊભી રહીને મને વેડમી વહોરાવે ત્યારે મારે આ તપનું પારણું કરવું. ઘણા દિવસો બાદ આ બધા જ સંયોગો ઊભા થયા અને પારણું થયું.

વર્તમાનકાળમાં ભોજનમાં આવેલા દ્રવ્યોમાંથી ૧-૨ દ્રવ્યોનો ત્યાગ કરવા દ્વારા (દ્રવ્ય ભણી સર્વ વસ્તુનો સંક્ષેપ ન કીધો) પણ વૃત્તિસંક્ષેપ તપ આરાધાય છે, આવો વૃત્તિસંક્ષેપ નામનો તપ જીવનમાં પ્રવેશતા અનેક લાભો થાય છે,

૧) અમર્યાદિતકાળ સુધીના ત્યાગથી કુસંસ્કારો પર **અમર્યાદિત કાળનું નિયંત્રણ આવે છે.**

૨) અમર્યાદિતકાળ સુધીના નિયંત્રણથી તે-તે પદાર્થોની આસક્તિ લગભગ નષ્ટ થઇ જાય છે.

૩) સાધનાની, તપ-ત્યાગાદિ ઇચ્છા લાંબી હોય પણ પ્રતિજ્ઞા પૂર્ણ થતા સાધના પૂર્ણ કરવી પડે અને ક્યારેક બીજા બાજુ અન્ય તપ-ત્યાગાદિ સાધનાની ઇચ્છા હોય પણ ચાલુ લીધેલ અભિગ્રહની સાધના અમર્યાદિતકા-

ળની હોવાથી ગૌણ ન કરી શકાય... આમ બન્ને રીતે ઇચ્છાનિરોધ નામનો સૌથી વિશિષ્ટ તપ સહજતાથી જીવનમાં વણાય છે.

૪) વિશિષ્ટ અભિગ્રહ (પ્રભુવીરના જેવો) હોય, જેમાં રાજકુંવરી અને માથે મુંડન અને દાસત્વ... આવી સાવ વિરોધી ગણાતી શરતો પણ અભિગ્રહના પ્રભાવે પૂર્ણ થાય, ત્યારે **અભિગ્રહની-સંકલ્પની તાકાત પર શ્રદ્ધા થાય છે.**

૫) સાવ વિરોધાભાસી ગણાતી ઘટના અભિગ્રહના પ્રભાવે બને ત્યારે પરમાત્માનું વચન કે સંસારમાં તમામ પ્રકારની ઘટનાઓ-સંબંધો અનંતીવાર બને છે તે વાત પર વિશ્વાસ વધતા વૈરાગ્ય વધુ દ્રઢ બને છે.

**कालंमि अणाइए, जीवाणं विविहकम्मवसगाणं ।**
**तं नत्थि संविहाणं संसारे जं न संभवइ ।।**

(અનાદિકાળથી વિવિધકર્મોને વશ થઇને ભમતા જીવોને સંસારમાં તેવા પ્રકારનો કોઇ સંબંધ-પ્રસંગ નથી જે બન્યો ન હોય.)

આવો અમર્યાદિતકાળ સુધી સંસ્કારોને ખતમ કરનારો વૃત્તિસંક્ષેપ તપ આપણે પણ અવારનવાર આચરવો જોઇએ, જેથી કુસંસ્કારોનો નાશ ખૂબ ઝડપથી થાય. આમ અણસણ-ઊણોદરી બાદ વૃત્તિસંક્ષેપ નામનો તપ પણ જીવના ઉત્થાનમાં ખૂબ અસરકર્તા સાબિત થાય છે.

# રસત્યાગ

મનને રુચતા-ગમતા દ્રવ્યો છોડવા ખૂબ અઘરા છે. ભોજનનો સંપૂર્ણ ત્યાગ કરતા પણ ગમતા ભોજનનો ત્યાગ સૌથી અઘરો છે... ઉનાળાની સીઝન છે, ભાણામાં રસ-રોટલી શાક વગેરે દ્રવ્યો આવી ગયા અને રસનો ત્યાગ કરવાનું કોઇ કહે તો ? મન તરત જવાબ આપશે, જો ઉનાળાની સીઝનમાં ય રસ ન' તો વાપરવા આપવો તો પછી ઉપવાસ જ કરાવી લેવો હતો ને ! જમવા બેઠા, દાળમાં મીઠું નથી, શાકમાં મરચું નથી, રોટલી પર ઘી નથી તો મનને ભોજન રુચતું નથી. આયંબિલમાં ઘી-તેલ-ગોળ આદિ કંઇ ન મલે, માત્ર ફિક્કુ અને સુક્કુ ખાવાનું જ હોય માટે કુચા વળે છે... ઘણાને ઉપવાસ ગમે છે, આયંબિલ નહી. ઉપરોક્ત બધી વસ્તુ એક જ બાબત સુચવે છે કે રસત્યાગ નામનો તપ આરાધવો કેટલો કઠિન છો. સાધનાના ક્ષેત્રનો નિયમ છે કે **જે વધુ કઠિન હોય તેમાં કર્મનિર્જરા પણ વધુ અને આત્મિક આનંદનું પ્રગટીકરણ પણ વધારે.**

આ તપમાં મુખ્યતયા વિગઇઓ અને મનપસંદ દ્રવ્યોનો ત્યાગ કર-વાનું કહ્યું છે... જીવને દૂધ-દહીં-ઘી-ગોળ-તેલ-કડાવિગઇ આ ૬ વિગઇ-ઓથી બનતી ચીજવસ્તુ વિશેષ રુચિકર બને છે. આ તપથી જીભની આસ-ક્તિનો ત્યાગ થઇ શકે છે, જે ગમે, તે તમામ દ્રવ્યોનો ત્યાગ આ તપના આલંબને શક્ય બને છે.

યાદ આવે કાકંદી નગરીના ધન્ના... ૧ થાંભલા ઉપરનો મહેલ, દેવ-લોકની અપ્સરાઓ જેવી ૩૨-૩૨ કન્યાઓ છોડી દીક્ષા લીધી, છઠ્ઠ ને પારણે છઠ્ઠ, "દિન દિન ચઢતે રંગે" કહી પ્રભુએ ૧૪૦૦૦ સાધુમાં શ્રેષ્ઠ બતાવ્યા... એવા આ ધન્ના કાકંદી છઠ્ઠને પારણે આયંબિલ, તેમાં પણ માખી પણ જેની પર ન બેસે તેવો રસકસ વગરનો આહાર લે... એક વખતનો શ્રેષ્ઠિપુત્રે સાધનાથી શરીર એવું સુકવી નાખ્યું કે વંદન માટે આવેલા શ્રેણિકને ખબર પણ ન પડી કે આ સાધુ છે કે ઝાડનું થડ છે... રસત્યાગની કેવી અદ્ભુત મનોભૂમિકા !! આપણા જીવનમાં પણ ક્યારેક ઠંડુ-ફીક્કુ-મોળુ ખાવાનું આવી જાય ત્યારે જીભની આસક્તિને ગૌણ કરી સમતાપૂર્વક તે ભોજન વાપરી રસત્યાગ નામના તપને આદરવો જોઇએ.

# કાયક્લેશ-સંલીનતા

અત્યાર સુધીના તપમાં જીભની આસક્તિ અને પેટની આજીવિકા પર control મુકવા દ્વારા કર્મનિર્જરા બતાવી, પણ જીવ માત્ર પેટ કે જીભના કારણેજ કર્મ બાંધે છે તેવું નથી, પણ બાકીની ૪ ઇન્દ્રિયો અને શરીરના પ્રત્યેક અવયવ પ્રત્યેની આસક્તિ અને તેનાથી થતી પ્રવૃત્તિથી પણ જંગી કર્મ બાંધે છે. માટે હવેના કાયક્લેશ અને સંલીનતા નામના તપમાં શરીરના પ્રત્યેક અવયવની અથવા પાંચે ઇન્દ્રિયોના વિષયોની આસક્તિ-અનુકૂળતા પર કાબુ મૂકવામાં આવે છે, જેથી જીવનો સર્વાંગી રીતે કર્મબંધ અટકી જાય.

આમ કાયાને કષ્ટ આપવું તે કાયક્લેશ, એટલુંજ નહીં પણ કાયાના પ્રત્યેક અવયવની આસક્તિ છોડી હું દેહથી અલગ છું-આ ભાવોને વધુને વધુ ઘુંટી કાયાની અનુકૂળતાનો ત્યાગ અને પ્રતિકૂળતાનો સ્વીકાર કરવો તેજ સાચો કાયક્લેશ નામનો તપ... આજ ન્યાયને કેન્દ્રમાં રાખી સાધુ લોચ-વિહાર આદિ સાધના કરે છે, જેમાં લોચ એટલે માથાના, દાઢીના તથા મુંછના વાળને પોતે અથવા અન્ય સાધુ દ્વારા ખેંચી ખેંચીને કાઢવા કે કઢાવવા. ચાહે લોહી નીકળે-ચાહે પીડા થાય પણ મારે શરીરની અનુકૂળતાને પોષવી નથી, આ વૃત્તિને જીવંત રાખવા સાધુ કાયાને કષ્ટ આપે છે. આજના કાળે એક પ્રશ્ન વ્યાપક ચર્ચાય છે કે શરીરને ખોટું કષ્ટ આપવાથી શું ? પૂજા, અનુકંપા, જીવદયા વગેરે બરાબર છે, પણ લોચ-વિહાર-તપ-ત્યાગ-ગરમી- ઠંડી આદિ સહન કરવાની જરૂર શી ? શરીરને કષ્ટ આપવાથી એવું ક્યું સુખ મળે છે ? જેને ખાતર શરીરને આટલો બધો ત્રાસ અપાય છે... ?

સૌ પ્રથમ તો જીવ દ્વારા કરાતા પાપોના મૂળમાં શરીરની સુખાકારિતાનું આકર્ષણ રહેલું છે, માટે દેહે ભલે જીવનું કાંઇ બગાડ્યું નથી, પણ તેના પ્રત્યે રહેલી આસક્તિએ જીવના ફનાફાતિયા ઊડાડી દીધા છે, કર્મ બંધાય છે શરીરની આસક્તિને લીધે, તો શરીરને કષ્ટ આપવાથી જ તે કર્મો છુટશે ને ?

**પ્રશ્ન** - શાસ્ત્રમાં કર્મોના પેટા વિભાગ ઘણી રીતના છે. જેમ અશાતા વેદનીય કર્મ છે, તેમ શાતા વેદનીય કર્મ પણ છે. **કષ્ટ આપવાથી અશાતાવેદનીય ખપે, જ્યારે શરીરને અનુકૂળ વર્તવાથી શાતાવેદનીય કર્મ બળશે, ટુંકમાં કર્મનિર્જરા તો થવાની જ છે ને ?**

**ઉત્તર** - આ પ્રશ્નના ઉત્તરમાં પંચવસ્તુ નામના ગ્રંથમાં જણાવે છે.

अत्र पञ्चवस्तुके उपवासादिषु असातानिर्जरेति भोजने सातानिर्जरा-साम्ये उपवासादिकरणं किमर्थं इति ?

**तत्रोच्यते :** १) भोजनादिषु षट्कायपरिमन्थः, उपवासे च तदभावाद् अशुभनवकर्मबन्धाभावे **संवरपूर्वकसकामनिर्जरामूलत्वाद्** हितम् ॥

२) तथा चास्यात्मनः साताविपाके **सरागहेतुत्वेन** इष्टसंयोगैकत्वता अनादिसहजपरिणमनाद्, आतापनादिषु कर्मविपाकोपयोगत्वेन तथा परिणमनाद् असङ्गताकारणत्वात् त्याग एव साधनमूलं च ॥

(૧) ભોજન અથવા તો ઇન્દ્રિયોના વિષયોના સાધનોના નિર્માણથી માંડી ભોગવટા સુધીમાં સર્વત્ર ષડ્જીવનિકાયની ચિક્કાર હિંસા વ્યાપેલી છે. જ્યારે ઉપવાસ વગેરે તપોમાં ક્યાંક નહિવત્ હિંસા છે, તો ક્યાંક સંપૂર્ણપણે હિંસારહિતતા છે... માટે નવા કર્મોનો બંધ નહિવત્ થાય છે અથવા સંપૂર્ણ અટકી જાય છે. જેમ કર્મનિર્જરા મહત્ત્વની છે, તેમ નવા કર્મોનો પ્રવેશ અટકે તે પણ અતિઆવશ્યક છે, નિર્જરા સાથે સંવર પણ મહત્ત્વનું અંગ છે. માટે જ શાતાવેદનીયના ઉદયમાં શાતાવેદનીયની નિર્જરા થતી હોવા છતાં પણ નવા કર્મોનો બંધ અટક્યો નથી, ષટ્કાયની વિરાધનાજન્ય કર્મબંધ ચાલે છે. જ્યારે ઉપવાસ-કાયક્લેશ-રસત્યાગ વગેરેમાં નિર્જરા સાથે જીવહિંસા અને ઇન્દ્રિયોના વિષયોના આકર્ષણજન્ય કર્મબંધ સંપૂર્ણ અટક્યો હોવાથી કર્મોનો સંવર પણ તેમાં સમાવિષ્ટ થાય છે.

આમ, **'આનાથી મારી કર્મનિર્જરા થશે.' 'ભલે શરીરને કષ્ટ પડે, પણ આ જ કષ્ટથી મારુ અનંતગુણમય સ્વરૂપ પ્રગટ થશે'** તેવી ભાવનાથી કરાતા અણસણ-ઉણોદરી-કાયક્લેશાદિ-તપો અશાતાવેદનીયાદિ સાત કર્મોની સંવરપૂર્વકની સકામનિર્જરા કરનારા થાય છે... જ્યારે સુખનો ભોગવટો માત્ર શાતાવેદનીયની નિર્જરા અને નવા અનેક અશાતાવેદનીય આદિના બંધનું કારણ બને છે.

(૨) આ ઉપરાંત અનાદિકાળથી જીવને ઇષ્ટવસ્તુની પ્રાપ્તિમાં સુખનો રાગ પ્રગટ થઇ જ જાય છે, સુખનો આ રાગ નવા અશુભકર્મોનો બંધ કરાવનારો બને છે, જ્યારે ઇચ્છાપૂર્વક કરાતા આતાપના-કાયક્લેશાદિ તપો પૂર્વના ભવોમાં કરેલા કુકર્મોના વિપાકોની યાદને તાજી કરાવે છે, એટલે કે પૂર્વના

ભવમાં-આ ભવમાં ઘણાય પાપો કર્યા છે, જેના કારણે મારે નરક-તિર્યંચાદિ દુઃખમય ગતિમાં જવું પડશે, જ્યારે આ ઉપવાસ-લોચાદિ કષ્ટો તો શૂળીની સજા સોયથી પતાવડાવી આપણને સદ્ગતિમાં-મોકલનારા છે, આમ ધર્મમાં ઉપાદેયપણાની અને પાપમાં હેયપણાની બુદ્ધિને, આગળ વધીને કહીએ તો ધર્મમાં રાગની અને પાપમાં તિરસ્કારની બુદ્ધિને વધારનારા બનવાથી સદ્ગતિનું રીઝર્વેશન કરાવે છે... માટે જ શાસ્ત્રમાં શરીરને-ઇન્દ્રિયોને દેખીતું કષ્ટ આપી અનંતકાળ સુધીના સુખના Visa પાસ કરાવનારા બાહ્યતપને ઉપાદેયપણે સ્વીકારેલો છે.

યાદ આવે ઉત્કૃષ્ટ કાયક્લેશને આરાધનારા **ગજસુકુમાલ-ખંધકમુનિ** વગેરે તપસ્વીઓ !! કેવી ઉત્કૃષ્ટ સમાધિ !! પૂર્વના ભવમાં ખંધકે બે રીંગણાની છાલને રાચીમાચીને ઉતારી, તો બે સૈનિકો (પૂર્વભવના રીંગણાના જીવો)એ ખંધક સાધુની ચામડી જીવતે જીવ ઉતારી નાંખી... રીંગણાની છાલને છોલવાનું પાપ પોતાની ચામડી ચીરાઇ જાય તેવું કર્મ બંધાવતું હોય, તો આપણે તો સ્વાર્થ માટે દિવસમાં હિંસાદિ કેટલા બધા પાપો કરીએ છીએ ? ભવાંતરમાં આ બધા પાપોની સજા શું હોઇ શકે છે ? તે કલ્પના કરવાની તાતી જરૂર છે, અને પળે પળે આવી મારણાંતિક વેદના ભોગવવા મનને અત્યારથી તૈયાર કરવું જરૂરી છે, સ્થિતિ આપણી એટલી બધી કફોડી છે, કે હજારોવાર ચામડી ચીરાવવી પડે તેવા કર્મો જમા ખાતે પડ્યા છે, અને તેમનું ઉદયમાં આવવાનું countdown શરુ થઇ ગયું છે, ત્યારે વર્તમાનમાં આપણે નાનો કાંટો વાગી જાય તેય સહન નથી કરી શકતા. Balance માં ૫૦૦-૧૦૦૦ degree ગરમી સહન કરવાના કર્મો પડ્યા છે અને અહીં ૪૦ degree ઉપર ગરમી જાય ત્યાં તો A.C. અને પંખા ચાલુ કરવાના શરુ થઇ જાય છે, હજારો વર્ષો સુધી ખાવાનું-પીવાનું ન મળે અથવા તો ઉતરેલું-સડેલું-બિભત્સ પુદ્ગલોથી બનેલું ભોજન વાપરવા મલે તેવા કર્મો આવતીકાલે ઉદયમાં આવવાના છે, ત્યારે રોજ હોટલનું-લારીનું Fast Food વગેરે ખાવા ન મળે તો આપણને ચેન જ નથી પડતું. માટે જ **ભવિષ્યમાં કાં તો દુઃખો આવે નહીં, કાંતો આવે તો તે દુઃખ માટે આપણું મન ટેવાઇ જાય, તેવા આશયથી પરમાત્માએ આ ભવમાં કાયક્લેશાદિને વધાવવાનું કહયું...**ગજસુકુમાલને ભવિ-

ષ્યમાં સંસારનું કોઇ દુઃખ ન' તુ જોઇતું, માટે સ્મશાનમાં રહી સસરા દ્વારા કરાયેલા મારણાંતિક દુઃખને હસતે મુખે સ્વીકારી લીધું. મન એ રીતે સમાધિમાં ટેવાઇ જાય તો ભવાંતરમાં આવનારા નરકના કાતિલ દુખોમાં મન અસમાધિમાં જાય નહી. તેવા ઉત્તમ આશયથી **શ્રેણિકે કોણિક** દ્વારા રોજના મરાતા ૧૦૦ ફટકાના મારને પ્રસન્નતાથી સહી લીધા... આપણે પણ ઉપરોક્ત બેમાંથી કોઇક આશયથી રોજ નાની-મોટી કષ્ટક્રિયાને જીવનમાં પ્રસન્નતાથી વણી લેવી જોઇએ જેવી કે–

૧) ગરમીમાંથી આવ્યા પછી ૫ મિનિટ તો પંખો ચાલુ ન જ કરવો, જેથી ગરમીને સહન કરવાની ટેવ પડે.

૨) દિવસમાં ઘરની બહાર ૧૦૦ ડગલા તો ખુલ્લા પગે ચાલવું જ.

૩) પાંચ મચ્છર ડંખ મારી ન જાય ત્યાં સુધી ઓડોમસાદિ ટ્યુબ કે ગુડનાઇટ વગેરેનો ઉપયોગ ન કરવો.

૪) ૫૦૦ ડગલામાં દેરાસર ઉપાશ્રય હોય, તો ચાલીને જ દર્શન વંદનાદિ કરવા જવું.

૫) રાતના ઠંડી લાગે તો ૧ બ્લેન્કેટથી વધારે ન જ ઓઢવો.

૬) શિયાળામાં કમસે કમ ૧ ગ્લાસ ઠંડુ પાણી અને ઉનાળામાં ૧ ગ્લાસ ગરમ પાણી પીવાની ટેવ અવશ્ય પાડવી... વગેરે...

આ રીતે કાયક્લેશને સહન કરી ઝડપથી મુક્તિગામી બનીએ તેજ અભ્યર્થના...



# સંલીનતા

इंदिय-कसाय-जोए पडुच्च संलीणया मुणेयव्वा ।
तह य विवित्ता चरिया पन्नत्ता वीयराएहिं ।।
सद्देसु च भद्दयपावएसु सोयविसयमुवगएसु ।
तुट्ठेण व रुट्ठेण व समणेण सया न होयव्वं ।।

(બાકીની ઇન્દ્રિયોનું આજ મુજબ જાણવું)

उदयस्सेव निरोहो उदयप्पत्ताणं वाऽफलीकरणं ।
जं इत्थ कसायाणं कसायसंलीणया एसा ।।
अपसत्थाण निरोहो जोगाणमुदीरणं च कुसलाणं ।
कज्जंमि य विहिगमणं जोगे संलीणया भणिया ।।
आरामुज्जाणाइसु थी-पसुपंडगविवज्जिए ठाणं ।
फलगाईण य गहणं तह भणियं एसणिज्जाणं ।।

કાયક્લેશમાં મુખ્યતયા સમગ્ર શરીરને કષ્ટ આપવાની વાત હતી, જ્યારે સંલીનતામાં કષ્ટ કાંઇ નથી આપવાનું, પણ સતત ઇન્દ્રિયોને-કાયાને-મનના વિચારોને અમુક મર્યાદામાં બાંધીને રાખવાના છે... એકવાર કાયક્લેશ (લોચ-વિહાર) આદિ સહન કર્યા બાદ કાયાને આરામ-જરુરી ઉપચાર કરાવવા દ્વારા આરામ આપી શકાય છે. તેમાં કાયાનું આકર્ષણ પોષાઇ શકે છે. માટે જ સંલીનતા નામનો તપ બતાવ્યો, જેમાં સંપૂર્ણપણે શરીરની-ઇન્દ્રિયોની વૃત્તિને સંકોચી રાખવામાં આવે છે, નિષ્કારણ પગને-હાથને હલાવવા-ચલાવવાનો પણ નિષેધ સામાન્યતઃ સંલીનતા નામના તપમાં કરવામાં આવે છે.

**વિશેષતઃ** સંલીનતાના મુખ્ય ૨ ભેદ પડે છે.

**૧) ઇન્દ્રિય-કષાય-યોગ સંલીનતા ૨) વિવિક્તચરિયા સંલીનતા**

**(a) ઇન્દ્રિય સંલીનતા** - પાંચ ઇન્દ્રિયોના અનુકૂળ વિષયમાં રાગ નહીં, પ્રતિકૂળ વિષયમાં દ્વેષ ન કરવો તે.

**(b) કષાય સંલીનતા** - ઉદયમાં નહીં આવેલાનો નાશ કરવો અને ઉદયમાં આવી ગયેલા પર કાબૂ કરવો તે.

**(c) યોગ સંલીનતા** - અપ્રશસ્ત યોગોનો નિરોધ અને પ્રશસ્તયો-ગોની ઉદીરણા તે.

**(d) વિવિક્તચરિયા સંલીનતા** - સ્ત્રી-પશુ-નપુંસકથી રહિત સ્થાનમાં, પીઠ-ફલક આદિ યાચીને રહેવું તે.

# અભ્યંતર તપો

આ રીતે અણસણાદિ બાહ્ય તપોનું વિવરણ પૂર્ણ થાય છે. મુખ્યતયા આ તપો શરીરસંબંધી હોવાથી બાહ્યતપ કહેવાય છે. આ બાહ્યતપ દ્વારા શરીરની વૃત્તિઓ પર કાબુ આવે છે અને તેથી અનાદિકાળના કુસંસ્કારો સામે લડવાનું પ્લેટફોર્મ તૈયાર થાય છે, ત્યારબાદ અભ્યંતર તપ તે કુસંસ્કારો સાથે લડવાનું ભગીરથ કાર્ય કરે છે... જો અભ્યંતર તપ કુસંસ્કારો સામે સીધુ જ લડવાનું ચાલુ કરે, તો દેહાધ્યાસ વચ્ચે પડી જીવ દ્વારા કરાયેલા ભગીરથ પુરુષાર્થને નિષ્ફળ કરી નાંખે માટે સૌ પ્રથમ દેહાધ્યાસ તોડી બાકીના કુસંસ્કારો સાથે લડવામાં આવે છે. અભ્યંતર તપ આમ તો દરેક કુસંસ્કારોને તોડે છે, પણ આત્માને-મહદંશે નડતા મુખ્ય દોષો ઉપર તે સૌ પ્રથમ ઘાત કરે છે.

**પ્રાયશ્ચિત્ત** - પોતાના દોષો છુપાવાની-**માયાવૃત્તિનો**

**વિનય** - પોતાની જાતને સૌથી ઊંચી માનવાની-**અહંવૃત્તિનો,**

**વૈયાવચ્ચ** - સર્વત્ર બીજાનો ભોગે પોતાનો જ ફાયદો દેખવાની-**સ્વાર્થવૃત્તિનો.**

**સ્વાધ્યાય** - બીજાની નિંદા-કુથલી કરવાની, સાંભળવાની-**નિંદકવૃત્તિનો.**

**ધ્યાન** - નિરર્થક જાણકારી મેળવવાની-**કુતુહલવૃત્તિનો.**

**કાયોત્સર્ગ** - દેહાદિથી ભિન્ન પદાર્થોને પોતાના સ્વરૂપે દેખાડનારી **મમત્વવૃત્તિ કે મિથ્યાવૃત્તિનો...** નાશ કરે છે,

માયાવૃત્તિ જતા જીવ **સરળ પરિણામી** બને છે,
અહંવૃત્તિનો નાશ થતા જીવ **નમ્ર પરિણામી** બને છે,
સ્વાર્થવૃત્તિ જતા જીવ **મૈત્રી પરિણામી** બને છે,
નિંદકવૃત્તિ જતા જીવ **પ્રમોદ પરિણામી** બને છે,
કુતુહલવૃત્તિ જતા જીવ **સ્વભાવમાં સ્થિર પરિણામી** બને છે.
મમત્વ કે મિથ્યાવૃત્તિ જતા જીવ **વિભાવમાં મધ્યસ્થ પરિણામી** બને છે.

આ રીતે અભ્યંતર તપો પણ જીવની પ્રકૃતિ જે મોહથી-કુસંસ્કારોથી દૂષિત હતી, તેને સત્સંસ્કારોથી વાસિત કરનારા બને છે, માટે જ શાસ્ત્રમાં અભ્યંતર તપને મુખ્ય બતાવ્યો છે, છ પ્રકારના જે અભ્યંતર તપો બતાવ્યા છે તેમાં સૌ પ્રથમ આવતા પ્રાયશ્ચિત્ત નામના તપને આપણે જોઇ લઇએ.

# પ્રાયશ્ચિત્ત

અનાદિકાળથી સંસારમાં રખડતા જીવો ઢગલાબંધ પાપો કરે છે અને ઢગલાબંધ કર્મો ઉપાર્જિત કરે છે, પાપો થઇ જવા તે આશ્ચર્ય નથી પણ તે પાપોની દેવ-ગુરુની સાક્ષીએ આલોચના (રડતા હૈયે) કરવી અતિદુષ્કર છે. માત્ર પોતાના પાપો બોલી જવા એ પ્રાયશ્ચિત્ત નથી, પણ મેં ખોટુ કર્યું-મારી ભૂલ થઇ ગઇ, હવે મારે ભૂલ નથી કરવી અને ભૂલની માફી માંગુ છું. આ ભાવો છે ખરા આલોચનાના પરિણામ... ગમે તેવી ગંભીર ભૂલ હોય પણ સરળભાવે-પશ્ચાત્તાપના ભાવપૂર્વક ગુરુનિશ્રાએ જે આલોચના કરે છે, તે નિકટભવમાં મુક્તિગામી બને છે. નાના પણ પાપને જે છુપાવે છે, તે ઉત્કૃષ્ટ કક્ષાનો સાધક ભલે હોય છતાંય દુર્ગતિગામી બને છે... જેવી રીતે નાનો પણ કાંટો લાંબા સમય સુધી પગમાં રહે તો પરુ થઇ જાય છે, છતાં ઉપેક્ષા કરો, તો રોગ વકરે છે, અને છેવટે પગ કપાવી નાખવો પડે... તેવી જ રીતે છુપાયેલો નાનો દોષ પણ મોટા ભવભ્રમણનું કારણ બની જાય છે... સાધ્વીજી **રુક્મિ**-સાધ્વીજી **લક્ષ્મણા** આના પ્રસિદ્ધ દ્રષ્ટાંતો છે, નાની ભૂલ, પણ આલોચના લીધી નહી, અથવા વાત છુપાવીને લીધી, તો પરિણામે દીર્ઘ સંસાર ઉપાર્જિત કરી કાઢ્યો... યાદ આવે પ્રભુ વીરનો સમકિતપ્રાપ્તિ પછીનો ત્રીજો ભવ **મરીચિનો...''कपिला इत्थंऽपि इहयंऽपि''** આ એક ઉત્સૂત્રભાષણ કર્યા બાદ તેની આલોચના ન કરી, તો ૧ કોડાકોડી સાગરોપમનો સંસાર વધી ગયો... શાસ્ત્રમાં પાર્શ્વનાથ ભગવાનના શાસનના ઢગલાબંધ સાધ્વીજીઓના દ્રષ્ટાંત આવે છે કે એ ભવમાં સાતિચાર ચારિત્ર પાળ્યું, આલોચના નહીં કરી, તો પછી વૈમાનિક દેવલોકની જગ્યાએ તેનાથી અસંખ્યગુણાહીન ઋદ્ધિવાળા ભવનપતિ દેવલોકમાં દેવીઓ તરીકે ઉત્પન્ન થઇ ગઇ.

આમ, આલોચનાની તાકાત-મહિમા-પ્રભાવ અચિન્ત્ય છે... માટે જ મહાપ્રત્યાખ્યાન પયન્નામાં જણાવે છે.

**जह बालो जंपंतो कज्जमकज्जं च उज्जुयं भणइ ।**
**तं तह आलोइज्जा मायामयविप्पमुक्को उ ॥(२२)**

(જેવી રીતે નાનો બાળક કથનીય-અકથનીય વિચાર્યા વગર સરળ-

ભાવે બધુંજ બોલી નાખે છે, તેવી જ રીતે શિષ્યે માયા-મદ આદિ દોષોથી મુક્ત થઇ સરળભાવે બધી જ વસ્તુની આલોચના ગીતાર્થ ગુરુ સમક્ષ કરવી જોઇએ.)

**सोही उज्जुयभूयस्स, धम्मो सुद्धस्स चिट्ठइ ।**
**निव्वाणं परमं जाइ, घयसित्तुव्व पावए ।।** (૨૩)

શુદ્ધ આત્મામાં જ ધર્મ રહે છે અને શુદ્ધિ સરળ બનેલા આત્મામાં જ રહે છે. આવો સરળઆત્મા ઘીથી સિંચાયેલા અગ્નિની જેમ શ્રેષ્ઠ / ઉત્કૃષ્ટ નિર્વાણને પામે છે. આ ઉપરાંત મરણસમાધિ પયન્નામાં ૧૦ પ્રકારના આલોચનાના દોષસ્થાન બતાવ્યા છે, તેનો ત્યાગ કરીને આલોચના લેવી જોઇએ.

**आकंपण १) अणुमाणण २) जंदिट्ठं ३) बायरं च ४) सुहुमं च ५) छन्नं ६) सद्दाउलगं ७) बहुजण ८) अव्वत्त ९) तस्सेवी १०) ।।** (૧૨૩)

**आलोयणाइ दोसे दस दुग्गइवड्ढणा पमुत्तुणं ।**
**आलोइज्ज सुविहिओ गारवमायामयविहूणो ।।** (૧૨૪)

૧) ધુણતા ધુણતા બોલવું. ૨) નોંધ ન કરી હોવાથી અનુમાનથી કહેવું. ૩) જે દોષને કોઇએ જોયા હોય તે જ કહેવા. ૪) મોટા મોટા દોષ જ કહેવા. ૫) નાના નાંના દોષ જ કહેવા. ૬) કોઇને ખ્યાલ ન આવે તેમ આલોચના લેવી. ૭) ખૂબ અવાજ થતો હોય ત્યારે કહેવું. ૮) બહુ લોકો હોય ત્યારે કહેવું. ૯) અસ્પષ્ટપણે જણાવવું. ૧૦) આલોચનાદાતા જે દોષ સેવતા હોય તેની જ આલોચના લેવી. ઉપરોક્ત બધા દોષ પ્રાયશ્ચિત્ત ઓછું મળે તેના માટે સેવાય છે. દુર્ગતિને વધારનારા આ આલોચનાના દશ દોષોને છોડીને ગારવ-માયા અને અહંકારથી મુક્ત થઇ સદાચારી મુનિએ આલોચના લેવી જોઇએ.

અજૈન સાહિત્યમાં એવી વાત આવે છે કે રોજ પ્રાર્થના કરીને પછી જ સૂવાના નિયમવાળા ધર્મગુરુ એકવાર અતિશય થાકના કારણે પ્રાર્થના કર્યા વિના સૂતા, ત્યારે રાત્રે શેતાન જગાડી પ્રાર્થના કરવાનું યાદ કરાવે છે. પ્રાર્થના બાદ શેતાન હોવા છતાં જગાડવાનું કારણ પૂછયું ત્યારે શેતાને જણાવ્યું કે - ભૂતકાળમાં આવી જ રીતે એકવાર પ્રાર્થના કરવાની રહી ગઇ હતી ત્યારે તમે બીજે દિવસે એટલો બધો પશ્ચાત્તાપ કરેલો કે પ્રાર્થના ન કરવાના પાપ સાથે

ભૂતકાળના પણ બધા પાપો ધોવાઇ ગયેલા. ફરીથી આવી રીતે તમામ પાપોથી મુક્ત ન બની જાવ માટે તમને જગાડવા આવ્યો છું. પશ્ચાત્તાપની કેવી તાકાત ? કપડા પર કાદવ ઊછળે અને લોન્ડ્રીમાં કપડુ ધોવામાં આપીએ તો જેમ કાદવનો ડાઘ નીકળે, તેમ બાકીનો મેલ પણ નીકળી જાય અને કપડું શુદ્ધ થાય..તેમ વિશુદ્ધ ભાવે આલોચના કરીએ તો બાકીના પણ ઘણા પાપો એની સાથે ધોવાઇ જાય છે. આવા શુદ્ધિના-આલોચનાના દસ પ્રકાર શાસ્ત્રમાં વર્ણવ્યા છે.

**आलोयण-पडिक्कमणे मीस-विवेगे तहा विउस्सग्गे ।**

**तव-छेय-मूल-अणवट्ठया य पारांचिए चेव ।।**

પાપોના અસંખ્ય પ્રકાર છે. તમારૂં પાપ કેવું છે ? તમે કેવા ભાવથી પાપ કરેલું વગેરે ધ્યાનમાં રાખી ગીતાર્થગુરુ ઉપરોક્ત ૧૦ પ્રકારમાંથી કોઇ પણ પ્રકારનું પ્રાયશ્ચિત્ત આપે છે. જેમાંના આઠ પ્રાયશ્ચિત્ત હાલ વિદ્યમાન છે, છેલ્લા બે પ્રાયશ્ચિત્તનો ૧૪ પૂર્વના વિચ્છેદ સાથે વિચ્છેદ થયો છે. પોતાના દોષો પ્રત્યેના પશ્ચાત્તાપના આંસુ અને ઉત્તમ વ્યક્તિના ગુણોની અનુમોદનાના હર્ષાશ્રુથી જેની આંખો હરહંમેશ ભરેલી હોય છે, તેજ સાચી રીતનું પ્રાયશ્ચિત્ત વહન કરી શુદ્ધ બની શકે છે. આ અંગે ઉંડાણથી જ્ઞાન કોઇ ગીતાર્થ ગુરુની નિશ્રાએ જ મળી શકે. અત્રે સામાન્યતઃ જ તેનો ઉલ્લેખ કરાય છે... છેદ ગ્રંથોમાં આ અંગે ખૂબ વિસ્તૃત માહિતી મળે છે, સંવિગ્ન-ભવભીરૂ-ગીતાર્થ સાધુઓ જ યોગોદ્વહન બાદ આ ગ્રંથ વાંચી શકે છે.

૧) **આલોચના પ્રાયશ્ચિત્ત** - ગુરુ સમક્ષ પાપોની આલોચના કરવી, કબુલાત કરવી.

૨) **પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત** - થઇ ગયેલા પાપ / ભૂલો માટે રડતા હૈયે મિચ્છામિ દુક્કમ્ માંગવું.

૩) **મિશ્ર પ્રાયશ્ચિત્ત** - ગુરુ સમક્ષ કબૂલાત પણ કરવી અને મિચ્છામિ દુક્કડમ્ માંગવું.

૪) **વિવેક પ્રાયશ્ચિત્ત** - જે ભુલ થઇ હોય તેને સુધારવા તે પાપનો ત્યાગ કરવો.

૫) **વ્યુત્સર્ગ પ્રાયશ્ચિત્ત** - રાતના સમયે ખરાબ સ્વપ્ન આવ્યા હોય તો તેની શુદ્ધિ માટે જેમ કાઉસગ્ગ કરાય છે, તેમ આમાં પણ પાપોની શુદ્ધિ માટે અલગ અલગ પ્રકારના કાઉસગ્ગ કરાય છે.

**૬) તપ પ્રાયશ્ચિત્ત** - પાપોની ગંભીરતા વધુ હોય ત્યારે આયંબિલ-ઉપવાસાદિ જે તપ ગુરુ આપે તે કરવાથી જ પાપો ધોવાય.

**૭-૮) છેદ / મૂલ પ્રાયશ્ચિત્ત** - શરીરના કોઇ ભાગમાં ગંભીર બીમારી લાગુ પડતા ઓપરેશન કરીને તે ભાગ છેદી નાખવામાં આવે છે, તેવીજ રીતે વધુ ગંભીર પાપ થતાં સાધુ / શ્રાવક દ્વારા કરાયેલી આરાધનાનો એક ભાગ અથવા સંપૂર્ણ આરાધના પાપની શુદ્ધિ ખાતે ખતવી નાંખવી. ચારિત્રના વર્ષો વગેરે ઓછા કરવા અથવા ફરીથી દીક્ષા આપવી.

**૯-૧૦) અનવસ્થાપ્ય અને પારાંચિત** - આ બને પ્રાયશ્ચિત્તનો વિચ્છેદ થવાથી અત્રે માહિતી આપી નથી, અતિ ગંભીર પાપ થયું હોય, તો જ આ પ્રાયશ્ચિત્ત પૂર્વેના કાળમાં અપાતું હતું.

આપણે પણ ગીતાર્થ ગુરુ પાસે વિશુદ્ધ આલોચના (ભવ આલોચના) લઇ આત્માને ઉજ્જવળ બનાવી મુક્તિમાં સ્થાપિત કરવા ગતિશીલ બનવું જોઇએ.



# વિનય

**विनीयते-क्षिप्यते अष्टप्रकारं कर्मानेनेति विनयः**

(જેના વડે ૮ પ્રકારના કર્મોનો નાશ થાય છે, તે વિનય.) વિનયને જિનશાસન રૂપી ધર્મવૃક્ષનું મૂળ કહેવામાં ખાવે છે. વિનયથી ધર્મની પ્રાપ્તિ પણ થાય છે, ધર્મની સિદ્ધિ પણ થાય છે અને પાપોનો હ્રાસ પણ થાય છે. માટે વિનય સૌ પ્રથમ કર્તવ્ય બને છે. લોકોત્તર જિનશાસનમાં તમામ ઉત્તમ તત્ત્વોનો-વિનય કરવાનું કહ્યું છે, માટે દેવ-ગુરુ-ધર્મ અથવા જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ તમામનો વિનય કરવાનું કહ્યું છે. લૌકિક મિથ્યા ધર્મોમાં અમુક ધર્મોમાં તો જે મળે, તે તમામનો વિનય કરવાનો કહ્યો છે, જેને વૈનયિક કહેવામાં આવે છે. આવા કુલ ૩૨ અલગ અલગ ધર્મો છે, જે માત્ર વિનયને જ મહત્ત્વ આપે છે. આના પરથી ફલિત થાય છે કે લૌકિક-લોકોત્તર, સમ્યગ્-મિથ્યા તમામ ધર્મોમાં વિનયનું સ્થાન અગ્રેસર રહ્યું છે.

જિનશાસનમાં મુખ્યતયા ૭ પ્રકારનો વિનય બતાવ્યો છે.

**૧) જ્ઞાન વિનય** - જિનશાસનમાં મુખ્યતયા મતિ-શ્રુત-અવધિ-મનઃ-પર્યવ-કેવળજ્ઞાન એમ ૫ જ્ઞાન બતાવવામાં આવ્યા છે. આ તમામનો પાછો પાંચ પ્રકારનો વિનય દેખાડ્યો છે.

**A) શ્રદ્ધા** - પાંચ જ્ઞાનના માધ્યમે પરમાત્માએ વિશ્વના સ્વરૂપને જે રીતે વર્ણવ્યું, તે તેજ રીતે છે, આવી શ્રદ્ધા एस अट्ठे-एस परमट्ठे-सेसे अणट्ठे ।

પાંચ જ્ઞાન મારફતે જે જણાય છે, તે જ અર્થભૂત છે-પરમાર્થ છે, બાકી અજ્ઞાન મારફતે જે જણાય છે, તે બધુંજ અનર્થ છે.

**B, C) ભક્તિ અને બહુમાન** - જ્ઞાન વિષે બાહ્ય ઔચિત્ય સાચવવું, જેવી કે એની પૂજા કરવી, વંદન કરવું-ઉચ્ચ સ્થાનમાં રાખવું-ગૌરવયુક્ત ભૂમિકામાં રાખવું વગેરે અને અભ્યંતર પ્રીતિ રાખવી, આના થકી મારું આત્મ-કલ્યાણ થયું છે, ને હવે પછી પણ થશે તેવો કૃતજ્ઞભાવ દાખવવો તે.

**D) સમ્યગ્ભાવના** - મેળવેલા તે જ્ઞાનના અર્થો ઉપર વારંવાર ચિંતન કરવું, જ્ઞાનના અર્થને-ઐદંપર્યાર્થને આત્માના પ્રદેશો સાથે આત્મસાત્ કરવા અથવા જીવનમાં તે જ્ઞાનનું આચરણ કરવું તે.

**E) વિધિગ્રહણ અભ્યાસ** - ગુરુના મુખે વિધિપૂર્વક જ્ઞાન ગ્રહણ કરવું અને આદરપૂર્વક, સખત પુરુષાર્થ કરવાપૂર્વક ધારણ કરવું તે... એટલે કે ગીતાર્થ ગુરુની સંમતિ અને સૂચનપૂર્વક, વિદ્યાગુરુ તથા જે ગ્રંથાદિ જાણવાનો છે તેના રચયિતાને વંદન... ઉચ્ચસ્થાને સ્થાપન, બહુમાનભાવ, ઔચિત્ય-યુક્ત હૃદયને બનાવી નવા નવા અર્થો ગ્રહણ કરવા, ધારણ કરવા-શંકાઓનું નિવારણ કરી પુનરાવર્તિત કરવા તે.

આમ, પ્રાયઃ કરીને જીવનમાં ઉપરોક્ત પાંચ પ્રકારના જ્ઞાનના વિનય ઉલટા ક્રમે પ્રવેશ પામે છે, **સૌ પ્રથમ વિધિગ્રહણ-અભ્યાસ દ્વારા વાચના-પૃચ્છના-પરાવર્તના થાય, ત્યારબાદ સમ્યગ્ભાવના દ્વારા અનુપ્રેક્ષા થાય, ત્યાર-બાદ તાત્ત્વિક ભક્તિ-બહુમાન આવે અને પછી જ તાત્ત્વિક શ્રદ્ધા પ્રકટે.** આમ માત્ર બે હાથ જોડીને ઊભા રહેવું તેને જ શાસ્ત્રમાં વિનય તરીકે નથી બતાવ્યો પણ ઉપરોક્ત પાંચ ચીજને જ્ઞાનના વિનયમાં સમાવિષ્ટ કરેલી છે.

**૨) દર્શન વિનય** - દર્શન વિનયના બે ભેદ છે A) શુશ્રૂષા વિનય B) અનાશાતના વિનય.

**A) શુશ્રુષા વિનય** - દર્શન (સમ્યક્ત્વ ગુણ)માં આપણા કરતા વધુ નિર્મળતા ધરાવનાર તમામનો વિનય કરવાનો છે, તે પણ ૧૦ પ્રકારે છે.

**૧) સત્કાર** - દર્શનગુણમાં વધુ શ્રેષ્ઠ તમામ વ્યક્તિની સ્તવના-વંદ-નાદિ કરવા જોઇએ.

**૨) અભ્યુત્થાન** - દર્શનગુણમાં વધુ શ્રેષ્ઠ તમામ વ્યક્તિના દૂરથી થતા દર્શને જ આસન છોડી ઊભા થવું.

**૩) સન્માન** - વસ્ત્ર-પાત્ર આદિ ઉત્તમ અને જરૂરિયાતની વસ્તુથી પૂજન અથવા વસ્તુ તે-તે પૂજ્યોના ચરણોમાં સમર્પિત કરવી.

**૪) આસનાભિગ્રહ** - હજી ગુરુ (તે પૂજ્ય વ્યક્તિ) ઊભા હોય અને તેના હાથમાંથી આસન લઇ યોગ્ય સ્થાને પાથરી હે પૂજ્ય ! આપ પધારો વગેરે રીતે ભક્તિ કરવી તે.

**૫) આસન અનુપ્રદાન** - તે-તે પૂજ્ય વ્યક્તિઓને એક સ્થળેથી બીજે સ્થળે જવું હોય તો તે પૂર્વેજ યોગ્ય સ્થળે આસનનું સંચારણ કરવું તે... તાત્પર્યાર્થ તેવો છે-તે પૂજ્ય ગોચરી વાપરવા જાય તે પૂર્વે જ આસન ત્યાં

પાથરી દેવું. શિયાળામાં ઠંડીમાંથી ગરમીમાં, ઉનાળામાં ગરમીમાંથી ઠંડીમાં ઉચિત સ્થાને ખસેડવું વગેરે.

**૬) કૃતિકર્મ અને અંજલી** - વિધિપૂર્વક વંદન કરવા, તે-તે પૂજ્યોની સન્મુખ હાથ જોડીને ઊભા રહેવું... અને આ ઉપરાંત તે-તે પૂજ્ય આવે ત્યારે સામે લેવા જવું.

- સ્થાનમાં સ્થિર (રહેલા) હોય ત્યારે સેવાભક્તિ કરવી.

- જતા હોય તો તેમની પાછળ થોડે સુધી વળાવવા જવું (મૂકવા જવું) આ પણ શુશ્રુષા વિનયના ભેદ છે.

**b) અનાશાતના વિનય** - આ વિનય પંદરનો કરવાનો છે.

**तित्थयर-धम्म-आयरिअ-वायग-थेर-कुल-गणे-संघे ।**
**संभोइअ-किरियाह-मइनाणाईण य तहेव ।।**

[૧]તીર્થંકર, [૨]ધર્મ, [૩]આચાર્ય, [૪]વાચક (ઉપાધ્યાય), [૫]સ્થવિર, [૬]કુલ, [૭]ગણ, [૮]સંઘ, [૯]સાંભોગિક સાધુઓ, [૧૦]ક્રિયાવાદી, [૧૧]મતિજ્ઞાની, [૧૨]શ્રુતજ્ઞાની, [૧૩]અવધિજ્ઞાની, [૧૪]મનઃપર્યવજ્ઞાની, [૧૫]કેવળજ્ઞાની આ ૧૫ પ્રત્યે ભક્તિ (બાહ્ય વિનય), બહુમાન (અભ્યંતર પ્રીતિ) અને તેમના ગુણોનું સ્મરણ-ગુણાનુવાદ વગેરે કરવા સ્વરૂપ અનાશાતના-વિનય સેવાય છે.

**નોંધ** - ૫) **સ્થવિરના** ૩ ભેદ પડે છે, ૨૦ વર્ષ કરતા વધુ દીક્ષા પર્યાયવાળા = **પર્યાયસ્થવિર**, ૬૦ વર્ષથી વધુ ઉમરવાળા સાધુ = **વયસ્થવિર**, સમવાયાંગ ગ્રંથના અભ્યાસવાળા સાધુ = **જ્ઞાન-શ્રુતસ્થવિર**

**૬-૭) કુલ તથા ગણ** - એકજ આચાર્યની ભિન્ન-ભિન્ન શિષ્યસંપદાને કુલ, અને ભિન્ન-ભિન્ન આચાર્યની શિષ્યસંપદા ભેગી કરતા ગણ કહેવાય.

**૯) સાંભોગિક સાધુ** - સમાન સામાચારી(આચાર)ને પાળનારા સાધુઓ.

**૩) ચારિત્ર વિનય** - શાસ્ત્રમાં પાંચ પ્રકારના ચારિત્ર બતાવવામાં આવ્યા છે. આત્માની અંદર એકત્રિત થયેલા કર્મોને જે ખાલી કરે, તે ચારિત્ર.

**(A) સામાયિક** - જેનાથી જ્ઞાન-દર્શન-ચારિત્રનો લાભ થાય, તેને સામાયિક ચારિત્ર કહેવાય છે, આમાં સર્વ સાવદ્યયોગો (પાપયુક્ત પ્રવૃત્તિ)

નો ત્યાગ કરવાનો હોય છે. શ્રાવકને ૨ ઘડી (૪૮ મિનિટ) નું સામાયિક તથા પૌષધમાં સામાયિક હોય છે અને ૧લા અને ૨૪માં ભગવાનના સાધુઓને નાની દીક્ષાથી વડીદીક્ષા સુધીનું "ઇત્વરકથિક" અને ૨૨ ભગવાનના સાધુ-ઓને દીક્ષાથી જીવનના અંત સુધીનું "યાવત્કથિક" સામાયિક ચારિત્ર હોય છે.

(B) **છેદોપસ્થાપનીય** - પૂર્વના ચારિત્રપર્યાયનો છેદ કરી ફરીથી મહા-વ્રતોનું-આરોપણ જેમાં કરાય છે, તે છેદોપસ્થાપનીય ચારિત્ર કહેવાય છે. વડીદીક્ષા વખતે, મૂળ ગુણના ઘાત થતા પ્રાયશ્ચિત્તરૂપે પૂર્વપર્યાયનો છેદ કરી ફરીથી વ્રતનું આરોપણ થાય ત્યારે, * પાર્શ્વનાથ ભગવાનના સાધુઓ ૪ મહાવ્રતને છોડી પ્રભુ વીર પ્રરૂપિત ૫ મહાવ્રતવાળો માર્ગ સ્વીકારે ત્યારે ઉપરોક્ત ચારિત્ર હોય છે. હાલ માત્ર આ બે ચારિત્ર જ વિદ્યમાન છે.

(C) **પરિહારવિશુદ્ધિ** - વિશેષ તપ અને વિશુદ્ધિથી યુક્ત આ ચારિત્ર હોય છે. આમાં એક સાથે નવસાધુનો સમુદાય હોય છે.

જેમાંથી ૪ - નિર્વિશમાનક - તપ કરનારા, ૪ - અનુચારક - સેવા કરનાર. ૧ - વાચનાચાર્ય - વાચનાદાતા હોય છે,

૧૮ મહિના સુધી આ ચારિત્ર પાળવાનું હોય. ઉપરોક્ત વિધિ છ મહિના રહે, પછીના છ મહિના સેવા કરનારા ચાર સાધુ તપ કરે અને તપ કરનારા ચાર સાધુ સેવા કરે, અને પૂર્વના વાચનાચાર્ય વાચના આપે. પછીના છ મહિના વાચનાચાર્ય તપ કરે, બાકીના આઠમાંથી એક વાચના આપે, બાકીના સેવા કરે... ત્યારબાદ પાછા ગચ્છમાં વસે, ફરીથી આ જ તપ આદરે, અથવા જિનકલ્પ સ્વીકારે (આનું વિશેષ સ્વરૂપ ગુરુનિશ્રાએ જાણવું) તપ કરનારે નીચે મુજબ તપ કરવાનો હોય છે.

| **ઋતુ** | **જઘન્ય** | **મધ્યમ** | **ઉત્કૃષ્ટ** |
|---|---|---|---|
| **ઉનાળો** | **ઉપવાસ** | **છઠ્ઠ** | **અઠ્ઠમ** |
| **શિયાળો** | **છઠ્ઠ** | **અઠ્ઠમ** | **૪ ઉપવાસ** |
| **ચોમાસું** | **અઠ્ઠમ** | **૪ ઉપવાસ** | **૫ ઉપવાસ** |

સ્ત્રીઓને આ ચારિત્ર હોતું નથી. હાલ આ ચારિત્રનો વિચ્છેદ થયેલો છે.

(D) **સૂક્ષ્મસંપરાય** - જ્યાં ક્રોધ-માન-માયા કષાયનો જરા પણ ઉદય ન હોય અને માત્ર અતિઅલ્પ લોભ કષાયનો ઉદય હોય તેવા ૧૦ મા ગુણ-સ્થાનકે સૂક્ષ્મસંપરાય ચારિત્ર હોય છે. (આનો પણ હાલ વિચ્છેદ થયેલ છે.)

**(E) યથાખ્યાત** - બિલકુલ અતિચાર વિનાનું-મોહનીયકર્મના સંપૂર્ણ ઉદય રહિતનું વીતરાગભાવ વખતનું આ ચારિત્ર હોય છે, જે ૧૧ થી માંડી ૧૪ માં ગુણસ્થાનક સુધી હોય છે.

આ પાંચે ચારિત્રની-તેનાથી મળતા કર્મનિર્જરાના ફળની અર્થાત્, આ પાંચેય ચારિત્રની **વિશિષ્ટ ક્ષમતા ઉપર શ્રદ્ધા રાખવી,** યથાશક્ય ચારિત્રનું **કાયાથી આચરણ** કરવું અને અન્ય પાત્ર જીવો સામે તેના **સ્વરૂપનું-મહિમાનું-ઉત્કીર્તન** કરી વધુને વધુ જીવોને ચારિત્રમાં સ્થિર કરવા તે ચારિત્રનો વિનય છે, તેમ શાસ્ત્રમાં કહ્યું છે.

**सामाइयाइचरणस्स सद्दहणं तहेव कायेणं ।**

**संफासणं परुवणमह पुरओ सव्वसत्ताणं ।। इति चारित्रविनय**

**૪ થી ૬) માનસિક-વાચિક-કાયિક વિનય** - આચાર્યાદિ (પૂર્વે દર્શાવેલા છે તે બધા) સર્વેનું સર્વ કાલ વિશે અશુભ વિચારવું-બોલવું કે કરવું નહીં, અને શુભ વિચારો-વાણી-આચરણને જીવનમાં વણવાનો પ્રયત્ન કરવો.

**૭) ઔપચારિક વિનય** - ઔપચારિક વિનય સાત પ્રકારે છે.

**अब्भासऽच्छणं छंदाणुवत्तणं कयपडीकिई तह य ।**

***कारिअनिमित्तकरणं दुक्खत्तगवेसणं तह य ।।***

**तह देसकालजाणण सव्वत्थेसु तह य अणुमई भणिया ।**

**उवयारिओ उ विणओ एसो भणिओ समासेणं ।।**

**अभ्भासऽच्छणं** = સૂત્ર-અર્થ મેળવવાના આશયથી હંમેશા ગુરુની નજીક રહેવું.

**छंदाणुवत्तणं** = ગુરુની ઇચ્છાને અનુસરવું... એમની ઇચ્છા મુજબ વર્તવું.

**कयपडिकिइ** = ગુરુની ભોજન-પાણી આદિ દ્વારા ભક્તિ કરવી, કારણ કે તેનાથી ઉત્કૃષ્ટ નિર્જરા તો થાય છે, પણ ઉચિત વિનયથી પ્રસન્ન થયેલા ગુરુ નવા નવા સૂત્ર-અર્થનું જ્ઞાન આપે છે.

**कारिअनिमित्तकरणं** : ગુરુએ સૂત્ર-અર્થ, ગ્રહણશિક્ષા, આસેવન શિક્ષા આપવા દ્વારા ખૂબ મોટો ઉપકાર કર્યો છે, માટે કૃતજ્ઞભાવે ઉચિત વિનય કરવો જોઇએ.

**दुक्खत्तगवेसणं** : રોગ-વ્યાધિ આદિથી પીડિત હોય ત્યારે ઔષધાદિથી સેવા કરવી.

**देसकालजाणण** : ઉચિત સમય-સ્થળને જાણી વ્યવહાર કરવો.

**सव्वत्थेसु अणुमइ** : તેમની તમામ વિચારધારામાં-પ્રવૃત્તિમાં-કાર્યમાં અનુમતિ આપવી અર્થાત્ તેમના તમામ કાર્યોમાં યથાશક્ય સહકાર આપવો.

પ્રસ્તુતમાં લોકોત્તર વિનયને આશ્રયીને વાત હોવાથી ગુરુ-શિષ્યના સંબંધને કેન્દ્રમાં રાખી વાત લખી છે, પણ સંસારી જીવોએ પણ વિનય કરવાનો હોય છે, એટલે ઉપર અલગ અલગ જે વિનયો બતાવ્યા, તે દરેક **વિનય સંતાને મા-બાપ તથા વડીલો પ્રત્યે, વિદ્યાર્થીએ શિક્ષક પ્રત્યે, નોકરે માલિક પ્રત્યે ધારણ કરવા યોગ્ય છે.**

યાદ આવે **અર્જુન અને એકલવ્ય,** અન્ય પાંડવો-કૌરવો કરતા અર્જુનનો વિનય વિશેષ હતો, માટે અર્જુન સવાયો બન્યો અને એકલવ્યમાં તેના કરતા પણ વધુ વિનય હતો, માટે દ્રોણાચાર્યની દ્રવ્યકૃપાની ગેરહાજરીમાં પણ એકલવ્ય અર્જુન કરતા સવાયો બન્યો.

શાસ્ત્રમાં વૈનયિકી બુદ્ધિ બતાવી છે, તેનો અર્થ છે કે ગુરુનો વિનય કરતા કરતા જે વિશિષ્ટ ક્ષયોપશમ પેદા થાય, તે વૈનયિકી બુદ્ધિ કહેવાય, મતલબ ગુરુનો વિનય કરવાથી ન ભણ્યા હોઇએ તેવું પણ અભિનવ જ્ઞાન પ્રગટ થઇ શકે છે, જેનું જીવંત ઉદાહરણ એટલે પ.પૂ. ગચ્છાધિપતિ શ્રીમદ્ **વિજયજયઘોષસૂરીશ્વરજી મ.સા.**, શ્રુતજ્ઞાનાવરણીયના ઉદયના કારણે સંસ્કૃત-પ્રાકૃત આવડે નહીં, પણ પોતાના ગુરુવર્યો પૂ. પ્રેમસૂરીશ્વરજી મ.સા. તથા પૂ. ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા. પ્રત્યેના અથાગ વિનય-બહુમાનના પ્રભાવે એવો વિશિષ્ટ પ્રજ્ઞાનો વિકાસ થયો કે હાલમાં સમસ્ત ૪૫ આગમના અર્થોના સર્વોપરિ જ્ઞાતા બન્યા અને અતિનિર્મલ પરિણતિના ધારક બન્યા.

# વૈયાવચ્ચ

પરમાત્માએ બાકીના ધર્મોનું ફળ પ્રતિપાતિ કહયું છે, જ્યારે વૈયાવચ્ચનું ફળ અપ્રતિપાતિ બતાવ્યું છે. અર્થાત્ વૈયાવચ્ચ દ્વારા જે પુણ્ય બંધાય અથવા જે કર્મનિર્જરા થાય, તે અપ્રતિપાતિ (નિષ્ફળ ન જાય તેવા ચોક્કસ ફળને આપે તેવી) હોય છે. વૈયાવચ્ચ દ્વારા તીર્થંકર નામકર્મ પણ નિકાચિત થઇ શકે છે. પરમાત્મા ત્યાં સુધી કહે છે કે **जो गिलाणं पडिसेवइ सो मां पडिसेवइ ।**

જે ગ્લાનની સેવા-વૈયાવચ્ચ કરે છે તે મારી સેવા કરે છે. વૈયાવચ્ચ દ્વારા જ **બાહુ-સુબાહુ** મુનિઓએ ચક્રવર્તીપણુ અને અનંત બાહુબળ આપનારા શુભકર્મો એકઠા ક્ર્યાં અને પછીના ભવમાં પ્રભુ **ઋષભ**ના પુત્ર **ભરત-બાહુબલી** તરીકે ઉત્પન્ન થયા... એક જણે ગોચરી-પાણી લાવી આપવા સ્વરૂપ બાહ્ય વૈયાવચ્ચ ઉલ્લાસથી કરી તો બીજાએ હાથ-પગ વગેરે દબાવવા સ્વરૂપી શારીરિક સુખાકારિતા ઉપજાવી... પછીના ભવમાં પુણ્યાનુબંધી પુણ્યનો ઉદય પામી અખુટ સુખ-વૈરાગ્ય-કેવળજ્ઞાન પ્રાપ્ત ક્ર્યું... ઉત્તમ-વ્યક્તિઓની સેવા વૈયાવચ્ચ કહેવાય છે, તેના મુખ્યત્ત્વે ૧૦ ભેદ છે.

(૧) આચાર્ય વૈયાવચ્ચ (૨) ઉપાધ્યાય વૈયાવચ્ચ (૩) સાધુ વૈયાવચ્ચ (૪) તપસ્વી વૈયાવચ્ચ (૫) લઘુશિષ્યાદિ વૈયાવચ્ચ (૬) ગ્લાન સાધુ વૈયાવચ્ચ (૭) શ્રમણોપાસક વૈયાવચ્ચ (૮) સંઘ વૈયાવચ્ચ (૯) કુલ વૈયાવચ્ચ (૧૦) ગણ (શ્રાવક) વૈયાવચ્ચ.

મોટે ભાગે સામેનાના શરીરને સુખાકારિતા કરી આપવી તેનું નામ વૈયાવચ્ચ... ઉત્તમવ્યક્તિઓના દેહને સુખાકારિતા કરી આપતા સાધનામાં તેઓ ગતિવંત બને છે, આ બધી જ સાધનાના લાભ તે વૈયાવચ્ચ કરનારાને મળે છે, ગૃહસ્થો પોતાના ઘરમાં રહેલા વડીલો-માંદા માણસો કે અન્ય જરૂરિયાતવાળાની જે સેવા કરે છે, તે પણ અપેક્ષાએ વૈયાવચ્ચ છે, કારણ તેમાં અન્ય માટે પોતાની જાત ઘસી સામેની વ્યક્તિને અનુકૂળ બનવામાં આવે છે. જોકે તે ગૃહસ્થો સાજા બની પાપપ્રવૃત્તિમાં પ્રવર્તે છે. તેથી સાધુઓ અવિરતિધરની વૈયાવચ્ચ નથી કરતા. બાકી ગૃહસ્થ તો અવિરતિમાં જ બેઠા છે, માટે

*બીજા અવિરતિધરની વૈયાવચ્ચ કરવા દ્વારા પોતાની સ્વાર્થવૃત્તિને તોડી ઢગ-*લાબંધ કર્મોથી મુક્તિ મેળવે છે, કારણ કે સ્વાર્થવૃત્તિથી જ મોટાભાગે કર્મ બંધાય છે. વિનય અહંકાર દ્વારા બંધાતા કર્મબંધથી બચાવે છે અને વૈયાવચ્ચ સ્વાર્થવૃત્તિ દ્વારા બંધાતા કર્મબંધથી બચાવે છે... પ્રભુ ઋષભે પણ આઠમા જીવાનંદ વૈદ્યના ભવમાં મિત્રો સાથે ભેગા થઇ એક સાધુની ઉત્તમ વૈયાવચ્ચ કરેલી, તેના પ્રભાવે મોહનીયકર્મ તૂટતા દીક્ષા મળી, દેવલોક અને સદ્ગતિની પરંપરા ચાલી... શાસ્ત્રમાં વૈયાવચ્ચ કરવા માટે કેવી વ્યક્તિ અયોગ્ય છે, તેની વાત બતાવી છે.

**अलसं घसिरं सुविरं खमगं कोहमाणमायलोहिल्लं ।**
**कोउहलपडिबद्धं वैयावच्चं न कारिज्जा ।।१३३।। (भा.)**
**एअद्दोसविमुक्कं कडजोगिं नायसीलसमायारं ।**
**गुरुभत्तिसंविणीयं वेयावच्चं तु कारेज्जा ।।१३४।। (भा.)**

આળસુ, ભુખાળવો, ઊંઘણસી, તપસ્વી, ક્રોધી, માની, માયાવી, લોભી, કુતુહુલી અને વધુ પડતો અભ્યાસનો એકાંત રાગી-આવા ૧૦ વ્યક્તિઓ પાસે ગુરુ વગેરેની વૈયાવચ્ચ ન કરાવાય, કારણ ઉપરોક્ત વ્યક્તિઓ ક્યાંક સ્વાર્થને લીધે પૂર્વે પોતાનું કામ કરી પછી આચાર્યાદિનું કાર્ય કરે, તેમાં ક્યારેક આચાર્યાદિને સીદાવું પડે, ક્યારેક સુલભ નિર્દોષ ગોચરી મળતી હોય છતાંય ઉપરોક્ત વ્યક્તિની ભૂલને લીધે દોષિત ગોચરી લાવવી પડે... જે ગીતાર્થ છે, ઉપરોક્ત દોષથી રહિત છે, ગુરુ પ્રત્યેની ભક્તિ-બહુમાનથી યુક્ત હોય તેવો જ સાધુ વૈયાવચ્ચ કરવા યોગ્ય છે.

# સ્વાધ્યાય

સ્વ+અધિ+આય = પોતાના આત્માનો અભ્યાસ કરવો / પોતાના આત્માની નજીક જવું તેનું નામ સ્વાધ્યાય. નવરું મન શેતાનનું પ્રતિનિધિ છે, સ્વાધ્યાય એટલે જિનવચનથી સતત ભાવિત થવાની પ્રક્રિયા. પ્રભુએ કેવળજ્ઞા-નથી વિશ્વનું સ્વરૂપ જોઇ અર્થથી દેશના દ્વારા લોકોપકાર કર્યો-ગણધર ભગ-વંતોએ તે પદાર્થોને સૂત્રમાં આલેખી યાદ રાખવા માટે સુયોગ્ય બનાવ્યા. બસ આ જ વચનોને સતત વાગોળતા-વિશ્વના સાચા સ્વરૂપનો બોધ થાય છે, જીવ વૈરાગ્યવાસિત બને છે, વિવેકી અને વિશદપ્રજ્ઞાનો ધારક બને છે. જેમ-જેમ જિનવચનનો અભ્યાસ થતો જાય, તેમ-તેમ પ્રભુના કેવલજ્ઞાનની, આત્માની સર્વજ્ઞતાની વિશાળતાનો બોધ સ્પષ્ટ થતો જાય છે અને અહોભાવ ખૂબ વધે છે. જીવનમાં બનનારી સારી-નરસી ઘટનાઓ, તે ઘટનાઓમાં થતા રાગ-દ્વેષ, તેને કારણે સંસારમાં પરિભ્રમણ, કર્મોના વિપાકો-તેમાંથી મુક્ત થવાના ઉપાયો, વગેરે તમામનો બોધ શ્રુતજ્ઞાનના માધ્યમે આપણને મળે છે, વિશ્વમાં જે પણ જ્ઞાનધારા મળે છે, તે ચાહે સાયન્સને લાગતું હોય, ભૂગોળ-ખગોળ-જીવવિજ્ઞાન-મેડિકલસાયન્સ, કર્મવિજ્ઞાન હોય, અણુવિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન, પેરામેડિકલ શાખાઓનું જ્ઞાન હોય કે, વર્તમાન અવકાશવિજ્ઞાન અને તેનાથી ઉત્પન્ન થતી અન્ય શાખાઓ હોય. બધાનું મૂળ જિનેશ્વર ભગવંતો દ્વારા પ્રરૂ-પિત શાસ્ત્રો છે. તેવા શાસ્ત્રોનો ગુરુનિશ્રાએ અહોભાવપૂર્વક અભ્યાસ કરવો તે જ સ્વાધ્યાય. સ્વાધ્યાય સૂર્ય અથવા દીપક સમાન છે. અંધારામાં માણસ કચરાપેટીની બાજુમાં બેસી જાય તે શક્ય છે, પણ સૂર્યનું અજવાળું થતા કચરાપેટી છુટી જ જાય છે બસ જ્ઞાન પણ હેય-ઉપાદેય (છોડવા યોગ્ય-ગ્રહણ કરવા યોગ્ય)નો ભેદ સ્પષ્ટ કરાવે છે, માટે જીવનું ઉત્થાન અત્યંત સરળ બની જાય છે. આવા સ્વાધ્યાયને મુખ્ય ૫ તબક્કામાં વહેંચી શકાય.

**(૧) વાચના** - ગુરુ પાસેથી વિધિ-બહુમાનપૂર્વક અભિનવશ્રુત ગ્રહણ કરવું.

**(૨) પૃચ્છના** - જ્ઞાન ગ્રહણ કરી ધારવું, તેમા કોઇ શંકા લાગે તો ગુરુને પૂછવું.

(૩) **પરાવર્તના** - શંકાનું નિવારણ કરી બોધ સ્પષ્ટ બનાવી, વારંવાર તેને યાદ કરવું-પાઠ કરવો-પુનરાવર્તન કરવું.

(૪) **અનુપ્રેક્ષા** - પુનરાવર્તન દ્વારા સૂત્ર-અર્થ એકદમ આત્મસાત્ થાય તે બાદ પોતાના ક્ષયોપશમ મુજબ તેની ઉપર ચિંતન કરવું.

(૫) **ધર્મકથા** - ચિંતન દ્વારા સ્પષ્ટ બોધવાળા થયેલા પદાર્થો અન્ય પાત્ર જીવોને આપી ધર્મની જ્ઞાનવારસાની પરંપરાને અવિચ્છિન્ન બનાવવા પ્રયત્ન કરવો.

- જ્ઞાનના મુખ્ય બે કાર્ય છે, Control Power - Protection Power, **ઉન્માર્ગથી રક્ષણ કરવું અને સન્મતિનો તમારી પર કન્ટ્રોલ રાખવો.** માટે જ જ્ઞાનસારમાં મહોપાધ્યાયજી જણાવે છે.

**शासनात् त्राणशक्तेश्च बुधैः शास्त्रम् निरूच्यते ।**
**वचनं वीतरागस्य, तत्तु नान्यस्य कस्यचित्** ।। જ્ઞાનસાર

પંડિતો દ્વારા આત્મનિયંત્રણ અને આત્મરક્ષણ કરવાની શક્તિરૂપે શાસ્ત્ર-આગમની મહત્તા દર્શાવવામાં આવી છે તે તો (આગમનું) વીતરાગનું વચન જ હોય, બીજા કોઇનું નહીં.

વળી જ્ઞાન આત્માના વાસ્તવિક સ્વભાવને પ્રગટ કરવાનું કારણ છે. સતત સ્વાધ્યાય કરવાથી વાસ્તવિક સ્વભાવ સહજ રીતે પ્રગટ થાય છે, વિભાવો છુટવા માંડે છે, જીવ પ્રસન્ન બનતો જાય છે માટે જ જ્ઞાનસારમાં લખ્યું છે ``स्वभाव-लाभसंस्कार-कारणं ज्ञानमिष्यते'' આત્મસ્વભાવની પ્રાપ્તિમાં કારણભૂત શુદ્ધ સંસ્કારોનું કારણ જ્ઞાન મનાય છે. યાદ આવે **વજ્રસ્વામી**નો પૂર્વભવ-દેવલોકમાં રહી પુંડરીક-કંડરીક અધ્યયનનો રોજ ૫૦૦ વખત સ્વાધ્યાય, તેના પ્રભાવે વજ્રસ્વામીના ભવમાં ઘોડિયામાં સુતા સુતા ૧૧ અંગ મુખપાઠ-વિશિષ્ટ લબ્ધિઓ-સિદ્ધિઓ-સૌભાગ્યના ધારક, તે કાળના Top કક્ષાના જ્ઞાતા પોતે બન્યા... આ તાકાત છે સ્વાધ્યાયની. યાદ આવે **દુર્બલિકાપુષ્યમિત્ર,** રોજનું સવાશેર ઘી વાપરે પણ શરીર ન વધે, આટલો વિશિષ્ટ સ્વાધ્યાય તેમના જીવનમાં હતો, હા, સ્વાધ્યાયમાં શરીર કાયક્લેશ કરતા પણ વધુ લેવાઇ જાય છે, અને કર્મો વધુ ખપે છે, આપણે પણ આપણા જીવનમાં કમ સે કમ પાંચ પ્રતિક્રમણ-નવસ્મરણ-૪ પ્રકરણ-૩ ભાષ્ય-૬ કર્મગ્રંથ... વગેરે પાયાના ગ્રંથોનો અભ્યાસ, પ્રવચન શ્રવણ-સારા પુસ્તકોનું વાંચન વગેરે દ્વારા સ્વાધ્યાય નામનો તપ આરાધવો જોઇએ.

**શ્રાવકોએ અવશ્ય સ્વાધ્યાય કરવા યોગ્ય ગ્રંથો...**

- **પાંચ પ્રતિક્રમણ** = આવશ્યક ક્રિયાના સૂત્રો.

- **નવસ્મરણ** = મંત્રગર્ભિત-પ્રભાવક સૂત્રો, જે શારીરિક-માનસિક-સાંયોગિક-કર્મજન્ય-ઉપદ્રવજન્ય તમામ દુઃખો દૂર કરે છે.

- **૪ પ્રકરણ માં નું ૧ લું જીવવિચાર** = જૈનશાસનનું જીવવિજ્ઞાન.

**૨ જું નવતત્ત્વ** = વિશ્વના મૂળભૂત દ્રવ્યોની વિચારણા.

**૩ જું દંડક** = અલગ અલગ પદાર્થોનો સમુહ.

**૪ થું લઘુસંગ્રહણી** = જૈન ભૂગોળ.

- **૩ ભાષ્ય અંતર્ગત ૧ લું ચૈત્યવંદન ભાષ્ય** = દેરાસર સંબંધી વિધિ.

**૨ જુ ગુરુવંદન ભાષ્ય** = ગુરુવંદન તથા ગુરુ સાથેના સંબંધની જાણકારી.

**૩ જું પચ્ચક્ખાણ ભાષ્ય**=એકાસણુ-આયંબિલ આદિ પચ્ચક્ખાણનું જ્ઞાન.

- **૬ કર્મગ્રંથ** = જે પ્રવૃત્તિ કરીએ છીએ તેનું **પરિણામ શું ?** અને જે પરિસ્થિતિમાંથી પસાર થઇએ છીએ, તેનું **કારણ શું ?** તે બતાવતા ગ્રંથો.

- **પંચસૂત્ર** - તથાભવ્યત્વનો પરિપાક કરવા ચાર શરણ સ્વીકાર-દુષ્કૃતગર્હા સુકૃતઅનુમોદના દ્વારા જીવને મુક્તિગમન કરવા માટેનો સ્પષ્ટ માર્ગ.

- **શ્રાદ્ધવિધિ :-** ગૃહસ્થ અવસ્થામાં સંસારકાર્યોને ધર્મમય કેવી રીતે બનાવવા ને ગૃહસ્થ તરીકે કેવી રીતે ધર્મ કરવો તેની સમજણ.

**તત્ત્વાર્થ સૂત્ર :-** જૈન દાર્શનિક ગ્રંથ, તાત્ત્વિક પદાર્થોનો સંગ્રહ ગ્રંથ, ઇલેક્ટ્રોન, પ્રોટોન અને ન્યુટ્રોન જેવી શોધોના મૂળ તેમાં છે, અણુવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાનની બાબતોનો પણ ઘણો સંગ્રહ છે. ધ્યાનની પરંપરા પણ તેમાંથી મળે...

પરમાત્માએ સાધુને પાંચ પ્રહર (૧૫ કલાક) સ્વાધ્યાય નામનો તપ આરાધવાનો કહયો, આના પરથી જ સ્વાધ્યાયની મહત્તા સમજાય તેવી છે. અન્ય પરંપરાએ પોતાની પરંપરાના ઊંડાણમાં જઇ લોકભોગ્ય બનાવી તો **બૌદ્ધો વિપશ્યના દ્વારા કે ઇસાઇઓ બાઇબલ, હિંદુઓ ગીતા દ્વારા આખા વિશ્વમાં ફેલાયા..** જ્યારે જૈન શાસ્ત્રો સર્વોત્કૃષ્ટ હોવા છતાં સાવ અજ્ઞાત રહયા. તેથી ખૂબ શ્રદ્ધાપૂર્વક સ્વાધ્યાયમાં આગળ વધવા જેવું છે.

# ધ્યાન

ધ્યાન = મન-વચન-કાયાની એકાગ્રતા ધ્યાન કહેવાય છે. મતલબ જે યોગોમાં મન-વચન-કાયા ત્રણે ભળે તે ધ્યાન. કર્મ મન-વચન-કાયાથી બંધાય છે અને નિર્જરા પણ તે ત્રણેથી જ થાય છે, માટે જ્યાં ત્રણે એકત્રિત થાય તે સ્થળ શુભ હોય તો વધુ કર્મનિર્જરા અથવા પુણ્યબંધ થાય અને જો તે અશુભ હોય તો વધુ ગાઢકર્મ બંધાય, ફલિત એ થાય છે કે ધ્યાન વખતે થતી કર્મનિ-ર્જરા કે બંધ સામાન્ય પ્રવૃત્તિ વખતે થતી નિર્જરા કે બંધ કરતા વધુ તીવ્ર-ગાઢ કે ઉત્કૃષ્ટ હોય છે. માટે વધુ કર્મબંધની દ્રષ્ટિએ શુભધ્યાન બાધક બને છે અને વધુ કર્મનિર્જરાની દ્રષ્ટિએ અશુભ ધ્યાન બાધક બને છે. શાસ્ત્રમાં ધ્યાનના મુખ્ય ૪ પ્રકાર બતાવ્યા છે.

**૧) આર્તધ્યાન - ऋतं-दुःखं, तस्य निमित्तं तत्र वा भवं ऋते वा पीडिते प्राणिनि भवम् आर्तम्** ।। જે દુઃખનું કારણ છે અથવા દુઃખમાં જે થાય છે તે આર્તધ્યાન.

**૨) રૌદ્રધ્યાન - रोदयति अपरान् इति रुद्रः**

બીજાને રડાવવાનું, હેરાન કરવાનું, દુઃખી કરવાનું જે કરે, તે રૌદ્ર-ધ્યાન.

**૩) ધર્મધ્યાન - क्षमादिदशलक्षणः धर्मः तस्मादनपेतं धर्म्यम्** ।

ક્ષમા, નમ્રતા વગેરે ૧૦ પ્રકારના ધર્મોથી યુક્ત, ધર્મોનું પોષક તે ધર્મધ્યાન.

**૪) શુક્લધ્યાન - शोधयत्यष्टप्रकारं कर्ममलं शुचं वा शोकं क्लमयति अपनयतीति** ।। આઠે પ્રકારના કર્મોને જે શુદ્ધ કરે તે શુક્લધ્યાન અથવા શોકને દૂર કરે તે શુક્લધ્યાન આ દરેકના અવાંતર ભેદ પણ પડે છે, જે જૈન ધ્યાનમાર્ગમાં બતાવ્યા જ છે, માટે અહીં ચર્ચતા નથી. આર્ત-રૌદ્રથી બચવું અને ધર્મ શુક્લમાં પ્રવૃત્તિ કરવી. આમ ધ્યાનતપના અવાંતર ચાર ભેદ પડે છે.

સ્તવનમાં બહુ સરસ પંક્તિ આવે છે - અરિહંતના ધ્યાને અરિહંત બની જશો, જિનની ભક્તિ કરતા-કરતા જિન બની જશો.

હા, ધ્યાનમાં મન-વચન-કાયાની એકાગ્રતા હોવાથી જેના ધ્યાનમાં

તમે હો તેના સ્વરૂપે તમે બની જાવ છો... માટે જ અણસણાદિ બાહ્યતપો અને પ્રાયશ્ચિત્તાદિ અભ્યંતર તપ કરતા ધ્યાન થતી કર્મનિર્જરા વધુ છે, પણ જ્યાં સુધી બાહ્ય તપ અને પ્રાયશ્ચિત્તાદિ અભ્યંતર તપનું સેવન ન થાય ત્યાં સુધી થતું ધ્યાન પ્રાયઃ આર્ત અથવા રૌદ્ર જ હોય છે પણ ઉપરોક્ત તપથી કસાયેલા અને ઘડાયેલા શરીર તથા મનથી થતું ધ્યાન પ્રાયઃ ધર્મ અથવા શુક્લ જ હોય છે. માટે દરેક તપનું પોતાનું આગવું મહત્ત્વ છે.

હાલ આપણે ક્યાં-ક્યાં આર્ત-રૌદ્રધ્યાનને વશ થઇએ છીએ, તેના મુદ્દાઓ.

૧) પીક્ચરના વલ્ગર દૃશ્ય દેખતા આપણે ખુદ વાસનાગ્રસ્ત બની વાસનાના સંસ્કાર આપણામાં નાંખીએ છીએ.

૨) નેતાઓના કૌભાંડો-પોલીટીક્સ વગેરેની ચર્ચામાં એકાગ્ર બનતા આપણે સ્વયં નેતાઓની જેમ ધનલંપટતા અને સત્તાલંપટતાના સંસ્કાર આપ-ણામાં નાખીએ છીએ છે.

૩) ક્રિકેટની મેચ વગેરેમાં તરબોળ બનતા સતત બીજા પ્રતિસ્પર્ધી માટેના દ્વેષના સંસ્કાર નાંખીએ છીએ.

આમ, જીવનની ઘણી બધી પ્રવૃત્તિઓમાં આપણી એકાગ્રતા ભળે છે અને તેથી સતત આર્ત-રૌદ્રધ્યાન ચાલ્યા જ કરે છે, પણ ધર્મની ક્રિયામાં એકાગ્રતા આવતી નથી તેથી ધર્મ-શુક્લધ્યાન ઝડપથી આવતું જ નથી... આજે પણ હિમાલયની ગુફામાં એવા યોગીઓ છે, જે દિવસોના દિવસો શુભધ્યા-નમાં વિતાવે છે, આપણા નજીકના ભૂતકાળમાં પણ પૂ. પંન્યાસજી **ભદ્રંકર વિજયજી મ.સા.**, પૂ.આ. **કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.** આદિ થયા જે ધ્યાનમા-ર્ગના ઉત્તમ ધારક હતા, આ તો થઇ વિશિષ્ટ ધ્યાનની વાત, પણ દિવસની રોજીંદી ક્રિયાઓ જેવી કે રસોઇ કરવી, પાણી ગાળવું, પૂજા કરવી, સાધુને સુપાત્રદાન, ભિખારીને અનુકંપાદાન, સંતાનોનું સંસ્કરણ વગેરેમાં મન-વચન-કાયાને એકાગ્ર કરીએ તો રુટિનમાં પણ ધર્મધ્યાન થઇ શકે છે.

# કાયોત્સર્ગ

કાયક્લેશ-સંલીનતા પણ કાયાને કષ્ટ આપવા માટે છે, તેમ કાયોત્સર્ગ પણ કાયાના મમત્વને તોડવા માટે છે. કાયાને પ્રતિજ્ઞાપૂર્વક નિશ્ચિત સમય માટે વોસિરાવવી તે કાયોત્સર્ગ... તે બે પ્રકારનો છે (૧) બાહ્ય કાયોત્સર્ગ (૨) અભ્યંતર કાયોત્સર્ગ. શાસ્ત્રના પાને ટંકાયેલી બે કથાઓ - (a) **ચંદ્રાવતંસક** રાજા રાતના સમયે કાઉસગ્ગ કરવા ઊભા રહ્યા, સંકલ્પ કર્યો કે દીવો ચાલુ રહે ત્યાં સુધી કાઉસગ્ગ કરવો. આ બાજુ દાસીએ જોયું,-રાજા અહીં ઊભા છે, દીવો બંધ થશે તો તકલીફ પડશે, માટે ઘી પૂરી દઉં. આવું ૩-૪ વાર બન્યું. આખી રાત દીવો ચાલ્યો, આખી રાત કાઉસગ્ગ ચાલ્યો-રાજવી કાયા આ કષ્ટ જીરવી ન શકી અને સત્ત્વપૂર્વક કરાયેલા ૧ રાતના કાઉસગ્ગે *રાજાને દેવગતિ અપાવી.*

(b) **સકલચંદ્રવિજયજી મ.સા.** કાઉસગ્ગમાં ઊભા રહયા, સંકલ્પ કર્યો કે ગધેડો ભોંકે ત્યારે કાઉસગ્ગ પારવો-જોગાનુજોગ કુંભાર કામથી ગધેડાને લઇ ચાલ્યો ગયો. ૨-૩ દિવસે પાછો ફર્યો, પછી કાઉસગ્ગ પાર્યો, અને આશ્ચર્ય તો એ છે કે ૨-૩ દિવસના અખંડ કાઉસગ્ગમાં આ મુનિભગવંતે સત્તરભેદીપૂજાની રચના કરી જે આજે પણ જિનાલયની વર્ષગાંઠ આદિ માંગલિક પ્રસંગે ભણાવાય છે.

(C) પ્રભુ પણ સાધના કાળમાં સતત કાઉસગ્ગ ધ્યાનમાં રહે છે, ધ્યાનમાં માત્ર એકાગ્રતા છે, કાઉસગ્ગમાં એકાગ્રતાની સાથે કાયાના-મનના-વચનના મમત્વનો, કુપ્રવૃત્તિનો સદંતર ત્યાગ હોવાથી વધુ કર્મનિર્જરા કરનારો છે.

- આલોચના (પાપના પ્રાયશ્ચિત્ત) માટે પણ કાઉસગ્ગ કરાય છે.

ઉદા. પ્રતિક્રમણમાં આવતા કાઉસગ્ગો, કર્મક્ષયનિમિત્તના ૧૦-૨૦ લોગસ્સના કાઉસગ્ગો,

- આરાધના માટે પણ કાઉસગ્ગ થાય છે. ઉદા. અરિહંતપદની આરાધના, વીશસ્થાનકની આરાધના વગેરે.
- અંતરાય / વિઘ્નો તોડવા માટે પણ કાઉસગ્ગ થાય છે. ઉદા. જ્ઞાનના અંતરાય, ચારિત્રના અંતરાય તોડવા માટે કરાતા કાઉસગ્ગો.

હાલ, નવકાર-લોગસ્સ ગણવાની પરંપરા છે, પૂર્વે તો કોઇ પણ શુભચિંતનો કાઉસગ્ગમાં કરાતા હતા. આપણે પણ આપણા જીવનમાં કાઉ-સગ્ગ નામના તપને આત્મસાત્ કરવો જોઇએ.

આજે પણ ઘણા સાધકો કાઉસગ્ગની વિશિષ્ટ આરાધનાઓ કરતા દેખાય છે. ૨૦ મી સદીના મહાન સુશ્રાવક હિંમતભાઇ બેડાવાલા રોજ ૧,૦૦૦ લોગસ્સનો ઊભા ઊભા કાઉસગ્ગ કરતા હતા, જ્યારે કોઇ વિશિષ્ટ તીર્થસ્થા-નમાં પણ ક્યારેક ક્યારેક તો આખી રાત જિનમંદિરમાં કાયોત્સર્ગધ્યાને રહેતા હતા.

# તપનું ઉજમણું

-આર્યસંસ્કૃતિની ઉત્તમ પરંપરા... ઘરમાં કોઇપણ શુભપ્રસંગ બન્યો હોય તો સ્વજનો-પરિજનોને ભેગા કરી જમાડે, પોતાની ખુશી બધામાં પ્રસરાવે... ઉદા. પરમાત્માનો જન્મ થયો અને **સિદ્ધાર્થરાજાએ** મહોત્સવ કરાવી સ્વજનો-નગરજનો આદિને ભેગા કરી જમાડી-પહેરામણી આપી પોતાના નૂતન જન્મેલા બાળકની વિશિષ્ટતાઓ જણાવી-ગુણને અનુસરનારું **વર્ધમાન** નામ પાડયું.

પ્રશ્ન થાય કે નામ જ પાડવું હતું તો ખૂણામાંય પાડી શકતા હતા, આટલા મહોત્સવ કે ભભકા શા કારણે કર્યા ? તો શાસ્ત્રો જણાવે છે, પરમાત્મા વિશિષ્ટ પુણ્ય-ગુણ-સત્ત્વના સ્વામી હતા, ભવિષ્યમાં તીર્થંકર બની બધાને તારનાર જિનધર્મના સ્થાપક બનવાના હતા... તો આ બધું ત્યારે જ શક્ય બને જ્યારે લોકો પરમાત્માના ચાહક અને ફોલોઅર (અનુયાયી) બને... તે માટે પરમાત્માના ગુણોનો-શક્તિનો જેમ પ્રચાર કરવાનો છે તેમ પરમાત્માના કારણે લોકો આ લોકમાં પણ સુખી બને, અનુકૂળ સામગ્રીના સ્વામી બને છે તેવું ઠસાવવું પડે છે... પરિણામે નાનપણમાં રહેલા વર્ધમાનને લીધે આપણને પહેરામણી (ભેટસોગાદ) મળી, આપણને અનુકૂળતા મળી એવું માની લોકો પ્રભુ તરફ અહોભાવવાળા અને લાગણીવાળા બને છે... અને તેથી પરમાત્માનું વચન આદેયવચન / ઉપાદેયવચન ગણી તેમના ચાહક અને અનુયાયી બને છે, આમ **જે તત્ત્વને વિશ્વવ્યાપક બનાવવું છે તે તત્ત્વમાં ઉપકારીપણાની અને ઉપયોગીપણાની સમજ પેદા કરાવવી અતિઆવશ્યક છે**, જેમ આર્હન્ત્યતત્ત્વ વિશ્વવ્યાપક બનાવવું એ આપણું કર્તવ્ય છે, તેમ "તપ" નામનું તત્ત્વ પણ વિશ્વવ્યાપક બનાવવું જરૂરી છે માટે તપમાં ઉપકારીપણાની તેમજ ઉપયોગીપણા સમજ પેદા કરાવવી જરૂરી છે. અને માટે જ કોઇ પણ તપની પૂર્ણાહૂતિ પછી યથાશક્તિ ૩-૫-૮ આદિ દિવસનો મહોત્સવ / ઉજમણું આદિ કરવાનું વિધાન શાસ્ત્રમાં બતાવાયું છે... પોતાના પરિવારજનોને ભેગા કરી પરમાત્માના વિશિષ્ટ પૂજા-પૂજનાદિ કરાવવા ઉત્તમ ધૂપ-દીપક-ફળ-નૈવેદ્યાદિ પરમાત્માને ચરણે સમર્પિત કરાવવા (કારણ પરમાત્માની કૃપાથી તપની નિર્વિઘ્ને

પૂર્ણાહૂતિ થયેલ છે.) ત્યારબાદ તમામની સાધર્મિકભક્તિ કરવી, જીવદયા-અનુકંપા-સુપાત્રદાનાદિના શુભકાર્યો કરવા-કરાવવા... અને લોકોમાં તપધર્મનો જયજયકાર થાય, પ્રભુશાસનના સિદ્ધાંતો માટેનો આદરભાવ ઊભો થાય, લોકહૃદયમાં પરમાત્માની આજ્ઞા પાળતા ઇહલોક-પરલોક બન્ને સુધરે છે, આવી માન્યતા પુષ્ટ થાય વગેરે આશયથી જ આ આડંબર કરવાના છે... માટે જ શાસ્ત્રમાં આને આડંબર નહીં પણ શાસનપ્રભાવના તરીકે નવાજવામાં આવ્યું છે. વળી જ્ઞાન-દર્શન-ચારિત્રના ઉપકરણો યથાશક્તિ લાવી લોકોના દર્શનાર્થે રાખે... આ ઉત્તમ સામગ્રીના સહારે જ ભવસાગર તરવાનો છે. આવી ભાવનાથી ઘરે બધી વસ્તુ પધરાવે-ઉચિત સન્માનાદિ કરી મહોત્સવ પૂર્ણ થયે બધાજ ઉપકરણોનો સારા સ્થાને વિનિયોગ કરે.

એટલે કે જ્ઞાનના ઉપકરણો બાળકોને ભણવા માટે પાઠશાળાદિમાં આપે, દર્શનના ઉપકરણો જરૂરિયાતવાળા જિનાલયોમાં પરમાત્માની ભક્તિમાં અર્પે, ચારિત્રના ઉપકરણો દ્વારા સાધુ-સાધ્વી ભગવંતોની નિર્દોષ દ્રવ્યથી ભક્તિ કરે.

આ રીતના પોતાના તપના ઉજમણા દ્વારા ગુણીઓની અને ધર્મીઓની ભક્તિ દ્વારા, ગુણના બીજ વાવવા દ્વારા પોતાના તપને સાનુબંધ બનાવે છે. તપની અનુમોદના તપસ્વીની અનુમોદના વગર શક્ય જ નથી, માટે લોકો તપસ્વીની અનુમોદના કરશે પણ સ્વયં પોતે જાગૃતિ એ રાખવાની છે કે આ મહોત્સવ મારી જાતની advertise માટે, ધર્મને વેંચી પ્રશંસા કે ભૌતિકલાભ ખાટવા માટે નથી પણ આ મહોત્સવ સ્વ-પરમાં પ્રભુની આજ્ઞાનો ફેલાવો થાય તે માટે છે... માટે આજે ઘણી વખત અઠ્ઠાઇ-માસખમણ-પૂજા-પૂજન, ૯૯, ઉપધાનાદિ આરાધનાઓ કર્યા બાદ થનારા Functionમાં જે પરમાત્માની આજ્ઞા નિરપેક્ષ રાત્રિભોજન, અભક્ષ્યભોજન, માત્ર પોતાની સત્તા-સંપત્તિ-સંબંધોનો વ્યાપ વગેરેની દેખાડાની મહત્તા વગેરે જોવા મળે છે તેને આરાધનાનું ઉજમણું કહેવાની જગ્યાએ આરાધનાનું ઉઠમણું કહેવુ વધુ ઉચિત ગણાશે...

**વિધિપૂર્વક ઉજમણું કરવાના ફાયદાઓ.**

- સીદાઇ રહેલા જિનાલય-જિનબિંબ-જિનાગમને ફરીથી ચૈતન્યવાન બનાવવાનો લાભ મળે.

- સાધુ-સાધ્વીની નિર્દોષ ઉપકરણ દ્વારા ભક્તિ કરવાથી ભવાંતરમાં સુવિશુદ્ધચારિત્રની પ્રાપ્તિ થાય તેવુ સાનુબંધ પુણ્ય ઉપાર્જિત થાય.

- સ્વ-પરમાં આરાધનાનો રાગ સ્થાપિત થતા ભવાંતરમાં તે આરાધના સાથે પુનઃ મિલન થાય.

- ધર્મક્ષેત્રમાં નહીં પ્રવેશેલા જીવોને પ્રવેશ કરાવવાનો, શ્રદ્ધાભંગ થયેલા જીવોની શ્રદ્ધાનો જીર્ણોદ્ધાર કરવાનો અપૂર્વ લાભ મળે.

- વિશિષ્ટ રીતે જિનશાસનની પ્રભાવના થતા અનેક જીવોને સન્માર્ગે સ્થિર કરવાનો લાભ મળે.

- મુખ્યપણે પરમાત્માની આજ્ઞાપાલન કરવાનો લાભ મળે.

આમ, જેનાથી સ્વ-પરમાં આરાધનાની મહત્તા વધે, ફરી ને ફરી તેવી આરાધના કરવાનો ઉલ્લાસ વધે, તે આરાધનાની ગેરહાજરીમાં પણ બાકીની પરમાત્માની શક્ય આજ્ઞાનું પાલન સતત જીવંત રહે, અને નબળા પુણ્યને લીધે સીદાઇ રહેલા જીવોની જીવનજરૂરિયાત પૂર્ણ થાય અને બોધિબીજની વાવણી થાય તેવા આશયથી તપનું ઉજમણું કરવું તે પ્રત્યેક શ્રાવકનું કર્તવ્ય છે.

## ઉપસંહાર

આ રીતે પ્રભુશાસનના બાહ્ય-અભ્યંતર ઉભય તપની વિશેષ માહિતિ આપણે મેળવી. માત્ર શરીરની શુદ્ધિ નહીં, મનની શુદ્ધિ પણ કરનારો આવો તપમાર્ગ અન્ય કોઇ ધર્મોમાં બતાવાયો નથી... મોહની છાવણી અને કર્મરાજાના જેટલા સૈનિકો હતા તે બધાને હરાવીને આત્મસત્તા પર પોતાનો વિજયધ્વજ ફરકાવવાનું અદ્‌ભુત પરાક્રમ દાખવે છે આ તપોવિધાન. સૌ કોઇ જીવો આવો બાહ્ય-અભ્યંતર તપને જીવનમાં વણી પુણ્યક્ષેત્રે-સુખક્ષેત્રે અને છેવટે ગુણક્ષેત્રે અદ્‌ભૂત વિકાસ સાધી સિદ્ધિગતિ શીઘ્ર પામે તેજ અભ્યર્થના...

**शुभं भवतु श्री संघस्य ।**

## પરિશિષ્ટ - ૧

## હાલના કાળમાં પણ ચાલતી વિશિષ્ટ તપ સાધનાની ઝલકો.

૧) આજથી લગભગ ૪૦૦ વર્ષ પૂર્વે થયેલા એક મુનિરાજે જે ઘોરાતિ-ઘોર તપ પોતાના જીવનમાં આદર્યો હતો, એનું સ્વરૂપ જરાક નિહાળીએ.

માસક્ષપણ ૫૦ વાર = ૩૦ x ૫૦ = ૧૫૦૦ ઉપવાસ

૨૦ ઉપવાસ ૫૦ વાર = ૨૦ x ૫૦ = ૧૦૦૦ ઉપવાસ

૧૬ ઉપવાસ ૨૦ વાર = ૨૦ x ૧૬ = ૩૨૦ ઉપવાસ

૧૪ ઉપવાસ ૧૪ વાર = ૧૪ x ૧૪ = ૧૯૬ ઉપવાસ

૧૩ ઉપવાસ ૧૩ વાર = ૧૩ x ૧૩ = ૧૬૯ ઉપવાસ

૧૨ ઉપવાસ ૧૨ વાર = ૧૨ x ૧૨ = ૧૪૪ ઉપવાસ

૮ ઉપવાસ ૨૮૧ વાર = ૮ X ૨૮૧ = ૨૨૪૮ ઉપવાસ

૩ ઉપવાસ ૧૫૬૦ વાર = ૩ x ૧૫૬૦ = ૪૬૮૦ ઉપવાસ

Total ૧૦૨૫૭ ઉપવાસ

આ ઉપરાંત આ મુનિએ ધન્ના અણગારનો નવમાસી તપ કર્યો, જેમાં ચાર વાર ૯ ઉપવાસ, ચાર વાર અઠ્ઠાઇ અને ચાર અઠ્ઠમ કરેલા. ૭૦ દિવસ છઠ્ઠના પારણે છઠ્ઠ કરેલા. જેમાં પારણામાં માત્ર છાશ વાપરેલી.

આ સિવાય છૂટા છૂટા કરેલા ઉપવાસ વગેરે બધાનો સરવાળો કરીએ તો આ મહામુનિએ કુલ ૩૮ વર્ષના પર્યાયમાં ૧૧૩૨૧ (૩૧ ૧/૨ વર્ષ = સાડા એકત્રીસ વર્ષ) તો ઉપવાસ જ કર્યા છે. માત્ર ૬ ૧/૨ (સાડા છ) વર્ષ જેટલા પારણા કર્યા છે.

◆ એમણે ૧૨ વર્ષ વિગઇત્યાગ કરેલો.

◆ ૫ વર્ષ ઠંડી સહન કરવા કપડો ઓઢવાનું બંધ રાખેલું.

◆ ૫ વર્ષ આડા પડખે સુવાનું બંધ રાખેલું.

◆ ચાર બહેનો પૂજા કર્યા બાદ એક સાથે ઘી વહોરાવે તો વહોરવું એવો એમનો અભિગ્રહ હતો, અને એ અભિગ્રહ ત્રણ વર્ષ બાદ નરોડામાં પૂર્ણ થયો હતો. આ મુનિવર અમદાવાદ નરોડામાં જ કાળધર્મ પામ્યા હતા.

૨)   **પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયહિમાંશુસૂરીશ્વરજી મહારાજ સાહેબે.**

૧) અરિહંતપદની આરાધના ૨૦-૨૦ ઉપવાસ કરવા દ્વારા ૨૦ વાર કરી.

૨) ૧ થી ૨૪ ભગવાનની આરાધના માટે ક્રમશઃ ૧,૨,૩,૪,૫... ૨૪ ઉપવાસ કર્યા. એ પછી ૨૪માં ભગવાનથી પહેલા ભગવાન સુધીના ઊંધા ક્રમથી આરાધના પણ એ જ રીતે કરી.

૩) એકવાર સુરતમાં ૨૬૦ દિવસમાં જ ૨૦૮ ઉપવાસ કર્યા.

૪) એકવાર પૂના શહેરમાં ૧૩૫ દિવસમાં કુલ ૧૧૬ ઉપવાસ કર્યા.

૫) વર્ધમાનતપની ૬૧ મી ઓળીમાં શરૂઆતના ૨૯ દિવસમાં ૭ છઠ્ઠ (૧૪ ઉપવાસ) ૨ અઠ્ઠમ, (૬ ઉપવાસ) અને ૯ આંબિલ કર્યા એટલુ જ નહિ. ગિરનારતીર્થની ૯૯ યાત્રા કરી. આજ ઓળીમાં અંતે અઠ્ઠાઇ કરી. તેમાં જામકંડોરણાથી જૂનાગઢનો છ'રીપાલિત સંઘ, વ્યાખ્યાનાદિ જવાબદારી નિભાવી. તેમાં માત્ર એકજ વાર પાણી વાપર્યુ.

૬) 'નમો સિદ્ધાણં' પદની આરાધના માટે પાંચ અઠ્ઠાઇ કરી.

૭) ૫૮ મી ઓળીમાં ૭ છઠ્ઠ અને ૨ અઠ્ઠમ કરવા સાથે શત્રુંજયની ૧૨૦ યાત્રા કરી.

૮) ૫૯, ૬૦, ૬૧ અને ૬૪ આ ચાર ઓળીઓ છઠ્ઠના પારણે છઠ્ઠ કરવાપૂર્વક કરી.

૯) ૬૫-૬૬ મી ઓળી એકાંતરે ઉપવાસથી કરી.

એમની ઉપવાસની તપશ્ચર્યાનો કોઠો.

| ૩૦ ઉપવાસ | ૨૪ | ૨૩ | ૨૨ | ૨૧ | ૨૦ | ૧૯ | ૧૮ | ૧૭ | ૧૬ | ૧૫ | ૧૪ | ૧૩ | ૧૨ | ૧૧ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વાર | ૧ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ |
| ૯ ઉપવાસ | ૮ | ૭ | ૬ | ૫ | ૪ | ૩ | ૨ | ૧ | | કુલ ૩૦૦૧ ઉપવાસ કર્યા. | | | | | |
| ૩ વાર | ૮ | ૩ | ૫ | ૫ | ૬ | ૪૩ | ૨૦૪ | ૧૩૨૫ | | | | | | | |

૩) **પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય કુમુદચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબે.**

- આખા જીવન દરમ્યાન કુલ ૧૩૧ નવપદની ઓળીઓ કરી.
- દીક્ષાથી માંડી ૨૦ વર્ષ સુધી ચાતુર્માસ પ્રવેશ દિનથી માંડી તે ક્ષેત્રમાંથી વિહાર થાય ત્યાં સુધી સળંગ આંબિલ કર્યા.

- લ્પમી ઓળી શરૂ કરી ત્યારે પ્રથમ દિવસથી જ સિદ્ધિતપ ઉપાડ્યો. ૪૪ દિવસે આઠ બારીવાળો આ તપ પૂર્ણ થયો. આંબિલથી પારણું કરી તરત ૨૨ ઉપવાસ ક્ર્યા. એનું પણ આંબિલથી પારણું કરી તરત માસક્ષમણ ક્ર્યું અને આ રીતે લ્પમી ઓળી પૂર્ણ કરી. લ્પમી ઓળી માં કુલ ૯-૧૦- આંબિલ અને બાકીના ૮૫-૮૬ જેટલા ઉપવાસો ક્ર્યા.
- સમવસરણ તપ ક્ર્યો.
- એકવાર સળંગ ૫૦૦, એકવાર સળંગ ૬૦૦ આંબિલ ક્ર્યા.
- કુલ આખા જીવનમાં લગભગ ૧૦,૦૦૦ આંબિલ ક્ર્યા.
- એમણે કુલ ૧૯ સિદ્ધિતપ ક્ર્યા અને એ તમામ સિદ્ધિતપમાં જેટલા પારણા આવ્યા એ બધા પારણા આંબિલથી ક્ર્યા.
- એક શ્રેણીતપ ક્ર્યો. જેમાં પારણાના દિવસે બેસણાના બદલે પાંચ દ્રવ્યના એકાસણા ક્ર્યા.
- વીસ સ્થાનકની ૨૦ ઓળીના ૪૨૦ ઉપવાસ એકાંતરે સળંગ ક્ર્યા.
- ૯૬ જિન આરાધનાના ૯૬ ઉપવાસ ક્ર્યા.
- ૪ થી માંડી ૧૬ ઉપવાસની તપશ્ચ્ચર્યા અનેકવાર કરી.
- નવકારમંત્રના નવ પદોના અક્ષરોની સંખ્યા પ્રમાણે ૭-૫-૭-૭-૯-૮-૮-૮-૯ સળંગ ઉપવાસો ક્ર્યા. દરેક પદની આરાધનાના પારણાના દિવસે આંબિલ ક્ર્યા. કુલ ૭૭ દિવસમાં ૬૮ ઉપવાસ અને ૯ આંબિલ ક્ર્યા.
- સળંગ ૬૮ ઉપવાસ કરી તેના ઉપર સળંગ ૧૧ આંબિલ કરી પારણું ક્ર્યું.
- શંત્રુજયતીર્થની ચોવિહાર છટ્ઠ કરીને સાત યાત્રા કુલ ૧૪ વાર કરી. એકવાર છટ્ઠ કરીને ૧૧ યાત્રા કરી. ગિરનાર તીર્થની અઠ્ઠમ કરીને ૧૧ યાત્રા કરી.
- તમામ ઉપવાસો, આંબિલો, એકાસણા આ મહાત્મા પુરિમઠ્ઠના પચ્ચક્ખાણ-થી જ કરતા.
- ૬૮ ઉપવાસના પારણે ૧૧ આંબિલ માત્ર ગાળેલા મગનું પાણી નામના એક જ દ્રવ્યથી ક્ર્યા.
- શત્રુંજયતીર્થની કુલ ૧૮૫૦ યાત્રાઓ કરી, ગિરનાર તીર્થની ૩૫ દિવસમાં ૧૦૮ યાત્રા કરી. એ ૩૫ દિવસ રોજ ઠામ ચોવિહાર અવઠ્ઠ એકાસણું ક્ર્યું. તળાજા અને કદંબગિરિની ૧૦૮-૧૦૮ યાત્રાઓ કરી. અમદાવાદ પાંજરા-પોળ ઉપાશ્રયેથી હઠીભાઇની વાડીની તથા સુરતમાં વડાચૌટાથી કતારગા-મની ૧૦૮-૧૦૮ યાત્રાઓ કરી.

**૪) આપણે જીવનમાં આટલા તપોના નામ પણ નહીં સાંભળ્યા હોય તેટલા તપો આ સાધ્વીજીભગવંતે પોતાના જીવનમાં આરાધેલા છે.**

- વીશસ્થાનક તપની આરાધના ૪ વાર, વરસીતપ ૩ વાર, જેમાં છઠ્ઠ થી ૧ વાર, મૃત્યુંજય તપ ૨ વાર, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભ.ના ૧૦૮ અઠ્ઠમ સળંગ, સિદ્ધિતપ ૨ વાર, ૧૬ ઉપવાસ ૨ વાર, ૮ ઉપવાસ ૪ વાર, સિંહાસન તપ, શ્રેણીતપ, ૧૫ ઉપવાસ ૧ વાર, ૫ ઉપવાસ ૧ વાર, સમવ-સરણ તપ, ભદ્ર તપ, ચત્તારી અઠ્ઠ દસ દોય તપ, ધર્મચક્ર તપ, અગ્યાર અંગ તપ, અંગવિશુદ્ધિ તપ, અષ્ટપ્રાતિહાર્યતપ, અદુઃખદર્શી તપ, અષ્ટમ-હાસિદ્ધિ તપ, એકસો સિત્તેર જિન તપ, આગમોક્ત કેવલી તપ, કંઠાભરણ તપ, કર્મચતુર્થ તપ, ચતુર્વિધ સંઘ તપ, ચૌદ પૂર્વ તપ, ૯૬ જિનની ઓળી, તેર કાઠીયાનો તપ, દારિદ્રહરણ તપ, નમસ્કાર મહામંત્ર તપ, પાંચ પચ્ચ-ક્ખાણ તપ, પરદેશી તપ, પંચ પરમેષ્ઠિ તપ, બાવન જિનાલય તપ, માણિ-ક્યપ્રસ્તારિકા તપ, મેરૂત્રયોદશી તપ, યોગશુદ્ધિતપ, રત્નરોહણ તપ, રત્ન-ત્રયી તપ, શત્રુંજય છઠ્ઠ-અઠ્ઠમ તપ, શ્રુતદેવતા તપ, સાત સૌખ્ય અને આઠમું મોક્ષ તપ, વીરગણધર તપ, સિંહાસન તપ, અષ્ટકર્મપ્રકૃતિ તપ, કષાયજય તપ, કલંકનિવારણ તપ, ગૌતમકમલ તપ, ચિંતામણી તપ, ચૈત્રી પૂનમ તપ, જિનગુણસંપત્તિ તપ, દશયતિધર્મ તપ, દેવલઇંડા તપ, નંદીશ્વર તપ, પાર્શ્વજિન ગણધર તપ, પંચરંગી તપ, બીજનો તપ, બૃહત્ સંસારતારણ તપ, મૌન એકાદશી તપ, મેરૂમંદિર તપ, રત્નોત્તર તપ, રતનપાવડીના છઠ્ઠ અઠ્ઠમતપ, શત્રુંજય મોદક તપ, સૌભાગ્યસુંદર તપ, ષટ્કાય તપ, સળંગ ૮૧ આયંબિલ. પ્રભુ મહાવીર પરમાત્માના ૨૨૯ છઠ્ઠ, ૧૨ અઠ્ઠમ, ૬ માસી, ૪ માસી, ૩ માસી, અઢી માસી, ૨ માસી, દોઢ માસી, છઠ્ઠ કરી ને ૭ યાત્રા.

**૫) એક બહેન પોતાના લગ્નના દિવસે જ પતિનું મૃત્યુ થવાથી વિધવા બન્યા.** પ્રચંડ વૈરાગ્ય પામી દીક્ષા લેવાનો નિર્ધાર કર્યો, ઘરવાળાઓએ રજા ન આપી તો એમણે છ વિગઇઓનો ત્યાગ કર્યો. છતાં સ્વજનો ન માન્યા ત્યારે એમણે ''જ્યાં સુધી દીક્ષાની રજા ન મળે ત્યાં સુધી ચારેય આહારનો ત્યાગ'' એમ સાગાર અનશન સ્વીકારી લીધું. છેવટે વડીલોએ અનુમતિ આપી અને દીક્ષા

થઇ. એમણે પોતાના જીવનમાં જે ઘોર તપ આરાધના કરી છે.
૧) વીશસ્થાનક તપની આરાધના માટે ૪૦૦ અઠ્ઠમ ૨) પાર્શ્વનાથ ભગવાનના ૧૦૮ અઠ્ઠમ. ૩) અઠ્ઠમથી વર્ષીતપ ૪) છઠ્ઠથી વર્ષીતપ ૫) મહાવીર સ્વામી ભગવાનના ૨૨૯ છઠ્ઠ. ૬) વીશસ્થાનકની આરાધના માટે છૂટા છૂટા ૪૨૦ ઉપવાસ. ૭) ત્રણ માસક્ષમણ ૮) શ્રેણી તપ (૧૨૦ ઉપવાસ અને ૩૬ બેસણાવાળો તપ) ૯) સિદ્ધિ તપ (૩૬ ઉપવાસ અને બેસણાવાળો તપ) ૧૦) ભદ્ર તપ ૧૧) સમવસરણ તપ ૧૨) સિંહાસન તપ ૧૩) ૧૬ ઉપવાસ. ૧૪) ૧૫ ઉપવાસ. ૧૫) બે વાર ૧૧ ઉપવાસ. ૧૬) બે વાર ૯ ઉપવાસ. ૧૭) ૧૬ અઠ્ઠાઇ ૧૮) ચત્તારિ-અઠ્ઠ-દસ-દોય. ૧૯) ૧૫૮ કર્મપ્રકૃતિના છૂટા છૂટા ૧૫૮ ઉપવાસ.

૬) **એક મહાત્માએ સિદ્ધિતપ કર્યો, પણ એ આશ્ચર્યજનક વિશિષ્ટ પ્રકારનો સિદ્ધિતપ હતો.**

| | | | |
|---|---|---|---|
| ૧ ઉપવાસ | ૨ ઉપ. | ૩ ઉપ. | ૪ ઉ. |
| ૧ બેસણું | ૧ બે | ૧ બે | ૧ બે |
| | ૨ ઉપ. | ૩ ઉપ. | ૪ ઉપ. |
| | ૧ બે | ૧ બે | ૧ બે |
| | | ૩ ઉપ. | ૪ ઉપ. |
| | | ૧ બે. | ૧ બે |
| | | | ૪ ઉપ |
| | | | ૧ બે |

ટૂંકમાં બીજી બારી બે વાર, ત્રીજી બારી ત્રણવાર, ચોથી બારી ચાર વાર,...

૭) **એક સાધ્વીજી**

(ક) દીક્ષા લીધાને ૨૨ વર્ષ થયા છે, દર વર્ષે પર્યુષણમાં અઠ્ઠાઇ કરે છે.

(ખ) પોતાની દીક્ષાતિથિએ દર વર્ષે અઠ્ઠમ.

(ગ) ગુરુણીની દીક્ષાતિથિએ દર વર્ષે અઠ્ઠમ.

(ઘ) બે વર્ષીતપ ઉપવાસથી, તરત ત્રીજો વર્ષીતપ છઠ્ઠથી, તરત ચોથો વર્ષીતપ અઠ્ઠમથી. કુલ ચાર વર્ષીતપ.

(ચ) ૯-૧૧-૧૫-૧૬-૧૭-૨૧-૨૪-૩૦-૫૧ ઉપવાસની આરાધના કરી છે.

(છ) જેમાં ૧૦૨૪ ઉપવાસ આવે, એવા છ વર્ષ ચાલે એટલો વિરાટ સહસ્રકૂટ તપ પણ એમણે કરેલો છે.

(જ) ગૌતમલબ્ધિતપ, નિગોદનિવારણતપ, શત્રુંજય તપ કરેલો છે. એ બધામાં ઉપવાસના દિવસે પુરિમઢ્ઢનું જ પચ્ચક્ખાણ પારે છે.

(ઝ) શત્રુંજયની ૬ વખત ૯૯ યાત્રા.

(ટ) અઠ્ઠમ કરીને ૧૧, અઠ્ઠમ કરીને ૧૭ અને અઠ્ઠમ કરીને ૨૧ યાત્રા પણ શત્રુંજયની કરી છે.

૮) એક સાધ્વીરત્ના દીક્ષા લેતાની સાથે જ ગુર્વાજ્ઞાથી ઘોર તપ કરી રહ્યા છે.

(A) એમને ૧૦૦ ઓળી પૂર્ણ થઇ.

(B) ૧૦૦ મી ઓળીમાં છેલ્લે ૮ ઉપવાસ કર્યા, પછી ગિરિરાજની યાત્રા બાદ પારણુ કર્યું.

(C) ૧૦૦ મી ઓળીમાં જ ટી.બી. થયેલો, ડોક્ટરની ઘણી ના હતી, પણ એમણે એમની વાત ગણકારી નહિ. ઓળી પૂર્ણ કરી.

(D) મૌન સહિત ૩૦ ઉપવાસ-૪૫ ઉપવાસ, ૨૨૯ છઠ્ઠ-ભદ્રતપ, શ્રેણીતપ શત્રુંજય તપ-આઠ કર્મની પ્રકૃતિનો તપ, શત્રુંજય તપમાં ૯૯ યાત્રા, અઠ્ઠમ કરીને ૨૧ યાત્રા, નવકાર તપ, સળંગ ૫૦૦ આંબિલ... આટલી ઘોર તપશ્ચર્યા કરી છે.

(E) ગમે એટલી ઠંડી પડે તો પણ સંથારો-ઉત્તરપટ્ટો સિવાય ત્રીજી કોઇપણ વસ્તુ ન પાથરે.

(F) ગમે એટલી ઠંડીમાં એક કામળીથી વધારે ન ઓઢે.

(G) ઠંડી સહન કરવા માટે આ સાધ્વીજી રૂમ-હોલમાં સંથારો કરવાને બદલે ગેલેરી વગેરે સ્થાનોમાં સંથારો કરે.

(H) ઉષ્ણપરિષહ સહન કરવા ભરગરમીમાં કામળી ઓઢીને બહાર નીકળે.

૯) એક સાધ્વીજી વિ.સં. ૨૦૪૫ ના કા.વ. ૧૧ના દિવસે ૪૯માં ચાલુ વર્ષીતપમાં કાળધર્મ પામ્યા.

ગણતરી માંડીએ તો ૩૬૦ દિવસ x ૨૫ વર્ષ... આશરે એમના જીવનમાં કુલ ૯૦૦૦ જેટલા તો ઉપવાસ થયા છે. (૫૦ વર્ષીતપ = ૨૫ વર્ષ જેટલા ઉપવાસ)

૧૦) **એક મુનિરાજ ।**

(a) ૩૮ વર્ષનો દીક્ષા પર્યાય થયો, પણ આજ દિન સુધી નવકારશી પચ્ચકખાણ કર્યું નથી.

(b) એમણે કુલ ૧૦૨૪ અઠ્ઠમ પૂર્ણ કર્યા. મોટાભાગના અઠ્ઠમો તો અઠ્ઠમના પારણે અઠ્ઠમ કરવાપૂર્વક કર્યા છે.

(C) પારણાના દિવસે લગભગ અભિગ્રહ કરે. જો એ અભિગ્રહ પૂરો થાય તો બપોરે ૧ વાગ્યા પહેલા પારણું કરે, જો અભિગ્રહ પૂરો ન થાય તો બપોરે ૧ વાગ્યા બાદ પારણું કરે.

(d) અઠ્ઠમના પારણે કે તે સિવાય પણ બપોરે માત્ર બે જ દ્રવ્ય વાપરે. ૧) ઘી વિનાની લુખી રોટલી ૨) દાળ. બીજા શાક-ભાત-દૂધ કાંઇ વાપરે નહિ.

૧૧) **એક સાધ્વીજી**

૧) કુલ ૨૫ નવ્વાણું યાત્રાઓ કરી છે. ૨) માસક્ષમણ ૩) ચત્તારિ-અઠ્ઠ-દસ-દોય તપ ૪) શ્રેણીતપ ૫) સિદ્ધિતપ ૬) સમવસરણ તપ ૭) સિંહા-સન તપ ૮) ભદ્ર તપ ૯) અનેક વર્ષીતપો ૧૦) પાર્શ્વનાથ પ્રભુના ૧૦૮ અઠ્ઠમો ૧૧) વીરપ્રભુના ૨૨૯ છઠ્ઠો ૧૨) ૧૫ ઉપવાસ ૧૩) ૯ ઉપ-વાસ ૧૪) અઠ્ઠાઇ કેટલી એની ગણતરી જ નથી. ૧૫) ગોચરી લેવા સ્વયં જાય, પારણામાં કોઇ વિશેષ આહાર નહિ. ૧૬) પહેલીવારમાં જે આવે એમાંથી જ વાપરે, મોટા તપનું પારણું હોય તો પણ પ્રાયઃ કદી પણ બીજીવાર વધઘટમાં મંગાવ્યું નથી.

૧૨) **એક સાધ્વીજીને** ગળામાં કેન્સર થયેલું પાંચ વર્ષ એની ઘોર વેદનાઓ સહન કરી, એમાં પણ છેલ્લા ૫-૬ મહિના તો હદ થઇ ગઇ.

એમની સેવા એક સેવાભાવી સાધ્વીજી એ કરી.

ક્યારેક આખીરાતની રાત જાગે, વારંવાર ઉઠવું પડે, દિવસે થોડોક ટાઇમ સંથારી જાય.

એ કેન્સરવાળા સાધ્વીજીના મોઢામાંથી માંસ અને લોહીના લોચા નિકળે.

એ વૈયાવચ્ચી સાધ્વીજી પોતાના હાથથી જ એ લોહીથી લથપથ માંસના લોચાને મોઢામાંથી ખેંચી કાઢતા... આવું ૪-૫ માસ ચાલ્યું. લોકો જે જોઇ ન શકે, વિચારી પણ ન શકે એવી ઉત્કૃષ્ટ વૈયાવચ્ચ સાધ્વીજીએ શી રીતે કરી હશે ?

૧૩) **એ સાધ્વીજીની** ઉંમર ૭૨ વર્ષ છે, દીક્ષાપર્યાય ૫૨ વર્ષનો છે.

૧) છેલ્લા ૪૦ વર્ષથી અખંડપણે તે રોજ નવપદજીના ગુણોનો ૧૩૦ લોગસ્સ નો કાઉસગ્ગ સળંગ ઊભા-ઊભા કરે છે. લગભગ ૧ કલાક લાગે.

૨) એકવાર વિહાર કરીને ધાનેરા ગામની સોસાયટીમાં પહોંચ્યા, ત્યાં રોકાયા બપોરે કાઉસગ્ગ શરુ કર્યો, અડધો કલાક થયો-અડધો કાઉસ્સગ્ગ થયો, ત્યારે બે ત્રણ કીડીઓ શરીર પર ચડીને કાનમાં પેસી ગઇ, કરડવા લાગી સખત વેદના વચ્ચે પણ સમતાપૂર્વક એક કલાકનો કાઉસગ્ગ પૂર્ણ કર્યો.

૩) એકવાર ચાલુ કાઉસ્સગ્ગમાં જ ઠંડી લાગીને તાવ ચડી ગયો. ધ્રુજારી થવા માંડી, છતાં સાધ્વીજી બેઠા પણ નહિ કે કાઉસ્સગ્ગ પાર્યો પણ નહિ. તાવ વધતો જ ગયો, છતાં એ મક્કમ રહયા.

જ્યારે આખો કાઉસ્સગ્ગ થયો, પાર્યો, તાવ તપાસ્યો ત્યારે ૪ ડીગ્રી તાવ હતો.

૧૪) આજથી લગભગ ૨૦ વર્ષ પૂર્વે દિલ્હીમાં **એક સાધ્વીજી ભગવંત** કાળ-ધર્મ પામ્યા હતા. એમણે ૪૮ વર્ષના દીક્ષા પર્યાય દરમ્યાન કુલ ૬૦,૦૦૦ ગાથાઓ કંઠસ્થ કરી હતી.

૧૫) **એક આચાર્ય ભગવંતે** પોતાના ૪૮ વર્ષના સંયમપર્યાય દરમ્યાન કુલ ૩ કરોડ ૬૩ લાખ નમસ્કાર મહામંત્રનો જપ કર્યો હતો, અર્થાત્ ૩ લાખ ૬૩,૦૦૦ બાંધી નવકાર ગણી હતી. ૪૮ વર્ષના દિવસ ૪૮ x ૩૬૦ = ૧૭,૨૮૦ થાય. અંદાજે રોજની ૨૦ બાંધી નવકારવાળી થાય.

આવા, નામી-અનામી તમામ તપસ્વીઓના ચરણે કોટિશઃ વંદના...

# પરિશિષ્ટ-૨

(૧) **પંચ પરમેષ્ઠી તપ :-** પંચ પરમેષ્ઠી ભગવાન ની ઉપાસના માટે આ તપ કરાય છે. આ તપ નું અનંતર ફળ રોગ અને વિઘ્નની શાંતિ છે અને પરંપર ફળ મોક્ષ ની પ્રાપ્તિ છે. અરિહંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય તથા સાધુ, જે પંચપરમેષ્ઠી ના ઉદ્દેશ થી ક્રમશઃ ઉપવાસ-એકલઠાણું-આયંબિલ, એકાસણા-નીવિ પુરિમઢ્ઢ અને ૮ કોળીયા કરીને ૭ દિવસમાં એક ઓળી પૂર્ણ થાય છે, એવી ૫ ઓળી કરીને આ તપ પૂર્ણ થાય છે.

(૨) **તીર્થંકર વર્ધમાન તપ :-** વર્તમાન ચોવીસી ના ચોવીસ ભગવાનની આરાધના માટે આ તપ કરાય છે. બધા ભગવાનની આરાધના ૨૫ એકાસણા, નીવિ કે આયંબિલ થી કરવાની થાય છે. બે ભાગમાં આ તપ પૂર્ણ થાય છે. પહેલા ભાગમાં ઋષભદેવ ભગવાનના ૧, અજિતનાથ ભગવાનના ૨... એમ મહાવીર સ્વામી ભગવાન ના ૨૪; તથા બીજા ભાગમાં મહાવીર સ્વામી ભગવાન ના ૧, પાર્શ્વનાથ ભગવાનના ૨... એમ ઋષભદેવ ભગવાનના ૨૪ એકાસણા, નીવિ કે આયંબિલ કરવાથી ૨૪ નો આંકડો પૂર્ણ થાય છે.

આ તપ કરવાથી સર્વોચ્ચ પુણ્ય ની પ્રકૃતિનો બંધ થાય છે.

(૩) **ઇંદ્રિયજય તપ :-** ચામડી, જીભ, નાક, આંખ અને કાન, આ પાંચ ઇંદ્રિયોના વિષય સ્પર્શ, રસ, ગંધ, રુપ અને શબ્દ ક્રમશઃ હોય છે. આ પાંચ વિષયોમાં રાગ-દ્વેષ કરવાથી એના ફળમાં કર્મબંધ અને દુર્ગતિ મળે છે. તેથી મોક્ષ પ્રાપ્ત કરવાને ઇચ્છુક જીવોને ઇંદ્રિયજય તપ દ્વારા ઇંદ્રિયો પર વિજય પ્રાપ્ત કરવો આવશ્યક થાય છે. આમાં ૧ ઇંદ્રિય ના વિજય માટે પાંચ દિવસમાં ક્રમશઃ પુરિમુઢ્ઢ, એકાસણું, નીવિ, આયંબિલ, ઉપવાસ કરવા જોઇએ. આ પ્રમાણે જ ૫ વાર કરવાથી ૨૫ દિવસમાં આ તપ પૂર્ણ થાય છે. આ દિવસોમાં નિયમા બ્રહ્મચર્યનું પાલન કરવું જોઇએ.

(૪) **કષાય જય તપ :-** ક્રોધ, માન, માયા, લોભ, આ ચાર કષાયો-ના નિગ્રહ માટે આ તપ કરાય છે. (એક કષાયના નિગ્રહ માટે) પહેલા દિવસે એકાસણું, પછી ક્રમશઃ નીવિ, આયંબિલ, ઉપવાસ કરવાથી પહેલી ઓળી પૂર્ણ થાય છે. આ પ્રમાણે જ ૪ કષાયના નિગ્રહ માટે ૪ ઓળી કરીને ૧૬ દિવસ-માં આ તપ પૂર્ણ થાય છે. જેમને પોતાના ક્રોધાદિ દુર્ગુણોથી મુક્તિ જોઇએ, તેમણે અવશ્ય સંકલ્પપૂર્વક આ તપ કરવો જોઇએ.

(૫) **અષ્ટકર્મસૂદન તપ :-** મિથ્યાત્વ-અવિરતિ-કષાય-યોગ-પ્રમાદ

વગેરે કર્મબંધના કારણો થી જીવ કર્મની ૮ મૂળપ્રકૃતિ, ૧૨૦ ઉત્તરપ્રકૃતિ નો બંધ કરે છે. અને એના પરિણામમાં ચતુર્ગતિ રુપ સંસારમાં દુઃખ સહન કરવું પડે છે. આવા સંસારમાંથી મુક્ત થવા માટે-આઠ કર્મના નાશ માટે આ તપ કરવો જોઇએ. આ તપમાં ૮ દિવસની ૮ ઓળી, એટલે ૬૪ દિવસની આરાધના કરવાની છે.

| ૧લો દિવસ | ૨જો દિવસ | ૩જોદિવસ | ૪થો દિવસ | ૫મો દિવસ | ૬ઠ્ઠો દિવસ | ૭મો દિવસ | ૮મો દિવસ |
|---|---|---|---|---|---|---|---|
| ઉપવાસ | એકાસણુ | એકસિક્થ (દાણો)-ઠામ ચોવિહાર | એકલઠાણું-ઠામ ચોવિહાર | એકલઠાણુ-એક દત્તી | નીવિ | આયંબિલ | ૮ કોળીયા |

**(૬) અગ્યાર અંગ તપ :-** પ્રભુ મહાવીરે ગૌતમસ્વામી વગેરે ૧૧ ગણધરોની સ્થાપના કરી (ભગવાને જેની અર્થથી અને) ગણધર ભગવંતોએ જે ૧૧ અંગ આગમો ની સૂત્રથી રચના કરી, એ અગ્યાર અંગ આગમોની ઉપાસના તથા જ્ઞાનાવરણ કર્મના ક્ષય માટે આ તપ કરવાનો છે.

આમાં અગ્યાર મહિના સુધી સુદ અગ્યારસે યથાશક્તિ આયંબિલ કે ઉપવાસ કરીને અંગ આગમની ઉપાસના કરવાનું વિધાન છે. આની બીજી પણ વિધિ અન્ય ગ્રંથોમાં ઉપલબ્ધ છે.

**(૭) દશવિધસાધુ ધર્મ તપ :-** સર્વવિરતિ અને દેશવિરતિ ધર્મના મુખ્ય બે ભેદ છે. આમાંથી સર્વવિરતિ ધર્મ જ મુખ્ય છે. ક્ષમા, મૃદુતા, આર્જવતા વગેરે દશ પ્રકારના સાધુના ગુણોને આત્મસાત્ કરવાને માટે ૧૦ એકાંતર ઉપવાસ કરવાના હોય છે.

**(૮) ભદ્ર તપ :-** વિઘ્નોના નાશ તથા આત્મકલ્યાણ ના લક્ષ્યથી કરાતો આ ભદ્ર તપ જીવનું ઉત્થાન કરે છે. આ પાંચ શ્રેણીમાં કુલ મળીને ૧૦૦ દિવસમાં પૂર્ણ થાય છે. વચ્ચેના બધા પારણામાં બીયાસણું કરવાનું હોય છે.

| શ્રેણી | ઉપવાસ | | | | |
|---|---|---|---|---|---|
| પહેલી | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| બીજી | ૩ | ૪ | ૫ | ૧ | ૨ |
| ત્રીજી | ૪ | ૧ | ૨ | ૩ | ૪ |
| ચોથી | ૨ | ૩ | ૪ | ૫ | ૧ |
| પાંચમી | ૪ | ૫ | ૧ | ૨ | ૩ |

- આ પ્રમાણે જ સાત શ્રેણીમાં મહાભદ્ર તપ ૨૪૫ દિવસમાં થાય છે.
- ભદ્રોતર તપ પાંચ શ્રેણીના માધ્યમે ૨૦૦ દિવસમાં અને સર્વતોભદ્ર તપ પાંચ શ્રેણીના માધ્યમે ૪૪૧ દિવસમાં થાય છે.

**(૯) ગુણરત્ન સંવત્સર તપ :-** જિનશાસનમાં કેટલાક તપ દીર્ઘ અને કેટલાક ઉગ્ર હોય છે. પરંતુ આ તપ તો દીર્ઘ પણ છે અને ઉગ્ર પણ છે.

| મહિનો | ઉપવાસ | પારણા | Total દિવસ | |
|---|---|---|---|---|
| ૧ લો | ૧ ઉપવાસ (૧૫ વખત) | ૧૫ | ૩૦ | ૬ વર્ષની ઉમરે દિક્ષા |
| ૨ જો | ૨ ઉપવાસ (૧૦ વખત) | ૧૦ | ૩૦ | લેનાર અઇમુત્તામુનિજી |
| ૩ જો | ૩ ઉપવાસ (૮ વખત) | ૮ | ૩૨ | તથા નેમિનાથ |
| ૪ થો | ૪ ઉપવાસ (૬ વખત) | ૬ | ૩૦ | પરમાત્માના પિતા |
| ૫ મો | ૫ ઉપવાસ (૫ વખત) | ૫ | ૩૦ | સમુદ્‌વિજ્યાદિ દશ |
| ૬ ઠો | ૬ ઉપવાસ (૪ વખત) | ૪ | ૨૮ | દશાર્હ એ આ તપ |
| ૭ મો | ૭ ઉપવાસ (૩ વખત) | ૩ | ૨૪ | ક્ર્યો હતો. એમ |
| ૮ મો | ૮ ઉપવાસ (૩ વખત) | ૩ | ૨૭ | સાંભળવામાં આવે છે. |
| ૯ મો | ૯ ઉપવાસ (૩ વખત) | ૩ | ૩૦ | |
| ૧૦ મો | ૧૦ ઉપવાસ (૩ વખત) | ૩ | ૩૩ | |
| ૧૧ મો | ૧૧ ઉપવાસ (૩ વખત) | ૩ | ૩૬ | |
| ૧૨ મો | ૧૨ ઉપવાસ (૨ વખત) | ૨ | ૨૬ | |
| ૧૩ મો | ૧૩ ઉપવાસ (૨ વખત) | ૨ | ૨૮ | |
| ૧૪ મો | ૧૪ ઉપવાસ (૨ વખત) | ૨ | ૩૦ | |
| ૧૫ મો | ૧૫ ઉપવાસ (૨ વખત) | ૨ | ૩૨ | |
| ૧૬ મો | ૧૬ ઉપવાસ (૨ વખત) | ૨ | ૩૪ | |
| | ૪૦૭ | ૭૩ | ૪૮૦ દિવસ | |

**(૧૦) ઉણોદરીનો તપ :-** બાહ્ય તપનો એક પ્રકાર અને ભોજનની ઇચ્છા જેમણે જીતવી હોય તેમણે કંઇક ઓછુ વાપરવુ. પેટને કંઇક ખાલી રાખવું તે ઉણોદરી તપ છે.

આમાં પુરુષોને-સ્ત્રીયોને નીચે મુજબ ભોજન લેવાનું હોય છે.

| દિવસ | પરુષનું પ્રમાણ | સ્ત્રીનું પ્રમાણ |
|---|---|---|
| ૧ લો દિવસ | ૮ કોળીયા | ૭ કોળીયા |
| ૨ જો દિવસ | ૧૨ કોળીયા | ૧૧ કોળીયા |
| ૩ જો દિવસ | ૧૬ કોળીયા | ૧૪ કોળીયા |
| ૪ થો દિવસ | ૨૪ કોળીયા | ૨૧ કોળીયા |
| ૫ મો દિવસ | ૩૨ કોળીયા | ૨૭ કોળીયા |

**(૧૧) નવ નિધાન તપ :-** દિગ્વિજય કરીને પાછા આવતી વખતે અઠ્ઠમ તપ કરીને ગંગાનદીના તટ ઉપર ચક્રવર્તી નવનિધાનને પ્રગટ કરે છે. સ્વપરની સુખાકારીતા વધારવામાં આ નવનિધાન ચક્રવર્તીને સહાય કરે છે. એટલા માટે નવનિધાનની આરાધના શ્રાવક-શ્રાવિકા કરી શકે છે. સુદ પક્ષની નવ નોમે ઉપવાસ કરીને આ આરાધના કરવાની હોય છે.

**(૧૨) દમયંતી તપ :-** સતી દમયંતી એ રાજા નલ (પતિ) ના વિયોગમાં પોતાના અંતરાય કર્મ અને અશાતા વેદનીય કર્મના નાશ કરવાના ઉદ્દેશ પૂર્વક ૨૪ ભગવાનના ક્રમશઃ ૨૦ આયંબિલ અને તે દરેકના શાસન યક્ષ-યક્ષિણીની ભક્તિ માટે ૨૦ આયંબિલ, કુલ મળીને ૫૦૪ આયંબિલ કર્યા, એટલે આ તપ સતી દમયંતી નામથી પ્રસિદ્ધ છે.

**(૧૩) આયતિજનક તપ :-**

**कार्यं द्वात्रिंशदाचाम्लैः स्वसत्त्वेन निरन्तरैः ।**

**एवं स्यादायतिशुभं तप उद्यापनान्वितम् ॥**

શક્તિ હોય તો નિરંતર ૩૨ નહીંતર સાંતર ૩૨ આયંબિલ કરવાથી તથા પારણામાં મોટી સ્નાત્ર પૂજા, વિશિષ્ટ ૩૨ ફળ-નૈવેદ્ય અર્પણ કરવા, અને સંઘ પૂજાદિ કરવાથી આયતિ (ભવિષ્ય) સારુ નિર્માણ થાય છે.

**(૧૪) નિગોદ આયુ ક્ષય તપ :-** એક ઉપવાસ એકાસણું, બે ઉપવાસ એકાસણું, ત્રણ ઉપવાસ એકાસણું, ચાર ઉપવાસ એકાસણું, પાંચ ઉપવાસ એકાસણું-ચાર ઉપવાસ એકાસણું, ત્રણ ઉપવાસ એકાસણું... એક ઉપવાસ એકાસણું- એવી ૩૪ દિવસની તપ સાધના, ઉત્તમભાવ અને સંકલ્પ ત્રણે સાથે થવાથી નિગોદનું આયુષ્યક્ષય થાય છે.

**(૧૫) ષટ્કાય તપ :-** જીવો પ્રત્યે જયણાનો-મૈત્રીનો-પ્રેમનો ભાવ હૃદયમાં ધારણ કરીને ષટ્જીવનિકાય માટે (પૃથ્વી, અપ્, તેજો, વાયુ, વનસ્પતિ વગેરે) સળંગ ૬ ઉપવાસ કરવાથી આ તપ થાય છે.

**(૧૬) વર્ષીતપ :-** પૂર્વ ભવમાં બળદને ખાવામાં અંતરાય કરવાને કારણે પ્રભુ ઋષભને સળંગ ૧૩ મહિના સુધી ચોવિહાર ઉપવાસ કરવાના થયા. તેમના તપની યાદમાં તથા કઠણ કર્મોના નાશ માટે ઉપવાસ-બિયાસણું ૧૩ મહિના સુધી કરીને આ તપ થાય છે. કેટલાક લોકો જીવનમાં ૧-૨-૫-૧૦ વર્ષીતપ પણ કરે છે. તો કેટલાક લોકો બિયાસણાની જગ્યાએ એકાસણું, આયંબિલથી પણ આ તપ કરે છે. વર્ષ સુધી ચાલવાને કારણે આ તપ વર્ષીતપ કહેવાય છે.

**(૧૭) વર્ધમાન તપ આયંબિલની ઓળી :-** વર્તમાન કાળમાં સૌથી પ્રખ્યાત તપમાં આ તપ આવે છે. વિકારોને નાશ કરવાને માટે, મનને ખરાબ વિચારોથી અટકાવાને માટે આ તપ ખુબજ ઉપકારક છે. ક્રમશઃ ૧-૧ ઓળીમાં ૧ આયંબિલ વધે છે. એટલા માટે આને વર્ધમાન તપ કહેવાય છે. સૌથી પહેલા ૨૦ દિવસમાં ૫ ઓળી સાથે જ કરવાની હોય છે.

ઘણા સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા ૧૦૦ ઓળી પૂર્ણ કરીને આગળ પણ વધે છે. દરેક જણે આ તપમાં અવશ્ય આગળ વધવું જોઇએ.

**(૧૮) વીશસ્થાનક તપ :-** બધા તીર્થંકર ભગવંત પૂર્વના ત્રીજા ભવમાં વીશસ્થાનક તપની આરાધના અને ''સવિ જીવ કરું શાસન રસી'' ની ભાવના-માં મગ્ન બને છે. તીર્થંકર નામ કર્મની નિકાચના કરે છે. તેના જ કારણે તીર્થંકર બને છે, સંઘની / તીર્થની સ્થાપના કરી શકે છે, અષ્ટપ્રાતિહાર્ય, ૩૪ અતિશયાદિ અનન્ય સામાન્ય ગુણ-સમૃદ્ધિના ધારક બને છે. ૧,૮૦,૬૪૫ માસખમણથી નંદન રાજર્ષિએ વીશ સ્થાનકની આરાધના કરી અને ૨૪ માં તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીર બન્યા. એવા વીશસ્થાનક તપમાં અરિહંત-સિદ્ધ-પ્રવચન-તીર્થાદિ ૨૦ ઉત્તમ તત્ત્વોની આરાધના માટે વર્તમાનમાં ૬ મહિનામાં ૨૦ ઉપવાસ કરવાના હોય છે. એવી કુલ ૨૦ ઓળી કરવાની હોય છે.

**(૧૯) સિદ્ધિ તપ :-** સિદ્ધિદાયક સિદ્ધિતપ, આમાં૧ ઉપવાસ-બિયાસણું, બે ઉપવાસ-બિયાસણું..., આઠ ઉપવાસ-બિયાસણું, કુલ ૩૬ ઉપવાસ-૮

બિયાસણા કરવાના હોય છે. વર્તમાનમાં સામુદાયિક કરાતી આરાધનામાં આ તપ સૌથી અગ્રેસર છે, સામુદાયિક ૧૫૦, ૨૦૦, ૪૦૦, ૮૦૦, ૧૨૦૦, ૧૩૫૦ સિદ્ધિતપ દ્વારા અદ્‌ભૂત શાસનપ્રભાવના પણ આજે થતી દેખાય છે...

આ ઉપરાંત આવા સેંકડો તપો તથા તપની વિધિ, તપ દરમ્યાન રાખવાની કાળજી ''તપવિધિસંચય'' ''તપોરત્નમહોદધિ'' વગેરે પુસ્તકોમાંથી જાણી યથાશક્તિ તપ આદરી આત્મકલ્યાણના પંથે ડગ માંડવા જોઇએ...

# પરિશિષ્ટ-૩

## તપપદના ૫૦ ગુણ

૧) યાવત્કથિત-અનશનતપસે નમઃ
૨) ઇત્વરકથિત-અનશનતપસે નમઃ
૩) બાહ્ય-ઔનોદર્ય તપસે નમઃ
૪) અભ્યન્તર-ઔનોદર્યતપસે નમઃ
૫) દ્રવ્યતઃવૃત્તિસંક્ષેપતપસે નમઃ
૬) ક્ષેત્રતઃવૃત્તિસંક્ષેપતપસે નમઃ
૭) કાલતઃવૃત્તિસંક્ષેપતપસે નમઃ
૮) ભાવતઃવૃત્તિસંક્ષેપતપસે નમઃ
૯) રસત્યાગતપસે નમઃ
૧૦) કાયક્લેશતપસે નમઃ
૧૧) ઇન્દ્રિય-કષાય-યોગવિષયસંલીનતાતપસે નમઃ
૧૨) સ્ત્રી-પશુ-પણ્ડકાદિવર્જિતસ્થાનાવસ્થિતતપસે નમઃ
૧૩) આલોચના પ્રાયશ્ચિત્તતપસે નમઃ
૧૪) પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્તતપસે નમઃ
૧૫) મિશ્ર પ્રાયશ્ચિત્તતપસે નમઃ
૧૬) વિવેક પ્રાયશ્ચિત્તતપસે નમઃ
૧૭) કાયોત્સર્ગ પ્રાયશ્ચિત્તતપસે નમઃ
૧૮) તપઃ પ્રાયશ્ચિત્તતપસે નમઃ
૧૯) છેદ પ્રાયશ્ચિત્તતપસે નમઃ
૨૦) મૂલ પ્રાયશ્ચિત્તતપસે નમઃ
૨૧) અનવસ્થિત પ્રાયશ્ચિત્તતપસે નમઃ
૨૨) પારાંચિત પ્રાયશ્ચિત્તતપસે નમઃ
૨૩) જ્ઞાનવિનયરૂપતપસે નમઃ
૨૪) દર્શનવિનયરૂપતપસે નમઃ
૨૫) ચારિત્રવિનયરૂપતપસે નમઃ
૨૬) મનોવિનયરૂપતપસે નમઃ

૨૭) વચનવિનયરૂપતપસે નમઃ
૨૮) કાયવિનયરૂપતપસે નમઃ
૨૯) ઉપચાર વિનયરૂપતપસે નમઃ
૩૦) આચાર્યવૈયાવૃત્ત્યતપસે નમઃ
૩૧) ઉપાધ્યાયવૈયાવૃત્ત્યતપસે નમઃ
૩૨) સાધુવૈયાવૃત્ત્યતપસે નમઃ
૩૩) તપસ્વિવૈયાવૃત્ત્યતપસે નમઃ
૩૪) લઘુશિષ્યાદિવૈયાવૃત્ત્યતપસે નમઃ
૩૫) ગ્લાનસાધુવૈયાવૃત્ત્યતપસે નમઃ
૩૬) શ્રમણોપાસકવૈયાવૃત્ત્યતપસે નમઃ
૩૭) સંઘવૈયાવૃત્ત્યતપસે નમઃ
૩૮) કુલવૈયાવૃત્ત્યતપસે નમઃ
૩૯) ગણવૈયાવૃત્ત્યતપસે નમઃ
૪૦) વાચનાતપસે નમઃ
૪૧) પૃચ્છનાતપસે નમઃ
૪૨) પરાવર્ત્તનાતપસે નમઃ
૪૩) અનુપ્રેક્ષાતપસે નમઃ
૪૪) ધર્મકથાતપસે નમઃ
૪૫) આર્ત્તધ્યાનનિવૃત્તિતપસે નમઃ
૪૬) રૌદ્રધ્યાનનિવૃત્તિતપસે નમઃ
૪૭) ધર્મધ્યાનચિન્તનતપસે નમઃ
૪૮) શુક્લધ્યાનચિન્તનતપસે નમઃ
૪૯) બાહ્યકાયોત્સર્ગતપસે નમઃ
૫૦) અભ્યન્તરકાયોત્સર્ગતપસે નમઃ

## શ્રી તપપદનું ચૈત્યવંદન

શ્રી ઋષભાદિક તીર્થનાથ, તદ્ભવ શિવ જાણ;
બિહિ અંતેરપિ બાહ્ય મધ્ય, દ્વાદશ પરિમાણ. ................................ ૧
વસુ કર મતિ આમોસહિ, આદિક લબ્ધિ નિદાન;
ભેદે સમતાયુત ખિણે, દુગ્ધન કર્મ વિતાન. ............................ ૨

નવમે શ્રી તપપદ ભલો એ, ઇચ્છારોધ સરૂપ;
વંદન સે નિત હીરધર્મ, દૂર ભવતુ ભવકૂપ. ................................ ૩

## શ્રી તપપદનું સ્તવન

તપપદને પૂજીજે, હો પ્રાણી ! તપપદને પૂજીજે (એ આંકણી)
સર્વ મંગલમાં પહેલું મંગલ, કર્મ નિકાચિત ટાળે;
ક્ષમાસહિત જે આહાર નિરીહતા, આતમઋદ્ધિ નિહાળે.
....હો પ્રાણી ! તપ૦૧

તે ભવ મુક્તિ જાણે જિનવર, ત્રણ ચઉ જ્ઞાન નિયમા;
તો યે તપ આચરણ ન મૂકે, અનંતગુણો તપ મહિમા. હો પ્રા૦તપ૦૨
પીઠ અને મહાપીઠ મુનીશ્વર, પૂરવભવ મલ્લિજિનનો;
સાધ્વી લખમણા તપ નવિ ફળિયો, દંભ ગયો નહિ મનનો.
.....હો પ્રા૦તપ૦૩

અગ્યાર લાખ ને એંશી હજાર, પાંચસો પાંચ દિન ઉણા;
નંદનઋષિયે માસખમણ કરી, કીધાં કામ સંપુન્ના.
...હો પ્રા૦તપ૦૪

તપ તપિયા ગુણરત્ન સંવત્સર, ખંધક ક્ષમાના દરિયા;
ચૌદ હજાર સાધુમાં અધિકા, ધન્નો તપ ગુણ ભરિયા.
....હો પ્રા૦તપ૦૫

ષડ્ ભેદ બાહિર તપના પ્રકાશ્યા, અભ્યંતર ષટ્ ભેદ;
બાર ભેદ તપ તપતાં નિર્મળ, સફળ અનેક ઉમેદ.
....હો પ્રા૦તપ૦૬

કનકકેતુ એહ પદને આરાધી, સાધી આતમ કાજ;
તીર્થંકરપદ અનુભવ ઉત્તમ, સૌભાગ્યલક્ષ્મી મહારાજ.
....હો પ્રા૦તપ૦૭

## શ્રી તપપદની સ્તુતિ

ઇચ્છારોધન તપ તે ભાખ્યો, આગમ તેહનો સાખીજી;
દ્રવ્ય ભાવસે દ્વાદશ દાખી, જોગ સમાધિ રાખીજી,
ચેતન નિજ ગુણ પરિણતિ પેખી, તેહી જ તપ ગુણ દાખીજી,
લબ્ધિ સકલનો કારણ દેખી, ઇશ્વર મુખસે ભાખીજી.




શ્રી ભુવનભાનુ
પદાર્થ
પરિચય
શ્રેણિ

પ્રકાશક

જૈનમ્ પરિવાર

SHUBHAY
Cell:98205 30299